મણકો : ૬



# ગુજરાતી લોકસાહિત્ય માળા

ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ

ગુજરાત રાજ્ય સરકાર પુરસ્કૃત

# ગુજરાતી લોકસાહિત્યમાળા

મણકો છઠ્ઠો

: સંપાદકો :

ડૉ. મંજુલાલ ર. મજમુદાર
શ્રી. બચુભાઈ રાવત
શ્રી. મનુભાઈ જોધાણી

★

ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, અમદાવાદ

ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ :

શ્રી. મંજુલાલ ર. મજમુદાર (અધ્યક્ષ)
શ્રી. બચુભાઈ રાવત
શ્રી. મનુભાઈ જોધાણી
પદ્મશ્રી દુલાભાઈ કાગ
શ્રી. મેરુભા ગઢવી
શ્રી. પુષ્કર ચંદરવાકર
શ્રી. ચંદ્રકાન્ત વાઘેલા
કુ. સુધાબહેન ર. દેસાઈ
શ્રી. પ્રહ્‌લાદભાઈ ચી. પરીખ (મંત્રી)

આવૃત્તિ પહેલી : ૧૯૬૭

કિંમત : રૂ. 3-00

: પ્રકાશક :
પ્રહ્‌લાદભાઈ ચી. પરીખ
નાયબ સંચાલક,
ગુજરાત રાજ્યશિક્ષણભવન, અમદાવાદ
મંત્રી,
ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ
અમદાવાદ

: મુદ્રક :
સુરેશચંદ્ર પોપટલાલ પરીખ
ડાયમંડ જ્યુબિલી પ્રિ. પ્રેસ,
સલાપોસ રોડ, અમદાવાદ

# પરિચય

કચ્છ, સૌરાષ્ટ્ર, આનર્ત, અને અપરાન્તના પ્રાચીન ભૂમિભાગોના થયેલા વર્તમાન જોડાણુમાંથી નિર્માણ થયેલા એક, અખંડ અને અભેદ્ય એવા ગુજરાતના લોકજીવનની રહેણીકરણી અપૂર્વ, રંગરંગીન અને વૈવિધ્ય ભરેલી હોય, એમાં કશું આશ્ચર્ય નથી.

આપણું લોકજીવન સર્વાંશે પ્રકૃતિપરાયણ છે, અને આવી પ્રકૃતિને ખોળે રમતાં ગ્રામબાળકો જન્મથી જ પ્રકૃતિમાતાની સાથે એકરૂપતા કેળવે છે. એટલે જ એમના જીવનમાં પ્રકૃતિનાં અનેકવિધ તત્ત્વોને સ્થાન હોય છે. આવી રીતે જન્મેલું અને પ્રેરાયેલું જે લોકજીવન છે તેમાં ભક્તિ, શક્તિ અને સૌંદર્યનો અનુપમ સમન્વય સધાયો હોય એ સ્વાભાવિક છે.

લોકગીત કે લોકસંગીત એ પણ લોકોના જીવનના વ્યવહારમાંથી નીપજેલું છે. હાલરડાં ગાતી માતા, નાના ભાઈને રમાડતી બહેન, દુહાથી ડુંગરા ગજવતો ગોપ, ઘંટી તાણતી સ્ત્રી, કોસ હાંકતો કોસિયો, અને પાકની લણણી કરતો ખેડૂત : એ રીતે સમસ્ત વસવાયા કોમના જીવનમાં વ્યાપેલાં ગીતો એ કાંઈ લોકોને રીઝવવા માટે રચાયાં નથી, એ તો ‘સ્વસુખાય’ રચાયેલાં છે. એમાં ગાનારું અને સાંભળનારું મોટે ભાગે ગાનાર પોતે જ હોય છે. એમાં જીવનવ્યવહારમાંથી નીપજેલું લાગણીનું સંવેદન વાચા પામ્યું હોય છે.

એમાં સંઘજીવનના પહેલ પડેલ હોય છે. તેથી જ લોકસંગીત એ લોકોના જીવનનું આગવું સંગીત કહેવાયું છે. એકના એક લોકગીતનાં અનેક ઢાળમાં અનેક સ્વરૂપો સાંભળવા મળે છે. એ કોઈ એકનું નહિ, પણ સૌનું છે: કારણ કે, ઘડતરમાં, ઢાળમાં, હલકમાં અને હિલોળમાં લોકસંગીત એ સાર્વજનિક અને સહિયારી મિલકત છે.

ગુજરાતના પ્રદેશ પ્રદેશની તળપદી સંસ્કૃતિના વિશિષ્ટ અંશો મૂર્ત કરતું હોય એવું લોકસાહિત્ય એકત્ર થવાનું હજી બાકી છે. સાહિત્યના એકેએક પ્રકારનો પ્રયોગ કરવામાં કવિ નર્મદ અગ્રેસર રહ્યા છે તેમ, લોકગીત, લોકવાર્તા, લોકકહેવતો, લોકરમતો વગેરેના સંગ્રહકાર્યમાં અને તેના સંપાદનસંશોધનમાં પણ, પહેલાં પગરણ તેમણે કરેલાં છે. નાની કન્યાઓનાં ગોર્યોનાં ગીતો, નાગર સ્ત્રીઓમાં ગવાતાં લગ્નગીતો તથા રાજિયા અને મરશિયાને સંઘરવાનો પ્રયત્ન પણ પહેલો તેમણે જ કરેલો છે.

'લોકસાહિત્યમાળા' ના છઠ્ઠા મણકામાં પ્રદેશવાર, કોમવાર, વિષયવાર કે પ્રસંગવાર ગીતોનાં જૂથ, આ પહેલાં પ્રગટ થયેલા મણકાઓને પગલે પગલે પ્રસિદ્ધિ પામ્યાં છે. એક રીતે જોઈએ તો આ 'મણકા'ઓમાં ઢગલાબંધ સુવર્ણકણોને ખોદી લાવી એક સ્થળે જમા કર્યા છે. હવે પછીની પ્રક્રિયા, ધૂળમાંથી સોનું શોધનાર ધૂળધોયાના કસબ જેવી હેતુલક્ષી થાય એવી અપેક્ષા સેવવામાં આવી છે.

પરિણામે, લોકસાહિત્ય સંપાદન સમિતિનો હવે પછીનો કાર્યક્રમ એક એક વિષય પરના સાહિત્યનું અભ્યયનક્ષમ સંપાદન-સંશોધન પ્રગટ કરવાનો વિચાર્યો છે. આ કાર્ય માટે જેટલી જરૂર અભ્યાસનિષ્ઠ સંશોધકોની રહેશે તેટલી જ જરૂર તેનાં પ્રકાશન

માટે પૂરતી આર્થિક સુવિધાની પણ રહેશે. ગુજરાત રાજ્ય આ પ્રવૃત્તિને યથાશક્ય પ્રોત્સાહન આપતું જ રહેશે એવી સમિતિના સભ્યોને શ્રદ્ધા છે.

સરદાર વલ્લભભાઈ યુનિવર્સિટીમાં, એમ. એ. ગુજરાતીના અભ્યાસક્રમમાં ચાલુ સાલથી સો માર્કના એક પેપરમાં 'ગુજરાતના-સાંસ્કૃતિક ઇતિહાસ'ની સાથોસાથ 'ગુજરાતનું લોકસાહિત્ય' (સાહિત્ય તેમજ અંદર ઝિલાયેલ સમાજજીવનની દૃષ્ટિએ) પણ નીમવામાં આવ્યું છે. તે પ્રસ્થાનને લોકસાહિત્યના રીતસરના અધ્યયનની દિશામાં ભરાયેલાં પ્રોત્સાહક પગલાં તરીકે બિરદાવતાં સમિતિ ગૌરવ અનુભવે છે.

સંપાદનસમિતિના એક સભ્ય શ્રી. મનુભાઈ જોધાણીની નિષ્ઠાપૂર્વકની આ કાર્ય માટેની ખગશ વગર, 'વચમાં થોડા સમય માટે સ્થગિત થઈ ગયેલી તેની પ્રવૃત્તિ આગળ વધી શકી ન હોત એનો જાહેરમાં ઉલ્લેખ કરતાં મને આનંદ થાય છે. પહેલેથી છેલ્લે સુધીની તેમની કાળજી આ પ્રકાશનોમાંથી સૌકોઈ જોઈ શકશે.

સમગ્ર સમિતિના સભ્યો પાસેથી લોકસાહિત્યના સંકલનના તથા સંપાદનના ક્ષેત્રમાં એકનિષ્ઠ સહાયની રાખેલી અપેક્ષા ફળી નથી એટલો અમને અસંતોષ રહ્યો છે. પીઢ કાર્યકરોનો એકધારો ટેકો મળી રહે એટલી આશા રાખવી અસ્થાને નથી.

મં. ર. મજમુદાર

✶

# અનુક્રમ

(૧) બરડા પ્રદેશનાં લોકગીતો : શ્રી. હરિલાલ કા. મોઢા ૧–૫૯
મારો ધૂપેલ તેલનો શીશો રે ધૂપેલ મહેકે છે ... ૧
ગોરી કાંતો હો રાજ, નવસરિયાં ... ... ૧
નગર તી શેરના ચોકમાં, એવી મારે રમવાની હામ ... ૩
કારાં કારાં છે ડુંગરાનાં પાણી, ઘડૂલિયો ઘૂમે છે ... ૪
પાન ઘોરું ને કાથરોટ કારી રે, રંગમાં રંગતાળી ... ૫
જામ તારું જાંબુડું રળિયામણું રે ... ... ૫
દરિયાનાં ડોરાં નીર છે રે, વારી જાઉં ... ... ૬
ફૂલ કેરા ગજરા ગૂંથ્યા ગુલાબી ... ... ૭
સસરા અમારા ખડા મનમોજી ... ... ૯
ઢોલી, ઢોલ વગાડ, મારે હીંચ લેવી છે ... ... ૧૦
લીંબડો ઊગ્યો છે વનમાં, લીંબડી શોયે રે રાજદરબારમાં ... ૧૧
રાણા, હીંચ લેતા જાવ, છોગારા મેંદી લેતા જાવ ... ૧૧
હો વાલીડે અમને રામબાણ મારિયાં ... ... ૧૨
પાણીડાં ગ્યાં'તાં વિજાગણ વાવનાં ... ... ... ૧૩
સોનાનું ઝાંઝર સાયબે ઘડાવ્યું ... ... ૧૪
હાં રે સૂરજ ઊગ્યો, રાધાની માડી જાગી ... ... ૧૫
ઊઠો લખમણ જતિ, વીરા વાડીયેં પધારો જી રે ... ૧૬
ચારપાંચ છોગાં મેલી છબીલે છેતરી ... ... ૧૭
મારા વાડામાં લીંબડો રે સીંગલાલ ... ... ૧૮
દશવીશ કાગળિયાં બેની વીરોજી મોકલે ... ... ૧૯
અજલ સોનારણ બજલ સોનારણ ... ... ૨૦
રતિ રબારણ ઓઢવા આછાં ચીર જો ... ... ૨૦
ઝૂલે કેર્યું ને ઝૂલે કેવડો, ઝૂલે છે કાંઈ રાણાજીનાં રાજ રે... ૨૧
વાડામાં ગલ છોડવો, ફૂલામની દોરી ... ... ૨૨

જમનાને કાંઠે કદમકેરું ઝાડવું રે ... ... ૨૩
શ્રી જમનાજીને તીરે મધુરી વેણુ વાગે ... ... ૨૫
મીરાંબાઈ ભક્તિ કરે રે, દુનિયા નિંદા કરે નિરધાર ... ૨૬
કહું છું બાળલીલાની વાત રે સાહેલી ... ... ૨૬
કાળી ગાય કવલડી રે, શિંગડીયેં એંધાણ ... ... ૨૭
કાન, તમારી શેરીયેં રંગભર્યાં રમવા નીસર્યાં રે ... ૨૮
ગોકુળ ગામ રળિયામણું રે ... ... ... ... ૨૯
કૃષ્ણ તી ચાલ્યા દ્વારકાં, ને પ્રભુ સુરતી લખી દેતા જાવ ... ૩૦
દ્વારકાંને મારગે રે મળિયા ગુજરીનાથ ... ... ૩૧
મારે કૃષ્ણ જોયાના કોડ, સૈયર ચાલો ને ... ... ૩૨
એક વાર ગોકુળ આવો ગોવિંદજી ... ... ... ૩૩
વાંકે અંબોડે શ્રીકૃષ્ણજી ને મને સામા મળિયા કાન રે... ૩૩
રાત અંધારી ને વાદળી કાળી ... ... ... ૩૪
કાન, સોના દડૂલિયો રે, રૂપાની ગેડી ... ... ૩૫
સૈયર મોરી રે, ચાંદાને પછવાડે સૂરજ ઊગિયો ... ૩૬
વાલે અંતર કૂવામાં ઉતાર્યાં ... ... ... ૩૬
સાહેલી મોરી રે, ગોકુળ ગામને ગોંદરે ... ... ૩૭
કાનજી ચડચો કદમને ઝાડ રે ... ... ... ૩૮
હાં રે નાગર ઊભો મણિયારાને હાટ જો ... ... ૩૯
રાજકેરી ગાદી, પ્રભુ કૃષ્ણકેરી ગાદી ... ... ૩૯
નહિ જાઉં રે જમના જળ ભરવા ... ... ... ૪૦
કાં તમે ઊભા મા'રાજ ? ગાવડી દોવાને વાર થાય છે... ૪૧
ઊંચા ઓરડા ચણાવ, ઝારિયાં મેલ્યાં છે ઝીલતાં રે ... ૪૨
ધેનુ ચારીને ગોવિંદ ઘેર આવ્યા ... ... ... ૪૩
અઠ્ઠાવીશ હજાર ઋષિનું રુદન મેલ્યું છે કુંભ મોજાર ... ૪૩
ધન્ય ધન્ય બીલી તમારાં પાન ચડે મા'દેવને રે લોલ ... ૪૪
આંબુ જાંબુની છાંય, શિવજી ભોળા ... ... ૪૫

ઊંચે ને ટીંબે રામ' કેવળિયો મચરકે ... ... ૪૭
સતી પારવતી શંકરને વીનવે, ચાલો દેવ પિયરીયે જાયેં... ૪૮
શિવના મંદિરિયામાં કોણ રમે રે ... ... ૪૯
ભીલનાથ બેઠા છે ખરડા ડુંગરમાં ... ... ૫૦
ફૂલની વાડી રે છત્તર છાયા છે ... ... ૫૧
વાડીમાં મરવો મેં વાવ્યો નણુંદ બાઈજી રે... ... ૫૨
સુઘરી બેઠી'તી બાજરાને છોડવે ... ... ૫૨
કડવાં કરીને બેની કાગરિયાં લખજો ... ... ૫૩
જી બાપુની ડેલિયેં રૂડા દાયરા રે લોલ ... ... ૫૪
હળવે ડુંગરથી હોળી ઊતરી રે ... ... ૫૫
કૂવાને કાંઠડે કેવડો ગોવારિયા ... ... ૫૬
મારી વાડીમાં મરવો, મારે દાદે દીધી ગાય જો... ... ૫૭
લીલા આંબા ને લીલી આંબલી ... ... ૫૮
વણઝારા રે, તોરણ બંધાવો છેડાનાં ... ... ૫૯

**(૨) મેવાસનાં લોકગીતો : શ્રી. શંકરભાઈ તડવી ૬૦–૯૩**

રાધાગોરી : આડા રે અવળા ડુંગરા, વચમાં વાટ ... ૬૦
લગારેક માખણિયા સારુ : વા'લે રે મારે અબોલા લીધા રે ૬૪
કાળી–સોનાની વાળી : છોરી, તું તો રંગે ને રૂપાળી ... ૬૫
હો રંગરસિયા : કોરો ઘડૂલિયો મેં ચીતરિયો ... ૬૬
કાનજી પરોણુલા : લીલી લીંબડી રે, લીલો નાગરવેલનો છોડ....૬૬
પ્રભુજી પરોણુલા : પરભુજી પરોણુલા રે અમઘેર ... ૬૭
પ્રભુજી પરોણુલા : મારા વા'લા રે પ્રભુજી આયવા પરોણુલા ૬૮
ભાઈબંધની હેડ : ગિરધરલાલજી રે અમઘેર બેસણુ ... ૬૯
લખી રાખેલા લેખ : ઊંચી ગોવિંદજીની પીપળલી રે ... ૬૯
લખી રાખેલા લેખ : હસ્તિનાપુરમાં હોડ જ બકી ... ૭૧
વધોણું : સાત સમઘરની ગોળી 'લા કીધી રે ... ૭૨
હરારી વાછરડી : વાછરલી હરારી હો રામ ... ૭૩

જળ ભરવા દો : ઊંડી કોયારી મધે સાંકડી ... ૭૪
રસિયા સાથે વાદ : કા'ન કાંકરીમેં રમે ગોવાળિયા ... ૭૫
વાલમનું નાવણુ : વાધો રે મારો માણેકડો ચાયલો ... ૭૬
રાધાજીની ચૂનળી : રંગે ભઈરાં, રાસે તણુાય રે ... ૭૭
વણઘાનો વરણાગિયો : વણુધેથી આઈ વો વરણાગિયો ... ૭૮
દાદાજીનો મો'લ : મારું સોનાનું છે બેડું, સવા તે લાખનું... ૭૮
ગોવાળિયા સાથે ઝઘડો : બાઈ મારું સોનાનું છે બેડું... ૭૯
ઘટે નહિ તમને રે : આ શો જુમનાજીનો આરો ... ૮૦
શોકનાં સાલ : લાલજી, લાલમની વાડીમેં રંગત લાકડી... ૮૧
મથુરાંની ગુજરી : માથે મટુકી ને મહીડાંની ગોળી ... ૮૧
મહિયારણુ : માથે મટુકી ને મહીડાંની ગોળી ... ૮૪
રાધાવિરહ–૧ : કારતક કમળા કાનજી કૈં આલુંના શણગાર ૮૫
રાધાવિરહ–૨ કારતકે કૃષ્ણ મેલી ગયા ... ... ૮૬
પ્રભુજીની મોરલી : રૂડી ને રસાળી રે પ્રભુ તારી મોરલી રે ૮૮
મહેમાનગીરી : કાનજી ગોકુળમાં સધારિયા સાહેલી રે ... ૮૯
રાતી ગોવાલણુ : રાતી રાતી ગોવાલણુ રાતી રે ... ૯૧
આમંત્રણુ : પડવે પહેલતના મહારાજ ... ૯૨
પંદર તિથિ : પડવે પાતળિયા ગિરધારી કે મારે મો'લે આવજો ૯૩

(૩) જસમાના રાસડા : શ્રી વસંત જોધાણી ૯૪–૧૧૪

રાજા બેઠો ભરી રે દરબાર, જાચક આવ્યા જાચવા ... ૯૪
રાજા પોઢચો મંદિર મેડી મોઝાર ... ... ૯૬
સાસુ કહે છે સાંભળો વહુવારુ ... ... ૧૦૦
હાં રે જસમા ખોદે રે સરોવર સહસ્રલિંગમાં રે ... ૧૦૦
વાયુ વાયુ ઉગમણુા વાય, જસમાનો છેડો ખસી ગયો રે... ૧૦૦
આણી તેડ છે ઓડ, હો રાયજી ! ... ... ૧૦૧
ગાજે પાટણુપુરમાં ગરવી ગુર્જરનો ધણી રે ... ... ૧૧૦

**(૪) સધરા–જેસંગના રાસડા: સો. કંચન જોધાણી ૧૧૫-૧૧૯**
દેરાણી જેઠાણીએ વાડે તુંબડી વાવી જો ... ૧૧૫
સધરા તે જેસંગને પૂછે એની રાણી જો ... ૧૧૬
પાટણ શે'રથી પટોળાં મંગાવો ... ... ... ૧૧૯
**(૫) આપણાં લોકગીતો : શ્રી. વસંત જોધાણી ૧૨૦-૧૫૬**
કામણ : દેરાણી જેઠાણી આપણ વાહડિયામાં વદીએ જો... ૧૨૦
રંગડોલરિયો : આવું આવું રૂડું અજવાળિયું ... ૧૨૧
મળવા આવ્ય : મારે મા ! તું મને મળવા આવ્ય ... ૧૨૧
ભણુતી છું : ભણુતી છું એ કાનજી કાળા ... ૧૨૩
અબોલડા ભંગાવો : અબોલડા ભંગાવો રે ... ૧૨૪
વણુઝારા વાલમ લોલ : વાલમ રે, સૌ ચાલ્યા પરદેશ ... ૧૨૬
વણુઝારા નાયક લોલ : સૌ રે ચાલ્યાં વેપારે ... ૧૨૮
મોરલી વાગે છે : વા વાયા ને વાદળ ઊમટ્યાં ... ૧૨૯
અબોલા : આવી રૂડી અજવાળી રાત ... ૧૩૦
ઝીણા મારુજી : તાંબાની તોલડી ને હિંગનો વઘાર ... ૧૩૧
ઉદેપુરનું છોગું : લાંબી લાંબી આંગળીઓ ને ઢૂંકા ઢૂંકા વેઢ ... ૧૨૩
લીલી નાઘેરમાં : ઝીણા ઝીણા મોર ટહુકે છે નાઘેરમાં ... ૧૩૩
મોહન મનાવું : પ્રભુ, સાડી ચોખાનો ભાત રંધાવીને ... ૧૩૪
ચિચોડાનું ગીત : રામચંદ્રજીએ વાઢ જ વાવ્યો ... ૧૩૪
સોનાનો બાજોઠિયો : મા, મારે સાવ રે સોનાનો બાજોઠિયો ... ૧૩૫
રંગ ડોલરિયો : એક ઝાડ માથે ઝૂમખડું ... ... ૧૩૬
મારવી–ઢોલો : મારવી ને ઢોલો રમે સોગઠે, માણુરાજ... ૧૩૭
ઝબૂકતી ટીલડી : લંકા તે ગઢથી સોનું મંગાવો ... ૧૩૮
સંદેશો : કુંજલડી રે, સંદેશો અમારો ... ... ૧૩૯
સરસાઈ : સાવ રે સોનાનું મારું દાતરડું રે લોલ ... ૧૪૦
વાદ : લવિંગકેરી લાકડીએ, રામે સીતાને માર્યાં જો ... ૧૪૧
ઝૂલો : ગોરી મોરી ફાગણુ ચાલ્યો જાય, કે ... ... ૧૪૨

માડી જાયો વીર : વેલ્યું છૂટી રે વીર, વાડીના વડ હેઠ... ૧૪૨
મોતી વેરાયલ ચોકમાં : લે, લે, મોતી વેરાયેલ ચોકમાં... ૧૪૪
ઝાલરિયું લે : ઊંડી મેડી ઊજળી, ઝાલરિયું લે... ... ૧૪૫
ઘાયલ અરજણિયા : ઝાંપે તારી ઝૂંપડી ઘાયલ... ... ૧૪૫
મારું મહિયરિયું : મારું મહિયર છે વડગુજરાત ... ૧૪૬
લાલ ફૂંદી લ્યો : મારો સસરો પાટણ ગ્યા'તા... ... ૧૪૬
વડોદરાનો જળપ્રલય : પ્રભુ આ કેર તમે શો કીધો ... ૧૪૭
વાદ વદે : રામ ને સીતા વાદ વદે... ... ... ૧૪૯
શ્રવણ : શરવલી બેઠી સરવર બેટ, શરવણ એની માને પેટ ૧૫૦
શરવણ : તલપત જીવડા,તલપત રાય,શરવણ જાયા ચૌદશ રાત ૧૫૪

## (૬) મહેસાણા જિલ્લાનાં લોકગીત :

**શ્રી જેઠાલાલ ત્રિવેદી ૧૫૭-૧૬૦**

લાલ લાલ જોગી : લાલ લાલ જોગી રે ભભૂત લાલ જોગી રે ૧૫૭
ભમરલો : બાઈ, એક ભમરલો ભમરલો ... ... ૧૫૮
સાહ્યબો અને ગોરી: ઊંચા ઊંચા છે મો'લ, બારી પડે બજારમાં રે ૧૫૯

## (૭) સૌરાષ્ટ્રનાં લોકગીતો : સૌ. ચંદ્રિકા વ. જોશાણી ૧૬૧-૧૭૮

હરિનું હાલરડું : ગોકુળ આઠમનો જનમ થયો ને પડદે
રમ્યા મહારાજ ... ... ... ... ૧૬૧
બગાસું : એક સમે હરિ ગોકુળિયામાં, રમતા દીઠા જદુરાય જો ૧૬૨
અધલાખની ઈંઢાણી : બાઈ, મારી અધલાખની ઈંઢાણી... ૧૬૩
સુણો શામળિયા : જળ રે જમુનાનાં ઝીલતાં, સુણો શામળિયા ૧૬૪
વનરા રે વનમાં : સોના ઈંઢાણી રૂપા બેડલું વનરા રે વનમાં... ૧૬૪
ઘટે નહિ તમને રે : રૂડાં આસોપાલવનાં ઝાડ, કદમની છાયા રે ૧૬૫
વાગે વૃંદાવન વાંસળી : વાગે વૃંદાવનમાં વાંસળી રે ... ૧૬૬
માવા, મહીડાં ઢાળીશ મા : મહીડાં મ ઢાળો મીઠા માવજી ૧૬૭
ઘટે નહિ તમને રે : આવો રૂડો જમનાજીનો આરો ... ૧૬૭

ગોખની ગોળી : ક્યાં ગયો સખી, મોરલીવાળો... ... ૧૬૮
દાણલીલા : નહિ આવું હો નંદજીના લાલ ... ... ૧૬૮
તલસાટ : હાં રે રથ ફેરો ગોકુલ રથવાળા ... ... ૧૬૯
ઘડૂલો ચડાવને ગિરધારી : હાં હાં રે, ઘડૂલો ચડાવને ગિરધારી ૧૭૯
લક્ષણ : ઓરડામાં ઊભાં વહુવારુ દીસો છો રૂડાં રે ... ૧૭૦
ગાવડી દોવા : લગરીક આવજે નંદના છૈયા... ... ૧૭૧
રંગ મોરલી : મોરલી તો ચાલી રંગ રૂસણે રે... ... ૧૭૧
અંબોડે એંધાણ : કાળા ડુંગર, કાળી કોયલ બોલે જો... ૧૭૨
નૈં બોલું : એક ચંપો ને મરવો ડોલરિયો ... ... ૧૭૨
સૂનાં સૂનાં મંદિરિયે : સૂને સૂને મંદિરિયે નહિ રમીએ... ૧૭૩
નાનો નાવલિયો : સામે કાંઠે ઝૂમઝૂમ વેલડી રે ... ૧૭૪
વણઝારા સાહેબજી : માળવેથી પોઠચું રાજ હલકી રે નાયકજી ૧૭૫
ફૂવડ વઉ : મોટા ભાઈ ને મોટી વહુની જોડચું જી રે ... ૧૭૮

## (૮) મહુવા પ્રદેશનાં લોકગીતો : શ્રી જીવરાજ પટેલ ૧૭૯–૧૮૨

ધામેણું : રામે મને ગાવડી ધામેણામાં આલી ... ૧૭૯
રાસ રમે : રામ ને સીતા મા'દેવ મંદિરે જાયે ... ૧૭૯
અખોવન રોઝડી : સાગનો સોટો પાતળો રે ... ૧૮૦
નહિ જાઉં સાસરિયે : પિયરિયે હેત લાગ્યું રે ... ૧૮૧

## (૯) વઢિયારના નાડોદાનાં લોકગીત : સ્વ. નિરંજન સરકાર ૧૮૩–૧૯૯

હાલણગાડી : સડકે રે સડકે સલેપાટ પાથર્યા ... ૧૮૩
મોર ચ્યાં બોલે : મારે ટોડલે બેઠો રે, મોર ચ્યાં બોલે... ૧૮૪
જડિયલ મારુજી : ઊંચી સે જાંખુડી એનાં નેચાં છે કોરંભાં... ૧૮૫
મારી નણંદલ પરણે છે : લાયે લાયે, જોશીડા તારા જોહડા... ૧૮૫
તુંબડ સાજણ : અમદાવાદી બીજડું માડી, અમદાવાદી... ૧૮૭
ઝઘડો ઝીલવો : લાકડીને ડોડે તોરણ બાંધિયાં ... ૧૮૮
કાનને મનાવો : મારા વા'લાને સોળસેં ગાવડિયું ... ૧૮૯

માથે મટુકી : માથે મટુકી ને મૈ'ડાની ગોળી ... ૧૯૦
નાયક વેપારે : નાયક રે, સૌ કો વેપારે જાય ... ૧૯૧
કૃષ્ણની રમતો : સોનાનો જેડીલો રે ... ... ૧૯૪
સદેવંત–સાવળિંગા : લીલુડા વાંસની ટોપલી રે ... ૧૯૫
રાઠોડ ને સોનબાઈ : રાણા રાઠોડને બબ્બે ધણિયાણિયું... ૧૯૬
નેડાનો ઝોલો : રંગમાં કાપડું બોલ્યું સબીલા ... ૧૯૮
બેજી જેઠાણી : બેજી આંગણુ લેંબડો લેંબોરી જી રે ... ૧૯૮
કાનુડો દાણુ માગે : કાનો દાણુ માગે, કાનુડો દાણુ માગે ૧૯૯

(૧૦) ચૂંવાળ પ્રદેશનાં લોકગીતો :
સ્વ. નિરંજન સરકાર ૨૦૦–૨૦૫

દ્વારકાં કેમ જાવ છો ? : તમે દુવારકાં શીદ જાવ સો ... ૨૦૦
તુળસીવિવાહ : સરખી સૈયર દાહા, જળ ભરવા જયાં'તાં... ૨૦૦
મઘરાં બોલે મોર : વેણુ વાગે ચમળ ઢળે, અને મઘરાં બોલે મોર ૨૦૨
જવાનડી : પોગમાં પીલુ પાચ્યાં જવાનડી ... ... ૨૦૩

(૧૧) નળકાંઠાના હરિજનોનાં લોકગીત :
શ્રી. પુરુષોત્તમ બી. સોલંકી ૨૦૬–૨૧૯

ગોરીમાં ગોરસ મેં વેડ્યાં : ગોરીમાં ગોરસ મેં વેડ્યાં ... ૨૦૬
જરૂર જાવું મેળે : ડાકોરનો મેળો, રણછોડજીનો મેળો ... ૨૦૭
થાનની ઢેલડિયું : ડઈ, મલૂડી ને દેવલી રે, એ તો ત્રણે એવડિયું ... ... ... ... ૨૦૭
છપ્પનિયો : છપ્પનિયા તારી સાલમાં, વાળ્યો સે કાળો કેર ૨૦૮
રમો મારગડો મેલીને : રમો રમો ગોવાળિયા... ... ૨૦૯
જળ ભરવા દો : સાંકડી તે કૂઈ મધ સાંકરી, જળ ભરવા દો ૨૧૦
મેણાં ઝરમરિયા : હું તો સીદકે ચડી વાટું જોતી ... ૨૧૧
મને ઘડી ઘડી : અમે નાનાં વહુવારુ રે ... ... ૨૧૨
પ્રીતની જંતરી : પાળે વગાડે જોગી જંતરી રે લોલ ... ૨૧૩

છાજિયાં કૂટ્ટં : સોઈ સોઈ બે સરવાં સોગઠડાં ... ૨૧૪
જીણુ વાગે છે : મેડીનાં વાદળિયાં કમાડ રે ... ... ૨૧૫
મારી ઉંમર ઓછી : ઊંડા કૂવામાં અજમલ અમને ઉતાર્યાં ૨૧૬
પાણીડાં નહીં ભરું : ગામને કૂવે રે પાણીડાં નહીં ભરું ... ૨૧૭
મોર ક્યાં બોલ્યા : મારા ટોડલે બેઠો રે મોર ... ૨૧૮
ધનગોકુળ : ધન ગોકુળ ધન ગામડાં રે ... ... ૨૧૯
વા'લો રે કનૈયો : ઝાડ ઝોલે, પાન ઝોલે ... ... ૨૧૯

(૧૨) ભાલ પ્રદેશનાં લોકગીતો :

શ્રી. જોરાવરસિંહ જાદવ ૨૨૦–૨૨૬

ચણોઠીનાં ચીર : વીરા, જાજો સુરત શે'ર ... ... ૨૨૦
ઝાંપલા ભાંગીને જઈશ : મારા સસરોજી ભૂંડા ... ૨૨૧
હવે હું નહીં જીવું : મારી સોના ઈંઢોણી રૂપા બેડલું ... ૨૨૨
છાયલ ગોરીને પે'રાવો : બાર બાર વર્ષે વીરોજી આવ્યા ... ૨૨૨
સાંભરે રે : સૈયર મોરી રે, ચાંદલિયો ઊગ્યો ને ... ૨૨૩
શ્રીકૃષ્ણ વશ કીધા : નવ નવ મહિના ઓદર રાખ્યા ને... ૨૨૩
તમ સાથે નહીં બોલું : આવતા ઠાકોરિયા રે ઊભલા રે'જો... ૨૨૫
મરકીને મોહનજી બોલ્યા : રાધાજી કૃષ્ણને કે' છે ... ૨૨૫

(૧૩) કેટલાંક કથાગીતો :

શ્રી. જોરાવરસિંહ જાદવ ૨૨૭–૨૩૭

રાજા હરિશ્ચંદ્ર : સરસ્વતી માતાને ચરણે નમું રે ... ૨૨૭
ભાઈ–બહેન : ભાઈ મરે ભવ હારીએ ... ... ૨૩૦
રાણી રૂપાંદે : વાયક આવ્યાં ગરવા શે'ર ... ... ૨૩૩
સતી સીતાજી : સોળ સોળ વરસનાં સીતા થયાં ... ૨૩૫

(૧૪) ઝાલાવાડ પ્રદેશનાં લોકગીતો :

શ્રી. ઊજમશી પરમાર ૨૩૮–૨૪૩

વાણિયણ મારવાડી : ઊંચી વાણિયણ કેડ પાતળી રે ... ૨૩૮

બામણુ ધૂવે ધોતિયાં : બામણિયા રે ઊંચાનીચા સરોવરિયાં ૨૩૮
સાબરનાં પૂર : સાબર નદિયું આવે ને ભરપૂર જો ... ૨૩૯
દરવાજે ઢોલકી વાગી : છેલ દરવાજે ઢોલકી વાગી ... ૨૪૦
મોહન ચાલ્યા મથુરામાં : વાલે હઠ કરીને રથ જોડિયા રે ૨૪૦
મોરલી મેં સુણી રે : મોરલી મેં રે સુણી રે બાઈ ... ૨૪૧
જીજુડી બામણી : સાત સાત બેડાં જીજી વહુ ધમકે
ભરી આવ્યાં જો ... ... ... ... ૨૪૧
નીચાની ઢેલ : ઊંચા ઊંચા મોલ ચણાવજો ... ... ૨૪૨
મારા ચોકમાં રમે સાહેલડી : આવી અજવાળી રાત ... ૨૪૩
અલુકાં આણાં પાછાં ઠેલજો : લાંબી લાંબી પિયરની પરસાળું ૨૪૪
ટિટોડા-ગીત : મારો રે મારા વાડામાં ... ... ૨૪૫
શ્રીરામનો ચકમો : ચકમો ચડચો રે... ... ... ૨૪૬
તેજલી ભરવાડી : બાર વાગ્યાની ગાડિયું ... ... ૨૪૬
પ્રભુની પરીક્ષા : સોળે સહિયરું રે સોળે ગોપી ... ૨૪૬
અગનાશ સમળી : એક અગનાશ સમળી સમસમે ... ૨૪૭
રાધાગોરીનાં ભાત : પાદરના ખેતર રે ... ... ૨૪૮
ઠપકો : મારી સોના ઈંઢોણી ... ... ... ૨૪૮
ખાણુમાં દટાણી : ઉગમણી ધરતીની... ... ... ૨૪૯
ગોઠણુ ચાલી સાસરે : અમે નણંદભોજાઈ ... ... ૨૫૦

(૧૫) સુરત જિલ્લાનાં લોકગીતો :
શ્રી. ચૂનીલાલ ભટ્ટ ૨૫૧-૨૫૭

વાવણીનું ગીત : મેહુલા રે જાજે ... ... ... ૨૫૧
મેહુલાનું ગીત : કહે તો મેઘ ... ... ... ૨૫૧
પરોઢિયાનું ગીત : પરોઢિયાં ફાયટાં... ... ... ૨૫૨
સૂરજ કિયારે ઊગે : મરઘો કિયારે બોલે ... ... ૨૫૩
મરણુ વેળાનું ગીત : કાયકુ માયા જોડી ... ... ૨૫૪
આણું કરવા આવ્યો : બાર બાર વરસે ... ... ૨૫૪

જૂનીને નાતરે દીધી : સાકરિયા શેરડી વાવી... ... ૨૫૫
ખાંડતી વખતે ગવાતું ગીત : હે હાલો હાલો ... ... ૨૫૬
ગામીત ભાષાનું ગીત : દાહરી લોક એતે મોંઢે ... ૨૫૬
ઢીંગલી : દરિયા કાંઠે જાજો રે ઢીંગલી ... ... ૨૫૭
**(૧૬) ખારાપાટનાં લોકગીતો : શ્રી. ધીરજલાલ જોગાણી ૨૫૮**
વણઝારો : વણઝારા રે, સૌ ચાલ્યા પરદેશ રે... ... ૨૫૮
પરણ્યાની યાદ : સાગા સીસમની મારી વે'લડી ... ૨૬૦
**(૧૭) ચંદ્રાવેણી : શ્રી. શંકરભાઈ તડવી ૨૬૨-૨૬૩**
**(૧૮) નળકાંઠાનાં લોકગીતો : શ્રી. જગદીશ ચાવડા ૨૬૪-૨૬૮**
ગિરધરિયો કોળી : કાળિયો રે ઘોડો ગિધાની રાંગમાં ... ૨૬૪
ખાવાની ઝોમલી : આપણા આજે માણહ આયા ... ૨૬૫
કાદુ મકરાણીનો રાસડો : હાં રે રે રાજમાં આવ્યો મકરાણી ૨૬૭
**(૧૯) નર ગયા ને વાતો રહી : શ્રી. વસંત જોધાણી ૨૬૯-૩૦૪**

**સુધારો :** આ મણકામાં પૃ. ૨૪૯ (લીટી નવમી) ઉપર 'કટકની ઘોડી' છે ત્યાં 'કટકનો ઘોડો' વાંચવું; અને પૃ. ૩૦૪ (લીટી ૮) ઉપર 'કે'તાતા' છે ત્યાં 'કે'તા'તા' વાંચવું.

★

# બરડા પ્રદેશના લોકગીતો

## સંપાદક : શ્રી. હરિલાલ કાળીદાસ મોઢા

### રાસ ગીત

૧

મારો ધુપેલ તેલનો શીશો રે ધુપેલ ધમકે છે.
મારો શેર ધુપેલનો શીશો રે ધુપેલ ધમકે છે.
મારો સસરો આણે આવ્યા રે ધુપેલ ધમકે છે.
હું તો સસરા ભેગી નહીં જાઉં રે ધુપેલ ધમકે છે.
મારો ધુપેલ તેલનો શીશો રે ધુપેલ ધમકે છે.
મારો શેર ધુપેલનો શીશો રે ધુપેલ ધમકે છે.
મારો જેઠ આણે આવ્યા રે ધુપેલ ધમકે છે.
હું તો જેઠ ભેગી નહીં જાઉં રે ધુપેલ ધમકે છે.
મારો ધુપેલ તેલનો શીશો રે ધુપેલ ધમકે છે.
મારો શેર ધુપેલનો શીશો રે ધુપેલ ધમકે છે.
મારો દેર આણે આવ્યા રે ધુપેલ ધમકે છે.
હું તો દેર ભેગી નહીં જાઉં રે ધુપેલ ધમકે છે.
મારો ધુપેલ તેલનો શીશો રે ધુપેલ ધમકે છે.
મારો શેર ધુપેલનો શીશો રે ધુપેલ ધમકે છે.
મારો પરણ્યો આણે આવ્યા રે ધુપેલ ધમકે છે.
હું તો પરણ્યા ભેગી ઝટ જાઉં રે ધુપેલ ધમકે છે.

★

૨

ગોરી કાંતો હો રાજ નવસરિયાં.
કેમ કાંતું હો રાજ નવસરિયાં ?
રેંટિયા ન મળે હો રાજ નવસરિયાં

રૂડા બાવળ વઢાવું, તેના રેંટિયા ઘડાવું.
ગોરી કાંતો હો રાજ નવસરિયાં.
ગોરી કાંતો હો રાજ નવસરિયાં.

કેમ કાંતું હો રાજ નવસરિયાં?
ત્રાંક[1] ન મળે હો રાજ નવસરિયાં.

લાલ લોઢાં તપાવું, તેની ત્રાંક ઘડાવું.
ગોરી કાંતો હો રાજ નવસરિયાં.
ગોરી કાંતો હો રાજ નવસરિયાં.

કેમ કાંતું હો રાજ નવસરિયાં?
મારૂ[2] ન મળે હો રાજ નવસરિયાં.

ભગર ભેંસ મરાવું, તેની મારૂ કઢાવું.
ગોરી કાંતો હો રાજ નવસરિયાં.
ગોરી કાંતો હો રાજ નવસરિયાં.

કેમ કાંતું હો રાજ નવસરિયાં?
રૂ ન મળે હો રાજ નવસરિયાં.

રૂડાં વણુલાં[3] વવરાવું, તેનાં રૂ તો કઢાવું.
ગોરી કાંતો હો રાજ નવસરિયાં.
ગોરી કાંતો હો રાજ નવસરિયાં.

કેમ કાંતું હો રાજ નવસરિયાં?
કાંતતાં ના'વડે હો રાજ નવસરિયાં.

લીલાં નેતર વઢાવું, તેની સોટી બનાવું.
ગોરી કાંતો હો રાજ નવસરિયાં.

---

૧. ત્રાક ૨. માળ ૩. કપાસ

સોટી લાગે સખસખ રેંટિયા હાથે રૂમઝૂમ,
ગોરી કાંતો હો રાજ નવસરિયાં.

કાંતતાં આવડયું હો રાજ નવસરિયાં.
હું તો કાંતું હો રાજ નવસરિયાં.

★

૩

નગર તી શેરના ચોકમાં, એવી મારે રમવાની હામ,
પરથમ પડવે રમતાં.

પગ પરમાણે કડલાં, કાંબડી લાલ ગલાલ,
પરથમ પડવે રમતાં.

નગર તી શેરના ચોકમાં, એવી મારે રમવાની હામ,
પરથમ પડવે રમતાં.

હાથ પરમાણે ચૂડલા, બંગડી લાલ ગલાલ,
ઓઢણી અઢળક મૂલની.

નગર તી શેરના ચોકમાં, એવી મારે રમવાની હામ,
પરથમ પડવે રમતાં.

ડોક પરમાણે ઝૂમણું, કાંઠલી લાલ ગલાલ,
ઓઢણી અઢળક મૂલની.

નગર તી શેરના ચોકમાં, એવી મારે રમવાની હામ,
પરથમ પડવે રમતાં.

નાક પરમાણે નથડી, ટીલડી લાલ ગલાલ,
ઓઢણી અઢળક મૂલની.

★

## ૪

કારાં[1] કારાં છે ડુંગરાનાં પાણી ઘડૂલિયો ઘૂમે છે.
અરજનભાઈ મારા વીરા ઘડૂલિયો ઘૂમે છે.
તમે કોરીમાં શું મોયા[2] ઘડૂલિયો ઘૂમે છે.
તમને પરણાવું ગોકુલની ગોરી ઘડૂલિયો ઘૂમે છે.

કારાં કારાં છે ડુંગરાનાં પાણી ઘડૂલિયો ઘૂમે છે.
વીરમભાઈ મારા વીરા ઘડૂલિયો ઘૂમે છે.
તમે બાંડીમાં શું મોયા ઘડૂલિયો ઘૂમે છે.
તમને પરણાવું ગોકુળની ગોરી ઘડૂલિયો ઘૂમે છે.

કારાં કારાં છે ડુંગરાનાં પાણી ઘડૂલિયો ઘૂમે છે.
પરબતભાઈ મારા વીરા ઘડૂલિયો ઘૂમે છે.
તમે લંગડીમાં શું મોયા ઘડૂલિયો ઘૂમે છે.
તમને પરણાવું ગોકુળની ગોરી ઘડૂલિયો ઘૂમે છે.

કારાં કારાં છે ડુંગરાનાં પાણી ઘડૂલિયો ઘૂમે છે.
સાંગણભાઈ મારા વીરા ઘડૂલિયો ઘૂમે છે.
તમે ઠૂંઠીમાં શું મોયા ઘડૂલિયો ઘૂમે છે.
તમને પરણાવું ગોકુળની ગોરી ઘડૂલિયો ઘૂમે છે.

કારાં કારાં છે ડુંગરાનાં પાણી ઘડૂલિયો ઘૂમે છે.
સરમણભાઈ મારા વીરા ઘડૂલિયો ઘૂમે છે.
તમે મૂંગીમાં શું મોયા ઘડૂલિયો ઘૂમે છે.
તમને પરણાવું ગોકુલની ગોરી ઘડૂલિયો ઘૂમે છે.

કારાં કારાં છે ડુંગરાનાં પાણી ઘડૂલિયો ઘૂમે છે.
નાથાભાઈ મારા વીરા ઘડૂલિયો ઘૂમે છે.

---

૧. કાળાં ૨. મોહ્યા

તમે બેરીમાં[૧] શું મોયા ઘડૂલિયો ઘૂમે છે.
તમને પરણાવું ગોકુલની ગોરી ઘડૂલિયો ઘૂમે છે.

★

## ૫

ધાન[૨] ધોરું[૩] ને કાથરોટ કારી[૪] રે રંગમાં રંગતાળી.
મધુભાઈ ગોરા ને મોંઘી વહુ કારી રે રંગમાં રંગતાળી.
વીરા, મોંઘીમાં શું મોયા રે રંગમાં રંગતાળી.
તમે પરણો મઢમ ગોરી રે રંગમાં રંગતાળી.

ધાન ધોરું ને કાથરોટ કારી રે રંગમાં રંગતાળી.
ચંપકભાઈ ગોરા ને ચંપાવહુ કારી રે રંગમાં રંગતાળી.
એવી ચંપામાં શું મોયા રે રંગમાં રંગતાળી.
તમે પરણો ધંધુકાની ધોળી રે રંગમાં રંગતાળી.

ધાન ધોરું ને કાથરોટ કારી રે રંગમાં રંગતાળી.
ગોવિંદભાઈ ગોરા ને ગંગાવહુ કારી રે રંગમાં રંગતાળી.
એવી ગંગામાં શું મોયા રે રંગમાં રંગતાળી.
તમે પરણો જુગતે જોડી રે રંગમાં રંગતાળી.

★

## ૬

જામ તારું જાંખુડું રળિયામણું રે
જાંખુડાની અવળીસવળી ડાળ્ય,
જામ તારું જાંખુડું રળિયામણું રે.

સોનીડાના બેટા તુજને વીનવું રે
સૂમણાં ઘડીને લઈ આવ્ય, પરણે સીતા ને શ્રીરામ,
જામ તારું જાંખુડું રળિયામણું રે

૧. બહેરી. ૨. અનાજ ૩. ધોળું ૪. કાળી.

જામ તારું જાંખુડું રળિયામણું રે;
જાંખુડાની અવળીસવળી ડાળ્ય,
જામ તારું જાંખુડું રળિયામણું રે.

કસૂંબીના બેટા તુજને વીનવું રે;
ચૂંદડી રંગીને લઈ આવ્ય, પરણે સીતા ને શ્રીરામ,
જામ તારું જાંખુડું રળિયામણું રે.

જામ તારું જાંખુડું રળિયામણું રે;
જાંખુડાની અવળીસવળી ડાળ્ય
જામ તારું જાંખુડું રળિયામણું રે.

મણિયારાના બેટા તુજને વીનવું રે;
ચૂંડલા રંગીને લઈ આવ્ય, પરણે સીતા ને શ્રીરામ,
જામ તારું જાંખુડું રળિયામણું રે.

જામ તારું જાંખુડું રળિયામણું રે;
જાંખુડાની અવળીસવળી ડાળ્યા,
જામ તારું જાંખુડું રળિયામણું રે.
જોષીડાના બેટા તુજને વીનવું રે;
લગન લખીને લઈ આવ્ય, પરણે સીતા ને શ્રીરામ;
જામ તારું જાંખુડું રળિયામણું રે.

★

૭

દરિયાનાં ડોરાં[૧] નીર છે રે, વારી જાઉં,
દરિયાનાં ડોરાં નીર છે.
દાયરામાં જાઉં તો અરજનભાઈ છેલ છે:
લખમણભાઈ રૂપનાં રતન છે રે, વારી જાઉં,
દરિયાનાં ડોરાં નીર છે.

---

૧. ડહોળાયેલાં

દરિયાનાં ડોરાં નીર છે રે, વારી જાઉં,
દરિયાનાં ડોરાં નીર છે.

વવારુંમાં[૧] જોઉં તો ઢેલીવહુ છેલ છે:
રાણી વહુ રૂપનાં રતન છે રે, વારી જાઉં,
દરિયાનાં ડોરાં નીર છે.

દરિયાનાં ડોરાં નીર છે રે, વારી જાઉં:
દરિયાનાં ડોરાં નીર છે.

સૈયરુંમાં[૨] જોઉં તો લાખીબાઈ છેલ છે:
રૂડીબાઈ રૂપનાં રતન છે રે, વારી જાઉં,
દરિયાનાં ડોરાં નીર છે.

દરિયાનાં ડોરાં નીર છે રે, વારી જાઉં,
દરિયાનાં ડોરાં નીર છે.

★

૮

ફૂલ કેરા ગજરા ગૂંથ્યા ગુલાબી,
સાયબા મોરા! એક વાર મળવા આવો:
આવો તો હાર લાવો રે વરણાગી વાલમા!

ઉતારા ઓરડા મારે મંદિરિયે,
સાયબા મોરા! શોકચની શેરીયેં ના જાશો:
જાશો તો ગાર્ય[૩] ખાશો રે વરણાગી વાલમા!

ફૂલ કેરા ગજરા ગૂંથ્યા ગુલાબી,
સાયબા મોરા! એક વાર મળવા આવો:
આવો તો હાર લાવો રે વરણાગી વાલમા!

---

૧. વહુઓમાં. ૨. સહિયરોમાં ૩. ગાળ

દાતણ દાડમી મારે મંદિરિયે,
સાયબા મોરા! શોકચની શેરીયેં ના જાશો :
જાશો તો ગાર્ય ખાશો રે વરણાગી વાલમા!
ફૂલ કેરા ગજરા ગૂંથ્યા ગુલાબી,
સાયબા મોરા! એક વાર મળવા આવો :
આવો તો હાર લાવો રે વરણાગી વાલમા!
નાવણ કૂંડિયાં મારે મંદિરિયે,
સાયબા મોરા! શોકચની શેરીએ ના જાશો :
જાશો તો ગાર્ય ખાશો રે વરણાગી વાલમા!
ફૂલ કેરા ગજરા ગૂંથ્યા ગુલાબી,
સાયબા મોરા! એક વાર મળવા આવો :
આવો તો હાર લાવો રે વરણાગી વાલમા!
ભોજન લાપસી મારે મંદિરિયે,
સાયબા મોરા! શોકચની શેરીયેં ના જાશો :
જાશો તો ગાર્ય ખાશો રે વરણાગી વાલમા!
ફૂલ કેરા ગજરા ગૂંથ્યા ગુલાબી,
સાયબા મોરા! શોકચની શેરીયેં ના જાશો :
જાશો તો ગાર્ય ખાશો રે વરણાગી વાલમા!
મુખવાસ એલચી મારે મંદિરિયે,
સાયબા મોરા! શોકચની શેરીયેં ના જાશો :
જાશો તો ગાર્ય ખાશો રે વરણાગી વાલમા!
ફૂલ કેરા ગજરા ગૂંથ્યા ગુલાબી,
સાયબા મોરા! એક વાર મળવા આવો :
આવો તો હાર લાવો રે વરણાગી વાલમા!
પોઢણ ઢોલિયા મારે મંદિરિયે,
સાયબા મોરા! પોઢણ કરવા આવો :
આવો તો હાર લાવો રે વરણાગી વાલમા!

★

## ૯

સસરા અમારા બડા મનમોજી,
બાગમાંથી વીણી લાવે બોર,
બોર મને બટ[1] ભાવે.
સાસુ અમારી બડી મન કૂકડી,
હાથમાંથી ઝૂંટી લિયે બોર,
બોર મને બટ ભાવે.
જેઠ અમારા બડા મનમોજી,
બાગમાંથી વીણી લાવે બોર,
બોર મને બટ ભાવે.
જેઠાણી અમારી બડી મન કૂકડી,
હાથમાંથી ઝૂંટી લિયે બોર;
બોર મને બટ ભાવે.
દેર અમારા બડા મનમોજી,
બાગમાંથી વીણી લાવે બોર;
બોર મને બટ ભાવે.
દેરાણી અમારી બડી મન કૂકડી,
હાથમાંથી ઝૂંટી લિયે બોર;
બોર મને બટ ભાવે.
પરણ્યો અમારા બડા મનમોજી,
બાગમાંથી વીણી લાવે બોર;
બોર મને બટ ભાવે.
મને ભાવે ને મારા પરણ્યાને ભાવે,
હાથે ખવરાવે મને બોર;
બોર મને બટ ભાવે.

---

૧. બહુ.
સરખાવો : મણકો પાંચમો, પૃ. ૧૧ ઉપરનું ગીત.

કેટલેક સ્થળે નીચે પ્રમાણે ગવાય છે.

મને ભાવ્યાં ને મારા પરણ્યાને ભાવ્યાં;
સાથે બેસીને ટટકાવ્યાં;[1]
બોર મને બહુ ભાવે.

★

## ૧૦

ઢોલી! ઢોલ વગાડ, મારે હીંચ લેવી છે.
જીવણભાઈને છોગલિયે મારે હીંચ લેવી છે.
જીવી વહુને ઘૂંઘટડે મારે હીંચ લેવી છે.
ઢોલી! ઢોલ વગાડ, મારે હીંચ લેવી છે.

મેં તો પેર્યાં[2] ઝાંઝર ને પેર્યાં સાંકળાં રે લોલ.
તારા ઢોલડિયા વાગે બહુ આકરા રે લોલ.
ઢોલી ઢોલ વગાડ મારે હીંચ લેવી છે.

છગનભાઈને છોગલિયે મારે હીંચ લેવી છે.
સોનાં વહુને ઘૂંઘટડે મારે હીંચ લેવી છે.
ઢોલી! ઢોલ વગાડ, મારે હીંચ લેવી છે.

મેં તો ઓઢી છે નવરંગ ચૂંદડી રે લોલ.
હું તો ઢોલે રમું ને ફરું ફૂદડી રે લોલ.
ઢોલી! ઢોલ વગાડ, મારે હીંચ લેવી છે.

ઓઘડભાઈને છોગલિયે મારે હીંચ લેવી છે.
રૂજમ વહુને ઘૂંઘટડે મારે હીંચ લેવી છે.
વીરા ઢોલીડા દઉં તને ઝાંઝરું રે લોલ.
વીરા વેગે વગાડ ઢોલ હીંચે રમું રે.
ઢોલી ઢોલ વગાડ મારે હીંચ લેવી છે.

★

૧. ખાધાં ૨ પહેર્યાં.

## ૧૧

લીંબડો ઊગ્યો છે વનમાં, લીંબડી શોયે[1] રે રાજદરબારમાં.
કડલાં મારા પિયરનાં કાંબડી શોયે રે રાજદરબારમાં
ચોથ ભાગ માગે સાહેલડી, સાયબા, શું રે ઘેરાણો તું ઘેનમાં ?

લીંબડો ઊગ્યો છે વનમાં, લીંબડી શોરે રે રાજદરબારમાં
ચૂડલો મારા પિયરનો, બંગડી શોયે રે રાજદરબારમાં.
ચોથ ભાગ માગે સાહેલડી, સાયબા, તું રે ઘેરાણો શું ઘેનમાં ?

લીંબડો ઊગ્યો છે વનમાં, લીંબડી શોયે રે રાજદરબારમાં.
ઝૂમણાં મારા પિયરનાં, કાંઠલી શોયે રે રાજ દરબારમાં.
ચોથ ભાગ માગે સાહેલડી, સાયબા, તું રે ઘેરાણો શું ઘેનમાં ?

લીંબડો ઊગ્યો છે વનમાં, લીંબડી શોયે રે રાજદરબારમાં.
નથડી મારા પિયરની, ટીલડી શોયે રે રાજદરબારમાં.
ચોથ ભાગ માગે સાહેલડી, સાયબા, તું રે ઘેરાણો શું ઘેનમાં ?

★

## ૧૨

રાણા, હીંચ લેતા જાવ, છોગારા[2] મેંદી લેતા જાવ,
મારે હીંચે રમવાની ઘણી હામ.
રાણા, હીંચ લેતા જાવ, છોગારા મેંદી લેતા જાવ,

રાણા, પગ પરમાણે મારે કડલાં રે લોલ
મને કાંબિયું પેરવાની ઘણી હામ,
રાણા, હીંચ લેતા જાવ, છોગારા મેંદી લેતા જાવ.
મને હીંચે રમવાની ઘણી હામ,
રાણા, હીંચ લેતા જાવ, છોગારા મેંદી લેતા જાવ.

રાણા, હાથ પરમાણે મારે ચૂડલો રે લોલ;
મારે બંગડી પેરવાની ઘણી હામ,

---

૧. સોહે, શોભે. ૨. છોગાળા

રાણા, હીંચ લેતા જાવ, છોગાળા મેંદી લેતા જાવ.
મને હીંચે રમવાની ઘણી હામ,
રાણા, હીંચ લેતા જાવ, છોગાળા મેંદી લેતા જાવ.

રાણા, ડોક પરમાણે મારે ઝૂમણાં રે લોલ,
મને કાંઠલી[1] પેરવાની ઘણી હામ,
રાણા, હીંચ લેતા જાવ, છોગાળા મેંદી લેતા જાવ.
મને હીંચે રમવાની ઘણી હામ,
રાણા, હીંચ લેતા જાવ, છોગાળા મેંદી લેતા જાવ.

મારે નાક પરમાણે રાણા, નથડી રે લોલ
મને ટીલડી ચોડવાની ઘણી હામ,
રાણા, હીંચ લેતા જાવ, છોગાળા મેંદી લેતા જાવ.

★

૧૩

હો વાલીડે અમને રામબાણ મારિયાં,
રામબાણ મારીયાં, વાલે સૂતાંને જગાડિયાં;
આજ વાલીડે અમને રામબાણ મારિયાં. ટેક

કડલાં ઉપર કાંબડી[2] વાલે પેરીને વગાડિયાં.
હો વાલીડે અમને રામબાણ મારિયાં, રામબાણ૦

ચૂડલા ઉપર બંગડી વાલે પેરીને જગાડિયાં,
હો વાલીડે અમને રામબાણ મારિયાં, રામબાણ૦

ઝૂમણા ઉપર કાંઠલી વાલે પેરીને જગાડિયાં,
હો વાલીડે અમને રામબાણ મારિયાં. રામબાણ૦

નથડી ઉપર ટીલડી વાલે પેરીને વગાડિયાં,
હો વાલીડે અમને રામબાણ મારિયાં. રામબાણ૦

---

૧. ડોકમાં પહેરવાનું ઘરેણું ૨. કાંબી

૧૪

પાણીલાં ગ્યાં'તાં વીજાગણુ વાવનાં.
હાથ પગ ધોયાં, મુખડાં ધોયાં,
નેણુલે નિરમળ નીરખ્યાં હો જી રે.
સસરો કે' એટલી વહુ શીદ વાર લાગી ?
હાથ પગ ધોયાં, મુખડાં ધોયાં,
નેણુલે નિરમળ નીરખ્યાં હો જી રે.
પાણીલાં ગ્યાં'તાં વીજાગણુ વાવનાં.
હાથ પગ ધોયાં મુખડાં ધોયાં,
નેણુલે નિરમળ નીરખ્યાં હો જી રે.
જેઠજી કે' એટલી વહુ શીદ વાર લાગી ?
હાથ પગ ધોયાં, મુખડાં ધોયાં,
નેણુલે નિરમળ નીરખ્યાં હો જી રે.
પાણીલાં ગ્યાં'તાં વીજાગણુ વાવનાં.
હાથ પગ ધોયાં, મુખડાં ધોયાં,
નેણુલે નિરમળ નીરખ્યાં હો જી રે.
દેરજી કે' એટલી ભાભી ! શીદ વાર લાગી ?
હાથ પગ ધોયાં, મુખડાં ધોયાં,
નેણુલે નિરમળ નીરખ્યાં હો જી રે.
પાણીલાં ગ્યાં'તાં વીજાગણુ વાવનાં.
હાથ પગ ધોયાં, મુખડાં ધોયાં,
નેણુલે નિરમળ નીરખ્યાં હો જી રે.
પરણ્યો કે' એટલી ગોરી ! શીદ વાર લાગી ?
હાથ પગ ધોયાં, મુખડાં ધોયાં,
નેણુલે નિરમળ નીરખ્યાં હો જી રે.

★

## ૧૫

સોનાનું ઝાંઝર સાયબે ઘડાવ્યું;
ઝાંઝરમાં ઝણુ વાગે હો રાજ,
મારવાડી ઢોલ મારું ઝાંઝર રમે.

મેલો તો રમવા જાયેં મારા વાલમા,
ઢોલે રમું ને ઝણુ વાગે હો રાજ;
મારવાડી ઢોલ મારું ઝાંઝર રમે.

પગમાં પેરું કડલાં હો વાલમા,
કાંબિયું ઝણુ વાગે હો રાજ;
મારવાડી ઢોલ મારું ઝાંઝર રમે.

સોનાનું ઝાંઝર સાયબે ઘડાવ્યું,
ઝાંઝરમાં ઝણુ વાગે હો રાજ;
મારવાડી ઢોલ મારું ઝાંઝર રમે.

મેલો તો રમવા જાયેં મારા વાલમા,
ઢોલે રમું ને ઝણુ વાગે હો રાજ;
મારવાડી ઢોલ મારું ઝાંઝર રમે.

હાથમાં પેરું ચૂડલા રે વાલમા,
અંગડીમાં ઝણુ વાગે હો રાજ;
મારવાડી ઢોલ મારું ઝાંઝર રમે.

સોનાનું ઝાંઝર સાયબે ઘડાવ્યું,
ઝાંઝરમાં ઝણુ વાગે હો રાજ;
મારવાડી ઢોલ મારું ઝાંઝર રમે.

મેલો તો રમવા જાયેં મારા વાલમા,
ઢોલે રમું ને ઝણુ વાગે હો રાજ;
મારવાડી ઢોલ મારું ઝાંઝર રમે.

પુસ્તક/પ્રત ક્રમાંક/

ડોકમાં પેરું ઝૂમણાં રે વાલમા,
ડોકલીમાં ઝણુ વાગે હો રાજ;
મારવાડી ઢોલ મારું ઝાંઝર રમે.

સોનાનું ઝાંઝર સાયબે ઘડાવ્યું,
ઝાંઝરમાં ઝણુ વાગે હો રાજ;
મારવાડી ઢોલ મારું ઝાંઝર રમે.

મેળો તો રમવા જાયેં મારા વાલમા,
ઢોલે રમું ને ઝણુ વાગે હો રાજ;
મારવાડી ઢોલ મારું ઝાંઝર રમે.

નાકમાં પેરું નથડી રે સાયબા,
ટીલડીમાં ઝણુ વાગે હો રાજ;
મારવાડી ઢોલ મારું ઝાંઝર રમે

★

૧૬

હાં રે સૂરજ ઊગ્યો, રાધાની માડી જાગી,
રાધાને રંગમાં દીઠી રે, પાનેતર ને પીઠી રે,
આ તેં શું કીધું ?

કુંવરી ! કુળ લજાવ્યું રે, બારુડી ![1] તેં બોળ્યું રે;
આ તેં શું કીધું ?

રાધા ! કેની[2] ચૂંદડી ઓઢી, ને કેની ચૂડી પહેરી;
કેની તે ટીલડી ચોડી રે, આ તેં શું કીધું ?
કુંવરી ! કુળ લજાવ્યું રે, બારુડી ! તેં બોળ્યું રે,
આ તેં શું કીધું ?

---

૧. બાજુડી ૨. કોની

માડી! મેં તો શિવને ચડાવ્યા ફૂલગજરા,
વાસુદેવ મારા સસરા રે, મેં બહુ સારું કીધું,
તનમાં તાડી લાગી રે, મનમાં માયા જાગી રે,
મેં બહુ સારું કીધું.

હાં રે મેં તો શિવને ચડાવ્યાં ફૂલ–આંસુ,
દેવકીજી મારાં સાસુ રે મેં બહુ સારું કીધું;
તનમાં તાડી લાગી રે, મનમાં માયા જાગી રે,
મેં બહુ સારું કીધું.

માડી! મેં તો શિવને ચડાવ્યાં ફૂલ નામી,
શ્રીકૃષ્ણ છે મારા સ્વામી રે મેં બહુ સારું કીધું;
તનમાં તાડી લાગી રે, મનમાં માયા જાગી રે,
મેં બહુ સારું કીધું.

રાધા! ક્યાં બેસીને સૂતર કાંત્યાં?
ક્યાં તેં વરમાળ પેરી રે? આ તેં શું કીધું?
કુંવરી! કુળ લજાવ્યું રે, બારુડી! તેં બોળ્યું રે,
આ તેં શું કીધું?

માડી! મેં તો ગોકુલ બેસીને સૂત કાંત્યાં,
વ્રજમાં વરમાળ પેરી રે, મેં બહુ સારું કીધું.
તનમાં તાડી લાગી રે, મનમાં માયા જાગી રે,
મેં બહુ સારું કીધું.

રાધા! તું જગ જીતી રે, અમર તમારી પ્રીતિ રે,
તેં બહુ સારું કીધું.

★

૧૭

ઊઠો લખમણ જતિ વીરા વાડીયેં પધારો જી રે.
વાડીનાં વનફળ ચાખી જોયાં વનફળ લાગ્યાં મીઠાં જી રે.

વીણી ચૂણી[1] છાબ ભરીને મંદિરિયે મોકલાવ્યાં જી રે.
ખોબો ભરી નણંદને આપ્યાં, નણદીબાઇ રિસાણાં જી રે.
ચીર એટલાં ચોરી[2] નાખ્યાં, ચૂંદડી ન ઓઢી જી રે.
ડાબલા ડૂબલી ઉડાડી નાખ્યાં, ટીલડી ન ચોડી જી રે.
વરિયારી તો વેરણી[3] નાખી, એલચડી ઉડાડી જી રે.
કચો[4] તો નણંદબાઈ કડલાં ઘડાવું કાંબીની બબ્બે જોડ્યું જી રે.
કચો તો નણંદબાઈ ચૂડલા ઘડાવું બંગડીની બબ્બે જોડ્યું જી રે.
કચો તો નણંદબાઈ ઝૂમણાં ઘડાવું કાંઠલીની બેબે જોડું જી રે.
કચો તો નણંદબાઈ નથડી ઘડાવું ટીલડી બેબે ચોડું જીરે.
કચો તો નણંદબાઈ સાડી સીવરાવું ચૂંદડી બેબે જોડું જી રે.
હવે નણંદબાઈ રીસ ઉતારો, કચાં સુધી રીસાસો જી રે.
ભોળી ભાભી તું તો ભોળવાઈ ગઈ, મેં તો તુજને તાગી જી રે.

★

## ૧૮

ચારપાંચ છોગાં મેલી છબીલે છેતરી,
દરપણ દીધાં દીવાન, મારું મન મોયું બારુડા[5]ને છોગલે.
છબીલાને દેશું ઓરડા,
દેશું મેડીના મોલ, મારું મન મોયું બારુડાને છોગલે.
ચારપાંચ છોગાં મેલી છબીલે છેતરી,
દરપણ દીધાં દીવાન, મારું મન મોયું બારુડાને છોગલે.
છબીલાને દાતણ દેશું દાડમી,
દેશું કણેરી કાંબ્ય, મારું મન મોયું બારુડાને છોગલે.
ચારપાંચ છોગાં મેલી છબીલે છેતરી,
દરપણ દીધાં દીવાન, મારું મન મોયું બારુડાને છોગલે.

૧. ચૂંટી ૨. ચોળી ૩. વેરી ૪. કહો ૫. બારીગર–જુવાન

છબીલાને નાવણ દેશું કૂંડિયાં,
દેશું નદિયુંનાં નીર, મારું મન મોયું બારુડાને છોગલે.
ચારપાંચ છોગાં મેલી છબીલે છેતરી,
દરપણ દીધાં દીવાન, મારું મન મોયું બારુડાને છોગલે.
છબીલાને ભોજન દેશું લાપસી,
દેશું ઘેવરિયો કંસાર, મારું મન મોયું બારુડાને છોગલે.

★

## ૧૯

મારા વાડામાં લીંબડો રે સીંગલાલ[૧],
લીંબડે ચડીને વાટ જોતી મોરી સીંગલાલ,
વહુનો વીરો વણઝારો મોરી સીંગલાલ.
બાયજી[૨]નો આવે ભતરીજો રે સીંગલાલ,
મારે આવે મારો વીર મોરી સીંગલાલ,
વહુનો વીરો વણઝારો મોરી સીંગલાલ.
બાયજીને આવ્યું કાપડું રે સીંગલાલ,
મારે આવી છે ભગર ભેંસ મોરી સીંગલાલ,
વહુનો વીરો વણઝારો મોરી સીંગલાલ.
બાયજીયેં રાંધ્યું બાજરિયું રે સીંગલાલ,
મેં રે ઓસાઈ[૩] રૂડી સેવ મોરી સીંગલાલ,
વહુનો વીરો વણઝારો મોરી સીંગલાલ.
બાયજીનું બાજરિયું બળી ગયું રે સીંગલાલ,
સુધરી મારી સેવ મોરી સીંગલાલ,
વહુનો વીરો વણઝારો મોરી સીંગલાલ.
હુંને મારી બાયજી બાધિયાં[૪] રે સીંગલાલ,
આવ્યાં છે ચોટાચોટ[૫] મોરી સીંગલાલ,
વહુનો વીરો વણઝારો મોરી સીંગલાલ.

---

૧. નામ છે ૨. સાસુ ૩. ઓસાવી ૪. લડયાં ૫. ઝોંટાઝોંટ

બાયજીયેં લીધું સાંબેલું રે સીંગલાલ,
મેં લીધી મોટી ઈસ મોરી સીંગલાલ,
વહુનો વીરો વણઝારો મોરી સીંગલાલ.
મારા ભાંગ્યા ટાંટિયા[૧] રે સીંગલાલ,
બાયજીની ફૂટી આંખ મોરી સીંગલાલ,
વહુનો વીરો વણઝારો મોરી સીંગલાલ.

૨૦

દશવીશ કાગળિયાં બેની વીરોજી મોકલે;
આ રે કાગળિયે તમે આવો રે, કરાયર[૨]ના ભમરા.

હુંને કેમ આવું રે વીરા, હુંને કેમ આવું રે વીરા,
મારે આવે આડાં જાજાં[૩] વન રે, કરાયના ભમરા.

વન તો બેની ! આજ વઢાવું, વન તો બેની ! કાલ વઢાવું,
રથડા જોડીને તમે આવો રે, કરાયના ભમરા.

દશવીશ કાગળિયાં બેની વીરોજી મોકલે,
આરે કાગળિયે તમે આવો રે, કરાયના ભમરા.

હુંને કેમ આવું રે વીરા, હુંને કેમ આવું રે વીરા,
મારે આવે આડાં જાજાં નીર રે, કરાયના ભમરા.

નીર તો બેની ! આજ સુકાવું, નીરતો બેની ! કાલ સુકાવું,
તુંબડે તરીને તમે આવો રે, કરાયના ભમરા.

દશવીશ કાગળિયાં બેની વીરોજી મોકલે,
આ રે કાગળિયે તમે આવો રે, કરાયના ભમરા.

હુંને કેમ અવું રે વીરા, હુંને કેમ આવું રે વીરા,
મારે દૂઝે ભગર ભેંસ રે, કરાયના ભમરા.

ભેંસ તો બેની ! આજ વસૂકે, ભેંસ તો બેની ! કાલ વસૂકે,
ભાંડરુ બેનીજી ભેગાં થાય રે, કરાયના ભમરા.

---

૧. પગ ૨. કજોઈ–દીકરી. ૩. ઝાઝાં

## ૨૧

અજલ સોનારણ બજલ સોનારણ,
ફૂલ કેરા ગજરા ગૂંથી ગઈ રે, મારી અજલ સોનારણ.
પગ પરમાણે કડલાં સોનારણ,
કાંબડીના લાડકોડ ભૂલ ગઈ રે, મારી અજલ સોનારણ.
અજલ સોનારણ બજલ સોનારણ,
ફૂલ કેરા ગજરા ગૂંથી ગઈ રે, મારી અજલ સોનારણ.
હાથ પરમાણે ચૂડલો સોનારણ,
બંગડીના લાડકોડ ભૂલ ગઈ રે, મારી અજલ સોનારણ.
અજલ સોનારણ બજલ સોનારણ,
ફૂલ કેરા ગજરા ગૂંથી ગઈ રે, મારી અજલ સોનારણ.
ડોક પરમાણે ઝૂમણાં સોનારણ,
કાંઠલીના લાડકોડ ભૂલ ગઈ રે, મારી અજલ સોનારણ.
અજલ સોનારણ બજલ સોનારણ,
ફૂલ કેરા ગજરા ગૂંથી ગઈ રે, મારી અજલ સોનારણ.
નાક પરમાણે નથડી સોનારણ,
ટીલડીના લાડકોડ ભૂલ ગઈ રે, મારી અજલ સોનારણ.

★

## ૨૨

રતિ રબારણ ઓઢવા આછાં ચીર જો,
રતિ રબારણ માથે બેડું દૂધનું.
રતિ રબારણ મૈડાં[૧] વેચવા જાય જો.
ગંગાજમના આવીડાં ભરપૂર જો.
સામે કાંઠે ઊભો ગોવારિયો કાન જો,
ભાઈ ગોવારિયા નદી ઉતારી મેલ જો.

---

૧. મહીડાં.

તું રે મૈયારણુ[1] પરણી કે કુંવાર જો,
નથી પરણી ને નથી માંડચો ઘરવાસ જો,
નથી ઉપાડચો ખંભે કોઈનો ભાર જો.

વનમાંથી વઢાવ્યા રૂડા વાંસ જો,
તેના રૂડા માંડવડા બંધાય જો.
સોનારૂપાની ચોરિયું ઘડાય જો,

આસોપાલવનાં તોરણિયાં ગૂંથાય જો.
સાજન માજન ગોપ ને ગોવાર જો,
પરણે પરણે રતિ રબારણુ ને કાન જો.

★

## ૨૩

ઝૂલે કેર્યું[2] ને ઝૂલે કેવડો,
ઝૂલે છે કંઈ રાણાજીનાં રાજ રે; હંસીલા[3] વીરા,
તમારે જાવું છે સાયર સાસરે.
વીરનો સાફો છે સવા લાખનો,
પેરજો પેરજો સાસરિયાને દેશ રે; હંસીલા વીરા,
તમારે જાવું છે સાયર સાસરે.
ઝૂલે કેર્યું ને ઝૂલે કેવડો;
ઝૂલે છે કંઈ રાણાજીનાં રાજ રે હંસીલા વીરા,
તમારે જાવું છે સાયર સાસરે.
વીરની વીંટી છે સવા લાખની;
પેરજો પેરજો સાસરિયાને દેશ રે હંસીલા વીરા,
તમારે જાવું છે સાયર સાસરે
ઝૂલે કેર્યું ને ઝૂલે કેવડો;
ઝૂલે છે કંઈ રાણાજીનાં રાજ રે હંસીલા વીરા,
તમારે જાવું છે સાયર સાસરે.

---

૧. મહી વેચનારી રબારણ. ૨. કેરીઓ ૩. હોંસીલા

વીરની ઘડિયાર છે સવા લાખની;
પેરજો પેરજો સાસરિયાને દેશ રે હંસીલા વીરા,
તમારે જાવું છે સાયર સાસરે.

ઝૂલે કેયું ને ઝૂલે કેવડો;
ઝૂલે છે કંઈ રાણાજીનાં રાજ રે હંસીલા વીરા,
તમારે જાવું છે સાયર સાસરે.

વીરને કંદોરો સવા લાખનો;
પેરજો પેરજો સાસરિયાને દેશ રે હંસીલા વીરા,
તમારે જાવું છે સાયર સાસરે.

ઝૂલે કેયું ને ઝૂલે કેવડો;
ઝૂલે છે કંઈ રાણાજીનાં રાજ રે હંસીલા વીરા,
તમારે જાવું છે સાયર સાસરે.

વીરનો તોડો[1] છે સવા લાખનો;
પેરજો પેરજો સાસરિયાને દેશ રે હંસીલા વીરા,
તમારે જાવું છે સાયર સાસરે.

★

## ૨૪

વાડામાં ગલ[2] છોડવો, ફૂલામની[3] દોરી;
ઊઘડયાં રાતાં ફૂલ રે, લેજો રામ લેજો ગોરી.
છાબ ભરી ફૂલ વીણિયાં, ફૂલામની દોરી;
ફૂલના રાતા રંગ રે, લેજો રામ લેજો ગોરી.
તેની રંગાવી ચૂંદડી, ફૂલામની દોરી;
પડી કસૂંબા ભાત રે, લેજો રામ લેજો ગોરી.

૧. પુરુષને જમણા પગે પહેરવાનું ઘરેણું ૨. ફૂલ ૩. ફૂલની.

ઓઢીને પાણી સાંચર્યાં, ફૂલામની દોરી;
નીસર્યાં ગઢડા હેઠ રે, લેજો રામ લેજો ગોરી.
ગામને ગરાસિયે પૂછિયું, ફૂલામની દોરી;
દીકરી છે કે વહુ રે, લેજો રામ લેજો ગોરી.
દાદાને ઘેર દીકરી, ફૂલામની દોરી;
સસરાને ઘેર વહુ રે, લેજો રામ લેજો ગોરી.
વાડામાં ગલ છોડવો, ફૂલામની દોરી;
ઊઘડ્યાં રાતાં ફૂલ રે, લેજો રામ લેજો ગોરી.
છાબ ભરી ફૂલ વીણિયાં, ફૂલામની દોરી;
ફૂલના રાતા રંગ રે, લેજો રામ લેજો ગોરી.
તેની રંગાવી ચૂંદડી, ફૂલામની દોરી;
પડી કસૂંબા ભાત રે, લેજો રામ લેજો ગોરી.
ઓઢીને પાણી સાંચર્યાં, ફૂલામની દોરી;
નીસર્યાં ચોરા પાસ રે, લેજો રામ લેજો ગોરી.
ગામને ચોવટિયે પૂછિયું, ફૂલામની દોરી;
દીકરી છે કે વહુ રે, લેજો રામ લેજો ગોરી.
દાદાને ઘેર દીકરી, ફૂલામની દોરી;
સસરાને ઘેર વહુ રે, લેજો રામ લેજો ગોરી.*

★

૨૫

જમનાને કાંઠે કદમ કેરું ઝાડવું રે,
ઝાડવે ચડિયા જાદવરાય.
ઝાડવે ચડીને ઝાડ જંજેડિયાં[1] રે,
કાનનો ભાંગ્યો ડાબો પગ.
કાન તારે દાદે તુજને મારિયું રે,
કે તારી માતાની દીધેલ ગાર્ય[2] ?

---

* સરખાવો મણકો પાંચમો પૃ. ૧૦૯ ઉપરનું ગીત. ૧. ઝંઝેડવું ૨. ગાળ

નથી મારે દાદે મુજને મારિયું રે,
નથી મારી માતાયે દીધી ગાર્ય.
જમનાને કાંઠે કદમનું ઝાડવું રે,
ઝાડવે ચડિયા જાદવરાય.
ઝાડવે ચડીને ઝાડ જંજેડિયું રે,
કાનનો ભાંગ્યો ડાબો પગ.
કાન તારે કાકે તુજને મારિયું રે,
કે તારી કાકીની દીધેલ ગાર્ય ?
નથી મારે કાકે મુજને મારિયું રે,
નથી મારી કાકીની દીધેલ ગાર્ય.
જમનાંને કાંઠે કદમનું ઝાડવું રે,
ઝાડવે ચડિયા જાદવરાય.
ઝાડવે ચડીને ઝાડ જંજેડિયું રે,
કાનનો ભાગ્યો ડાબો પગ.
કાન તારે મામે તુજને મારિયું રે,
કે તારી મામીની દીધેલ ગાર્ય ?
નથી મારે મામે મુજને મારિયું રે,
નથી મારી મામીની દીધેલ ગાર્ય.
જમનાંને કાંઠે કદમનું ઝાડવું રે,
ઝાડવે ચડિયા જાદવરાય.
ઝાડવે ચડીને ઝાડ જંજેડિયું રે,
કાનનો ભાગ્યો ડાબો પગ.
કાન તારે વીરે તુજને મારિયું રે,
કે તારી ભાભીની દીધેલ ગાર્ય ?
નથી મારે વીરે મુજને મારિયું રે,
નથી મારી ભાભીની દીધેલ ગાર્ય.

★

## ૨૬

શ્રી જમનાજીને તીરે મધુરી વેણુ વાગે,
ગોપી સૂતાં મંદિરિયા માંય ઝબકીને જાગે;
શ્રી જમનાજીને તીરે મધુરી વેણુ વાગે.
ગોકુળની ગોવાલણી ને મૈ[1] વેચવાને જાય,
આડા શ્રીકૃષ્ણુ ફરી વળ્યા, એના મારગમાં ઝઘડા થાય,
મધુરી વેણુ વાગે;
શ્રી જમનાંજીને તીરે મધુરી વેણુ વાગે.
આઘો રેને કાનજી, મારગ મારો મેલ,
મારે જાવું મૈ વેચવા, મારે માથે છે મૈડાની હેલ,
મધુરી વેણુ વાગે;
શ્રી જમનાજીને તીરે મધુરી વેણુ વાગે.
દાણુ માગું મહીતણું ને કરો હવે ના વાર,
દાણુ જો નહિ દિયો તો ખાશો મારી મોરલીના માર,
મધુરી વેણુ વાગે;
શ્રી જમનાજીને તીરે મધુરી વેણુ વાગે.
દાણુ નહિ દઉં દોકડો ને તું છો મહીનો ચોર,
નંદ ખાવાને આશરે તું તો ચારે છે કંસનાં ઢોર,
મધુરી વેણુ વાગે;
શ્રી જમનાજીને તીરે મધુરી વેણુ વાગે.
કંસ કંસ તું શું કરે, કંસ તમારો કોણુ,
માસી પૂતનાના પ્રાણુ લીધા એમ કાઢું હું કંસનો વંશ,
મધુરી વેણુ વાગે;
શ્રી જમનાજીને તીરે મધુરી વેણુ વાગે.

★

---

૧. મહી, દહીં

## ૨૭

મીરાંબાઈ ભક્તિ કરે રે, દુનિયા નિંદા કરે નિરધાર.
તાંબા બેડું લીધું રે, મીરાંબાઈ પાણી ભરવા જાય.
સામા સાધુ મળ્યા રે, મીરાંબાઈ ઉતારા દેવરાવ.
ઉતારા અહીં કરો રે, મારે રે'વા નથી ઘરબાર.
ઘેર તો સાસુ વઢે રે, જેઠાણી મેણાં બોલે નિરધાર.
ખાવા પૂરું અનાજ નહિ રે, ભૂખ્યાં મીરાં સૂવે નિરધાર.
દીવે પૂરું દીવેલ ન દે રે, અંધારે મીરાં સૂવે નિરધાર.
જબક જેઠાણી જાગિયાં રે, ગ્યાં છે રાણાને દરબાર.
રાણાજી કમાડ ખોલો રે, ઘરમાં પુરુષનો બોલાશ[૧].
દુષ્ટિને[૨] દર્શન ન દે રે, ડાબલીમાં સમાઈ ગયા ભગવાન.
પાપીને દર્શન ન દે રે, ડાબલીમાં સમાઈ ગયા ભગવાન.

★

## ૨૮

કહું છું બાળલીલાની વાત રે સાહેલી રે.*
મથુરામાં પરગટ થ્યા ભગવાન રે સાહેલી રે.
દેવકીજીયેં ઘણાં કર્યાં છે પુન્ય રે સાહેલી રે.
તેની કુખેં અવતરિયા ભગવાન રે સાહેલી રે.
વાસુદેવે બહુ કર્યાં છે તપ રે સાહેલી રે.
તેને તપેં અવતરિયા ભગવાન રે સાહેલી રે.
ત્યાં બેઠા છે કંઈ કંસતણા રખવાળ રે સાહેલી રે.
બાળક લઈ વાસુદેવ ચાલિયા રે સાહેલી રે.
વીજલડી કરે છે ચમકાર રે સાહેલી રે.
ઝીણા તે ઝરમર વરસે મેઘ રે સાહેલી રે.
એવા મેઘ તણા ઘમઘોર રે સાહેલી રે.

---

૧. અવાજ *. દુષ્ટ ૨. કેટલેક સ્થળે આ છેલ્લો રે બોલાતો નથી.

એવાં જમનાજી આવ્યાં ભરપૂર રે સાહેલી રે.
બાળનો અંગોઠો એમાં બોળિયો રે સાહેલી રે.
થયા જમનાના બે ભાગ રે સાહેલી રે.
ત્યાંથી વાસુદેવ ચાલિયા રે સાહેલી રે.
બાળને મૂકયા છે જસોદાની સેજરે સાહેલી રે.
ત્યાં તેડાવ્યા બ્રાહ્મણ ભટ્ટ રે સાહેલી રે.
ત્યાં જોવડાવ્યાં છે નામ રે સાહેલી રે.
છે કૃષ્ણ કનૈયો એનાં નામ રે સાહેલી રે.
છે જુગા જુગનો દીવો રે સાહેલી રે.

★

૨૯

કાળી ગાય કવલડી[૧] રે શિંગડીયેં એંધાણ,
નંદજીને કુંવરે ઘેલાં કીધાં રે;
ઘેલાં કીધાં મારાજ,
મોરલીવારે ઘેલાં કીધાં રે.
ઉતારા દેશું ઓરડા રે, મેડી કેરા મોલ,
નંદજીને કુંવરે ઘેલાં કીધાં રે;
ઘેલાં કીધાં મારાજ,
મોરલીવારે ઘેલાં કીધાં રે.
કાળી ગાય કવલડી રે, શિંગડીયેં એંધાણ,
નંદજીને કુંવરે ઘેલાં કીધાં રે.
દાતણ દેશું દાડમી રે કણેરાની કાંબ,
નંદજીને કુંવરે ઘેલાં કીધાં રે.
નાવણ દેશું કૂંડિયાં રે, નદિયુંનાં નીર,
નંદજીને કુંવરે ઘેલાં કીધાં રે.

---

૧. કવલી=રૂપાળી.

ભોજન દેશું લાપસી રે, ઘેવરિયો કંસાર,
નંદજીને કુંવરે ઘેલાં કીધાં રે.
કાળી ગાય કવલડી રે શિંગડીયે એંધાણ,
નંદજીને કુંવરે ઘેલાં કીધાં રે.
પોઢણ દેશું ઢોલિયા રે, હીંડોળાની ખાટ,
નંદજીને કુંવરે ઘેલાં કીધાં રે.
ઘેલાં કીધાં મારાજ,
મોરલીવારે ઘેલાં કીધાં રે.
કાળી ગાય કવલડી રે શિંગડીયે એંધાણ,
નંદજીને કુંવરે ઘેલાં કીધાં રે.

★

૩૦

કાન,[૧] તમારી શેરીયે રંગભર્યાં રમવા નીસર્યાં રે.
કાન, તમારી શેરીયે પગ કેરાં કડલાં વીસર્યાં રે.
કાન, જડયાં હોય તો આપજે, નકર છોગાળાને મેલશું રે.
કાન, તમને દેશે ગાળ રે અમને ઘર બારાં કાઢશે રે.

કાન, તમારી શેરીયે રંગભર્યાં રમવા નીસર્યાં રે.
કાન, તમારી શેરીયે હાથ કેરા ચૂડલા વીસર્યા રે.
કાન, જડયાં હોય તો આપજે, નકર છોગાળાને મેલશું રે.
કાન, તમને દેશે ગાળ રે અમને ઘર બારાં કાઢશે રે.

કાન, તમારી શેરીયે રંગભર્યાં રમવા નીસર્યાં રે.
કાન, તમારી શેરીયે ડોક કેરાં ઝૂમણાં વીસર્યાં રે.
કાન, જડયાં હોય તો આપજે, નકર છોગાળાને મેલશું રે.
કાન, તમને દેશે ગાળ રે અમને ઘરબારાં કાઢશે રે.

---

૧. કહાન

કાન, તમારી શેરીયે રંગભર્યાં રમવા નીસર્યાં રે.
કાન, તમારી શેરીયે નાક કેરી નથડી વીસર્યાં રે.
કાન, જડી હોય તો આપ, નકર છોગાળાને મેલશું રે.
કાન, તમને દેશે ગાળ રે અમને ઘરબારાં કાઢશે રે.
કાન, તમારી શેરીયે રંગભર્યાં રમવા નીસર્યાં રે.
કાન, તમારી શેરીયે લલાટની ટીલડી વીસર્યાં રે.
કાન, જડી હોય તો આપજે, નકર છોગાળાને મેલશું રે.
કાન, તમને દેશે ગાળ રે, અમને ઘરબારાં કાઢશે રે.

★

૩૧

ગોકુલ ગામ રળિયામણું રે, ત્યાં ખંતીલે માંડયો ખેલ;
અમને વાલો લાગે કુંવર નંદનો.
કાન, રચો તો ઉતારા ઓરડા રે,
કાન, ચાલો તો મેડીના મોલ:
અમને વાલો લાગે કુંવર નંદનો.
ગોકુલ ગામ રળિયામણું રે,
ત્યાં ખંતીલે માંડયા ખેલ:
અમને વાલો લાગે કુંવર નંદનો.
કાન, રચો તો દાતણ દાડમી રે,
કાન, ચાલો તો કણેરાની કાંબ્ય:
અમને વાલો લાગે કુંવર નંદનો.
ગોકુલ ગામ રળિયામણું રે,
ત્યાં ખંતીલે માંડયા ખેલ:
અમને વાલો લાગે કુંવર નંદનો.
કાન, રચો તો નાવણ કૂંડિયાં,
કાન, ચાલો તો નદીનાં નીર:
અમને વાલો લાગે કુંવર નંદનો.

ગોકુલ ગામ રળિયામણું રે,
ત્યાં ખંતીલે માંડ્યા ખેલ:
અમને વાલો લાગે કુંવર નંદનો.
કાન, રચો તો ને ભોજન લાપસી,
તમે ચાલો તો કઢિયલ દૂધ:
અમને વાલો લાગે કુંવર નંદનો.
ગોકુલ ગામ રળિયામણું રે,
ત્યાં ખંતીલે માંડ્યા ખેલ:
અમને વાલો લાગે કુંવર નંદનો.
કાન, રચો તો પોઢણુ ઢોલિયા રે,
તમે ચાલો તો હીંડોળાખાટ:
અમને વાલો લાગે કુંવર નંદનો.

★

૩૨

કૃષ્ણુ તી ચાલ્યા દ્વારકાં ને, પ્રભુ સુરતી લખી દેતા જાવ;
હાં રે પ્રભુ સુરતી લખી દેતા જાવ, તમ પર વારી જાઉં મા'રાજ.
સુરતી લખજે તમ તણી ને પ્રભુ, તમ સરખી અણુસાર;
હાં રે પ્રભુ તમ સરખી અણુસાર, તમ પર વારી જાઉં મા'રાજ.
બાયેં બાજુબંધ બેરખા ને, પ્રભુ દશે આંગળિયે વેઢ;
હાં રે પ્રભુ દશે આંગળિયે વેઢ, તમ પર વારી જાઉં મા'રાજ.
માથે મેવાડી મોડ્યા ને, પ્રભુ ખંભે ખંતીલો ખેસ;
હાં રે પ્રભુ ખંભે ખંતીલો ખેસ, તમ પર વારી જાઉં મા'રાજ.
પગમાં પીરોજી મોજડી ને, પ્રભુ ચોરણિયેં સુરવાલ;
હાં રે પ્રભુ ચોરણિયેં સુરવાલ, તમ પર વારી જાઉં મા'રાજ.
ઓલે કાંઠે પ્રભુ ઊતર્યા ને, પછી લીધો મણિયારાનો વેશ;
હાં રે પછી લીધો મણિયારાનો વેશ, તમ પર વારી જાઉં મા'રાજ.
સોના ઈંઢોણી રૂપા બેડલું ને, રાણી રાધાજી પાણીલાં જાય;
હાં રે રાણી રાધાજી પાણીલાં જાય, તમ પર વારી જાઉં મારાજ.

ઘડો ભરું ને ઘડો ઠાલવું ને, મને કોઈ નથી કેનાર;
હાં રે હવે કોઈ નથી કેનાર, તમ પર વારી જાઉં મા'રાજ.
હાલો મણિયારા મારે મંદિરિયે ને, પછી કરજો ચૂડલાનાં મૂલ;
હાં રે પછી કરજો ચૂડલાનાં મૂલ, તમ પર વારી જાઉં મા'રાજ.
બતરીસ વાટકડે ભોજનિયાં ને, તેંતરીસ ભાતનાં શાક;
હાં રે વાલા તેંતરીસ ભાતનાં શાક, તમ પર વારી જાઉં મા'રાજ.
જમી જૂઠીને વાલો ઊઠિયા ને, હવે કરજો ચૂડલાનાં મૂલ;
હાં રે હવે કરજો ચૂડલાનાં મૂલ, તમ પર વારી જાઉં મા'રાજ.
પરથમ ચૂડલડો ઈંદ્ર તણો ને, ઇંદ્રાણી નાનેરાં બાળ;
હાંરે પ્રભુ ઇંદ્રાણી નાનેરાં બાળ, તમ પર વારી જાઉં મા'રાજ.
બીજો ચૂડલડો બ્રહ્મા તણો ને, બ્રહ્માણી નાનેરાં બાળ;
હાં રે રાધા બ્રહ્માણી નાનેરાં બાળ, તમ પર વારી જાઉં મારાજ.
ત્રીજો ચૂડલડો શંકર તણો ને, પારવતી ઘૂંટે ભાંગ;
હાં રે રાધા પારવતી ઘૂંટે ભાંગ, તમ પર વારી જાઉં મા'રાજ.
ચોથો ચૂડલડો કૃષ્ણ તણો ને, રાધાજી ઘરડાની નાર;
હાં રે રાણી રાધાજી ઘરડાની નાર, તમ પર વારી જાઉં મા'રાજ.

★

૩૩

દ્વારકાંને મારગે રે મળિયા ગુજરીનાથ, મારા વાલાજી રે.
ગુજરીનાથને પૂછિયું રે, દ્વારકાં કેટલુંક થાય, મારા વાલાજી રે.
ધરમીને મન ઢૂકડું રે, પાપીને મન દૂર, મારા વાલાજી રે.
ઉતારા દેશું ઓરડા રે, દેશું મેડીના મોલ, મારા વાલાજી રે.
દ્વારકાંને મારગે રે મળિયા ગુજરીનાથ, મારા વાલાજી રે.
ગુજરીનાથને પૂછિયું રે, દ્વારકાં કેટલુંક થાય, મારા વાલાજી રે.
ધરમીને મન ઢૂકડું રે, પાપીને મન દૂર, મારા વાલાજી રે.
દાતણ દેશું દાડમી રે, દેશું કણેરાની કાંબ્ય, મારા વાલાજી રે.
દ્વારકાંને મારગે રે, મળિયા ગુજરીનાથ, મારા વાલાજી રે.

ગુજરીનાથને પૂછિયું રે, દ્વારકાં કેટલુંક દૂર, મારા વાલાજી રે.
ધરમીને મન ढूકડું રે, પાપીને મન દૂર, મારા વાલાજી રે.
નાવણ દેશું કૂંડિયાં રે, દેશું નદીનાં નીર, મારા વાલાજી રે.
દ્વારકાંના મારગે રે, મળિયા ગુજરીનાથ, મારા વાલાજી રે.
ગુજરીનાથને પૂછિયું રે, દ્વારકાં કેટલુંક થાય, મારા વાલાજી રે.
ધરમીને મન ढूકડું રે, પાપીને મન દૂર, મારા વાલાજી રે.
ભોજન દેશું લાપસી રે, ઘેવરીયો કંસાર, મારા વાલાજી યે.
દ્વારકાંને મારગે રે મળિયા ગુજરીનાથ, મારા વાલાજી રે.
ગુજરીનાથને પૂછિયું રે દ્વારકાં કેટલુંક થાય, મારા વાલાજી રે.
ધરમીને મન ढूકડું રે, પાપીને મન દૂર, મારા વાલાજી રે.

★

## ૩૪

મારે કૃષ્ણ જોયાના કોડ સૈયર ચાલો ને,
મારે હરિ વરવાની હામ સૈયર ચાલો ને.
કંથ કોડીલો કાન છે, સસરો શ્રી નંદલાલ;
સાસુ જસોમતી માવડી, મારું સાસરિયું ગોકુલ ગામ, સૈયર૦
મારે કૃષ્ણ જોયાના કોડ સૈયર ચાલો ને,
મારે હરિ વરવાની હામ, સૈયર ચાલો ને.
કાલિન્દીના કાંઠડા, ને આછાં નિરમળ નીર,
રાસ રમે કાન ગોપિયું, શ્રી જમનાજીને તીર, સૈયર૦
મારે કૃષ્ણ જોયાના કોડ, સૈયર ચાલો ને,
મારે હરિ વરવાની હામ, સૈયર ચાલો ને.
વનરાવનની વાટમાં, મને મળ્યા શ્રી મોરાર,
વારી ગઈ હું વીઠલા, એવા હરિ હૈયાના હાર, સૈયર૦
મારે કૃષ્ણ જોયાના કોડ, સૈયર ચાલો ને,
મારે હરિ વરવાની હામ, સૈયર ચાલો ને.

★

## ૩૫

એક વાર ગોકુલ આવો ગોવિંદજી, એક વાર ગોકુલ આવો.
આવો તો એટલું લાવો ગોવિંદજી, એક વાર ગોકુલ આવો.

પગ પરમાણે કડલાં જ લાવો,
શોભંતી કાંબિયું લઈ આવો ગોવિંદજી, એક વાર ગોકુલ આવો.
એક વાર ગોકુલ આવો ગોવિંદજી, એક વાર ગોકુલ આવો.
આવો તો એટલું લાવો ગોવિંદજી, એક વાર ગોકુલ આવો.

હાથ પરમાણે ચૂડલો જ લાવો,
શોભંતી બંગડી લઈ આવો ગોવિંદજી, એક વાર ગોકુલ આવો.
એક વાર ગોકુલ આવો ગોવિંદજી, એક વાર ગોકુલ આવો.
આવો તો એટલું લાવો ગોવિંદજી, એક વાર ગોકુલ આવો.

નાક પરમાણે નથડી જ લાવો,
શોભંતી ટીલડી લઈ આવો ગોવિંદજી, એક વાર ગોકુલ આવો.
એક વાર ગોકુલ આવો ગોવિંદજી, એક વાર ગોકુલ આવો.

★

## ૩૬

વાંકે અંબોડે શ્રીકૃષ્ણજી ને, મને સામા મળિયા કાન રે,
મન મારાં હેરી લીધાં.
કૃષ્ણ ગોતે એની ગાવડી ને, રાધાજી ગોતે એનો હાર રે,
મન મારાં હેરી લીધાં.
કૃષ્ણને ઉતારા ઓરડા ને, રાણી રાધાજીને મેડીના મોલ રે,
મન મારાં હેરી લીધાં.
વાંકે અંબોડે શ્રીનાથજી ને, મને સામા મળિયા કાન રે,
મન મારાં હેરી લીધાં.
કૃષ્ણ ગોતે એની ગાવડી ને, રાધાજી ગોતે એનો હાર રે,
મન મારાં હેરી લીધાં.

કૃષ્ણને દાતણ દાડમી ને, રાણી રાધાજીને કણેરાની કાંબ્ય રે,
મન મારાં હેરી લીધાં.
વાંકે અંબોડે શ્રીનાથજી ને, મને સામા મળિયા કાન રે,
મન મારાં હેરી લીધાં.
કૃષ્ણ ગોતે એની ગાવડી ને, રાધાજી ગોતે એનો હાર રે,
મન મારાં હેરી લીધાં.
કૃષ્ણને નાવણ કૂંડિયાં ને, રાણી રાધાજીને નદીનાં નીર રે,
મન મારાં હેરી લીધાં.
વાંકે અંબોડે શ્રીનાથજી ને, મને સામા મળિયા કાન રે,
મન મારાં હેરી લીધાં.
કૃષ્ણ ગોતે એની ગાવડી ને, રાધાજી ગોતે એનો હાર રે,
મન મારાં હેરી લીધાં.
કૃષ્ણને ભોજન લાપસી ને, રાણી રાધાજીને કઢિયલ દૂધ રે,
મન મારાં હેરી લીધાં.
વાંકે અંબોડે શ્રીનાથજી ને, મને સામા મળિયા કાન રે,
મન મારાં હેરી લીધાં.
કૃષ્ણ ગોતે એની ગાવડી ને, રાધાજી ગોતે એનો હાર રે,
મન મારાં હેરી લીધાં.
કૃષ્ણને પોઢણ ઢોલિયા ને, રાધાજીને હીંડોળાખાટ રે,
મન મારાં હેરી લીધાં.

★

## ૩૭

રાત અંધારી ને વાદળી કાળી, વાદળીને છાંયે મારી આંખ ફરી,
જ્યાં રે જોઉં ત્યાં કાનગોપી ફરી. ટેક.
ઉતારા ઓરડા મેલી કરી, મેડીના મોલ હું તો દઈને ફરી,
ગોકુલની ગોપી કાનને વરી. રાત૦

દાતણ દાડમી મેલી કરી, કણેરાની કાંબ્ય હું તો દઈને ફરી,
ગોકુલની ગોપી કાનને વરી. રાત૦
નાવણ કૂંડિયાં મેલી કરી, નદિયુંનાં નીર હું તો દઈ ને ફરી,
ગોકુલની ગોપી કાનને વરી. રાત૦
ભોજન લાપસી મેલી કરી, કઢિયેલાં દૂધ હું તો દઈ ને ફરી,
ગોકુલની ગોપી કાનને વરી. રાત૦
મુખવાસ એલચી મેલી કરી, પાન સોપારી હું તો દઈ ને ફરી,
ગોકુલની ગોપી કાનને વરી. રાત૦

★

૩૮

કાન, સોના દડૂલિયો રે, રૂપલાની ગેડી,
કાન, અમારી શેરીયેં રે, રમવા આવજો મા.
કાન, આવો તો આવજો રે, વઢવેડ કરજો મા.
મારો સસરો ધુતારા રે, મેણુલાં બોલે છે,
અમે નાનાં વવારુ રે, લાજી મરીયેં રે.

કાન, સોના દડૂલિયો રે, રૂપલાની ગેડી,
કાન, અમારી શેરીયેં રે, રમવા આવજો મા.
કાન, આવો તો આવજો રે, વઢવેડ કરજો મા.
મારા જેઠ ધુતારા રે, મેણુલાં બોલે છે,
અમે નાનાં વવારુ રે, લાજી મરીયેં રે.

કાન, સોના દડૂલિયો રે, રૂપલાની ગેડી,
કાન, અમારી શેરીયેં રે, રમવા આવજો મા,
કાન, આવો તો આવજો રે, વઢવેડ કરજો મા.
મારા દેરજી ધુતારા રે, મેણુલાં બોલે છે,
અમે નાનાં વવારુ રે, લાજી મરીયેં રે.

કાન, સોના દડૂલિયો રે, રૂપલાની ગેડી,
કાન, અમારી શેરીયેં રે, રમવા આવજો મા.
કાન, આવો તો આવજો રે, વઢવેડ કરજો મા.
મારા પરણ્યો ધુતારા રે, મેણુલાં બોલે છે,
અમે નાનાં વવારુ રે, લાજી મરીયેં રે.

★

૩૯

સૈયર મોરી રે, ચાંદાને પછવાડે સૂરજ ઊગિયો રે લોલ.
સૈયર મોરી રે, મનડાનો મોરલિયો મુજથી છેટો રિયો રે લોલ.
સૈયર મોરી રે, ઉતારા કરું ને હરિ મને સાંભરે રે લોલ.
સૈયર મોરી રે, વાટલડી જોતી કે હરિ આવે આંગણે રે લોલ.

સૈયર મોરી રે, ચાંદાને પછવાડે સૂરજ ઊગિયો રે લોલ.
સૈયર મોરી રે, મનડાનો મોરલિયો મુજથી છેટો રિયો રે લોલ.
સૈયર મોરી રે, દાતણિયાં કરું ને હરિ મને સાંભરે રે લોલ.
સૈયર મોરી રે, વાટલડી જોતી કે હરિ આવે આંગણે રે લોલ.

સૈયર મોરી રે, ચાંદાને પછવાડે સૂરજ ઊગિયો રે લોલ.
સૈયર મોરી રે, મનડાનો મોરલિયો મુજથી છેટો રિયો રે લોલ.
સૈયર મોરી રે, નાવણિયાં કરું ને હરિ મને સાંભરે રે લોલ.
સૈયર મોરી રે, વાટલડી જોતી કે હરિ આવે આંગણે રે લોલ.

સૈયર મોરી રે, ચાંદાને પછવાડે સૂરજ ઊગિયો રે લોલ.
સૈયર મોરી રે, મનડાનો મોરલિયો મુજથી છેટો રિયો રે લોલ.
સૈયર મોરી રે, ભોજનિયાં કરું ને હરિ મને સાંભરે રે લોલ.
સૈયર મોરી રે, વાટલડી જોતી કે, હરિ આવે આંગણે રે લોલ.

★

૪૦

વાલે અંતર કૂવામાં ઉતાર્યાં,
વાલે વરત વાઢીને માથે છીપ ઢાળી;
ને ગરબે રમશું ગિરધારી. ટેક.

વાલા રચો તો ને ઉતારા ઓરડા,
વાલા, ચાલો તો મેડિયુંના મોલ વારી;
ને ગરબે રમશું ગિરધારી. વાલો૦

વાલા, રચો તો ને દાતણુ દાડમી,
તમે ચાલો તો કણેરાની કાંબ્ય વારી;
ને ગરબે રમશું ગિરધારી. વાલો૦

વાલા, રચો તો ને નાવણુ કૂંડિયાં,
તમે ચાલો તો નદિયુંનાં નીર વારી;
ને ગરબે રમશું ગિરધારી. વાલો૦

વાલા, રચોતો ને ભોજન લાપસી,
તમે ચાલો તો કઢિયલ દૂધ વારી;
ને ગરબે રમશું ગિરધારી. વાલો૦

★

૪૧

સાહેલી મોરી રે, ગોકુળ ગામને ગોંદરે,
મારો વાલો વગાડે વેણુ, અલબેલો છેલછબીલો કાનુડો.

સાહેલી મોરી રે, ઉતારા દેશું ઓરડા,
અને દેશું મેડીના મોલ, અલબેલો છેલછબીલો કાનુડો.

સાહેલી મોરી રે, ગોકુળ ગામને ગોંદરે,
મારો વાલો વગાડે વેણુ, અલબેલો છેલછબીલો કાનુડો.

સાહેલી મોરી રે, દાતણુ દેશું દાડમી,
અને દેશું કણેરાની કાંબ્ય, અલબેલો છેલછબીલો કાનુડો.

સાહેલી મોરી રે, ગોકુળ ગામને ગોંદરે,
મારો વાલો વગાડે વેણુ, અલબેલો છેલછબીલો કાનુડો.

સાહેલી મોરી રે, નાવણ દેશું કૂંડિયાં,
અને દેશું નદિયુંનાં નીર, અલબેલો છેલછબીલો કાનુડો.
સાહેલી મોરી રે, ગોકુળ ગામને ગોંદરે,
મારો વાલો વગાડે વેણુ, અલબેલો છેલછબીલો કાનુડો.
સાહેલી મોરી રે, ભોજન દેશું લાપસી,
અને દેશું ઘેવરિયો કંસાર, અલબેલો છેલછબીલો કાનુડો.

★

૪૨

કાનજી ચડ્યો કદમને ઝાડવે રે,
કાનજી, ઉતારા કરતા જાવ; વ્રજના વાલાને વિનતી રે.
ઉતારા નહિ કરીયે સરી સુંદરી રે,
કરશું માનેતીને મોલ; વ્રજના વાલાને વિનતી રે.
કાનજી ચડ્યો કદમને ઝાડવે રે,
કાનજી, દાતણ કરતા જાવ; વ્રજના વાલાને વિનતી રે.
દાતણ નહીં કરીયે સરી સુંદરી રે,
કરશું માનેતીને મોલ; વ્રજના વાલાને વિનતી રે.
કાનજી ચડ્યો કદમને ઝાડવે રે,
કાનજી, નાવણ કરતા જાવ; વ્રજના વાલાને વિનતી રે.
નાવણ નહીં કરીયે સરી સુંદરી રે,
કરશું માનેતીને મોલ; વ્રજના વાલાને વિનતી રે.
કાનજી ચડ્યો કદમને ઝાડવે રે,
કાનજી, ભોજન કરતા જાવ; વ્રજના વાલાને વિનતી રે.
ભોજન નહીં કરીયે સરી સુંદરી રે,
કરશું માનેતી ને મોલ; વ્રજના ને વિનતી રે.

★

૪૩

હાં રે નાગર ઊભો મણિયારાને હાટ જો,
હાં રે નાગર ચૂડલો સરાવે નાગર ખંત જો;
નાગર નાગરાણી ધુતારી રે, ખેલે ખાંભણિયારી રે,
લેશે ચૂડલો ઉતારી રે, ખેલે ખાંભણિયારી રે.
હાં રે નાગર ઊભો કસૂંબીને હાટ જો,
હાં રે નાગર ચૂંદડી સરાવે નાગર ખંત જો;
નાગર નાગરાણી ધુતારી રે, ખેલે ખાંભણિયારી રે,
લેશે ચૂંદડી ઉતારી રે, ખેલે ખાંભણિયારી રે.
હાં રે નાગર ઊભો સોનીડાને હાટ જો,
હાં રે નાગર ઝૂમણાં સરાવે નાગર ખંત જો;
નાગર નાગરાણી ધુતારી રે, ખેલે ખાંભણિયારી રે,
લેશે ઝૂમણાં ઉતારી રે, ખેલે ખાંભણિયારી રે.

★

૪૪

રાજ કેરી ગાદી, પ્રભુ કૃષ્ણ કેરી ગાદી,
શ્યામસુંદર પરણવા હાલ્યા[૧], રાજ કેરી ગાદી.

પગ કેરાં કડલાં, મોહન લઈ ગયા છે માગી,
મેં જાણ્યું કે પાછાં દેશે, માગતાં હું લાજી.
રાજ કેરી ગાદી, પ્રભુ કૃષ્ણ કેરી ગાદી,
શ્યામસુંદર પરણવા હાલ્યા, રાજ કેરી ગાદી.

હાથ કેરો ચૂડલો, મોહન લઈ ગયા છે માગી,
મેં જાણ્યું કે પાછો દેશે, માગતાં હું લાજી.
રાજ કેરી ગાદી, પ્રભુ કૃષ્ણ કેરી ગાદી,
શ્યામસુંદર પરણવા હાલ્યા, રાજ કેરી ગાદી.

---

૧ ચાલ્યા.

ડોક કેરું ઝૂમણું, મોહન લઈ ગયા છે માગી,
મેં જાણ્યું કે પાછું દેશે, માગતાં હું લાજી.
રાજ કેરી ગાદી, પ્રભુ કૃષ્ણ કેરી ગાદી,
શ્યામસુંદર પરણવા હાલ્યા, રાજ કેરી ગાદી.

નાક કેરી નથડી, મોહન લઈ ગયા છે માગી,
મેં જાણ્યું કે પાછી દેશે, માગતાં હું લાજી.
રાજ કેરી ગાદી, પ્રભુ કૃષ્ણ કેરી ગાદી,
શ્યામસુંદર પરણવા ચાલ્યા, રાજ કેરી ગાદી.

લલાટ કેરી ટીલડી, મોહન લઈ ગયા છે માગી,
મેં જાણ્યું કે પાછી દેશે, માગતાં હું લાજી.

★

૪૫

નહીં જાઉં રે જમના જલ ભરવા,
કાનુડો ઊભો મારાં મન હરવા,
નહીં જાઉં રે જમના જલ ભરવા.

મને શીદને રોકો છો મારા અલબેલા ?
તમને ઉતારા દેશું સૌ પેલાં,
નહીં જાઉં રે જમના જલ ભરવા.

કાનુડો ઊભો મારાં મન હરવા,
નહીં જાઉં રે જમના જલ ભરવા.

મને શીદને રોકો છો મારા અલબેલા ?
તમને દાતણ દેશું સૌ પેલાં,
નહીં જાઉં રે જમના જલ ભરવા.

કાનુડો ઊભો મારાં મન હરવા,
નહીં જાઉં રે જમના જલ ભરવા.

મને શીદને રોકો છો મારા અલબેલા ?
તમને નાવણિયાં દેશું સૌ પેલાં,
નહીં જાઉં રે જમના જલ ભરવા.
કાનુડો ઊભો મારાં મન હરવા,
નહીં જાઉં રે જમના જલ ભરવા.
મને શીદને રોકો છો મારા અલબેલા ?
તમને ભોજનિયાં દેશું સૌ પેલાં,
નહીં જાઉં રે જમના જલ ભરવા.
કાનુડો ઊભો મારાં મન હરવા,
નહીં જાઉં રે જમના જલ ભરવા.

★

૪૬

કાં તમે ઊભા મા'રાજ ? ગાવડી દોવાને વાર થાય છે;
વાર થાય છે, ને મારાં મનડાં અકળાય છે, વાછરડાં વળખાય[૧] છે.
કાં તમે ઊભા મા'રાજ ? ગાવડી દોવાને વાર થાય છે.
નોંજણું[૨] જોયે તો પ્રભુ નેવે પડચાં છે, બોઘરડાં[૩] વીછરાય[૪]
કાં તમે ઊભા મા'રાજ ? ગાવડી દોવાને વાર થાય છે.
સાસુ–સસરાજી અમને ખીજાશે, દરશનની વેળા જાય છે;
કાં તમે ઊભા મા'રાજ ? ગાવડી દોવાને વાર થાય છે.
જેઠ–જેઠાણી અમને ખીજાશે, રસોઈનું મોડું થાય છે;
કાં તમે ઊભા મારા'જ ? ગાવડી દોવાને વાર થાય છે.
વાર થાય છે, ને મારાં મનડાં અકળાય છે;
કાં તમે ઊભા મા'રાજ ? ગાવડી દોવાને વાર થાય છે.
દેર–દેરાણી અમને ખીજાશે, બજાર જાવાની વાર થાય છે;
કાં તમે ઊભા મા'રાજ ? ગાવડી દોવાને વાર થાય છે.

---

૧. વલખે છે. ૨. ગાય દોહતી વખતે પાછલા બે પગ બાંધવા માટેનું દોરડું. ૩. બોઘરણાં ૪. વીછળવું–ધોવું.

વાર થાય છે, ને મારાં મનડાં અકળાય છે;
કાં તમે ઊભા મા'રાજ ? ગાવડી દોવાને વાર થાય છે.

★

૪૭

ઊંચા ઓરડા ચણાવ, ઊંચા ઓરડા ચણાવ;
ઝારિયાં[1] મેલ્યાં છે ઝીલતાં રે.

રાધા રમવાને આવ, રાધા રમવાને આવ;
સાવ સોનાનાં સોગઠાં રે.

ઢાળ્યા સોનાના બાજોઠ, ઢાળ્યા રૂપલા બાજોઠ;
પાસા ઢાળ્યા છે ઝીલતા રે.

રમીયેં આજુની[2] રાત, રમીયેં કાલુની[3] રાત;
પછી જાવું દરબારમાં રે.

તેડી જાશે દીવાન, તેડી જાશે દરબાર,
પછી મોલુમાં[4] એકલાં રે.

કાન, એટલી સાહેલી, કા'ન સરખી સાહેલી,
કા'ન અમને કેમ ઓળખ્યાં રે ?

જાણે ડોલરન ફૂલ, જાણે ચંપાનો છોડ;
જાણે મરચરકે[5] કેવડો રે.

કા'ન, એટલી સાહેલી, કા'ન સરખી સાહેલી;
કા'ન અમને કેમ ઓળખ્યાં રે ?

જાણ્યે તાંબાની હેલ્ય, જાણે તાંબાની હેલ્ય,
જાણે ઝબૂકે વીજળી રે.

★

૧. જાળિયાં ૨. આજની ૩. કાલની ૪. મહેલમાં ૫. સોરમ આવે.

૪૮

ધેનુ ચારીને ગોવિંદ ઘેર આવ્યા,
એનાં વારણાં લઉં વારી વારી, રે નંદના નાનડિયા,
ખમા, કાન ! ઝૂલડી ક્યાં રે વિસારી ?
કંકુ મોતી ને ચોખે વધાવું,
અબીલ ગલાલ ઊડે જાજાં[1] રે, નંદના નાનડિયા,
ખમા, કાન, ઝૂલડી ક્યાં રે વિસારી ?
ખમા મારા નંદના નાનડિયા રે;
ખમા મારા મનના મોહનજી રે,
ખમા મારા તનના ત્રિકમજી રે;
ખમા, કાન ! ઝૂલડી ક્યાં રે વિસારી ?
ઉતારા ઓરડા દઉં ભલી ભાંત્યે,
હીંડોરા[2] ખાટે ઝુલાવું બહુ જાજા રે, નંદના નાનડિયા,
ખમા, કાન ! ઝૂલડી ક્યાં રે વિસારી ?
ખમા મારા મનના મોહનજી રે,
ખમા મારા તનના ત્રિકમજી રે,
ખમા, કાન ! ઝૂલડી ક્યાં રે વિસારી ?
ભોજન કરાવું કાન, ભલી ભાંત્યે;
દૂધ સાકર પિવરાવું બહુ જાજાં રે, નંદના નાનડિયા,
ખમા, કાન ! ઝૂલડી ક્યાં રે વિસારી ?

★

૪૯

અઠાવીશ હજાર ઋષિનું રુદન મેલ્યું છે કુંભ મોજાર,
ધનુષ્ય નહીં ભાંગે.
સોનાનું સાંતી ને રૂપાના બળદ, જનક સાંતીડાં ખેડે;
ધનુષ્ય નહીં ભાંગે.

---

૧. ઝાઝાં ૨. હીંડોળા.

રાજા જનકની કુંવરી કુંવારાં, હજી છે બાળ કુંવારાં;
ધનુષ્ય નહીં ભાંગે.
દેશો તે દેશમાં[1] પત્ર જ લખિયા, પરથમ મેલ્યો લંકા શેર;
ધનુષ્ય નહીં ભાંગે.
દેશો તે દેશના રાજા તેડાવ્યા, તેડાવ્યા રાય ભૂપ ભારી;
ધનુષ્ય નહીં ભાંગે.
અજોધા[2] નગરીથી બાળક બે આવ્યા, ઊતર્યા છે ફૂલવાડી;
ધનુષ્ય નહીં ભાંગે.
હાકલ મારીને રાવણ ઊઠયો, ટચલી આંગળિયું પિચાણી[3]
ધનુષ્ય નહીં ભાંગે.
બીજી હાકલે રામચંદ્ર ઊઠયા, ટચલી આંગળી અડાડી;
ધનુષ્ય ગયું ભાંગી.
પરથમ કટકો ગયો પાતાળમાં, શેષનાગને જાણ કીધી;
ધનુષ્ય ગયું ભાંગી.
બીજો કટકો ગયો અજોધ્યા, કૌશલ્યાને જાણ દીધી;
ધનુષ્ય ગયું ભાંગી.
ત્રીજો કટકો ગયો લંકામાં, દુષ્ટ રાવણને જાણ દેવા;
ધનુષ્ય ગયું ભાંગી.
હરખે પરણી રામ સીતાની જોડી, પરણીને ઘેર આવ્યા;
ધનુષ્ય ગયું ભાંગી.

★

## ૫૦

ધન્ય ધન્ય બીલી તમારાં પાન ચડે મા'દેવને રે લોલ.
આજ મારે સુરત શેર મેલાણુ[4] ચૂડલા ઓરવા[5] રે લોલ.

---

૧. દેશ-દેશાવરમાં ૨. અયોધ્યા ૩. કચરાઈ, ચંપાઈ. ૪. જવું છે
૫. ખરીદવા

ચૂડલાની ઓરજો બે બે જોડ, કે ઝઘડા લાગશે રે લોલ.
ઝઘડા હિંદવાણીના ઝઘડા, કે પૂરા નહીં પડે રે લોલ.

ધન્ય ધન્ય બીલી તમારાં પાન, ચડે મા'દેવને રે લોલ.
આજ મારે ચિત્તળ શે'ર મેલાણુ, કે ચૂંદડી ઓરવી રે લોલ.
ચૂંદડીની ઓરજો બે બે જોડ, કે ઝઘડા લાગશે રે લોલ.
ઝઘડા હિંદવાણીના ઝઘડા, કે પૂરા નહીં પડે રે લોલ.

ધન્ય ધન્ય બીલી તમારાં પાન, ચડે મા'દેવને રે લોલ.
આજ મારે અમદાવાદ મેલાણુ, કે ટીલડી ઓરવી રે લોલ.
ટીલડીની ઓરજો બે બે જોડ, કે ઝઘડા લાગશે રે લોલ.
ઝઘડા હિંદવાણીના ઝઘડા, કે પૂરા નહીં પડે રે લોલ.

ધન્ય ધન્ય બીલી તમારાં પાન, ચડે મા'દેવને રે લોલ.
આજ મારે નગર[1] શેર મેલાણુ, કે નથડી ઓરવી રે લોલ.
નથડીની ઓરજો બે બે જોડ, કે ઝઘડા લાગશે રે લોલ.
ઝગડા હિંદવાણીના ઝગડા, કે પૂરા નહીં પડે રે લોલ.

ધન્ય ધન્ય બીલી તમારાં પાન ચડે મા'દેવને રે લોલ.
આજ મારે જૂનાગઢ મેલાણુ, કે ઝાંઝરી[2] ઓરવી રે લોલ,
ઝાંઝરીની ઓરજો બે બે જોડ, કે ઝઘડા લાગશે રે લોલ.
ઝઘડા હિંદવાણીના ઝઘડા, કે પૂરા નહીં પડે રે લોલ.

★

## ૫૧

આંબુ જાંબુની છાંય, શિવજી ભોળા, આંબુ જાંબુની છાંય,
ત્યાં રે આસનિયાં તમે વાળો મારા નાથજી;
ભીલી રાણીનાં દુઃખ ભાંગજો.

આસનિયે ઊગ્યા ડાભ શિવજી ભોળા, આસનિયે ઊગ્યા ડાભ;
કાનમાં સુગરીએ[3] માળા નાખ્યા મારા નાથજી,
ભીલી રાણીનાં દુઃખ ભાંગજો.

---

૧. જામનગર ૨. ઝાંઝર ૩. સુઘરીએ.

*કોણ છે તમારી જાત સુંદરી, રાણી, કોણ છે તમારી જાત ?
કીયે[1] દુખે રે તમે આવિયાં, રાણી સુંદરી ?
ભીલી રાણીનાં દુઃખ સાંભળજો.

ભીલ છે અમારી જાત, શિવજી ભોળા, ભીલ છે અમારી જાત,
ભીલને વિજોગે વન સાંચર્યાં, મારા નાથજી,
ભીલી રાણીનાં દુઃખ સાંભળજો.

ભીલડાને મેલો પડતા, રાણી સુંદરી, ભીલડાને મેલો પડતા;
કરી લ્યો શંભુ કેરી સેવા રાણી સુંદરી;
ભીલી રાણીનાં દુઃખ સાંભળજો.

હળવું હળવું તમે બોલો શંભુ ભોળા, હળવું હળવું તમે બોલો,
ભીલ સાંભળશે તો મારશે તમને માર, મારા નાથજી;
ભીલી રાણીનાં દુઃખ સાંભળજો.

કેવાં એનાં છે હથિયાર ? ભીલી રાણી, કેવાં એનાં છે હથિયાર?
શું શું હથિયારે મને મારશે ? રાણી સુંદરી;
ભીલી રાણીનાં દુઃખ સાંભળજો.

એક તલવાર ને બીજાં તીર, શિવજી ભોળા, એક તલવાર ને તીર;
ભલ ભલ ભાલે રે તમને મારશે, મારા નાથજી;
ભીલી રાણીનાં દુઃખ સાંભળજો.

ચકર ચડાવું બેચાર, સુંદરી રાણી, ચકર ચડાવું બેચાર;
ત્રિશૂળની અણીએ ભીલને મારશું, રાણી સુંદરી,
ભીલી રાણીનાં દુઃખ સાંભળજો.

તમારે બે બે રાણિયું, ભોળા શિવજી, તમારે બે બે રાણિયું;
એમાં અમને તમે કયાં રાખશો ? મારા નાથજી,
ભીલી રાણીનાં દુઃખ સાંભળજો.

---

* સરખાવો મણકો ૫ મો પૃ. ૨૬૩ ઉપરનું ગીત.

૧ કયે.

પારવતીને પિયર ઓરાવું[1], રાણી સુંદરી, પારવતીને પિયર મેલું;
ગંગા તમારી દાસી, રાણી સુંદરી,
ભીલી રાણીનાં દુઃખ ભાંગજો.
અમારા કુળમાં એવી રીત મા'દેવજી, અમારા કુળમાં એવી રીત;
નર નાચે ને નારી રીઝે, મારા નાથજી,
ભીલી રાણીનાં દુઃખ ભાંગજો.
હાથમાં ભભૂતીના ગોળા, શિવજી ભોળા, હાથમાં ભભૂતીના ગોળા,
શિવજી નાચે ને ભીલડી રાજી, મારા નાથજી,
ભીલી રાણીનાં દુઃખ ભાંગિયાં.

## ૫૨

ઊંચે ને ટીંબે રામ કેવળિયો મચરકે;[2]
કેવળિયો મચરકે, ને ઠમઠમ વાગે.
ઊઠો પારવતી રાણી, ઉતારા દેવરાવો;
ઉતારા તો દઉં સ્વામી, નાચીને દેખાડો.
પગે બાંધ્યા ઘૂઘરા ને હાથમાં લીધી થારી,[3]
જટા મેલી મોકરી[4] ને નાચ્યા રે મા'દેવજી.
ઊંચે ને ટીંબે રામ કેવળિયો મચરકે,
કેવળિયો મચરકે ને ઠમ ઠમ વાગે.
ઊઠો પારવતી રાણી દાતણિયાં દેવરાવો,
દાતણિયાં તો દઉં સ્વામી નાચીને દેખાડો.
પગે બાંધ્યા ઘૂઘરા ને હાથમાં લીધી થારી;
જટા મેલી મોકળી ને નાચ્યા રે મા'દેવજી.
ઊંચે ને ટીંબે રામ કેવળિયો મચરકે;
કેવળિયો મચરકે ને ઠમ ઠમ વાગે.
ઊઠો ને પારવતી રાણી, નાવણિયાં દેવરાવો.
નાવણિયાં તો દઉં સ્વામી, નાચીને દેખાડો.

---

૧ વળાવું. ૨. મહેકે ૩. થાળી ૨. મોકળી.

પગે બાંધ્યા ઘૂઘરા ને હાથમાં લીધી થારી;
જટા મેલી મોકરી ને નાચ્યા રે મા'દેવજી,
ઊંચે ને ટીંબે રામ કેવળિયો મચરકે;
કેવળિયો મચરકે ને ઠમ ઠમ વાગે.
ઊઠો પારવતી રાણી, ભોજનિયાં દેવરાવો;
ભોજનિયાં તો દઉં સ્વામી, નાચીને દેખાડો.
પગે બાંધ્યા ઘૂઘરા ને હાથમાં લીધી થારી;
જટા મેલી મોકરી ને નાચ્યા રે મા'દેવજી.
ઊંચે ને ટીંબે રામ કેવળિયો મચરકે;
કેવળિયો મચરકે ને ઠમ ઠમ વાગે.
ઊઠો પારવતી રાણી, પોઢણિયાં દેવરાવો.
પોઢણિયાં તો દઉં સ્વામી, નાચીને દેખાડો.
પગે બાંધ્યા ઘૂઘરા ને હાથમાં લીધી થારી;
જટા મેલી મોકરી ને નાચ્યા રે મા'દેવજી.

★

## ૫૩

સતી પારવતી શંકરને વીનવે, ચાલો દેવ પિયરીયે જાયેં;
પિતાને ઘેરે જગન છે.
નથી કાગરિયાં, નથી કંકોતરી, વગર તેડયાં નવ જાયેં;
પિતાને ઘેરે જગન છે. ટેક૦
દાદા ઘેર જાશું ને ફઈબાને મળશું, ફઈબાનાં ત્યાં છે રાજ;
પિતાને ઘેરે જગન છે. સતી પારવતી૦
કાકા ઘેર જાશું, ને કાકીને મળશું, ત્યાં છે કાકીજીનાં રાજ;
પિતાને ઘેરે જગન છે. સતી પારવતી૦
મામા ઘેર જાશું, ને મામીને મળશું, ત્યાં છે મામીબાનાં રાજ;
પિતાને ઘેરે જગન છે. સતી પારવતી૦

વીરા ઘેર જાશું, ને ભાભીને મળશું, ત્યાં છે ભાભીજીનાં રાજ;
પિતાને ઘેરે જગન છે. સતી પારવતી૦

★

૫૪

શિવના મંદિરિયામાં કોણ રમે રે,
રમે પારવતીનો કંથ, રાય જાદવા,
શિવના મંદિરિયામાં કોણ રમે રે ?

રાણી પારવતીને ઉતારા ઓરડા જી રે,
શિવ શંભુને મેડીના મોલ, રાય જાદવા,
શિવના મંદિરિયામાં કોણ રમે રે ?

શિવના મંદિરિયામાં કોણ રમે રે ?
રમે પારવતીનો કંથ, રાય જાદવા,
શિવના મંદિરિયામાં કોણ રમે રે ?

રાણી પારવતીને દાતણ દાડમી જી રે,
શિવ શંભુને કણેરી કાંબ્ય, રાય જાદવા,
શિવના મંદિરિયામાં કોણ રમે રે ?

શિવના મંદિરિયામાં કોણ રમે રે ?
રમે પારવતીનો કંથ, રાય જાદવા,
શિવના મંદિરિયામાં કોણ રમે રે ?

રાણી પારવતીને નાવણ કૂંડિયાં રે,
શિવ શંભુને નદીનાં નીર, રાય જાદવા,
શિવના મંદિરિયામાં કોણ રમે રે ?

શિવના મંદિરિયામાં કોણ રમે રે ?
રમે પારવતીનો કંથ, રાય જાદવા,
શિવના મંદિરિયામાં કોણ રમે રે ?

રાણી પારવતીને ભોજન લાપસી જી રે,
શિવ શંભુને કઢિયેલાં દૂધ, રાય જાદવા,
શિવના મંદિરિયામાં કોણ રમે રે?

શિવના મંદિરિયામાં કોણ રમે રે?
રમે પારવતીનો કંથ, રાય જાદવા,
શિવના મંદિરિયામાં કોણ રમે રે?

રાણી પારવતીને પોઢણ ઢોલિયા જી રે,
શિવ શંભુને હીંડોળાખાટ, રાય જાદવા,
શિવના મંદિરિયામાં કોણ રમે રે?

★

૫૫

ભીલનાથ બેઠા છે ખરડા ડુંગરમાં,
ભોળાનાથ બેઠા છે ખરડા ડુંગરમાં.
ભીલેશ્વર ગામ છે ખરડા ડુંગરમાં,
ત્યાં છે રૂડાં શંકરનાં ધામ રે,
ભીલનાથ બેઠા છે ખરડા ડુંગરમાં.
ખરડા ડુંગરમાં ગોવાળિયા બો'ળા,[૧]
ધીંગી એની ભેસું ને ગાય રે,
ભીલનાથ બેઠા છે ખરડા ડુંગરમાં.
ખરડા ડુંગરમાં દૂઝાણાં બો'ળાં,
દૂધ એનાં દોણે ન સમાય રે;
ભીલનાથ બેઠા છે ખરડા ડુંગરમાં.
ખરડા ડુંગરમાં પાણીડાં બો'ળાં,
ખળખળતી ભીલગંગા માય[૨] રે;
ભીલનાથ બેઠા છે ખરડા ડુંગરમાં.

---

૧. પુષ્કળ. ૨. માતા.

આંબુ જાંબુ ને ટીંબરુનાં ઝાડ છે,
ઊભી છે લીલી વનરાય રે;
બીલનાથ બેઠા છે બરડા ડુંગરમાં.
પારવતી પૂછે નાથ હાલો કૈલાસમાં,
તોયે ભોળો[1] ન ભરમાય[2] રે;
બીલનાથ બેઠા છે બરડા ડુંગરમાં.
ભોળોનાથ બેઠા છે બરડા ડુંગરમાં.

★

૫૬

ફૂલની વાડી રે છત્તર છાયા છે,
ત્યાં પોઢયા છે શ્રીભગવાન; હજી વર નાના છે.
ઉતારા ઓરડા રે કાનને દીધા છે,
મેડી કેરા મોલ; હજી વર નાના છે.
ફૂલની વાડી રે છત્તર છાયા છે,
ત્યાં પોઢયા છે શ્રીભગવાન; હજી વર નાના છે.
દાતણુ દાડમી રે કાનને દીધાં છે,
કણેરાની કાંબ્ય; હજી વર નાના છે.
ફૂલની વાડી રે છત્તર છાયા છે,
ત્યાં પોઢયા છે શ્રીભગવાન, હજી વર નાના છે.
નાવણુ કૂંડિયાં રે કાનને દીધાં છે,
નદીયું કેરાં નીર; હજી વર નાના છે.
ફૂલની વાડી રે છત્તર છાયા છે,
ત્યાં પોઢયા છે શ્રીભગવાન; હજી વર નાના છે.
ભોજન લાપસી રે કાનને દીધાં છે,
ઘેવરિયો કંસાર; હજી વર નાના છે.

★

---

૧. શંકર ૨. છેતરાય.

૫૭

વાડીમાં મરવો[1] મેં વાવ્યો, નણંદ બાઈજી રે,
ઊગ્યો ગુલાબી છોડ, મરવો મેં વાવ્યો, નણંદ બાઈજી રે.
ઉતારા દેશું ઓરડા નણંદ બાઈજી રે,
દેશું મેડીના મોલ, મરવો મેં વાવ્યો, નણંદ બાઈજી રે.
વાડીમાં મરવો મેં વાવ્યો, નણંદ બાઈજી રે,
ઊગ્યો ગુલાબીનો છોડ, મરવો મેં વાવ્યો, નણંદ બાઈજી રે.
દાતણ દેશું દાડમી, નણંદ બાઈજી રે,
દેશું કણેરાની કાંબ્ય, મરવો મેં વાવ્યો, નણંદ બાઈજી રે.
વાડીમાં મરવો મેં વાવ્યો, નણંદ બાઈજી રે,
ઊગ્યો ગુલાબી છોડ, મરવો મેં વાવ્યો, નણંદ બાઈજી રે.
નાવણ દેશું કૂંડિયાં, નણંદ બાઈજી રે,
દેશું નદીનાં નીર, મરવો મેં વાવ્યો, નણંદ બાઈજી રે.
વાડીમાં મરવો મેં વાવ્યો, નણંદ બાઈજી રે,
ઊગ્યો ગુલાબી છોડ, મરવો મેં વાવ્યો, નણંદ બાઈજી રે.
ભોજન દેશું લાપસી, નણંદ બાઈજી રે,
દેશું કઢિયેલાં દૂધ, મરવો મેં વાવ્યો, નણંદ બાઈજી રે.

★

૫૮

સુઘરી બેઠી'તી બાજરાને છોડવે,
ચારો કરતી'તી ઝીલડાની કોરમોર,[2]
પાણી પીતી'તી ભમર તળાવમાં,
કાંઠે બેસીને તબલાં વગાડતી.
તબલાવાળો હાર્યો રે, હન[3] ગોરી વીંછિયો.

---

૧. ડમરો ૨. આજુબાજુ ૩. હાં હાં.

સુઘરી બેઠી'તી બાજરાને છોડવે,
ચારો કરતી'તી ઝીલડાની કોરમોર,
પાણી પીતી'તી ભમર તળાવમાં,
કાંઠે બેસીને ઝાંઝ વગાડતી.
ઝાંઝવાળો હાર્યો રે, હન ગોરી વીંછિયો.

સુઘરી બેઠી'તી બાજરાને છોડવે,
ચારો કરતી'તી ઝીલડાની કોરમોર,
પાણી પીતી'તી ભમર તળાવમાં,
કાંઠે બેસીને પાવા વગાડતી,
પાવાવાળો હાર્યો રે, હન ગોરી વીંછિયો.

★

૫૯

કડવાં કરીને બેની, કાગરિયાં લખજો;
કાગર લખો તો બહુ સારાં,
સાહેલી મને નથી જાવા દેતો ગરાસિયો.
મારા પિયરનાં બેની, કડલાં મંગાવજો;
કાંબિયું પેરીને મન વારું,[1]
સાહેલી, મને નથી જાવા દેતો ગરાસિયો.
કડવાં કરીને બેની, કાગરિયાં લખજો;
કાગર લખો તો બહુ સારાં,
સાહેલી મને નથી જાવા દેતો ગરાસિયો.
મારા પિયરના બેની ચૂડલા મગાવજો;
બંગડી પેરીને મન વારું,
સાહેલી, મને નથી જાવા દેતો ગરાસિયો.

---

૧. વાળું.

કડવાં કરીને બેની, કાગરિયાં લખજો;
કાગર લખો તો બહુ સારાં,
સાહેલી, મને નથી જાવા દેતો ગરાસિયો.
મારા પિયરનાં બેની, ઝૂમણાં મગાવજો;
કાંઠલી પેરીને મન વારું,
સાહેલી, મને નથી જાવા દેતો ગરાસિયો.
કડવાં કરીને બેની, કાગરિયાં લખજો;
કાગર લખો તો બહુ સારાં,
સાહેલી, મને નથી જાવા દેતો ગરાસિયો.
મારા પિયરની નથડી મગાવજો;
ટીલડી ચોડીને મન વારું,
સાહેલી, મને નથી જાવા દેતો ગરાસિયો.

★

૬૦

જી બાપુની ડેલીયે રૂડા દાયરા રે લોલ;
દાયરે રૂડા કસુંબા લેવાય રે, કસૂંબા લેવાય રે,
જી બાપુની ડેલીયે રૂડા દાયરા રે લોલ.
જી બાપુની મેડીયે દીવા શગ બળે રે લોલ;
જી બાપુને ઓરડે અજવાસ રે, ઓરડે અજવાસ રે;
જી બાપુની ડેલીયે રૂડા દાયરા રે લોલ.
દોલુભાના કુંવર પોઢ્યા પારણે રે લોલ;
બેનીબા કુંવરી હાલરડાં ગાય રે, હાલરડાં ગાય રે,
જી બાપુની ડેલીયે રૂડા દાયરા રે લોલ.
જી બાપુની કુંવરી ચાલ્યાં સાસરે રે લોલ;
દોલુભા વીરા વળાવવા જાય રે, વળાવવા જાય રે,
જી બાપુની ડેલીયે રૂડા દાયરા રે લોલ.

જી બાપુયેં દાયજા દીધા છે ઘણા રે લોલ;
દોલુભાયેં દીધાં સાચાં ચીર રે, દીધાં સાચાં ચીર રે;
જી બાપુની ડેલીયેં રૂડા દાયરા રે લોલ.
જી બાપુના નામના રૂડા રાસડા રે લોલ;
ગામની નારીયું હરખેં હરખેં ગાય રે, હરખેં હરખેં ગાય રે,
જી બાપુની ડેલીયેં રૂડા દાયરા રે લોલ.

★

૬૧

દળવે ડુંગરથી હોળી ઊતરી રે,
ઊતરી છે કાંઈ પોરબંદરને ચોક રે;
જી હો, જાગો તો હોળી રમજો રે.
પોરબંદરના ચોકમાં જાજા[1] ગેરિયા[2] રે,
વચલો છોગાળો મારો વીર રે;
જી હો, જાગો તો હોળી રમજો રે.
દળવે ડુંગરથી હોળી ઊતરી રે,
ઊતરી છે કાંઈ અડવાણાને ચોક રે;
જી હો, જાગો તો હોળી રમજો રે.
અડવાણાના ચોકમાં જાજા ગેરિયા રે,
વચલો ઢોલીડો ભાભીનો વીર રે;
જી હો, જાગો તો હોળી રમજો રે.
દળવે ડુંગરથી હોળી ઊતરી રે,
ઊતરી છે કાંઈ પોરબંદરને ચોક રે;
જી હો, જાગો તો હોળી રમજો રે.
પોરબંદરના ચોકમાં જાજી સૈયરું રે,
વચલી ચૂંદડિયારી મારી બેન રે;
જી હો, જાગો તો હોળી રમજો રે.

---

૧. ઝાઝા ૨. ઘેરૈયા.

ફળવે ડુંગરથી હોળી ઊતરી રે,
ઊતરી છે કાંઈ અડવાણાને ચોક રે;
જી હો, જાગો તો હોળી રમજો રે.

અડવાણાના ચોકમાં જાજી સૈયરું રે,
વચલી દાતણિયારી ભાભીની બેન રે;
જી હો, જાગો તો હોળી રમજો રે.

★

૬૨

કૂવાને કાંઠડે કેવડો ગોવારિયા,
વાઢું તો બે ભર[1] થાય, હો રે ગોવારિયા!
પગ કેરાં કડલાં ખોટાં ગોવારિયા,
એ તો મને ફરીને ઘડાવ્ય, હો રે ગોવારિયા!

કૂવાને કાંઠડે કેવડો ગોવારિયા,
વાઢું તો બે ભર થાય, હો રે ગોવારિયા!
હાથ કેરા ચૂડલા ખોટા ગોવારિયા,
એ તો મને ફરીને ઘડાવ્ય, હો રે ગોવારિયા!

કૂવાને કાંઠડે કેવડો ગોવારિયા,
વાઢું તો બે ભર થાય, હો રે ગોવારિયા!
ડોક કેરાં ઝૂમણાં ખોટાં ગોવારિયા,
એ તો મને ફરીને ઘડાવ્ય, હો રે ગોવારિયા!

કૂવાને કાંઠડે કેવડો ગોવારિયા,
વાઢું તો બે ભર થાય, હો રે ગોવારિયા!
નાક કેરી નથડી ખોટી ગોવારિયા,
એ તો મને ફરીને ઘડાવ્ય, હો રે ગોવારિયા!

---

૧. ભરોટાં.

કૂવાને કાંઠડે કેવડો ગોવારિયા,
વાઢું તો બે ભર થાય, હો રે ગોવારિયા!
લલાટની ટીલડી ખોટી ગોવારિયા,
એ તો મને ફરીને ઘડાવ્ય, હો રે ગોવારિયા!

★

૬૩

મારી વાડીમાં મરવો, મારે દાદે દીધી ગાય જો;
ગાય વિયાણી ગોંદરે, એને કોણ દોવાને જાય જો?
ગાય વિયાણી ગોંદરે, એને કાન દોવાને જાય જો.
કાન દોવાને જાય, એને દોણે દૂધ ન માય જો;
દોણે દૂધ ન માય, એનાં ઘી ઘડે ઢોળાય જો.

મારી વાડીમાં મરવો, મારે કાકે દીધી ગાય જો.
ગાય વિયાણી ગોંદરે, એને કોણ દોવાને જાય જો?
ગાય વિયાણી ગોંદરે, એને કાન દોવાને જાય જો.
કાન દોવાને જાય, એનાં દોણે દૂધ ન માય જો;
દોણે દૂધ ન માય, એનાં ઘી ઘડે ઢોળાય જો.

મારી વાડીમાં મરવો, મારે મામે દીધી ગાય જો;
ગાય વિયાણી ગોંદરે, એને કોણ દોવાને જાય જો?
ગાય વિયાણી ગોંદરે, એને કાન દોવાને જાય જો.
કાન દોવાને જાય, એનાં દોણે દૂધ ન માય જો;
દોણે દૂધ ન માય, એનાં ઘી ઘડે ઢોળાય જો.
મારી વાડીમાં મરવો, મારે વીરે દીધી ગાય જો.
ગાય વિયાણી ગોંદરે, એને કોણ દોવાને જાય જો?
ગાય વિયાણી ગોંદરે, એને કાન દોવાને જાય જો.
કાન દોવાને જાય, એનાં દોણે દૂધ ન માય જો.
દોણે દૂધ ન માય, એનાં ઘી ઘડે ઢોળાય જો.

★

## ૬૪

લીલા આંબા ને લીલી આંબલી;
લીલી છે કંઈ બડીયુંની[1] નાત રે, ત્રિકમજી બાપુ,
વસ્તી બાપુનું કે'વું[2] માનતી.

બરડે બાપુજી કેરાં બેસણાં,[3]
આભપરામાં બાપુજીના વાસ રે, ત્રિકમજી બાપુ,
વસ્તી બાપુનું કે'વું માનતી.

ખેડચા બરડા ને ખૂંધા ડુંગરા,
લીધા છે કંઈ જોગંદરના[4] ભેખ રે, ત્રિકમજી બાપુ,
વસ્તી બાપુનું કે'વું માનતી.

આભપરેથી બાપુ બોલિયા,
ન લેજો કોઈ દીકરીયુંનાં દાણુ રે, ત્રિકમજી બાપુ,
વસ્તી બાપુનું કે'વું માનતી.

બાપુનાં વેણુ બધે જ ફરી વળ્યાં,
મેલ્યાં મેલ્યાં દીકરીયુંનાં દાણુ રે, ત્રિકમજી બાપુ,
વસ્તી બાપુનું કે'વું માનતી.

બડીઈ બાપુજી તમને પૂજતા,
માગે છે કંઈ આપો આશીર્વાદ રે, ત્રિકમજી બાપુ,
વસ્તી બાપુનું કે'વું માનતી.

બાપુયેં આશિષ સૌને આપિયા,
લીલા રેજો બડીયુંના દેશ રે, ત્રિકમજી બાપુ,
વસ્તી બાપુનું કે'વું માનતી.

બરડે બેસીને બાપુયેં તપ કર્યાં,
આવ્યાં છે કંઈ વૈકુંઠનાં વિમાન રે, ત્રિકમજી બાપુ,
વસ્તી બાપુનું કે'વું માનતી.

★

૧. બરડાઈ બ્રાહ્મણ ૨. કહેવું ૩. આસન ૪. યોગી–જોગી–જોગંદર.

## ૬૫

વણઝારા રે ! તોરણ બંધાવો છેડાનાં.
વણઝારા રે ! પરણ્યો ભવેશર[૧] ડેરા[૨]માં.
વણઝારા રે ! જોશીને માર્યો શા માટે ?
વણઝારા રે ! લગન ન લાવ્યો એ માટે.

વણઝારા રે ! તોરણ બંધાવો છેડાનાં.
વણઝારા રે ! પરણ્યો ભવેશર ડેરામાં.
વણઝારા રે ! મણિયારાને માર્યો શા માટે ?
વણઝારા રે ! ચૂડલો ન લાવ્યો એ માટે.

વણઝારા રે ! તોરણ બંધાવો છેડાનાં,
વણઝારા રે ! પરણ્યો ભવેશર ડેરામાં.
વણઝારા રે ! કસૂંબી[૩]ને માર્યો શા માટે ?
વણઝારા રે ! ચૂંદડી ન લાવ્યો એ માટે.

વણઝારા રે ! તોરણ બંધાવો છેડાનાં,
વણઝારા રે ! પરણ્યો ભવેશર ડેરામાં
વણઝારા રે ! સોનીને માર્યો શા માટે ?
વણજારા રે ! ઝૂમણાં ન લાવ્યો એ માટે.

★

૧. ભવેશ્વર મહાદેવ ૨. દેરું ૩. કાપડનો વેપારી.

# મેવાસનાં લોકગીતો

## સંપાદક : શ્રી. શંકરભાઈ સોમાભાઈ તડવી

### રાધાગોરી

[ કૃષ્ણ–રાધા, રામ–સીતા, શિવ–પાર્વતીને સંબોધીને ગવાયેલાં ગીતોમાં દાંપત્યજીવન જ આલેખાયેલું છે. જીવનની સદસદ્ રુચિઓ ગવાઈ પોતાના માટે, પણ ચડી ગઈ કૃષ્ણ–રાધાના નામે, રામ–સીતાના નામે. આવાં ગીતોમાં વર–કન્યાની પસંદગી, લગ્ન, રિસામણાં–મનામણાં, અબોલા, મારફાડ, રસમસ્તી, વગેરે ગવાયાં છે. આ ગીત ગુજરાતમાં બધે પ્રચલિત છે. બીજા પ્રાદેશિક પાઠો કરતાં આ પાઠ વધારે લાંબો છે. આ ગીત 'મા ! તું પાવાની પટરાણી, ભવાની મા કાળકા રે લોલ' એ ઢાળે પણ ગવાય છે.]

આડા રે અવળા ડુંગરા, વચમાં વાટ,
કે કરશન[1] ચારે ગાવડી રે લોલ.
કરશનજી ચારે વનમાં ગાય,
કે વગાડે રૂડી વાંસળી રે લોલ.[2]
વાંસળીમાં સારા શબ્દો બોલ,
કે રાધાગોરીને દલે વસ્યાં રે લોલ.[3]
રાધાગોરી ભાતડિયાં લઈ ચાલ્યાં,
કે ગળતાં ચૂરમાં રે લોલ.

---

૧. પાઠાંતર : કરશનજી ચારે વનમાં ગાય,
કે હાથમાં રંગત લાકડી રે લોલ.
૨. ,, : વાંસળીમાં સારા શબ્દો બોલ,
કે વાગે રૂડી વાંસળી રે લોલ.
૩. ,, : વાંસળીના શબ્દો કાને સાંભળિયા,
કે રાધાગોરીને દલે વસ્યા રે લોલ.

માથે રે મેલ્યો ગળગળિયો કંસાર,
કે ખોળે ઘાલ્યાં ચૂરમાં રે લોલ.
ગોવાળિયા દેખાડ વનની વાટ,
કે વનમાં[૧] ભૂલાં પડયાં રે લોલ.

રાધાગોરી અવળે કાંઠે ધેન,
કે કરશન ચારે ગાવડી રે લોલ.
કરશનજી ! કાં ઉતારું તારાં ભાત ?
કે શેં નથી બોલતા રે લોલ !

આવાં રૂડાં આસોપાલવનાં ઝાડ,
કે શેંયે નથી સૂઝતાં રે લોલ ?
રાધાગોરી ! અવળે કાંઠે ધેન,
કે પાછી વાળજો રે લોલ.[૨]
કરશનજી ! તમારી ચારેલ ધેન,
કે અમ થકી નહિ વળે રે લોલ.[૩]

કરશનજીને ઝટકે ચઢીયેલ રીસ,
કે જમતાં ઊઠિયા રે લોલ.[૪]
કરશનજીએ[૫] ભાંગી કદમની ડાળ,
કે રાધકાને મારવા રે લોલ.
સોટીઓ મારીઓ સો ને સાઠ,
કે લોહીની નીકો વહે રે લોલ.

---

૧. વન–વને–વનમાં.
૨. પાઠાંતર : રાધાગોરી ! ડુંગરે ચરતેલી ગાય,
કે ગાય પાછી વાળજો રે લોલ.
૩. ,, : પ્રભુજી તમારી ગાય, કે અમ થકી નહિ વળે રે લોલ.
૪. ,, : પ્રભુજીને ઝટકે ચઢિયેલ રીસ, કે જમતાં ઊઠિયા રે લોલ.
૫. ,, : પ્રભુજીએ.

મારી રે મારી અવળાસવળી ઢોંટ,[1]
કે ડાબા પગની મોજડી રે લોલ.
કરશનજી ! મારવી એટલી માર,
કે ઓરતા રહી જશે રે લોલ.
રાધાગોરીને ઝટકે ચઢિયેલ રીસ,
કે ઝટ પાછાં વળ્યાં રે લોલ.
રાધાગોરીએ દડબડ મેલી દોટ,
કે ભોગળ ભીડિયાં રે લોલ.
ઝીણા ઝરમર વરસ્યા મેઘ,
કે ઝબૂકે વીજળી રે લોલ.
કરશનજી ગાયો ચારી ઘેર આવ્યા,
કે આંગણુ ઊભલા રે લોલ.
રાધાગોરી ઉઘાડજો રે કમાડ,
કે માથે ભીનાં મોરિયાં[2] રે લોલ.
મારાં સોને જડયાં કમાડ,
કે ભોગળ ભીડિયાં રે લોલ.
જાવો જાવો રે માનીતીને મો'લ,
કે સવારે વહેલા આવજો રે લોલ.
કરશનજીને ઝટકે ચઢિયેલ રીસ,
કે ઝટ પાછા વળ્યા રે લોલ.
કરશનજીએ ઝાલી દ્વારકાંની વાટ,
કે હાથમાં તૂંબડી રે લોલ.
આવી રે રૂડી વેડિયા વડની છાંય,
કે તાંબા બેડાં જળે ભર્યાં રે લોલ.
આવ્યો કયા મલકનો સૂબો,
કે બેડાં[3] વટાળિયાં રે લોલ.

---

૧. ધોલ, ૨. મોળિયાં. ૩. બેડલાં.

કરશનજી સૂતા વડલા છાંય,
કે નિંદરા જગાડિયાં રે લોલ.
જોષી જોજો રૂડા જોષ,
કે લગન કો'રે[1] આવશે રે લોલ.
આયવાં રે આયવાં બારશ ને બુધવાર,
કે લગન ગયાં વેગળાં રે લોલ.
જોષી ! જોજો રૂડા જોષ,
કે જોયામેં આલું જોટડી રે લોલ.
આયવાં રે આયવાં સાતમને શનિવાર,
કે લગન આયવાં ઢૂકડાં રે લોલ.
સાગ રે કેરી થાંભલીઓ વઢાવો,
કે માંડવડા રચાવજો રે લોલ,[2]
લીલા રે પીળા વાંસડિયા વઢાવો,
કે માંડવડા છવરાવજો રે લોલ.
આંબા રે કેરાં પાંનડિયાં મંગાવો,
કે તોરણુ બંધાવજો રે લોલ.
લીલા રે પીળા ચોખલિયા પિલાવો,
કે ચોખા ચોડજો રે લોલ.
ગંગા રે કેરી ગોરમટી મંગાવો,
કે ચોરીઓ બંધાવજો રે લોલ.
ગુજર ગામનાં ગુજરિયાં મંગાવો,
કે ફરતાં મેલાવજો રે લોલ.

---

૧. ક્યારે.

૨. પાઠાંતર : કે રવજીના ચોકમાં રે લોલ. આ પંક્તિ અંત સુધી ગવાય છે.

નડિયાદ ગામનાં નાડલિયાં[1] મંગાવો,
કે ફરતાં વીંટાળજો રે લોલ.
પઈણું રે પઈણું સીતા ને શરીરામ,
કે રાધાને મેલ્યાં ઝૂલતાં રે લોલ.[2]

★

## લગારેક માખણિયા સારુ

[ કાન–ગોપીના અબોલાનું આ ગીત ગુજરાતનાં બીજાં પ્રાદેશિક ગીતો કરતાં વધારે સુંદર છે. ]

વા'લે રે મારે અબોલા લીધા રે,
લગારેક માખણિયા સારુ રે.

પિત્તળ લોટા જળે ભરાવું રે,
દાતણ કરશે શ્રીભગવાન;
આજનો વાસો ગોકુળ ગામ:
વા'લે રે મારે અબોલા લીધા રે,
લગારેક માખણિયા સારુ રે.

તાંબા તે કૂંડી જળે ભરાવું રે,
નાવણ કરશે શ્રીભગવાન;
આજનો વાસો ગોકુળ ગામ:
વા'લે રે મારે અબોલા લીધા રે,
લગારેક માખણિયા સારુ રે.
સોના તે થાળી ભોજન ભરાવું રે,
ભોજન જમશે શ્રીભગવાન;
આજનો વાસો ગોકુળ ગામ.

---

૧. નાડાં, ૨. સરખાવો : આખું ગીત. રઢીયાળી રાત ભા. ૩, ગીત ૧૮, પૃ. ૩૯.

વા'લે રે મારે અબોલા લીધા રે,
લગારેક માખણિયા સારુ રે;
લવિંગ સોપારી ને એલચી મંગાવું રે,
મુખવાસ કરશે શ્રીભગવાન;
આજનો વાસો ગોકુળ ગામ.
વા'લે રે મારે અબોલા લીધા રે,
લગારેક માખણિયા સારુ રે.
બાજઠ માંચી હીરે ભરાવું રે,
બેસણું કરશે શ્રીભગવાન;
આજનો વાસો ગોકુળ ગામ.
વા'લે રે મારે અબોલા લીધા રે,
લગારેક માખણિયા સારુ રે.
સાગે સીસમના ઢોલિયા રે,
પોઢણું પોઢશે શ્રીભગવાન;
આજનો વાસો ગોકુળ ગામ.

★

## કાળી–'સોનાની વાળી.'

છોરી, તું તો રંગે ને રૂપાળી, કમરમેં પાતળી રે લોલ.
છોરી, તારા વેવલિયા[1] જોળાયા,[2] હરિના ચોકમેં રે લોલ.
છોરી, તારા ગણેશ ભરાયા, હરિના ચોકમેં રે લોલ.
છોરી, તારી પીઠીઓ ચોળાઈ, હરિના ચોકમેં રે લોલ.
છોરી, તારી વરઘેરી મંગાવી, હરિના ચોકમેં રે લોલ.
છોરી, તારી જાનળીઓ[3] તેડાવી, હરિના ચોકમેં રે લોલ.
છોરી, તારું બાંમણિયું[4] તેડાઈવું, હરિના ચોકમેં રે લોલ.

૧. વિવાહ ૨. જોડાયા ૩ ગીત ગાનારી ૪ ગોર

છોરી, તારી ચોરમટી મંગાવી, હરિના ચોકમેં રે લોલ.
બાજુ ભોણું બાંમણિયું બોલાઈવું, હરિના ચોકમેં રે લોલ.
છોરી, તારા ધોળ મંગળ ગવાયા, હરિના ચોકમેં રે લોલ.
છોરી, તને કાળીને કોણુ પઇણુ ? હરિના ચોકમેં રે લોલ.
છોરા, તને ગોરાને કોણુ પઇણુ ? હરિના ચોકમેં રે લોલ.
છોરા, તું ગોરો-સોનાનો ટોળો, હરિના ચોકમેં રે લોલ.
છોરી, તું કાળી-સોનાની વાળી, હરિના ચોકમેં રે લોલ.

★

## હો રંગ રસિયા !

[ આ ગરબા-ગીત પોચંબા ગામેથી હાલની સ્થિતિમાં હાથ લાગેલું છે. એ નસવાડી તાલુકો અને ગરુડેશ્વર ભાગમાં તડવી અને ભીલોમાં ગવાય છે. આ ગીત અપૂર્ણ લાગે છે. ]

કોરો ઘડૂલિયો મેં ચીતરિયો,
મોહન મોરા, હો રંગ રસિયા !
કેડો વાળીને ઘડો મેં ભરિયો,
મોહન મોરા, હો રંગ રસિયા !
પાઘડીએ ડમરો ના ખોસીએ,
મોહન મોરા, હો રંગ રસિયા !

★

## કાનજી પરોણુલા+

લીલી લીંબડી રે, લીલો નાગરવેલનો છોડ,
કાનજી ! પરોણુલા રે, અમઘેર[1] દાતણ સારતા જાવ.
દાતણ નહિ રે સારું રે, વનમાં રાધા જુએ વાટ.

---

+ પાઠાંતર :
પરભુજી પરોણુલા રે, અમ ઘેર દાતણ કરતા જાવ;
દાતણ નહિ કરું રે, માતા જશોદા જુએ વાટ.

૧ અમારે ઘેર.

લીલી લીંબડી રે, લીલો નાગરવેલનો છોડ.
કાનજી! પરોણુલા રે, અમઘેર નાવણુ કરતા જાવ.
નાવણુ નહિ કરું રે, વનમાં રાધા જુએ વાટ.

લીલી લીંબડી રે, લીલો નાગરવેલનો છોડ,
કાનજી! પરોણુલા રે અમઘેર ભોજન જમતા જાવ.
ભોજન નહિ કરું રે, વનમાં રાધા જુએ વાટ.

લીલી લીંબડી રે, લીલો નાગરવેલનો છોડ,
કાનજી! પરોણુલા રે, અમઘેર મુખવાસ કરતા જાવ.
મુખવાસ નહિ કરું રે, વનમાં રાધા જુએ વાટ.

✶

## પ્રભુજી પરોણુલા–૧

પરભુજી* પરોણુલા રે, અમ ઘેર દાતણુ કરતા જાવ,
દાતણુ નહિ કરું રે, વનમાં સીતા જુએ વાટ.
સીતા એકલાં રે, જુએ રામ–લખમણુની વાટ.

પરભુજી પરોણુલા રે, અમ ઘેર નાવણુ કરતા જાવ,
નાવણુ નહિ કરું રે, વનમાં સીતા જુએ વાટ.
સીતા એકલાં રે, જુએ રામ–લખમણુની વાટ.

પરભુજી પરોણુલા રે, અમ ઘેર ભોજન કરતા જાવ,
ભોજન નહિ કરું રે, વનમાં સીતા જુએ વાટ.
સીતા એકલાં રે, જુએ રામ–લખમણુની વાટ.

પરભુજી પરોણુલા રે, અમ ઘેર મુખવાસ કરતા જાવ,
મુખવાસ નહિ કરું રે, વનમાં સીતા જુએ વાટ.
સીતા એકલાં રે, જુએ રામ–લખમણુની વાટ.

✶

* ઢાળ: 'લીલી લીંબડી રે.'

## પ્રભુજી પરોણલા-૨

( આ ગીતનો ઢાળ જુદો છે. )

મારા વા'લા રે પ્રભુજી આયવા[1] પરોણલા,
મારા વા'લા રે સાંઘા તે માંચી[2] હીરે ભરી;
મારા વા'લા રે બાજઠ બેસણ દે'શ,
મારા વા'લા રે પ્રભુજી આયવા પરોણલા.
મારા વા'લા રે પિત્તળ લોટો જળે ભઈરો;
મારા વા'લા રે દાડમ દાતણ દે'શ,
મારા વા'લા રે પ્રભુજી આયવા પરોણલા.
મારા વા'લા રે તાંબા તે કૂંડી જળે ભરી;
મારા વા'લા રે દૂધડે સમોવણ[3] દે'શ,[4]
મારા વા'લા રે પ્રભુજી આયવા પરોણલા.
મારા વા'લા રે સોના તે થાળી ભોજન ભરી;
મારા વા'લા રે ભોજન જમતા જાવ,
મારા વા'લા રે પ્રભુજી આયવા પરોણલા.
મારા વા'લા રે લવિંગ, સોપારી, તજ, એલચી;
મારા વા'લા રે મુખવાસ કરતા જાવ,
મારા વા'લા રે પ્રભુજી આયવા પરોણલા.

*

## ભાઈબંધની હેડ*

[ 'લીલી લીંબડી રે લીલો નાગરવેલનો છોડ' કરતાં આ ગીતનો ઢાળ જુદો છે. આ ગીત આમરોલી દેરોલી ગામના ગરાસિયા લોકોમાં ગવાય છે. તે ત્યાંના માનસિંહભાઈ ગિરધરભાઈ પરમાર પાસેથી પ્રાપ્ત થયું છે. ]

---

૧. આવ્યા, ૨. સાંગામાંચી, ૩. ઉમેરણ, ૪. દઈશ.

* સરખાવો : ૨. રા. ભા. ૨, ગીત ૬૫, પૃ. ૧૦૧

ગિરધરલાલજી રે, અમ ઘેર બેસણુ બેસતા જાવ.
બેસણુ કેમ બેસીએ ગોરી રે ! સંઘાતે ભઈબંધ ટોળી.
એવડી ભઈબંધ શી બેલ ? બેસણુ બેસો ને આપણે ઘેર !
ગિરધરલાલજી રે, અમ ઘેર દાતણુ સારતા જાવ.
દાતણુ કેમ સારીએ ગોરી રે ! સંઘાતે ભઈબંધ ટોળી.
એવડી ભઈબંધની શી બેલ ? દાતણુ સારો ને આપણે ઘેર !
ગિરધરલાલજી રે, અમ ઘેર નાવણુ કરતા જાવ.
નાવણુ કેમ કરીએ ગોરી રે ! સંઘાતે ભઈબંધ ટોળી.
એવડી ભઈબંધની શી બેલ ? નાવણુ કરો ને આપણે ઘેર !
ગિરધરલાલજી રે, અમ ઘેર ભોજન કરતા જાવ.
ભોજન કેમ કરીએ ગોરી રે! સંઘાતે ભઈબંધ ટોળી.
એવડી ભઈબંધની શી બેલ ? ભોજન કરો ને આપણે ઘેર !

★

## લખી રાખેલા લેખ !

[ મસ્તીખોર માખણચોર ગોપીવલ્લભ કનૈયાનું બાલજીવન અને ચરિત્ર સંક્ષિપ્તમાં વર્ણવતું આ ગીત પોચંબાના શ્રી ત્રિકમભાઈ બાપુભાઈ ભીલ પાસેથી પ્રાપ્ત થયેલું છે. કૃષ્ણને શેરડીનો સાંઠો છોલતાં છરી હાથે બેસે છે. કનૈયાની માવડી ચીંથરાં લેવા દોડે છે. પાસે ઊભેલી દ્રૌપદી, ચીંથરાં લાવતાં સુધી ધીરજ ન ધરી શકી. તેનું હૈયું અનુકમ્પાથી ધ્રૂજી ઊઠયું. તેણે પોતાનો નવલખ સોનૈયાની કિંમતનો નવરંગી હીરનો ચીર ફાડીને કૃષ્ણને પાટો બાંધ્યો ! યોગેશ્વર કૃષ્ણે તે પાટો ઉકેલી તાંતણા ગણી જોયા ! કૌરવસભામાં ચીર ખેંચાવાથી નવસ્ત્રા થતી દ્રૌપદીને કૃષ્ણે નવસો નવાણું ચીર પૂર્યાનો પ્રસંગ આ ગીતમાં લોકકવિએ વણી લીધો છે. ગીતના બે ભાગ પડે છે. પાછલો ભાગ કદાચ કોઈએ રચેલ હોય એવી શંકા જાય છે.]

ઊંચી ગોવિંદજીની પીપળલી રે,
નીચે સોનીડાનાં હાટ વહાલા,
આવી બેઠા પરદેશી કાગ વહાલા !
સોને જડાવું તારી ચાંચલડી રે,
રૂપલે મઢાવું તારી પાંખ વહાલા !
ઊડી ગયા પરદેશી કાગ વહાલા !
દેવકીએ શરીકૃષ્ણ જનમિયા રે,
જનમિયા માઝમરાત વહાલા !
ગોળીએ ગોરસ પૂર મારી માતા !
મહીડાં વલોવવાના કોડ વહાલા !
મામા બોલાવે શરીકૃષ્ણ રે, કોઈ બોલાવે ભગવાન, વહાલા !
મા ! મને માખણ આલ મારી માતા !
માખણ ખાધાના ઘણા કોડ વહાલા !
ગોળીએ આવીને શરીકૃષ્ણ ઊભા, ગોળીના કકડા વીસ, વહાલા !
શેરડીએ જાય ભરપૂર વહાલા !
શેરલી સાંઠો આલ મારી માતા !
ભૂખ્યા હશે ભગવાન, વહાલા !
શેરલી સાંઠો એ છોલતાં રે,
છરી બેઠી હરિને હાથ વહાલા !
જસોમતી તે ચીથરાં લાવે,
પાટો બાંધવા હરિને હાથ વહાલા !
દ્રૌપદીએ પાલવ ચીર્યાં,
પાટો બાંધ્યો હરિને હાથ વહાલા !
ત્રિકમે તેના તાંતણા ગણ્યા,
લખી રાખેલા લેખ વહાલા !

[ ૨ ]

હસ્તિનાપુરમાં હોડ જ બકી,
કૌરવપાંડવ રમ્યા જુગટું, વહાલા!

પ્રથમ હાર્યા હસ્તિનાપુર,
બીજે હાર્યા ને ગરથભંડાર, વહાલા!

ત્રીજે તે હાર્યા ચતુર ચૂકાવી[1],
ચોથે હાર્યા દ્રૌપદી નાર, વહાલા!

પાંડવો હાર્યા ને હિંમત મે'લી,
એની જગમાં થયેલી જાણ, વહાલા!

દુઃશાસન તો દોડતો રે આવ્યો,
આવ્યો દ્રૌપદીને મે'લ[2], વહાલા!

કર ઝાલીને ચોટલો ઝાલી,
લાવ્યો સભાની માંય, વહાલા!

દુઃશાસને તેનાં ચીર રે ખેંચ્યાં,
વિસંભરે[3] જોયું તે વાર, વહાલા!

ભરી સભામાં પરભુજીએ આવી,
પડછો[4] દીધો દ્રૌપદી તે નાર રે*, વહાલા!

ગાય શીખે ને સાંભળે રે,
તેનો વૈકુંઠ હોજો વાસ, વહાલા!

★

---

૧ પોતાની જાતને ૨ મહેલ ૩ વિશ્વંભર ૪ પરચો
* પાઠાંતર : પરચો દીધો તે વાર વહાલા.

## વલોણું

[ જુદા જુદા પ્રદેશોમાં ગવાતું દાંપત્યજીવનનું આ ગીત આડે માર્ગે જતાં પતિને પાછા વળવા સમજાવે છે. ]

સાત સમધર[1]ની ગોળી 'લા કીધી રે,
મેરુ કીધા રવૈયા,
હો કાં'ન[2] ! તમે આવો વલોણાં તાણવા.[3]

કાળા તે નાગનાં નેતરાં કીધાં રે;
ફૂફલીની[4] કરી ઘલોડી,[5]
હો કાં'ન, તમે આવો વલોણાં તાણવા.

એક પા'[6] ઘૂમે કાળો જ કાં'ન રે,
બીજી પા' રાધા ગોરાં;
હો કાં'ન ! તમે આવો વલોણાં તાણવા.

હળવા હળવા 'લા ઘૂમેરાં ઘૂમજો રે,
મહી છલકાયાં મારાં;
હો કાં'ન ! તમે આવો વલોણાં તાણવા.

હળવા હળવા 'લા ઘૂમેરાં ઘૂમજો રે,
ચીર ચિટકાયાં[7] મારાં;
હો કાં'ન ! તમે આવો વલોણાં તાણવા.

મહીને વલોવી 'લા ઊભેલા રહેજો રે,
મોંખણ[8] આલું[9] ખાવા;
હો કાં'ન ! તમે આવો વલોણાં તાણવા.

---

૧. સમુદ્ર, ૨. કહાન, ૧. 'તાણવું'–વલોવવું. આ શબ્દપ્રયોગ લોકબોલીમાં હજ ચાલુ છે. જેમ કે, હજુ તો મારે તાણવાનું છે. ૪. એક જાતનો કાબરચીતરો નાનો સાપ, ૫. ઘીલોડી–ખીલી, ૬. પાસ, ૭. લીંજયાં–ચોપડ લાગવાથી બગડયાં, ચિકટાયાં. ૮. માખણ, ૯. આપું.

ખાટી-મોળી તે ’લા છાશનાં પીનારાં રે,
આવડા ગામોનાં કેણુ[1] આયવાં ?
હો કાં’ન ! તમે આવો વલોણું તાણવા.

શેરલી[2] સેંઠો[3] ખાવો જ મે’લી રે,
જારના[4] રાડાને[5] શું ખાવ છો ?
હો કાં’ન ! તમે આવો વલોણું તાણવા.

લવિંગ સોપારી ખાવાં જ મે’લી રે,
વડના ટેટાને શું ખાવ છો ?
હો કાં’ન! તમે આવો વલોણું તાણવા.

આવી જ રૂડી રેવા[6] જ મે’લી રે,
ખાખડે[7] ના’વા શું જાવ છો ?
હો કાં’ન ! તમે આવો વલોણું તાણવા.

આવા જ રૂડા ઢોલિયા મે’લી રે,
સાથરે[8] સૂવા શું જાવ છો ?
હો કાં’ન ! તમે આવો વલોણું તાણવા.

★

## હરારી વાછરડી

[ ગોકુળ ગામની તોફાની અને હરાઈ ગાવલડીનું એક સરસ શબ્દચિત્ર આ ગીતમાં છે. આ ગીત સીમેલના રાઠવા કાળી શ્રી. વીંછિયાભાઈ પાસેથી પ્રાપ્ત થયેલું છે. ]

વાછરલી[9] હરારી[10] હો રામ, તારી વાછરલી હરારી.
જે આવે તે જાળવીને આવજો રે, મારશે શીંગડીનો ગોદો,
હો રામ, તારી વાછરલી હરારી.

---

૧. કોણ, ૨. શેરડીનો, ૩. સાંઠો, ૪. જુવાર, ૫. જુવારના સાંઠા, ૬. નર્મદા નદી, ૭. ખાબોચિયું, ૮. ઘાસની અથવા દાભની પથારી. ૯. વાછરડી, ૧૦. હરેડી-હરાઈ.

જે આવે તે જાળવીને આવજો રે, બાંધી છે બેવડ નાડી[1]
હો રામ, તારી વાછરડી હરારી.

જે આવે તે જાળવીને આવજો રે, મારશે પગની પાટુ,
હો રામ, તારી વાછરડી હરારી.

જે આવે તે જાળવીને આવજો રે, મારશે પૂંછડાની ઝાપટ,
હો રામ, તારી વાછરડી હરારી.

વાછરડી હરારી હો રામ, તારી વાછરડી હરારી.
ગોકુળ ગામનું આવશે ગોવાળિયું રે, આડી ધરશે લાકડી
હો રામ, તારી વાછરડી હરારી.

★

## જળ ભરવા દો

[કાનુડાનાં તોફાન વર્ણવતો આ ગરબો શ્રી. બાબુભાઈ નાનાભાઈ તડવી, ગરડા પાસેથી પ્રાપ્ત થયો છે.]

(ઢાળ: પડવાની પર પ્રીત ઘટ મટ ભૂલી રે)

ઊંડી કોયારી[2] મધે[3] સાંકડી, જળ ભરવા દો.
માંય વસે સિંદૂરિયો નાગ, પાણી ભરવા દો.
સરખી સૈયરો પાણી સંચરી, જળ ભરવા દો.
મારી નણદી નાનું બાળ, પાણી ભરવા દો.
સાવ સોનાનું મારું બેડલું, જળ ભરવા દો.
મારી રૂપલાની ઊંઢેણુ[4], પાણી ભરવા દો.
પાળે ઊભો છે કાનજી, જળ ભરવા દો.
અમે સરખી સૈયરોનો સાથ, પાણી ભરવા દો.

---

૧. દોરડું. ૨. નાનો કૂવો, ૩. મધ્યે-વચમાં, ૪. ઉઢાણી

પોસ[1] ભરી અમને કાંકરી મારી, જળ ભરવા દો.
અમને સવળી થઈને વાગી, પાણી ભરવા દો.
ઘેરે સાસુડી ભાંડશે, જળ ભરવા દો.
મારી નણુદી છે નાર[2] નઠોર, પાણી ભરવા દો.
જેઠજી મારો વાંદરો, જળ ભરવા દો.
મારી જેઠાણી મારી જોડ, પાણી ભરવા દો.
દિયર મારો લાયળકો,[3] જળ ભરવા દો.
દેરાણી નાનું બાળ, પાણી ભરવા દો.
માટે કહું છું કાનજી, જળ ભરવા દો.
મારો પરણ્યોજી રિસાળ, પાણી ભરવા દો.

★

## રસિયા સાથે વાદ !

[ ગામડાગામમમાં ખેતીનો મુખ્ય ધંધો અને પશુપાલનનો જોડિયો ધંધો ચાલે છે. પોતાના ઘરનાં ઢોર ચારીને એક ગોરીનો વહાલમો નદીએ બેઠો છે. ઢોર કાંઠે બેઠાં છે. રેતીમાં વહાલમો બેઠો છે. તેને નદીનું ખળખળ વહેતું નીર જોઈ મસ્તી જાગે છે. ગોવાળિયાઓનું પ્રિય વાદ્ય ઘાંઘરી તે વગાડે છે. ઘાંઘરીના તાલે તાલે તે નાચવા માંડે છે. ગોવાળની પ્રિયતમા આ જોઈને આનંદિત થાય છે. સાથોસાથ, પોતે એ આનંદ સજોડે માણી શકતી નથી તેથી ખિન્ન થાય છે. કવિ દયારામની 'વાંસલડી વેરણ થઈ રે કાનુડાની' પેઠે ગોરીને વેદના જગાડે છે. પોતાનો પ્રિયતમ જે મોજ માણે છે, તેમાં સમભાગી નથી થઈ શકતી તેથી દુઃખ અનુભવે છે. શોક કરતાંયે વેરણ પેલી ઘાંઘરી લાગે છે. ઘાંઘરીના મીઠા સૂરો એના હૈયામાં વેદના જગાડે છે. તેથી ઘાંઘરી ભાંગી નાખવાની, ઘાંઘરી પકડેલી પ્રિયતમની આંગળીઓ મચડી નાખવાની તીવ્ર ઇચ્છા થાય છે. ગોરીની વેદના વ્યક્ત કરતું આ ગીત રસિક છે.]

---

૧. ખોબો (હાથ) ૨. નારી, ૩. લાડકો.

કાં'ન કાંકરીમેં રમે, ગોવાળિયા રે લોલ.
તારી ઘાંઘરી[1]નો ચાળો, ગોવાળિયા રે લોલ.
તારી ઘાંઘરી ભાંગી નાખું, ગોવાળિયા રે લોલ.
કાં'ન કાંકરીમેં રમે, ગોવાળિયા રે લોલ.

તારી આંખનો ઉલાળો, ગોવાળિયા રે લોલ.
તારી આંખ ફોડી નાખું, ગોવાળિયા રે લોલ.
કાં'ન કાંકરીમેં રમે, ગોવાળિયા રે લોલ.

તારી આંગળીનો ચાળો, ગોવાળિયા રે લોલ.
તારી આંગળી ભાંગી નાખું, ગોવાળિયા રે લોલ.
કાં'ન કાંકરીમેં રમે, ગોવાળિયા રે લોલ.

★

## વાલમનું નાવણ

[ ભીલ પ્રદેશમાં ગવાતો પાઠ ]

વાલો રે મારો માણીકડો ચાયલો,[2]
નદીએ નાવાને સારુ રે.
વાલે રે મારે ધોતિયાં લીધાં સાથ,
પોતિયાં બદલવાને સારુ રે.
વાલે રે મારે રૂમાલ લીધો સાથ,
મુખડાં લોવાને સારુ રે.
વાલે રે મારે આરસ[3] લીધી સાથ,
મુખડાં જોવાને સારુ રે.

---

૧. વાંસની ચીપનું વાદ્ય. ચીપને વચ્ચેથી છિદ્ર પાડી, એક સળી છૂટી રાખે છે તેને મીણ લગાડે છે. એક છેડે દોરી બાંધે છે. કેટલાક રસિકો આ દોરી કેતકીની કે આકડાની છાલના રેસાની વણી, છેડે ઘૂઘરીઓ બાંધે છે. તેને મોં પાસે ધરી, પવનની મદદથી વગાડે છે.
૨. ચાલ્યો ૩. આરસી.

વાલે રે મારે માળા લીધી સાથ,
રામ, રામ, ભજવાને સારુ રે.

★

## રાધાજીની ચૂનળી

[કપાસની મોસમ પૂરી થવા આવી હોય છે, વસંતના વાયરા વાતા હોય છે, બધે રંગરાગ અને વિલાસનું વાતાવરણ સર્જાતું હોય છે, અને એનો વિકાસ થાય એ રીતે લોકજીવનમાં મેળા અને ઉત્સવો યોજાતા હોય છે, જીવન અને કવનનો સુમેળ સધાતો હોય છે. આ હોલિકોત્સવના ટાણે નસવાડી તાલુકા જેવા પછાત તાલુકામાં રાઠવા કોળીની જ્યાં વસ્તી છે ત્યાં મહા મહિનામાં હોળીનો દંડ રોપવામાં આવે છે, એટલે મહાને બદલે એ માસને તેઓ 'દાંડનો' મહિનો કહે છે; અને ફાગણને હોળીનો. હોળી ટાણે ગવાતા ફાગ હવે બંધ થઈ ગયા છે. અગાઉના વખતમાં દાંડિયા સાથે ગોળ ફરતાં જઈ ફાગ ગવાતા એમ લોકો કહે છે. અહીં ફાગ જેવાં ગીતો આપ્યાં છે. એ સીમેલ જેવા ડુંગરાળ પ્રદેશના રહીશ અભણ ખેડૂત વીંછિયા ભગતે લખાવ્યાં છે. લોકગીતો ગાવાના એ ભારે રસિયા છે. જિંદગીને છેલ્લે આરે ઊભા છે, છતાં જુવાનનેય શરમાવે એવો જુસ્સો છે.]

રંગે ભઈરાં,[1] રંગે ભઈરાં, રાસે તણાય રે,
આવો હોળી માતા, રંગે ભઈરાં રે.
સોના કટોળામેં કેસર ઘોઈળાં,[2]
રંગે રાજાજીની, રંગે રાજાજીની
આ મોજડી રે.
આવો હોળી માતા, રંગે ભઈરાં રે.

---

૧. ભર્યાં. ૨. ઘોળ્યાં.

રંગે ભઈરાં, રંગે ભઈરાં, રાસે તણાય રે;
સોના કટોળામેં કેસર ઘોઈળાં,
રંગે રાજાજીનાં, રંગે રાજાજીનાં
આ મોળિયાં[1] રે.
આવો હોળી માતા, રંગે ભઈરાં રે.

રંગે ભઈરાં, રંગે ભઈરાં, રાસે તણાય રે.
સોના કટોળામેં કેસર ઘોઈળાં,
રંગે રાધાજીની, રંગે રાધાજીની
આ ચૂનળી[2] રે !
આવો હોળી માતા, રંગે ભઈરાં રે.

★

## વણઘાનો વરણાગિયો

[ આ ફાગ અધૂરો છે. આ ફાગ મૃદંગ સાથે ગવાતો હોય એવા ઢાળનો છે.]

વણઘેથી આઈવો[3] વેઈણાગિયો[4] રમવાને.
રમવાને રે, રમવાને રે.
આંખા તે મોરનો મૂરખો[5] (?) ઘઈડો[6]
રમવાને રે, રમવાને રે.
ગોપી સાંમે રી[7] બોલ;
ઘેલાં શું બોલે ગોવાળિયા રમવાને.

★

## દાદાજીનો મો'લ

મારું સોનાનું છે બેડું, સવા તે લાખનું રે લોલ.
મારી રૂપલિયા ઈંઢોણી રે, ફરતાં ફૂલળાં[8] રે લોલ.

---

૧. ફેંટો, ૨. ચૂંદડી. ૩. આવ્યો, ૪. વરણાગિયો, ૫. મૂરખો–ચાડિયો હશે ? ૬. ઘડ્યો, ૭. સામે રહીને કે સામેરી હશે ? ૮. ફૂલડાં.

અમે સરખી ને સૈયરો, સરોવર સંચરાં રે લોલ.
પાળે રે ઊભો કાનુડિયો ગોવાળ, સોના બેડાં નાંદિયાં[1] રે લોલ.
કાનુડિયા, કાંકરથી મત મારે, સોના બેડાં નાંદિયાં રે લોલ.
આવડી કેના[2] ઘરની નાર, સામા બોલ બોલતી રે લોલ.
છોરી તારું કયું છે ગામ, કઈ તારી સાસરી રે લોલ.
મારું ગોકુળિયું છે ગામ, મથુરાં મારી સાસરી રે લોલ.
રાણી તારું ગોકુળિયું લૂંટાયું, મથુરાં હવે વસ્યાં રે લોલ.
લૂંટચા રે લૂંટચા ચારે ને ખંડ, એક ખંડ રૈ[3] ગયો રે લોલ.
લૂંટચા રે લૂંટચા ચારે ને મો'લ, એક મોલ રૈ ગયો રે લોલ.
એક મારો દાદાજીનો મો'લ, તે મો'લ રૈ ગયો રે લોલ.

★

## ગોવાળિયા સાથે ઝઘડો

(ઉપરના ગીત જેવું આ બીજું ગીત છે.)

બાઈ મારું સોનાનું છે બેડું,
કે રૂપલા ઊંઢીણી રે લોલ.
છોરી, તું તો કોની છે વઉવારું,[4]
કે પાણી નીસરી રે લોલ.
ગોવાળિયા, તારે શી પડપૂછ,
કે ગોકુળગામ સાસરી રે લોલ.
ગોવાળિયે કઈરો[5] છે વિચાર,
કે ગોકુળગામ લૂંટવા રે લોલ.
લૂંટચા રે લૂંટચા ચારેવ[6] ને ખંડ,
કે એક ખંડ રૈ ગયો રે લોલ.
એ તો મારા સસરાનો દરબાર,
કે તે દરબાર રૈ ગયો રે લોલ.

---

૧. નંદવાયાં–ફૂટચાં, ૨. કોના, ૩. રહી. ૪. વહુવારુ ૫. કર્યો ૬. ચારેય.

મારા સસરા શ્રીભગવાન,
કે લશકર લાવશે રે લોલ.
મારા જેઠ છે ઝંડાળી,
કે ઝંડા રોપશે રે લોલ.
મારો દિયેરિયો દીવાન,
કે ડેરાતંબૂ તાંણુશે રે લોલ.

★

## ઘટે નહિ તમને રે !

[ પ્રેમ કર્યા પછી હડસેલી મૂકનાર પ્રિયતમને પ્રેયસી ઠપકો આપે છે. ]

આ શો જુમનાજીનો આરો કદમનો છાંયો રે.
ત્યાં ઊભા છે દેવ મોરારી, માયા લાગી અમને રે.
વા'લે પૂર્ણ પિછોડો ઓઢાડચો વા'લે મારે અમને રે.
હવે ખેંચી ખેંચી શું જાવ, ઘટે નહિ તમને રે !
વા'લે આંગળીએ વળગાડચાં વા'લે મારે અમને રે.
હવે તરછોડી શું જાવ, ઘટે નહિ તમને રે !
વા'લે ઊંડા ફૂવલિયા ખોદાવ્યા વા'લે મારે અમને રે.
વા'લે ઊંડા ફૂવામાં ઉતાર્યાં વા'લે મારે અમને રે.
હવે વરત વાઢી શું જાવ, ઘટે નહિ તમને રે !
વા'લે અમૃત પાઈને ઉછેરેલ વા'લે મારે અમને રે.
હવે વખડાં ઘોળી શું પાવ, ઘટે નહિ તમને રે !

★

સરખાવો : પાઠાંતરો : ૧. સોરઠી સંતવાણી : પ્રેમલક્ષણા ભક્તિ-ખંડ; ૨. ર. ર. રા. ભા. ૨, ગીત ૪૬, પૃ. ૬૯; ૩. ગુ. લો. ૨ : ગીત ૯૫૪, પૃ. ૪૦.

## શોકનાં સાલ

લાલજી ! લાલમની વાડીમેં રંગત લાકડી,
હો લાલ, વે'લા આવજો રે.
લાલજી ! સાંમીને હવેલી મારી ચગેમગે[1]
હો લાલ, વે'લા આવજો રે.
લાલજી ! સાંમીને ઝૂંપડીઓ મારી શોઈકની[2]
હો લાલ, વે'લા આવજો રે.
લાલજી ! સોનાનાં બેડલિયાં મારાં ચગેમગે
હો લાલ, વે'લા આવજો રે.
લાલજી ! કાદુનાં[3] બેડલિયાં મારી શોઈકનાં
હો લાલ, વે'લા આવજો રે.

★

## મથુરાંની ગુજરી

[ કાન ગોપી પાછળ ઘેલો થઈને સ્ત્રીવેશે તેને ત્યાં જાય છે તેનું આ ગીત સીમેલ (તા. નસવાડી) ગામેથી સંગ્રહેલું છે. ]

માથે મટુકી ને મહીડાંની ગોળી (૨) મહીડાં વેચે ચંદરાવેણી રે.
મથુરાંની ગુજરી[4] રમેતી[5] આવી.
વેચંતી હાટંતી[6] નગરીમેં આવી (૨)
કાનુડે છેડલો ઝાલિયો રે; મથુરાંની૦
મેલ મેલ કાનવર છેડલો અમારો (૨)
મુજ ઘેર સસરો ખિજાઈ પડશે રે; મથુરાંની૦
તારા સસરાને ચોરે બેસાડું (૨)
હાવે નહિ છોડું ચંદરાવેણી રે; મથુરાંની૦

---

૧. ઝગમગે, ૨. શોકની, ૩. કાદવનાં–માટીનાં. ૪. ગુજરી, ૫. રમતી, ૬. સાટંતી–ખરીદતી (વેચવું ને સાટવું–સાટું કરવું–સોદો કરવો).

માથે મટુકી ને મહીડાંની ગોળી (૨)
મહીડાં વેચે ચંદરાવેળી રે; મથુરાંની૦
વેચંતી હાટંતી નગરીમેં આવી (૨)
કાનુડે છેડેલો ઝાલિયો રે; મથુરાંની૦
મેલ મેલ કાનવર છેડલો અમારો (૨)
મુજ ઘેર જેઠુ[1] ખિજાઈ પડશે રે; મથુરાંની૦
તારા જેઠુને ઘોડુલે રમાડું (૨)
હાવે નહિ છોડું ચંદરાવેળી રે; મથુરાંની૦
માથે મટુકી ને મહીડાંની ગોળી (૨)
મહીડાં વેચે ચંદરાવેળી રે; મથુરાંની૦
વેચંતી હાટંતી નગરીમેં આવી (૨)
કાનુડે છેડેલો ઝાલિયો રે; મથુરાંની૦
મેલ મેલ કાનવર છેડલો અમારો (૨)
મુજ ઘેર સાસુ ખિજાઈ પડશે રે; મથુરાંની૦
તારી સાસુને રેંટિયે બેસાડું (૨)
હાવે નહિ છોડું ચંદરાવેળી રે; મથુરાંની૦
માથે મટુકી ને મહીડાંની ગોળી (૨)
મહીડાં વેચે ચંદરાવેળી રે; મથુરાંની૦
વેચંતી હાટંતી નગરીમેં આવી (૨)
કાનુડે છેડેલો ઝાલિયો રે; મથુરાંની૦
મેલ મેલ કાનવર છેડલો અમારો (૨)
મુજ ઘેર જેઠાણી ખિજાઈ પડશે રે; મથુરાંની૦
તારી જેઠાણીને ઘઈંટીએ[2] બેસાડું (૨)
હાવે નહિ છોડું ચંદરાવેળી રે; મથુરાંની૦
માથે મટુકી ને મહીડાંની ગોળી (૨)
મહીડાં વેચે ચંદરાવેળી રે; મથુરાંની૦

---
૧. જેઠ. ૨. ઘંટીએ.

વેચંતી હાટંતી નગરીમેં આવી (૨)
કાનુડે છેડલો ઝાલિયો રે; મથુરાંની૦
મેલ મેલ કાનવર છેડલો અમારો (૨)
મુજ ઘેર દિયોર ખિજાઈ પડશે રે; મથુરાંની૦
તારા દિયોરને હણુલે[1] રમાડું (૨)
હાવે નહિ છોડું ચંદરાવેણી રે; મથુરાંની૦
માથે મટુકી ને મહીડાંની ગોળી (૨)
મહીડાં વેચે ચંદરાવેણી રે; મથુરાંની૦
વેચંતી હાટંતી નગરીમે આવી (૨)
કાનુડે છેડલો ઝાલિયો રે; મથુરાંની૦
મેલ મેલ કાનવર છેડલો અમારો (૨)
મુજ ઘેર દેરાંણી ખિજાઈ પડશે રે; મથુરાંની૦
તારી દેરાંણીને ખાંડણિયે બેસાડું (૨)
હાવે નહિ છોડું ચંદરાવેણી રે; મથુરાંની૦
માથે મટુકી ને મહીડાંની ગોળી (૨)
મહીડાં વેચે ચંદરાવેણી રે; મથુરાંની૦
તાંથીનો[2] કાનવર ચાલી નીકળિયો (૨)
સોની દુકાન[3] જી[4] ઊભો રિયો રે; મથુરાંની૦
ભઈ રે સોનીડા! તું મારો વીરો (૨)
કલિયાં આલે સારાં શોભીતાં રે; મથુરાંની૦
તાંથીનો કાનવર ચાલી નીકળિયો (૨)
ચૂડગળિયા[5] દુકાને જી ઊભો રિયો રે; મથુરાંની૦
ભઈ રે ચૂડગળિયા! તું મારો વીરો (૨)
ચૂડલો આલે સારો શોભીતો રે; મથુરાંની૦
તાંથીનો કાનવર ચાલી નીકળિયો (૨)
વાંણિલા દુકાન જી ઊભો રિયો રે; મથુરાંની૦

---

૧. ગેડીદડે ૨. ત્યાંથી ૩. દુકાન ૪. જઈ ૫. મણિયારો

ભઈ રે વાંણિલા! તું મારો વીરો (૨)
 ઓઢણી આલે સારી શોભતી રે; મથુરાંની૦
તાંથીનો કાનવર ચાલી નીકળિયો (૨)
 કંહારી[1] દુકાન જી ઊભો રિયો રે; થથુરાંની૦
ભઈ રે કંસારી! તું મારો વીરો (૨)
 બેડલું આલે સારું શોભીતું રે; મથુરાંની૦
તાંથીનો કાનવર ચાલી નીકળિયો (૨)
 બોરા[2] દુકાન જી ઊભો રિયો રે; મથુરાંની૦
ભઈ રે બોરલિયા! તું મારો વીરો (૨)
 ડોયો આલે સારો શોભતો રે; મથુરાંની૦
તાંથીનો કાનવર ચાલી નીકળિયો (૨)
 મોચીડા દુકાન જી ઊભો રિયો રે; મથુરાંની૦
ભઈ રે મોચીડા! તું મારો વીરો (૨)
 મોજડી આલે સારી શોભતી રે; મથુરાની૦
માથે મટુકી ને મહીડાંની ગોળી (૨)
 મહીડાં વેચે ચંદરાવેણી રે; મથુરાંની૦*

★

## મહિયારણ

['મથુરાંની ગુજરી' ગીતને મળતું આવતું આ ગીત પોચંબા (તા. નસવાડી) ગામેથી શ્રી. ચંચળબહેન બલાભાઈ તડવી પાસેથી ૧૯૪૬-૪૭ માં સંગ્રહેલું. ઢાળ જુદો લાગે છે.]

માથે મટુકી ને મહીડાંની ગોળી, મહીડાં વેચે ચંદરાવેણી.
વેચંતી વેચંતી ભોંયરામાં પેઠી,
છોડો છોડો કાનજી! છોડો છોડો મોહનજી!
પાલવડો મારો ફાટશે, ઘેરે સસરા મારા ખીજશે રે.

---

૧. કંસારો, ૨. વહોરાની. * આ ગીતના ત્રણ-ચાર પાઠ મળ્યા છે તે આ મણકામાં જુદા જદા આપ્યા છે.

તમારા સસરાને હુકલો[1] લઈ આલું સવા લાખનો રે.
છોડો છોડો કાનજી! છોડો છોડો મોહનજી!
પાલવડો મારો ફાટશે, ઘેરે સાસુ મારી ખીજશે રે.
તમારી સાસુને સાળલો[2] લઈ આલું સવા લાખનો રે.
છોડો છોડો કાનજી! છોડો છોડો મોહનજી!
પાલવડો મારો ફાટશે, ઘેર જેઠ મારા ખીજશે રે.
તમારા જેઠોને પાઘડી લઈ આલું, સવા લાખની રે.
છોડો છોડો કાનજી! છોડો છોડો મોહનજી!
પાલવડો મારો ફાટશે, ઘેરે દિયર મારા ખીજશે રે.
તમારા દિયરને વેલળી[3] લઈ આલું, સવા લાખની રે.
છોડો છોડો કાનજી! છોડો છોડો મોહનજી!*

★

## રાધા વિરહ-૧

[ આ ગીત પોચંબાનાં ચંચળબહેન તડવી પાસેથી મળ્યું છે. ]

કારતક કમળા કાનજી કૈં આલુંના શણગાર,
હર[4] કૈં આલુંના શણગાર, ગોવિંદ ઘેર ના આયવા રે.
માગસર મહિને મનોહરા એનું રૂપે[5] છત્રી[6] ભોજન થાય,
હર એનું રૂપે છત્રી ભોજન થાય, ગોવિંદ ઘેર ના આયવા.
પોષ મઈનાની ટાઢો[7] ઘણી ને,
　　　　ગોપી પહેરો ચરનાં ચીર[8]; (૨) ગોવિંદ૦
મા' મઈને હેમાળો હળકયો,
　　　　ને ઘરમાં નો રે'વાય; (૨) ગોવિંદ૦

---

* સરખાવો : ર. રા. ભાગ ૪થો, ગીત ૬૪, પૃ. ૮૦

૧. હુક્કો, ૨. સાડલો, ૩. વહેલડી. ૪. હાં રે, ૫. રૂપ, ૬. છત્રીસ, ૭ ટાઢો-ટાઢનું બહુવચન, ૮. ચરણાંચીર-દેહ ઢંકાય એવી સાડી.

ફાગણ ફૂઈશો ફૂલડાં ને કેં,
મધુરા શી બોલે મોર; (૨) ગોવિંદ૦
ચૈતર ચંપો મોરિયો ને કેં
મોરી દાડમ દ્રાક્ષ; (૨) ગોવિંદ૦
વૈશાખે વન વેડિયાં ને કેં
વેડી આંબા ડાળ; (૨) ગોવિંદ૦
જેઠે મહિને જગવિયાં ને કેં,
જગવ્યાં જે કાર[1]; (૨) ગોવિંદ૦
અખાડે અન્ન ઊઇમટાં[2] ને કેં
વરસ્યો છે વરસાદ; (૨) ગોવિંદ૦
શ્રાવણ વરઈ સો[3] સરોવળીયે[4] ને કેં
નદીનાળાં ભરપૂર; (૨) ગોવિંદ૦
ભાદરવો ભર ગાજ્યો ને કેં
જગવ્યાં જે જે કાર; (૨) ગોવિંદ૦
આસો માસો દિવાળલી ને
ગોપી ગરબે રમવા જાય; (૨) ગોવિંદ૦
બાર મહિના પૂરા થયા ને કેં
તેરમે અધિક માસ; (૨) ગોવિંદ૦

★

## રાધા વિરહ-૨

કારતકે કૃષ્ણ ગયા મેલી,
હવે હરિ! શું કહીએ તમને?
આવો હરિ! શામળિયા વા'લા!*

---

૧. જય જયકાર, ૨. ઊમટ્યાં, ઊગ્યાં? ૩. વરસ્યો, ૪. સરવડીએ.

* પાઠાંતર : (૧) આવો હરિ! રાસ રમો વા'લા,
(૨) આવો હરિ! રાસે રમેવાને.

માગસરે મારગળે[1] જ્યાં' તાં,
ભેળાં બેસી ભોજનિયાં જમતાં,
હવે હરિ! શેં નથી ગમતાં?
આવો હરિ! શામળિયા વા'લા!

પોષે તો શોષે પઇળો[2] અમને,
વા'લા મારા શું કહીએ તમને?
આવો હરિ! શામળિયા વા'લા!

મહા સતિ મારગળે રમતાં,
હવે હરિ! શેં નથી ગમતાં?
આવો હરિ! શામળિયા વા'લા!

ફાગણે ફેરા ફરે હોળી!
ચૂંદણી મારી કેસરમેં રોળી!
આવો હરિ! શામળિયા વા'લા

ચૈતરે ચિત્ત કરે ચાળા,
મધુવન મોરલીઓવાળા,
વા'લા મારા મેલી ગયા અમને,
આવો હરિ! શામળિયા વા'લા!

વૈશાખે વાટલળી[3] જોતી,
ઊભી રે ડૂસકળે[4] રોતી!
આવો હરિ! શામળિયા વા'લા!

જેઠે તો જગજીવન આવિયા,
સૌ લોકે વધામણી લાવિયા,
આવો હરિ! શામળિયા વા'લા!

---

૧. મારગડે, ૨. પડયો, ૩. વાટલડી, ૪. ડૂસકડે-ધ્રૂસકે

અખાડે અખળા રહી ઝાંખી,
મેઘ આવી વરસ્યો રે વાડી,
આવો હરિ! શામળિયા વા'લા!

શ્રાવણ તો સરવડીઓ વરસ્યો,
નદીએ નીર ઘણાં ઢળશે;
દેવસીકો[1] પિયુ પિયુ કહી તલકે[2].
તરસે જીવ તલસે અમારો!
આવો હરિ! શામળિયા વા'લા!

ભાદરવો ભલી પેરે ગાજિયો,
નદીકિનારે નીર ઘણાં ખલકે!
આવો હરિ! શામળિયા વા'લા!

આસો માસો દિવાળલી આવી,
બેઠી વાંકો અંબોડો મેલી,
તેરસે ત્રંબાળું ગાજે,
દૂધડે ધોવું તારા પાવલિયા!
આવો હરિ! શામળિયા વા'લા!*

★

## પ્રભુજીની મોરલી

[ આ ગીત સીમેલના રાઠવા કોળી શ્રી. વીંછિયાભાઈ પાસેથી પ્રાપ્ત થયેલું છે. તેઓ અભણ છે. ગુજરાતી સાહિત્યનો પ્રસાર આ જાતિમાં બિલકુલ નથી. નરસિંહ મહેતાની ચરણવાળું આ ગીત છે. તેમાં અશુદ્ધિઓ પણ છે. ]

---

૧. દેવ-તરસ્યો, બપૈયો. ૨. તલશે–ટળવળે.

* સરખાવો : (૧) ર. રા. ભા. ૩, ગીત ૬૫, પૃ. ૮૩
(૨) ગુ. લો. મણકા પહેલામાંનું ગીત.

( ઢાળ : અખ્ખણ દખ્ખણ રે મેવલો ઊમટ્યો રે )

રૂડી ને રસાળી રે પ્રભુ તારી મોરલી રે (૨)
એ તો મારે મંદિરિયે સંભળાય.
પીતાંબર તે પહેર્યાં રે પાલવ રોળતાં[૧] રે (૨)
સજયા સોળ શણગાર.
નણદી ભોજાઈ રે પાણીલાં સાંચરાં રે (૨)
બેડલાં લઈને પાણીલાં સાંચરાં રે
બેડલાં ઉતાઈરાં[૨] રે સરોવર પાળ,
ઊંઢણી ગીલવી[૩] રે આંબા કેરે ડાળ[૪].
હું તો મારા હરિવરને જોવા જાઈશ. (૨)
કંસ ઘટીલો છેડો મારો સહિયો[૫] રે (૨)
મુજ ઘેર સસરો નંદલાલ.
સાસુ હઠીલી મારી, નણદી મેણાં બોલશે રે. (૨)
મુજ ઘેર સસરો નંદલાલ,
કંસ હઠીલી[૬] રે વખનાં ઝાડવાં રે
મુજ ઘેર દિયરિયું પૂરી[૭] જાન.
નરસીંના સ્વામી રે સમરથ મળિયા રે,
વા'લે મારે વારી રમાડ્યાં રાસ.

★

## મહેમાનગીરી

[ ગરડા તરફ ગવાતો પાઠ ]

કાનજી ગોકુળમાં સધારિયા[૮] સાહેલી રે,
એને શાં શાં દાતણ દે'શં રે;
કાનજી ગોકુળમાં સધારિયા સાહેલી રે.

---

૧. પગે દબાતો, ૨. ઉતાર્યાં, ૩. ભરાવી–ટીંગાડી, ૪. આંબા કેરી ડાળે–આંબાની ડાળે, ૫. આ પંક્તિ અસ્પષ્ટ લાગે છે, કંસ કે કૃષ્ણ? ૬. અસ્પષ્ટ છે, ૭. પૂરી કે તૂરી? ૮. સધાવ્યા

દાડમ દાતણ દે'શ[1] રે.
કાનજી ગોકુળમાં સધારિયા[2] સાહેલી રે.
એને શાં શાં નાવણ દે'શ રે,
કાનજી ગોકુળમાં સધારિયા સાહેલી રે.
તાંબા તે કૂંડી જળે ભરી સાહેલી રે,
નાવણ ઉત્તમ દે'શ રે,
કાનજી ગોકુળમાં સધારિયા સાહેલી રે.
એને શાં શાં ભોજન દે'શ રે;
કાનજી ગોકુળમાં સધારિયા સાહેલી રે.
સોના તે થાળી ભોજન ભરી સાહેલી રે.
ભોજન ઉત્તમ દે'શ રે,
કાનજી ગોકુળમાં સધારિયા સાહેલી રે.
એને શાં શાં મુખવાસ દે'શ રે,
કાનજી ગોકુળમાં સધારિયા સાહેલી રે.
લવિંગ, સોપારી ને એલચી સાહેલી રે,
મુખવાસ ઉત્તમ દે'શ રે.
કાનજી ગોકુળમાં સધારિયા સાહેલી રે.
શાં શાં પોઢણ દે'શ રે,
કાનજી ગોકુળમાં સધારિયા સાહેલી રે.
સાગ સીસમના ઢોલિયા સાહેલી રે;
રમત ઉત્તમ દે'શ રે,
કાનજી ગોકુળમાં સધારિયા સાહેલી રે.

★

૧. દઈશ. ૨. પધાર્યા.

## રાતી ગોવાલણ

[ આ ગીત ગરડાના શ્રી. મગનભાઈ છગનભાઈ બારિયા અને શ્રી. મોતીભાઈ છીતાભાઈ બારિયાની મંડળી પાસેથી પ્રાપ્ત થયું છે. ]

રાતી રાતી ગોવાલણ રાતી રે,
ગોપી મહીડાં વેચવા જાતી રે.
ગોપી મહીડાં વેચવા જાતી રે,
સામા મળ્યા છે દેવમોરારી રે.
સામા મળ્યા છે દેવમોરારી રે,
એનાં મહીડાં લીધાં ઉલાળી[1] રે.
એનાં મહીડાં લીધાં ઉલાળી રે,
સોળસેં ગોપીઓ ટોળે મળીયો રે.
સોળસેં ગોપીઓ ટોળે મળીયો રે,
માતા કુંતાને[2] જઈને મળીયો રે.
માતા કુંતાને જઈને મળીયો રે.
માતા કુંતાએ કીધાં અળગાં રે.
માતા કુંતાએ કીધાં અળગાં રે.
જઈ વળગ્યાં કદમની ડાળે રે.
જઈ વળગ્યાં કદમની ડાળે રે.
કદમ ડાળ પડી છે હેઠી રે.
કદમ ડાળ પડી છે હેઠી રે.
એના હૈયેથી હાથ[3] વછૂટી રે.
એના હૈયેથી હાથ વછૂટી રે,
ઝીણા ઝરમર વરસ્યા મેવલા રે.
ઝીણા ઝરમર વરસ્યા મેવલા રે,
એની નદીએ નીર ઘણાં ખલકે રે.

---

૧ હળવેથી ઊંચકી, ૨. જશોદાને બદલે ભૂલથી ગવાતું લાગે છે. ૩. હાર ને બદલે ભૂલથી ગવાતું લાગે છે.

એની નદીએ નીર ઘણાં ખલકે રે,
ધોબી ધૂવે છે કંસના વાઘા રે.
ધોબી ધૂવે છે કંસના વાઘા રે,
ગોવાળિયે નાખી અજારી[1] રે.
ગોવાળિયે નાખી અજારી રે,
એની લૂંટી છે લાલ બજારી રે.

★

## આમંત્રણ

પડવે પહેલતના મહરાજ,
બીજે બોલ્યું નાનું બાળ;
ગોકુળ આવજો ને મહરાજ !
ત્રીજે ત્રણુ ભવનના નાથ,
ચોથે ચતુરાં સરખી નાર;
ગોકુળ આવજો ને મહરાજ !
પાંચમે પગલાં ભરજો પાંચ,
છઠ્ઠે છોગાળા ભગવાન;
ગોકુળ આવજો ને મહરાજ !
સાતમે સાહેલી બાંધે પાળ,
આઠમે અવતરિયા ભગવાન;
ગોકુળ આવજો ને મહરાજ !
નોમે નમીને લાગું પાય,
દશમે દે'રા સરખા દેવ;
ગોકુળ આવજો ને મહરાજ !

---

૧. અજારી = જાળ, પરંતુ એ જાળી હશે, કે અજારી હશે તે સ્પષ્ટ જાણવા મળ્યું નથી.

અગિયારશે એકાદશીનાં વ્રત,
બારશે બહુ બહુ કીધાં છે પુન્ય;
ગોકુળ આવજો ને મહરાજ !
તેરશે ત્રંબાળુ ગાજે,
ચૌદશે બોલી ચતુરાં નાર;
ગોકુળ આવજો ને મહરાજ !
પૂનમે ચંદર ઉઈગો પૂરો,
આખી પૃથવીમેં અજવાળાં;
ગોકુળ આવજો ને મહરાજ !

★

## પંદર તિથિ

પડવે પાતળિયા ગિરધારી કે મારે મો'લે આવજો રે લોલ.
બીજે બાળક બેઠું બાળ કે મેં સમજાવિયું રે લોલ.
ત્રીજે ત્રણે ભુવનના નાથ કે મોતીડે વધાવિયા રે લોલ.
ચોથે બોલી ચંચળ નાર કે મથુરાંની વાટમાં રે લોલ.
પાંચમે પગલાં ભરજો પ્રેમ કે મારે મો'લે આવજો રે લોલ.
છઠ્ઠે છોગાળા ભગવાન કે ભગતને તારજો રે લોલ.
સાતમે શ્રાદ્ધ કરે એક નારી કે ગોકુળ ગામની રે લોલ.
આઠમે અવતરિયા ભગવાન કે ભગતને તારજો રે લોલ.
નોમે નમજ કરે એક નારી કે ગોકુળ ગામની રે લોલ.
દશમે માર્યો મામો કંસ કે મથુરાંની વાટમાં રે લોલ.
એકાદશી પરણી લાવ્યા નાર, કે સતભામા તણી રે લોલ.
બારશે બહુ બળિયા ભગવાન, કે ભગતને તારજો રે લોલ.
તેરશે ધન ધૂએ એક નાર, કે ગોકુળ ગામની રે લોલ.
ચૌદશે ચૌદ ભુવનના નાથ, કે રાસે રમાડિયાં રે લોલ.
પૂનમે પંદર તથો થઈ પૂરી, કે હરિગુણ ગાઈ રહ્યાં રે લોલ.

★

# જસમાના રાસડા

## સંપાદક : શ્રી વસંત જોધાણી

### [૧]

રાજા બેઠો ભરી રે દરબાર, જાચક[1] આવ્યા જાચવા,
સર્વે નારી ભણે રાજા.
રાજા રે જસમાનું રૂપ, એ રે નારી તમ ઘર શોભતી.
રાજાએ મેલ્યા બારીગર[2] બે ચાર, કે જાઓ રે જસમાને તેડવા.
ગાયો ચારતલ ભાઈ રે ગોવાળ! કે કયાં રે વાસો[3] ઓડો તણો ?
ખિર ખિરીચારડી વાડ, કે ઘૂઘરિયાળો ઝાંપલો.
કાગળ દીધો જસમાને હાથ, કે જસમાએ વાંચીને માથું ધૂણિયું.
જસમાએ દીધો સસરાને હાથ, સસરે વાંચીને માથું ધૂણિયું.
'વહુ, તારું રૂપ સુરૂપ, એણે રે રૂપે લાંછન લાગશે.'
'સસરા, તું હઈડે મ હાર્ય, નહિ રે ટળું[4] જસમા ઓડણી.'
જસમાને વારે છે બાપ, 'મ જજે ધીઅડી[5] રે ગઢ માંડવે.'
'ઘેલા બાપા! ઘેલાં શું બોલ, એક વાર જાઉં ગઢ માંડવે.
હારો[6] રે દળાવ્યા જસમાએ ઘઉં, કળશી[7] દળાવ્યો જસમાએ બાજારે.
આવી વિજયાદશમ કેરી રાત; ઓડાએ ઉચાળા[8] ખડકિયા.
જોઈ શરદપૂનમ કેરી રાત, ઓડાએ ઉચાળા પલાણિયા.
ઉતારા કર્યા કાંઈ પાટણ શે'ર, પાદર તંબુ નાખિયા.
રાજાને થઈ રે વધાઈ, રાજાજી સામા આવિયા.
'ઓડાને ઉતારા દેવરાવો, કે જસમાને ઉતારા મેડીએ.'

---

[ * આમાંના કેટલાંક ગીતો શ્રી. હરિનારાયણ આચાર્ય પાસેથી મળ્યાં છે. ]

૧. યાચક ૨. ઘોડેસવાર ૩. વાસ, રહેઠાણ ૪. મટું ૫. દીકરી.
૬. સોળ મણ ૭. વીસ મણ ૮. સરસામાન

'મેડીએ તારી રાણીને બેસાડ, અમે રે ઓડોને ભલાં ઝૂંપડાં.'
'ઓડણીને દાતણિયાં દેવરાવો, જસમાને દાતણ દાડમી.'
'દાતણ તારી રાણીને દેવરાવ, અમો રે ઓડોને ભલી ઝીલડી.'
'ઓડણીને ભોજનિયાં દેવરાવો, જસમાને ભોજન લાડવા.'
'લાડવા તારી રાણીને જમાડ, અમો રે ઓડોને ભલી રાબડી.'
'ઓડણીને મુખવાસિયા દેવરાવો, જસમાને મુખવાસ એલચી.'
'એલચી તારી રાણીને ખવરાવ, અમો રે ઓડોને ભલી મોથડી[૧]
'ઓડણીને પોઢણિયાં દેવરાવો, જસમાને પોઢણ ઢોલિયો.'
'ઢોલિયે તારી રાણીને સુવરાવ, અમે રે ઓડોને ભલી ગોદડી.'
'જસમા ઓડણ, હાલો મારે દુવાર, કહો તો બતાવું મારી રાણીઓ.'
'જેવું તારી રાણીઓનું રૂપ, તેવી રે મારે ઘેર ભોજાઈઓ.'
'જસમા ઓડણ, હાલો મારે ઘેર, કહો તો બતાવું મારા કુંવરો,'
'જેવું તારા કુંવરોનું રૂપ, તેવા રે મારે ઘેર ભત્રીજડા.'
'જસમા ઓડણ, હાલો મારે ઘેર, કહો તો બતાવું મારા હાથીઓ.'
'જેવું તારા હાથીઓનું રૂપ, તેવી રે મારે ઘેર જોટડી[૨] '
'કેવડું ખણાવશો[૩] તળાવ, કેવડી ખણાવશો તલાવડી ? '
'લાખે ખણાવશું તલાવ, અધલાખે ખણાવશું તળાવડી.'
'જસમા, તારો પરણ્યો દેખાડ, કીયો રે જસમા તારો ઘરધણી ?'
'સોનવયો દીસે છે હાથ, રૂપલા વેઢ ઓડા તણા.'
'જસમા માટી થોડેરી ઉપાડ, તારી રે કેડે લિચ્ચક લાગશે.'
'ઘેલા રાજા, ઘેલડું શું બોલ, એહ રે અમારો કસબ થયો.'
સર્વે નારી ભણે રાજા.

★

---

૧. નાગરમોથ. ૨. ભેંસો, ૩. ખોદાવશો.

## [ ૨ ]

રાગ : ફતેહમલ્લ ! ગઈ'તી કાંકરિયે તળાવ, કાંટો વાગ્યો રે પાકા ખેરનો.
( અમદાવાદના મજરોનું કંઠસ્થ લોકગીત )

રાજા પોઢ્યો મંદિર મેડી મોઝાર;
સેજ પોઢ્યાં રાણી રાજાને રીઝવે.
પાછલી પરોઢની રાત, રાણીએ રાજાને જગાડિયો.
ઊઠ રાજા, પોઢંતો જાગ, પાણી વિના પોરા[1] મરે.
ખળ્યો તારો પાટણ દેશ, પાણી વિના પોરા મરે,
રૂડો મારો સોરઠ દેશ, સાવજડાં[2] સેંજળ પીએ.
તેડાવો રેઘમલ ભાણેજ, ઓડોને લખી કાગળ મોકલે;
લીલી ઘોડી પાતળિયો અસવાર, રેઘમલ આવીને ઊતરે.
ઊઠ દાસી, દીવડો અજવાળ, દીવાની હલાસે[3] કાગળ લખવા;
શેની બાઈ, વણું રે દીવેટ, શેનો રે અજવાળું દીવડો ?
નરમાની વણુ રે દીવેટ, ઘીનો અજવાળ ઝમરખ દીવડો.
કેટલા લખું મામાજી, ઓડ, કેટલી લખું મામા ઓડણી ?
અધલાખ લખ ભાણેજ, ઓડ,સવાલાખ લખો ભાણેજ ઓડણી,
કાગળ આલ્યા બારોટાંને હાથ, રે બારોટોએ ભાથા ભીડિયા.
મારગ ખેડ્યો માઝમ રાત, વાગડ જઈ વાસો વસ્યા.
ગાયો ચારંતા ગાયોના ગોવાળ, કીયારે જસમાના ઓરડા ?
હું એ ન જાણું મારા વીર, આઘેરો[4] જઈ ઘર પૂછજે.
હળ રે ખેડંતા ખેડૂઆળ, કીયા રે જસમાના ઓરડા ?
હું એ ન જાણું મારા વીર, આઘેરો જઈ ઘર પૂછજે.
ભાત રે લાવંતી ભથવારી, કીયા રે જસમાના ઓરડા ?
હું એ ન જાણું મારા વીર, આઘેરો જઈ ઘર પૂછજે.

---

૧. ઝીણી જીવાત, ૨. સિંહ, ૩. પ્રકાશે, ૪. થોડે દૂર.

છાણું વેણંતી રે છાણકેર,[1] કિયા રે જસમાના ઓરડા?
હું એ ન જાણું મારા વીર, આઘેરા જઈ ઘર પૂછજો.
પાણી રે ભરંતી પાણિયાર, કિયા રે જસમાના ઓરડા?
હું એ ન જાણું મારા વીર, આઘેરા જઈ ઘર પૂછજો.
ચોરે બેઠેલ ચારણભાટ, કિયા રે જસમાના ઓરડા?
હું એ ન જાણું મારા વીર, આઘેરા જઈ ઘર પૂછજો.
શેરી રમતેલાં નાનાં બાળ, કિયા રે જસમાના ઓરડા?
સોઢે જડી રે પડશાળ, ઘૂઘરિયાળો જસમાનો ઝાંપલો.
બારણે તિજોરીનું ઝાડ, ચોકમાં ઊભો પારસપીપળો,
ઊંચી મેડી અગનાશ,[2] પોપટ ભણતાં પાંજરે.
વળી વેરાણાં રે હીર, મોભારે[3] મોતી જડયાં,
બારસાખે બેઠા ગણેશ, શાખે બેઠી બે પૂતળી.
હેમનો ચૂડલો બાઈને હાથ, સાંગામાંચી એમનાં બેસણાં.
આથમણી વાળી રે પૂંઠ, ઉગમણું એ દાતણ કરે.
કાગદ આવ્યો જસમાને હાથ, જસમાએ આલ્યાં બેસણાં.
બારોટે કર્યાં રે જુહાર, જસમાએ આશિષ સંભળાવિયા.
અક્ષર વાંચ્યા એક ને બેય, જસમાની આંખે આંસુ ઢળ્યાં.
આપેશું કર્યો રે વિચાર, કચેરીએથી જેઠને બોલાવિયા.
ઘેલી જસમા, ઘેલું ન બોલ, એ દેશે આપણુ ન જાઈએ.
એ દેશના કૂડીલા લોક, કૂડીલા લખી કાગદ મોકલે.
આપેશું કર્યો રે વિચાર, ચોરેથી સસરાને બોલાવિયા.
ઘેલી જસમા, ઘેલું ન બોલ, એ દેશે આપણા ન જાઈએ.
એ દેશના ઠગારા લોક, ઠગીને કાગદ લખી મોકલે.
આપેશું કર્યો રે વિચાર, પોઢંતા પિયુને જગાડિયા,

૧. છાણાંવાળી ૨. અંકાશ, આકાશ ૩. મોભે ૪. ચાકર ૫. ગધેડાં.

અધ લાખ સૂંઢાડો ઓડ, સવા લાખ સૂંઢાડો ઓડણી.
મઉ રે ચાલી મેવાડ, પૂછેરું[1] પાટણ રહ્યું.
રાજાને થઈ રે વધાઈ, રાજાજી સામા આવિયા.
ઓડાંને ગોંદરે ઉતાર, જસમાને મહેલ મેડી તણા.
મહોલે તારા કુંવરને બેસાડ, અમારે ઓડાને ભલાં ગોંદરાં.
ઓડાને સાથરા નંખાવ, જસમાને હીંડોળે ખાટલા.
હીંડોળે તારા કુંવરો બેસાડ, અમારે ઓડાને ભલા સાથરા.
ઓડાને ખીચડી નંખાવ, જસમાને કૂર કમોદના.
કૂર તારા કુંવરોને જમાડ, અમારે ઓડાને ભલાં ખીચડાં.
ઓડાને તેલ ચલાવ, જસમાને ઘી ગવરી તણાં.
ઘી તારા કુંવરોને ખવડાવ, અમારે ઓડાને ભલાં તેલડાં.
જસમા, તું મારા મોહેલે આવ, તને દેખાડું મારી રાણીઓ.
તારી રાણીઓ તું જોઈ બેસ, રાણી સરીખી મારે દાસીઓ.
જસમા, તું મારે મોહોલે આવ, તને દેખાડું મારા કુંવરો.
તારા કુંવર તું જોઈ બેસ, કુંવર સરીખા મારે જણ ભાગિયા.
જસમા, તું મારે મોહોલે આવ, તને દેખાડું મારા હાથિયા
તારા હાથી તું જોઈ બેસ, તારા હાથી સરીખા મારે આખલા.
જસમા, તું મારે મોહોલે આવ, તને દેખાડું મારા ઘોડીલા.
તારા ઘોડીલા તું જોઈ બેસ, ઘોડીલા સરીખા મારે ખોલકા.
કઈ પાસ ગોડું રે રાજા, તળાવ, કઈ પાસ ગોડું રે તળાવડી ?
ઉગમણું ગોડ રે તળાવ, આથમણી ગોડ રે તળાવડી.
આછી શી રૂડી આંબલિયાની છાંય, રાજાએ તંબુ તાણિયા.
ઉગમણા વાયરા રે વાય, જસમાના છેડા ફરુકિયા.
જસમા, માટી થોડેરી રે લે, કેડાની લંક વળી જશે.

---

1. પાછળ

ઘેલા રાજા, ઘેલું ન બોલ, કેડોનો લંક લોઢે જડચો.
જસમા, માટી થોડેરી રે લે, પાળે રૂએ તારાં છોકરાં.

પારણું બાંધ્યું આંબલિયાની ડાળ,આવતાં જતાં નાખું હીંચકા.
કિયા તારા દિયર ને જેઠ, કિયો રે જસમા, તારો ઘરધણી ?

સોનાકેરા કોદાળો હાથ, લાલ લૂંજી[1]ની વાળી ગાતડી.[2]
એ એના દિયર ને જેઠ, એ રે રાજા એનો ઘરધણી.

માર્યા જસમાના દિયરને જેઠ, માર્યો જસમાનો ઘરધણી.
અધ લાખ માર્યા રે ઓડ, સવા લાખ મારી રે ઓડણી.

લોહીના વરસ્યા રે વરસાત, તલવારે તાળી પડી.
નાળિયેરના પોઠી મંગાવ, ઓડાંને તે ઉપર બાંધીએ.

દોશીડાનાં હાટ ઉઘડાવ, ઓડોનાં ખાંપણ વહોરીએ.
અગર ચંદન કાઠી મંગાવ, ઓડોને દાગ દેવરાવીએ.

રાજા, ઊંચે રે તું જો, સમળી ફરે સોના તણી.
રાજા ઊંચેરૂં જોવા જાય, જસમા રે ઝંપલાઈ ગયાં.

બળતેરી બોલું શરાપ, ઘણું રે જીવો રાજા વાંઝિયો.
બળતેરી બોલું શરાપ, રૂપે ન સરજીશી[3] ઓડણી.

જસમા તારે રે દરબાર, હું કેમ ન સરજ્યો પાણકો ?
આવા રૂડા જસમા તારા પાગ, પથરો જાણી તું પાની ઘસત.

જસમા, તારે દરબારે હું કેમ ન સરજ્યો ખોલકો ?
આવા રૂડા જસમાના હાથ, કાને સાહી ખીલે બાંધતી.

જસમા, તારે દરબારે હું કેમ ન સરજ્યો સૂડલો[4] ?
આવો રૂડો તારો રે કંઠ, હીરલો કહી બોલાવતી.

---

૧. લુંગી, પછેડી ૨. ભેટ ૩. સરજીશ ૪. સુડો.

[ ૩ ]

સાસુ કહે છે સાંભળો વહુવારુ,
એ મુલકના ધુતારુ છે લોક, કે ધૂતી જશે જસમા ઓડણી.
પાછલી રાત ને પરોઢ, રાણીને સપનું લાધિયું.
ઊઠ દાસી, દીવડો અજવાળ, કાસદ આવ્યા રાજના.
શાની બાઈ, વણું રે દિવેટ, શાને રે અજવાળું ઝમરખ દીવડો ?
ચંપાવરણી વણ્યે રે દિવેટ, ભગરી ભેંસોનાં ઘી ઘણાં.
બાઇળાં બાઇળાં સવા મણ ઘી, સવારે કાગદિયાં ઊકલ્યાં.
કેટલા લખ્યા છે રે ઓડ, કેટલી લખી દાસી, ઓડણી ?
અધ લાખ લખિયા છે ઓડ, બે લાખ લખી છે ઓડણી.
અરે બંકા રાજા, પોઢચો હોય તો જાગ,
ઓડ આવ્યા તળાવ ખોદવા.
આથમણાં ગોદો રે તળાવ, ઉગમણી ગોદો રે તળાવડી.

*

હાં રે જસમા ખોદે ખોદે રે સરોવર સહસ્રલિંગમાં રે.
એ તો માટી લઈને પાળપેં ચઢે રે, સરોવર૦
એનાં કંકુવરણાં પગલાં પડે રે, સરોવર૦
એના છાયા સૂરજમાં ભળે રે, સરોવર૦
હાં રે જસમા, ખોદે ખોદે રે, સરોવર૦
એના પરસેવાનાં મોતીડાં ખરે રે, સરોવર૦
રૂડિયા[1] રૂપાળાને સાથમાં શેં આણ્યો રે, સરોવર૦
રાજા જાણશે તો બાંધશે દાવો રે, સરોવર૦

*

વાયુ વાયુ ઉગમણા વાય, જસમાનો છેડો ખસી ગયો રે;
જોયું રૂપાળી તારું રૂપ, જોયો રે ચતુરાઈભર્યો ચોટલો રે.

૧. જસમાના પતિનું નામ.

જસમા, માટી થોડેરી ઉપાડ, કેડોના લંક લળી જશે રે,
ઘેલા રાજા, ઘેલું ન બોલ, અમારી કેડચું થોઢે જડી રે.
જસમા, તારે જમવા પાંચ પકવાન, રૂડિયાને શું મોઈ[1] રહી રે?
રૂડિયો છે મારો રે ભરથાર, એના સમો બીજો કોઈ નથી રે.
જસમા, તારે જોઈએ હીરનાં ચીર, ઓડાની લોબડીએ શું મોહી રે?
હીરનાં ચીર તારી રાણીને પહેરાવ, અમારે ઓડાને ભલી લોબડી રે.
ઘેલા રાજા ઘેલું ન બોલ, તારે સ્વાધીન થવાની નથી રે,
જસમા, તારો સોરઠ પડતો મેલ, આવી જા પાટણરાજને રે.
બળ્યો તારો પાટણવાડો દેશ, સારંગડાં તરસ્યે મરે રે,
ભલો મારો સોરઠ દેશ, સારંગડાં કલ્લોલ કરે રે.
ઓડાને ઉતારા અપાવ, જસમાને ઉતારા રંગમહેલમાં રે.
મહેલે તારી રાણીને પોઢાડચ, અમારે ઓડાને ભલાં છાપરાં રે.
જસમા, તારે સોનાનો ચૂડીલો, કાચલીને ચૂડે શું મોહી રે?
ફટ ફટ રાજા, શો કીધો કેર? ગરીબ ઓડાને દુભાવિયાં રે.

★

[ ૪ ]

આણી તેડે[2] છે ઓડ, હો રાયજી!
પેલી તેડે છે રાજા, જસમા ઓડણી.
રાજાની વસ્તી થોડી, હો રાયજી!
ઓડાની વસ્તી ઘણી, હો રાયજી!
જસમા જતી નિત માળે, હો રાયજી!
રાજા શિકાર કરવા સંચર્યા રે. જસમા૦

રાજાએ દેખ્યું છે રૂપ, હો રાયજી!
આ તો કૌતક કહેવાય, હો રાયજી!

---

૧. મોહી ૨. બાજુ.

જાણ્યે વીજળીનું રૂપ, હો રાયજી!
જાણ્યે ચંદ્રમાનું તેજ રે. જસમા૦

રાજા કહે સુણ વજીર, હો રાયજી!
પેલું તે શું યે કહેવાય? હો રાયજી!
એ છે ઓડણની જાત, હો રાયજી!
સ્રીનું રૂપ છે વીજળી, હો રાયજી!
એ છે જસમા સતી, હો રાયજી!
રાજા કહે છે વજીર, હો રાયજી!
મારે જોઈએ એ પટરાણી, હો રાયજી!
રાજા મૂર્છા ખાઈને પડ્યો રે. જસમા૦

પ્રધાન કહે છે રાજા, હો રાયજી!
એ રાણી કદી નહિ થાય, હો રાયજી!
ઘેર જઈને કાંઈ કરો, હો રાયજી!
તમારા ભાણેજ બળવાન, હો રાયજી!
એ છે અક્કલના બળવાન, હો રાયજી!
એ રે રાણી આણી આલશે રે. જસમા૦

રાજા ગયો રે ઘેર, હો રાયજી!
રાણી બધી ટોળે મળી રે. જસમા૦

એક રાણી બોલી છે બોલ, હો રાયજી!
રાજાનાં દુખ્યાં માથડાં, હો રાયજી!
રાજા ક્રોધી ત્યાંથી થયા, હો રાયજી!
તમે મૂકો ને બકવાદ, હો રાયજી!
આજે ગયો'તો વન, હો રાયજી!
ત્યાં રે દેખી એક નાર્ય, હો રાયજી!
એ છે વીજલડીનું રૂપ, હો રાયજી!

એની આગળ તમે કાળી, હો રાયજી,
તમે લાવો ને એ રાણી રે. જસમા૦

એક બોલી છે રાણી, હો રાયજી,
પાછલી પરોઢિયાની રાત, હો રાયજી.
રાજા, તું સૂતેલો જાગ, હો રાયજી,
પશુપંખી તરસ્યે મરે, હો રાયજી.
રાજા ઊઠી બેઠો થયો, હો રાયજી,
ઘોળે ઘોડે સવાર, હો રાયજી;
દૂધમલ ભાણેજ તેડાં મોકલ્યાં રે. જસમા૦

ચઢચે ઘોડે ભાણેજ આવ્યો, હો રાયજી,
આજે પડ્યો તમારો ખપ, હો રાયજી.
મારી હઠ પૂરી કરો, હો રાયજી,
તમે લાવો મારે રાણી રે. જસમા૦

ચડચે ઘોડે ભાણેજ ચાલિયા, હો રાયજી,
શાં રે પડ્યાં મામા, રૂડાં કામ, હો રાયજી.
આજે ગયો'તો ભાણેજ વનમાં, હો રાયજી,
ત્યાં રે દેખ્યાં વીજળીનાં રૂપ,' હો રાયજી.
તે રે જોઈએ મારે પટરાણી, હો રાયજી,
એ નહિ થાય પટરાણી રે. જસમા૦

ફાવે કરો કાંઈ ઉપાય, હો રાયજી,
રાજાનું કહેવાય રાજ, હો રાયજી.
ઉગમણું ગોદાવો તળાવ, હો રાયજી,
આથમણી ગોદાવો તળાવડી, હો રાયજી.
ઓડાને તેડાં મોકલો હો રાયજી,
જસમાને તેડી સૌ આવે, હો રાયજી;
સર્વે થેઈ વહેલા આવો, હો રાયજી. જસમા૦

સારું, કહ્યું ભાણેજે, હો રાયજી,
તારી મામીનો વિચાર, હો રાયજી.
તારો બંનેનો મત એક હો રાયજી,
લાવો કાગળ ને ખડિયો હો રાયજી.
કેટલા લખું મામા, ઓડ હો રાયજી,
એક લાખ લખજે ઓડ હો રાયજી.
અધ લાખ લખજે ઓડણી હો રાયજી.
કેટલા લખું મામા ટોપલા, હો રાયજી.
એક લાખ લખજે ટોપલા, હો રાયજી.
અધ લાખ લખજે છાલકાં હો રાયજી.
કેટલા લખું મામા, પાવડા હો રાયજી,
કેટલા લખું મામા, ચાંચવા હો રાયજી.
એક લાખ લખજે પાવડા હો રાયજી.
અધ લાખ લખજે ચાંચવા હો રાયજી.
કેટલા લખું મામા પોઠિયા હો રાયજી,
કેટલાં લખું મામા છાલકાં હો રાયજી.
એક લાખ લખજે પોઠો હો રાયજી,
અધ લાખ લખજે છાલકાં હો રાયજી.
કાગળ આપ્યો બારોટોને હાથ હો રાયજી,
પૂછીને ઘર શોધી કાઢશે રે. જસમા૦

ગાયો ચારંતા ગોવાળ હો રાયજી,
કિયા જસમાના મહેલ હો રાયજી.
હું એ ન જાણું બારોટ હો રાયજી,
આઘેરેક જઈ મહોલ પૂછજો હો રાયજી.

પાણી ભરંતી પાણિયારી હો રાયજી,
કિયા જસમાના મહેલ હો રાયજી.

હું એ ન જાણું બારોટ હો રાયજી,
આઘેરેક જઈ મહેલ પૂછજો રે. જસમા૦

રેંટિયો કાંતતી ડોશીઓ હો રાયજી,
કિયા જસમાના મહેલ ? હો રાયજી.
ઊંચી મેડી છે અગાશીઓ હો રાયજી,
બારણે ચાંદીનાં કમાડ હો રાયજી.
ઘરમાં હીંડોળાખાટ છે રે. જસમા૦

બારણે બેઠા હશે સસરા હો રાયજી,
મેડીએ હશે એમના જેઠ હો રાયજી.
પરસાળે હશે એમનાં સાસુ હો રાયજી,
દેરાણી નણદી સાથે હશે હો રાયજી.
સોનાની સળીએ દાતણ કરે હો રાયજી,
દૂધડે પખાળે એનાં મુખ હો રાયજી;
જસમા કરતાં હશે બધું ઘરકામ રે. જસમા૦

કાગળ આપ્યો સસરાને હાથ હો રાયજી,
સસરા વાંચે ને આંસુ ઢળે હો રાયજી.
આજે ના જશો કોઈ માળ હો રાયજી,
કાગળ આપ્યા જેઠને હાથ હો રાયજી;
કાગળ વાંચે ને આંસુ ઢળે રે. જસમા૦

આજે જશો ના માળ હો રાયજી,
કાગળ આપ્યા દિયરને હાથ હો રાયજી;
કાગળ વાંચે ને આંસુ ઢળે રે. જસમા૦

આજે ના જશો ભાભી, માળ હો રાયજી,
મારવાડનો રાજા કજાત હો રાયજી;
અમને મારીને તમને રાખશે રે. જસમા૦

કાગળ આલ્યા સ્વામીને હાથ હો રાયજી,
કાગળ વાંચે ને આંસુ ઢળે રે. જસમા૦

આજે ના જશો ગોરી, માળ હો રાયજી,
મારવાડનો રાજા કજાત હો રાયજી;
અમને મારીને તમને રાખશે રે. જસમા૦

રાજા જેસિંગને જઈ મળું રે હો રાયજી,
કહ્યું માનો જે ગોરી આજ, હો રાયજી.

રાજાની બુદ્ધિ થોડી હો રાયજી.
રાજાને જીતી પાછી વળું રે. જસમા૦

લીધું છે લાવલશ્કર હો રાયજી,
જસમા ચાલ્યાં તેણી વાર હો રાયજી.
કયાં રે ગયો રાજા પાપિયો ? હો રાયજી,
મારું બધું માણુસ તપે હો રાયજી;
બધું માણુસ ભૂખે મરે રે. જસમા૦

રાજા તું સુખથી બોલ હો રાયજી,
મારાં ઓડાંને કામ દેખાડ હો રાયજી.
ઉગમણું ગોદો તળાવ હો રાયજી,
આથમણી ગોદો રે તળાવડી રે. જસમા૦

ઓડોને આપો ખીચડું હો રાયજી,
ઓડણને આપો ઘઉં રે. જસમા૦

ઓડોને આપો તેલ હો રાયજી,
જસમાને આપો ઘી રે. જસમા૦

રાજા ફરતો ફરતો જાય હો રાયજી,
જસમા, તું હળવી હળવી ગોદ હો રાયજી;
કૂણી આંગળીઓ લચી પડે રે. જસમા૦

રાજા, તું સંભાળી બોલ હો રાયજી,
સાંભળે મારા દિયર ને જેઠ હો રાયજી;
કૂડકપટ કેમ બોલિયો રે. જસમા૦

જસમા, તું મારે મહેલ આવ હો રાયજી,
તને દેખાડું મારા હાથિયા રે. જસમા૦

તારા હાથીમાં શું દેખવું ? હો રાયજી,
તેથી મોટાં મારાં ખોલકાં રે. જસમા૦

જસમા તું મારે મહેલ આવ હો રાયજી,
તને દેખાડું મારા ઘોડલા રે. જસમા૦

તારા ઘોડામાં શું દેખવું ? હો રાયજી,
એથી મોટા મારા કૂતરા રે. જસમા૦

જસમા, તું મારા મહેલ આવ હો રાયજી,
તને દેખાડું મારા કુંવરો હો રાયજી.
તારા કુંવરમાં શું દેખવું ? હો રાયજી,
એથી મોટા મારા ઓડ રે. જસમા૦

જસમા, તું મારે મહેલ આવ હો રાયજી,
તને દેખાડું મારી રાણીઓ રે.
તારી રાણીઓમાં શું દેખવું ? હો રાયજી,
તેથી મોટી મારી ઓડણો હો રાયજી. જસમા૦

જસમા, તું મારે મહેલ આવ હો રાયજી,
તને તે વન ના જોઈએ હો રાયજી.
તારા મહેલમાં શું દેખવું ? હો રાયજી,
તેથી મોટી મારી ઝૂંપડી રે. જસમા૦

મહેનત કરશે બીજી ઓડણો રે રાયજી,
તારે જોઈએ પલંગ હો રાયજી;
તારે માથે નથી મહેનત હો રાયજી. જસમા૦

રાજા, તું સંભાળી બોલ હો રાયજી,
મારી છે ઓડણની જાત હો રાયજી;
મહેનત કરી પેટ ભરીએ હો રાયજી,
બેઠે દહાડો ના જાય હો રાયજી;
પારકા જીવનો હિંસક હો રાયજી,
રાજા કપટથી ના બોલ રે. જસમા૦

જસમા કરો ને કંસાર હો રાયજી,
તારા કંસારમાં શું ખાવું? હો રાયજી;
તેથી ગળી મારી ઘેંસ રે. જસમા૦

એક લાખ માર્યા છે ઓડ હો રાયજી,
અધ લાખ મારી છે ઓડણી રે. જસમા૦

જસમા તું મારે મહેલ ચાલ હો રાયજી,
રાજા, તું પાપી ના બોલ હો રાયજી.
રાજાનું શું હોય કામ? હો રાયજી,
બધી રૈયતને પાળવી હો રાયજી;
બધી રૈયતને તેં મારી રે. જસમા૦

જસમા, તું મારે મહેલે ચાલ હો રાયજી,
શા રે કારણથી પૂજું? હો રાયજી.
રાજા, ભ્રષ્ટ બુદ્ધિના બોલ હો રાયજી,
અધ લાખ મારી મારી ઓડણી હો રાયજી,
ક્યારે પાપી તું છૂટીશ રે? જસમા૦

જસમા, તું મહેલ આવ હો રાયજી,
છેલા છે રાજા જુહાર, હો રાયજી.
એક વાર સાંભળી લે વાત હો રાયજી,
ચંદનસુખડની ચેહ ખડકાવ હો રાયજી,

બધા ઓડોને સીંકાળ[1] હો રાયજી.
બધી ઓડણી સીંકાળ હો રાયજી;
બધાં મડદાં બાળી મેલ રે. જસમા૦

જસમા, તું મારે મહેલ આવ હો રાયજી,
રાજા તું સાંભળ મારી વાત હો રાયજી,
ઊંચું ભાળીને જોને હો રાયજી.
પશુ પંખી બળી મરે રે. જસમા૦

જીવ બચાવ પશુનો હો રાયજી;
ઊંચું ભાળીને જુએ રાજા હો રાયજી,
જસમાએ ચેહમાં પડતાં નાખિયાં રે... જસમા૦

રાજા, શું તું જોઈ રહ્યો ? હો રાયજી,
નાખ ને ચેહમાં પડતાં હો રાયજી.
ત્યારે તને કહું રાજા, હો રાયજી;
રાજા દઉં શાપ હો રાયજી,
માની કુખને શાપ રે ... ... જસમા૦

કોઈ ના થશો રૂપ હો રાયજી,
માથે ના લેશો બથ્થા[2] હો રાયજી;
માથે ન ઘાલશો ધૂપેલ હો રાયજી,
કપાળે ચાંદલો ના કરશો હો રાયજી;
રાતો ચૂડલો ના પહેરશો હો રાયજી,
ઓડણુ હજો કદરૂપી રે ... ... જસમા૦

---

૧. સંકોરીને બાળવું ૨. અંબોડો.

ઓડણો આજ રીતે ધૂપેલ નથી નાખતી, ચાંદલો નથી કરતી અંબોડો નથી વાળતી, ને રાતા ચૂડા નથી પહેરતી.

જસમાએ અગ્નિ પ્રકટાવિયો હો રાયજી,
જમણે અંગૂઠે પકટાવી ઝાળ હો રાયજી;
જસમા પોતે બળી મૂઆં રે...... જસમા૦

રાજા ગયો ફીકે મોઢે હો રાયજી,
રાજા કહે છે ભાણેજ ! હો રાયજી;
તારો ખરી પડ્યો બોલ હો રાયજી,
મેં ના જિતાઈ જસમા હો રાયજી;
જજવેલ ભાણેજ થયા આંધળા રે. જસમા૦

★

( ૫ )

ગાજે પાટણ પુરમાં ગરવી ગુર્જરનો ધણી રે,
સાચો સબળો પેલો સોલંકી સિદ્ધરાજ,
જેની કીર્તિ વ્યાપી રહી છે જગમાં ઘણી રે.

તેણે લોકો કાજે વાવકૂવા ગળાવિયા રે,
મોટી માનસરોવર, દેવળ, ધામ વિશાળ,
પોષી સર્વ પ્રજાને, શત્રુ સર્વ નમાવિયા રે.

તેણે પાટણ પાસે સરોવર આદર્યું રે,
ખોદે ખાડા ત્યાં તો માળવી ઓડ અનેક,
નાખે ઓડણો મટોડું માથે વહી પરું રે.

પાળે વડની ડાળે ઝૂલે બાળક પારણે રે,
માટી વહેતાં જસમા ઝુલાવે નિજ બાળ,
વળતાં મુખડું પેખી જાય કુંવરને વારણે રે.

સાદે વેશે ફરતા રાજાએ પેખી પરી રે,
જાતે રૂપાળી રંગીલી પરમ ચતુર,
પાસે જઈને રાજા કહે છે સુણ તું સુંદરી રે.

માટી વહેવાને આ કોમળ કાયા કરી નથી રે,
પાળે બેસીને તું રીઝવ તારું બાળ,
બીજી ઓડણો છો કામ કરે તારી વતી રે.

જસમા કહે છે : ‘રાજા કાય કસી ખાવું ગમે રે,
મુજને બેસી રહેતાં બાધે અંગે રોગ,
મારા નવરા દહાડા બેઠે નવ નીઠે[1] કદી રે.’

જસમા જંગલમાં વસવાને તું સરજી નથી રે,
મારા નગર તણી તું આવીને જો નોક,
પાટણ પુરની શોભા તુજને હું શું કહું કથી રે.’

‘નગરે અંધારી શેરી ને ઊંચી મેડીઓ રે,
તેમાં માણુસ આડચે ચાલ્યાનો નહિ માગ,
જાણે ઉનાળે ઊભરાતી દેખું કીડીઓ રે.’

★

( ૬ )

જસમા, માણુસ બહુ પેખીને શું ઘેલી બને રે,
તારા હલકા મનમાં ઊઠે હલકા ઘાટ,
ન કળે ખાખરની ખિસકોલી સાકર સ્વાદનો રે.

રાજા મેલાં મન માણુસનાં, મેલાં શહેરમાં રે,
મેલી ગલીઓમાં બહુ મારે છે દુર્ગંધ
મેલા ઝેર તણા જીવો છો જીવે ઝેરમાં રે.

જસમા, રાજાના દરબારો તેં દીઠા નથી રે,
તેમાં બાગબગીચે ખીલે ફૂલ ગુલાબ
જળના હોજ ફુવારા ઊડે, આવી જોશથી રે.

---

૧. નેઠાવું=પૂરા થવું.

રાજા, બાગબગીચા જંગલ આગળ ધૂળ છે રે,
જેવો સૂરજ આગળ તારાનો ચળકાટ,
મારા જંગલની મોજો તો મોંઘા મૂલની રે.

જસમા, જંગલની વાતો તું આજ વિસારજે રે,
મીઠાં નરઘાં ને સારંગી કેરા સૂર,
ગાયન સુણવાને માટે તું શહેર પધારજે રે.

રાજા, નવ રીઝું નરઘાં સારંગી સૂરથી રે,
મેના મોર બપૈયા ટેવ્યા છે મુજ કાન,
વાતો કોયલના ટૌકાની તો કહેતી નથી રે.

ઓડણુ, આવો તો ઉતારું મેડી માળિયે રે,
રહેજો મિત્ર સહોદર સર્વ સંબંધી સાથ,
તમને પ્રિય જનો માનીને નિશદિન પાળીએ રે.

મારે ઓડણુને ઊતરવા જોઈ એ ઝૂંપડી રે,
મેડી માળે મુજને ચડતાં આવે ફેર,
પડતાં પગ ભાંગે કે કાયા થાયે કૂબડી રે.

ઓડણુ આવો તો પિરસાવું મેવા ચૂરમાં રે,
ઝૂલે હાથી ઘોડા ગુર્જરપત્તિને દ્વાર,
તેને પેખીને હરખાશો ઓડણુ ઉરમાં રે.

મારે ઓડણુને તો જોઈ એ વાળું ઘેંશનાં રે,
રાજા, શું છે મારે હય હાથીનું કામ?
દહીં ને દૂધ મઝેનાં મારે ભગરી ભેંસનાં રે.

ઓડણુ, માગી લ્યો ને આછા સાળુ ઓઢણાં રે,
હીરા, માણુક, મોતી, સોનાના શણુગાર;
આવી કાંચનવરણી કાયા પર શોભે ઘણાં રે.

છાયલ ટકશે, આછા સાળુ તો ફાટી જશે રે,
નાખું ઘાસ ચણોઠી ગાંઠી કંઠે હાર;
પહેરું ફૂલ તણી માળા તો પરણ્યો રીઝશે રે.

જસમા, કહે મુજને તું, કેવો છે તારો પતિ રે,
તારા જેવી સમજુ નારી જેને ઘેર;
એના જેવો સુખિયો જગમાં બીજો નથી રે.

પેલો કેડ કસીને કામ કરે મારો પતિ રે,
જેના મોળિડામાં બહેકે છે બહુ ફૂલ;
એના કોદાળાના ઘાથી ધરતી ધ્રૂજતી રે.

એ ને કામ કરતાં ન્યાળે એ તારા ભણી રે,
એના મનમાં તારો પૂરો નહિ વિશ્વાસ;
તારી બૂજ ન જાણે જસમા, એ તારો ધણી રે.

રાજા, સાચાને ભે લેશ નથી સંસારમાં રે,
મારા વરને મારો સંપૂરણ વિશ્વાસ;
હું તો અન્ય જનોને ભાઈ ગણી રહું ભારમાં રે.

જસમા, રાજાને રાણાને હું તાબે કરું રે,
મોટા મહારથી નવ આપે સામો બોલ;
તારા આગળ હું નવ અમલ ચલાવા આદરું રે.

રાજા, કાયા ને માયા પર બળ નૃપનું વસ્યું રે,
પ્રભુએ જીવ ધર્યો છે જુદો કાયા માંહ્ય;
ભારે ભૂપ તણું પણ તે પર નવ ચાલે કશું રે.

જસમા, દઢતા તારી દેખી વિસ્મય થાય છે રે,
આવાં દંપતીને પણ આખર હોય વિયોગ;
મિથ્યા આ જગનાં સુખ માટે મન મૂંઝાય છે રે.

રાજા, કોઈ ન જાણે કાલે મારું શું થશે રે,
એવી અલ્પ જિંદગી માણે સૌ આ લોક;
રૂડી રહેણી સુખ પરલોકે પૂર જ આપશે રે.

જસમા, પહેલું કે આ બીજું પરણેત તાહરું રે?
ઓડણ, કેવો તારો સ્વામી પ્રત્યે પ્રેમ?
મારા મહેલ તણું સુખ ઝૂંપડીએ આવી ઠર્યું રે.

રાજા, આ લોકે, પરલોકે મારે એ પતિ રે,
પ્રીતે પરણ્યા માટે છોડું મારા પ્રાણ;
એના શત્રુનું હું સુખ કદી જોતી નથી રે.

એવું કહીને જસમા ટોપલી લઈ પાછી ફરી રે,
રાયે લીધો વળતી પાટણ કેરો પંથ;
થઈ છે જસમાના પતિવ્રતની ખાતરી રે.

( નં. (૫) અને (૬) સળંગ રાસડો છે. તે સુધારીને વાંચવું. )

*

# સધરા–જેસંગના રાસડા

## સંપાદિકા : સૌ. કંચન વાડીલાલ જોધાણી

### [૧]

દેરાણી જેઠાણીએ વાદે તુંબડી વાવી જો,
જેઠાણીનો તુંબડવેલો વાંઝિયો હો જી.
દેરાણીએ તુંબડીને દહીંએ દૂધે સીંચી જો,
જેઠાણીનો તુંબડવેલો વાંઝિયો હો જી.

દેરાણીની તુંબડીને નવસેં નૈયાં બેઠાં જો,
જેઠાણીનો તુંબડવેલો વાંઝિયો હો જી.
હું તમને પૂછું ઘેલા રે જેસંગજી,
વાંઝિયાનો માલ ક્યાં જઈ વાપર્યો હો જી.

ધોળકે જઈને રાયે મલાવ ગળાવ્યું જો,
ત્રણસેં ને સાઠ મેલ્યાં પગથિયાં હો જી;
પગથિયે પગથિયે પૂતળીઓ મેલાવી જો,
તોયે ન પેટ પુતર અવતર્યા હો જી.

વીરમગામ જઈને રાયે મુનસર ગળાવ્યું જો,
નવસેં નવાણું મેલ્યાં પગથિયાં હો જી;
પગથિયે પગથિયે દીવડિયા અજવાળ્યા જો,
તોય ન પેટ પુતર અવતર્યા હો જી.

અણહિલપુર મધ્યે રાયે સહસ્રલિંગ ગળાવ્યું જો,
કીધી ફરતી દેરીઓ હજારો જી;
દેરીએ દેરીએ ઘંટડીઓ બંધાવી જો,
તોય ન પેટે પુતર અવતર્યા હો જી.

સિદ્ધપુર જઈને રાયે રુદ્દરમાળ સમરાવ્યો જો,
કાંઈ કાંઈ બ્રાહ્મણોને સંતોખ્યા જી;
માળે માળે અખંડિત અજવાળાં જો,
તોય ન પેટે પુતર અવતર્યા હો જી.

ભોળાદ ગામે રાયે દાણ બંધ કીધાં જો,
તીરથવાસીના સુખ માટે જી;
ઠામોઠામ કંઈ કંઈ નવાણો ગળાવ્યાં જો,
તોય ન પેટે પુતર અવતર્યાં હો જી.

રાજા વિમાસે ઘણું મનડાની માંહે જો,
આવાંયે પુણ્યે કાંઈ પુતર નાંહિ જી;
પુણ્ય ને દાન સરવે કરીને થાક્યો જો,
તોયે ન પેટે પુતર અવતર્યાં હો જી.

લોક સહુ કે' છે, એને એ જ ખોટ શાથી જો?
પાપ કરવામાં નહિ બાકી જી;
રા'ના બે બાળકોને જીવતા વધેર્યા જો,
નીચ સવારથને કાજે જી.

જસમા ઓડણનો કંથ એણે માર્યો જો,
વળી કંઈક ઓડોને ધૂળે રોળ્યા જો;
અંધ વિષયમાં એ લપટાયો જો,
એના તે શાપ પૂરણ પુગ્યા જો.

[ આ ગીત જેવું જ, પણ જુદી રીતે ગવાતું અને લાંબું ગીત નીચે મુજબ મળ્યું છે. ]

[ ૨ ]

સધરા તે જેસંગને પૂછે એની રાણી જો,
વાંઝિયાના માલ કયાં કયાં વાપર્યા હો જી!

સિધપુર જઈ ને રાણે રુદરમાળ બંધાવ્યા જો,
તોયે નો પેટ પુતર અવતર્યા હો જી. સધરા૦

ધોળકે જઈ ને રાણે મલાવ ગળાવ્યાં જો,
ત્રણુસેં ને સાઠ બાંધ્યાં પાવડાં હો જી;
પાવઠડે પાવઠડે પૂતળિયું મેલાવી જો,
તોયે નો પેટ પુતર અવતર્યા હોજી. સધરા૦

વીરુ ગામ જઈને રાણે મુનસર ગળાવ્યાં જો,
દેરિયું મેલાવી ત્રણુસેં સાઠ રે હો જી.
દેરડીએ દેરડીએ ટોકરિયું બંધાવી જો;
તોયે નો પેટ પુતર અવતર્યા હો જી. સધરા૦

સીથે[1] તે જઈ ને રાણે ચંદરાસર ગળાવ્યાં જો,
ત્રણુસેં ને સાઠ મેલ્યાં પાવઠાં હોજી;
પાવઠડે પાવઠડે પરગટિયા છે દીવા જો,
તોયે નો પેટ પુતર અવતર્યા હો જી. સધરા૦

વઢવાણુ જઈને રાણે માધાવાવ ગળાવી જો,
ત્રણુસેં ને સાઠ મેલ્યાં પગથિયાં હો જી,
પગથિયે પગથિયે પરગટિયા છે દીવા જો,
તોયે નો પેટ પુતર અવતર્યા હો જી. સધરા૦

શિહોર જઈને રાણે બ્રહ્મકુંડ ગળાવ્યા જો;
ત્રણુસેં ને સાઠ મેલ્યાં પગથિયાં હો જી,
પગથિયે પગથિયે પરગટિયા છે દીવા જો,
તોયે નો પેટ પુતર અવતર્યા હો જી. સધરા૦

દીકરો દીકરો કરતાં દીકરી નો આવી જો;
જાઈને ઘડાવત સોના સાંકળાં હો જી.

---

૧. ધ્રાંગધ્રાના તાબાનું ગામ

દીકરો દીકરો કરતાં દીકરી નો આવી જો.
સોરઠનો સૂબો આવત પરણવા હો જી,

[ કેટલેક સ્થળે ઉપર મુજબ ગવાય છે અને કેટલેક સ્થળે નીચેની લાઈનો ગીત ઉમેરીને જોડવામાં આવે છે. ]

સાસુના હાથની સુવાવડ નો ખાધી જો,
માયે ન મેલ્યા મોદક લાડવા હો જી.
સસરાને આંગણે ઢોલ ન વાગ્યા જો,
મૈયર ન મેલી કંકોતરી હો જી.

પિયુડા[1] પેરી પગલાં ન ભરિયાં જો;
નણંદે ન બાંધી સોના રાખડી હો જી.
પાછલી પછીતે ઢોલિયા ન ઢાળ્યા જો;
માયે નો કર્યાં ઓશીકડાં હો જી.

સુવા ને સૂંઠ તો નજરે ન દીઠી જો;
તીખાં તે સેવતાં ભવ ગયો હો જી,
ઝીણે ઝીણે સાદડિયે હાલરડાં ન ગાયાં જો,
હરખે નો નાખ્યો એક હીંચકો હો જી.

મોંઘાં તે થઈને મૈયર નો માણ્યું જો,
વીરોજી ન આવ્યા આણે હો જી.
પીંજણિયે પગ મૂકી વેલ્યમાં ન બેઠાં જો;
ઠાઠે ન બાંધ્યાં રંગિત ઘોડિયાં હો જી.

એવું તો સુખ માડી નજરે ન દીઠું જો,
દુઃખ ને દાડે ડૂલી ગયાં હો જી.

✱

1. પ્રેમાળ પતિ

## [ ૩ ]

## ઉત્તર ગુજરાતનું લોકગીત

પાટણ શેરથી[૧] પટોળાં મંગાવો,
પેરીને[૨] માણવું મોજ રે,
હેલી[૩] એ ગુજર[૪]ના માંડવે.

શવરાતે[૫] ચીરખી[૬] મળી સરવે[૭] સાહેલી,
અમે ના'તાં[૮] કુંવારકાનાં[૯] નીર રે;
હેલી એ ગુજરના માંડવે.

રુદરમાળ[૧૦] રૂડા હેંડોળા[૧૧] ખંધાવો,
હેંકુ[૧૨] હોળંગી[૧૩] સધીરાજે[૧૪] રે;
હેલી એ ગુજરના માંડવે.

માતા મેંનળદેનો[૧૫] વીર વડકાળો,
રઢિયાળો રાજકુંવેર[૧૬] રે.

★

---

૧ શહેરથી, ૨ પહેરીને, ૩ અલી એ, ૪ ગુર્જર, ૫ શિવરાત્રી, ૬ સરખી, ૭ સર્વે, ૮ નહાતાં, ૯ સરસ્વતી નદીનું નામ, ૧૦ રુદ્રમાળ, ૧૧ હીંડોળા, ૧૨ હીંચે, ૧૩ સોલંકી, ૧૪ સિદ્ધરાજ, ૧૫ મીનળદેવી, ૧૬ કુંવર.

# આપણાં લોકગીતો

## સંપાદક : શ્રી. વસંત જોધાણી

### કામણ

દેરાણી જેઠાણી, આપણ વાદડિયાંમાં વદીએ જો,
વાદડિયાંમાં વદીએ, આપણ પાટણ જઈએ જો;
પાટણને પૂજારે અમને બ્હેન કહી બોલાવ્યાં જો,
બાઈ રે પડોશણ બેન, કર સુખદુઃખની વાતો જો.

પાટણના પૂજારા વીરા, કામણ કરીને દેજો જો,
બેસ બાઈ, બોલ બેન, કર સુખદુઃખની વાતો જો;
સરપને સાવરણે સાસુ વાસીદાં વળાવે જો,
ખડની એંઢાણીએ પરણ્યો પાણીડાં ભરાવે જો.

નાગને નેતરડે નણદી વલોણાં વલોવાવે જો,
અડધી તે રાતે જેઠાણી, દળણાં દળાવે જો;
લે રૂપિયા અઢી, ને કામણ કરજે મઢી,
લે રૂપિયા સો ને સાઠ, કામણ કરજે લોઢે લાઠ.

અવળી સવળી ઘંટીએ, અડદડા દળાવ્યા જો,
અડદડા દળાવી, એનાં પાંચ પૂતળાં કરિયાં જો;
પાંચ પૂતળાં કરિયાં, એને ઉંબરા વચ્ચે દાટ્યાં જો,
પાટણના પૂજારે એને, એવાં કામણ દીધાં જો.

આજ રે બોરાંદે, મારું અડધું અંગ રૈયું જો,
ખમ્મા મારા મોહનજી, ખમ્મા મારા ત્રિકમજી;
કામણડાંની વાતો એમાં કશાયમાં હું ન જાણું જો,
કામણડાં જે કરશે એની માવલડી તો મરજો જો.

આમાંથી ઊગરું તો તને કાંબી કડલાં ઘડાવું જો,
કામણના કરનારાને તોડો હું ઘડાવું જો;
એમાંથી ઊગરું તો ગોરીને ચીર સાડી ખીલું જો,
કામણના કરનારાને હું ચકમા[૧] ઓઢાડું જો.

★

## રંગ ડોલરિયો

આવું આવું રૂડું અજવાળિયું,
માતાજી રમવા મેલો ને; રંગ ડોલરિયો.
અમે રમી કરીને ઘેર આવ્યાં,
માતાજી જમવા દ્યો રે; રંગ ડોલરિયો.
મારી માતાએ પીરસી લાપસી,
માંહી ખોબલે પીરસી ખાંડ રે; રંગ ડોલરિયો.
અમે જમી કરીને ઊઠિયાં,
મારી માતા મુખવાસ દ્યો રે; રંગ ડોલરિયો.
મારી માતાએ આપી એલચી,
ઉપર પાનનાં બીડાં હોય રે; રંગ ડોલરિયો.
અમે મુખવાસ કરીને ઊઠિયાં,
મારી માતા પોઢણુ દ્યો રે; રંગ ડોલરિયો.
મારી માતાએ ઢાળ્યા ઢોલિયા,
ઓસીકે નાગરવેલ રે; રંગ ડોલરિયો.
અમે ઊંઘી કરીને ઊઠિયાં,
મારી માતા માથાં ગૂંથજો રે; રંગ ડોલરિયો.
મારી માતાએ માથાં ગૂંથિયાં,
માંહી ચંપા મેલ્યા ચાર રે; રંગ ડોલરિયો.
એની માતા તે કોને વીસરે,
એમના મીઠા મીઠા બોલ રે; રંગ ડોલરિયો.

---

૧. રેશમી પછેડી.

આવું આવું ભૂંડું અંધારિયું,
સાસુજી રમવા મેલો રે; રંગ ડોલરિયો.
અમે રમી કરીને ઘેર આવિયાં,
સાસુજી જમવા દો રે; રંગ ડોલરિયો.
મારી સાસુજીએ રાંધ્યું બાજરિયું,
માંહી તેલનાં ટીપાં ત્રણ રે; રંગ ડોલરિયો.
બાઈજી બળ્યું તમારું બાજરિયું,
તારા તેલમાં ટાંડી મેલ રે; રંગ ડોલરિયો.
અમે જમી કરીને ઊઠિયાં,
સાસુજી મુખવાસ દો રે; રંગ ડોલરિયો.
મારી સાસુજીએ આપ્યા મરડિયા,
ઉપર ડોડીનાં પાન રે; રંગ ડોલરિયો.
અમે મુખવાસ કરીને ઊઠિયાં,
મારી બાઈજી પોઢણ દો રે; રંગ ડોલરિયો.
મારી સાસુએ ઢાળી ખાટલી,
ઓસીકે કાળુડો નાગ રે; રંગ ડોલરિયો.
અમે ઊંઘી કરીને ઊઠિયાં,
મારી બાઈજી માથાં ગૂંથો રે; રંગ ડોલરિયો.
મારી સાસુએ માથાં ગૂંથિયાં,
તેણે ટલ્લા[1] મેલ્યા ત્રણ રે; રંગ ડોલરિયો.
સાસુ તે કોને સાંભરે,
કાંઈ કડવા કડવા બોલ રે; રંગ ડોલરિયો.

★

## મળવા આવ્ય

[પૈસાપાત્ર માવતરની દીકરીને ગરીબ ઘરે પરણાવી છે. દર વર્ષે મા પોતાની દીકરીને મળવા જાય ત્યારે તેને જોઈતી ચીજ-

---

૧. ધક્કા. કેટલેક સ્થળે 'ટોલા' મેલ્યા ગવાય છે. ટોલા = જૂ. સરખાવો : 'રઢિયાળી રાત' ભા. ૩ જો, પૃ. ૫૫-૫૬.

વસ્તુઓ આપતી આવે છે. દર વરસે આ રીતે લઈને જીવવાનું દીકરીને ગમતું નથી. તેને થાય છે કે આવી રીતે ઓશિયાળા જીવવું તેના કરતાં મરવું ભલું. તેથી માને કહેવડાવે છે કે: ]

મા રે મા! તું મને મળવા આવ્ય,
કાળી અતલસનું કાપડું લાવ્ય[૧].
કાપડું તો માડી[૨], ફાટી ફાટી જાય,
ગાડું ભરીને ધાન[૩] લાવ્ય.
ધાન તો માડી, ચવાઈ જાય,
તાંબાપિત્તળની હેલો લાવ્ય.
હેલ તો માડી, ભાંગીફૂટી જાય,
પાંચ રૂપિયા રોકડા લાવ્ય.
રૂપિયા તો માડી વવરાઈ[૪] જાય,
ડાબલી ભરીને અમલ[૫] લાવ્ય.
ઝટ ઘોળું ને ઝટ ઘૂંટડા ભરું;
ને આ જલમ[૬]નો છૂટકો કરું.

★

## ભણતી છું

ભણતી છું એ કાનજી કાળા!
માવા મીઠી મોરલીવાળા!
પાંચસેં રે મને પોઢિયા દેજે,
ને પાંચશે ગુણારા;

---

૧. કેટલેક ઠેકાણે
"પાંચ ફૂલનું કાપડું લાવ્ય.
અથવા
"પાંચ પટ્ટાનો ઘાઘરો લાવ્ય." એમ ગવાય છે.

૨. મા, ૩. અનાજ, ૪. વપરાઈ, ૫. અફીણ, ૬. જીવતર.

લાંબી બાંહ્યે ચારણુ દેજે,
ગાયુંના ગોવાળા; ભણુતી૦
પાંચ પાંચ મને પુતર દેજે,
ને પાંચેય છોગાળા,
છઠ્ઠી મને એક ધીડી દેજે,
આણેલાં ઘોડાળા; ભણુતી૦
ઉગમણે બાર ઓરડા દેજે,
ને છએ ચુનારા !
એકલરંગી પાડોશણુ દેજે,
ગીતના ઝાકોળા; ભણુતી૦
ડાળિયું ને વળી કુંજિયું દેજે,
ગાયુનાં ટોળાં;
વાંકણે નેન વહુવારુ દેજે,
ઘૂમરડે ગોળા; ભણુતી૦
ડેલિયુંએ મને ડાયરા દેજે,
ને અફીણુના ગોળા;
મહેમાનુંની મને મોકળાશું દેજે,
પીનારા ભોળા; ભણુતી૦
ગોમતી કાંઠે ગામ અમારું,
ને બરડો અમારો દેશ;
ચારણ્ય પુનાંદે એમ ભણે જે;
રાખ લીલુડો નેસ; ભણુતી છું૦

★

## અબોલડા ભંગાવો

અબોલડા ભંગાવો રે,
બાર બાર વર્ષના અબોલડા રે !
ચોરે બેઠા એ સસરાજી,
અબોલડા ભંગાવો રે !

શેર સવાશેરની ખીચડી રે રાંધજો;
અચ્છેર નાખજો મીઠું; ત્યારે નાવલિયો બોલશે રે!
સવારે ઊઠીને મેં ખીચડી રે રાંધી,
અચ્છેર નાખ્યું મીઠું, તોયે નાવલિયો ખાઈ ગયો રે!

સાંગામાંચી બેઠાં એ સાસુજી,
અબોલડા ભંગાવો રે!
સવારે ઊઠીને વહુજી, વાસીદું રે વાળજો,
ટીલડી ચોડશો નહિ, ત્યારે નાવલિયો બોલશે રે!
સવારે ઊઠીને વાસીદાં રે વાળ્યાં,
ટીલડી ચોઢી નહિ, તોયે નાવલિયો ના બોલિયો રે!

ઘોડો ખેલંતા એ રે દિયરજી,
અબોલડા ભંગાવો રે!
સવારે ઊઠીને ભાભી, પૂંજો રે વાળજો;
કાપડું પહેરશો નહિ, ત્યારે નાવલિયો બોલશે રે.
સવારે ઊઠીને મેં પૂંજા રે વાળ્યા,
કાપડું પહેર્યું નહિ, તોયે નાવલિયો નવ બોલિયો રે.

બચુડો ધવરાવતાં એ ભાભીજી,
અબોલડા ભંગાવો રે!
ખરે બપોરે વહુ પાણીડાં ભરજો,
મોજડી પહેરશો નહિ, ત્યારે નાવલિયો બોલશે રે!
ખરે બપોરે મેં પાણીડાં રે ભરિયાં ને
મોજડી પહેરી નહિ, ત્યારે નાવલિયો બોલિયો રે!
ગોરી મોરી મોજડી પહેરતાં જાવ,
નહિ તો તમે દાઝશો રે!

★

## વણઝારા વાલમ લોલ

નાયક રે, સૌ ચાલ્યાં પરદેશ;
આપણે ઘેરે બેસી શું કરશું ? વણઝારા વાલમ લોલ.
ગોરી રે, સૌની ગાંઠે છે ગરથ,
આપણુ ગાંઠે નથી એક દોકડો; વણઝારા વાલમ લોલ.
નાયક રે, આલું મારા હૈયા કેરો હાર,
હાર વેચી ભરો પોઠીડા; વણઝારા વાલમ લોલ.
ગોરી રે, સૌને ચડણુ છે ઘોડલા;
આપણુ પગપાળા કેમ પૂગીએ; વણઝારા વાલમ લોલ.
આલું મારા પગની કાંબિયું ને કંદોરા,
રોઝી ઘોડી આલું રાંગમાં; વણઝારા વાલમ લોલ.
હાલી રે હાલી મારા સસરાજીની પોઠ,
સસરો હાલ્યા ને નાયક હાલશે; વણઝારા વાલમ લોલ.
હાલી રે હાલી મારા જેઠાજીની પોઠ,
જેઠજી હાલ્યા ને નાયક હાલશે; વણઝારા વાલમ લોલ.
હાલી રે હાલી મારા દેરીડાની પોઠ,
દેવર હાલ્યા ને નાયક હાલશે; વણઝારા વાલમ લોલ.
હાલી રે હાલી મારા ભાણેજડાની પોઠ,
ભાણેજ હાલ્યા ને મામો હાલશે; વણઝારા વાલમ લોલ.
નાયક રે, તમે ચાલ્યા પરદેશ,
અમને ભળાવ્યાં શાં શાં કામ રે; વણઝારા વાલમ લોલ.
ગોરી રે, તમને સોંપ્યો ગરથ ભંડાર,
બીજો સોંપ્યો તે મોભી દીકરો; વણઝારા વાલમ લોલ.
ગોરી રે, સોંપ્યો છે ગુણુ કપાસ,
બીજો સોંપ્યો તે રંગત રેંટિયો; વણઝારા વાલમ લોલ.
બળજો રે તમારો ગુણુ કપાસ,
રેંટિયો બાળીને રાંધું ખીચડી; વણઝારા વાલમ લોલ.

ગોરી રે, બેસજો ઘરડાની ગોઠ,
હસી હસી દાંત ન કાઢશો; વણઝારા વાલમ લોલ.
ગોરી રે પોઢજો નણંદ ભોજાઈ,
જમણાં તે અંગ ન રોળજો; વણઝારા વાલમ લોલ.

આવી રે આવી સસરાજીની પોઠ,
રૂમઝૂમતી ચાલી પૂછવા; વણઝારા વાલમ લોલ.
સસરાજી રે, લળી લળી લાગું છું પાય,
તમે રે આવિયા ને નાયક ક્યાં રિયા? વણઝારા વાલમ લોલ.
ફાટી રે ફાટી વહુવારુ, ઘઉંડાની પોઠ,
અમે રે આવ્યા ને નાયક ત્યાં રિયા; વણઝારા વાલમ લોલ.
આવી રે આવી જેઠાજીની પોઠ,
રૂમઝૂમતી ચાલી પૂછવા; વણઝારા વાલમ લોલ.
જેઠજી રે લળી લળી લાગું છું પાય,
તમે રે આવિયા ને નાયક ક્યાં રિયા? વણઝારા વાલમ લોલ.
ફાટી રે ફાટી વહુજી ચોખાની પોઠ,
અમે રે આવ્યા ને નાયક ત્યાં રિયા; વણઝારા વાલમ લોલ.
આવી રે આવી દેરીડાની પોઠ,
રૂમઝૂમતી ચાલી પૂછવા; વણઝારા વાલમ લોલ.
દેવર રે મારા જાણ સુજાણ,
તમે રે આવિયા ને નાયક ક્યાં રિયા? વણઝારા વાલમ લોલ.
આવી રે આવી ભાભી વડલાની છાંય,
સોડય તાણીને વીરો ત્યાં સૂતા; વણઝારા વાલમ લોલ.
કરડચો રે કરડચો કાળુડો નાગ,
સોડય તાણીને વીરો ત્યાં સૂતા; વણઝારા વાલમ લોલ.
ખળ્યા રે ભાભી વગડા મોઝાર,
અમે રે આવિયા ને વીરા ત્યાં રિયા; વણઝારા વાલમ લોલ.

સસરા ! રે તારું જાજો નખોદ,
સાતે ભવ રેજો વાંઝિયા; વણઝારા વાલમ લોલ.

## પાઠાંતર

સૌ તે ચાલ્યાં વેપારે, વણઝારા વાલમ લોલ.
તમે કેમ બેઠા ઘેર ? ટાંડાના ઠાકોર, વણઝારા વાલમ લોલ.
સૌને ગાંઠે ગરથ છે, સોનલ જાડેજી રે,
અમે નિર્ધનિયાં ન પૂગીએ, સોનલ જાડેજી રે,
સૌને ચડણ ઘોડલાં, સોનલ જાડેજી રે,
અમે પાળા કેમ પૂગીએ ? સોનલ જાડેજી રે,
રોઝી ઘોડી આલું રાંગમાં, વણઝારા વાલમ લોલ.
આપું કેવડાનો હાર રે, વણઝારા વાલમ લોલ.
તમે ચાલ્યા વેપારમાં, ટાંડાના ઠાકોર લોલ,
અમને તી કેને ભળાવિયાં, વણઝારા વાલમ લોલ.
ઘડાવું રંગત રેંટિયો સોનલ જાડેજી રે,
વળાવું ખાંડાંની તરાક, સોનલ જાડેજી રે;
સૌ તે આવ્યા ઘર ભણી, વણઝારા વાલમ લોલ.
હજુ નાવ્યો વણઝારો રે, ટાંડાનો નાયક લોલ,
બાળું રંગત રેંટિયો, વણઝારા વાલમ લોલ.
ભાંગુ તારા ખાંડાની તરાક, વણઝારા નાયક લોલ,
સાસરિયામાં સુખ નહિ, વણઝારા વાલમ લોલ.
પિયરિયે નહિ મા ને બાપ રે, વણઝારા વાલમ લોલ.
આવું છું વાલમ આંબવા, વણઝારા વાલમ લોલ.
હુલાવી કમ્મરમાં કટાર રે, વણઝારા વાલમ લોલ.

*

## મોરલી વાગે છે

વા વાયા ને વાદળ ઊમટ્યાં,
મધ દરિયે ડૂબે વા'ણ; મોરલી વાગે છે.
એક હાલાર શે'રના હાથીડા,
કાંઈ આવ્યા અમારે દેશ; મોરલી વાગે છે.

છેલછોગાળો હોય તો મૂલવે[1],
ડોલરિયો દરિયા પાર; મોરલી વાગે છે.
એક ઘોઘા તે શે'રનાં ઘોડલાં,
કાંઈ આવ્યાં અમારે દેશ; મોરલી વાગે છે.

છેલછોગાળો હોય તો મૂલવે,
ડોલરિયો દરિયા પાર; મોરલી વાગે છે.
એક વાળાક શેરની વેલડી,
કાંઈ આવી અમારે દેશ, મોરલી વાગે છે.
છેલછોગાળો હોય તો મૂલવે,
ડોલરિયો દરિયા પાર; મોરલી વાગે છે.
એક દખણુ શે'રના ડોળિયા[2],
કાંઈ આવ્યા અમારે દેશ; મોરલી વાગે છે.

છેલછોગાળો હોય તો મૂલવે,
ડોલરિરો દરિયા પાર; મોરલી વાગે છે.
એક ચિતળ શે'રની ચૂંદડી,
કાંઈ આવી અમારે દેશ; મોરલી વાગે છે.

છેલછોગાળો હોય તો મૂલવે,
ડોલરિયો દરિયા પાર; મોરલી વાગે છે.

---

૧. ખરીદે, ૨. બળદ.

એક મુંબઈ શે'રનાં મોતીડાં,
કાંઈ આવ્યાં અમારે દેશ; મોરલી વાગે છે.

છેલછોગાળો હોય તો મૂલવે,
ડોલરિયો દરિયા પાર; મોરલી વાગે છે.

એક સુરત શે'રની બંગડી,
કાંઈ આવી અમારે દેશ, મોરલી વાગે છે.

છેલછોગાળો હોય તો મૂલવે,
ડોલરિયો દરિયા પાર; મોરલી વાગે છે.

( આ રીતે દરેક દેશની વસ્તુઓ લઈને ગવાય છે. )

★

## અબોલા

આવી રૂડી અંજવાળી રાત,
રાતે તે રમવા સાંચર્યાં રે; માણારાજ !

રમ્યાં રમ્યાં પો'ર બે પો'ર,
સાયબોજી તેડાં મોકલે રે; માણારાજ !

ઘેરે આવો ઘરડાની નાર,
અમારે જાવું ચાકરી રે; માણારાજ !

આવો રે રૂડો સૈયરુંનો સાથ,
મેલીને, સાયબા ! નહિ આવું રે; માણારાજ !

સાયબાને ચડિયલ રીસ,
ઘોડે પલાણ નાંખિયાં રે; માણારાજ !

રોઝી ઘોડી પિત્તાળયાં પલાણ,
અલબેલો ચાલ્યા ચાકરી રે; માણારાજ !

ઘોડીને ઝાલી ઘોડલાની વાગ,
        અબોલે જાવા નઈ દૈએ રે; માણારાજ !
મેલો મેલો ઘોડલાની વાગ,
        લશ્કર પોંચ્યું વાડીએ રે; માણારાજ !
મારે, સાયબા ! ચૂંદડીની હોંશ,
        ચૂંદડી મોંઘા મૂલની રે; માણારાજ !
રિયો રિયો આજુની રાત,
        ચૂંદડી તમે મૂલવો રે; માણારાજ !
મેલો મેલો ઘોડલાની વાગ,
        લશ્કર પોંચ્યું સીમડીએ રે, માણારાજ !
ઘરે નથી નણુદી કે સાસુજી,
        કોની રે સાથે અમે બોલશું રે ? માણારાજ !
તમારે છે સૈયરુંનો સાથ,
        એની રે સાથે તમે બોલજો રે; માણારાજ !
પડી પડી દલડામાં ભ્રાંત,
        અબોલા એ ભવ ભાંગશે રે ! માણારાજ !

✶

## ઝીણા મારુજી

તાંબાની તોલડી ને હીંગનો વઘાર,
        રાંધનારાં પાતળાં ને જમનાર છે છેલ;
ઝીણા મારુજી હો રાજ,
        મુખડાનાં દલ હજી નથી રીઝિયાં મોરા રાજ !
બાર વર્ષનો બાવટો ને તેર વર્ષનાં તેલ,
        કેમ કરીને જમું, મને ભૂખે આવે ફેર;

ઝીણા મારુજી હો રાજ,
મુખડાનાં દલ હજી નથી રીઝિયાં મોરા રાજ !

ઉદેપુરનો ઘાઘરો ને જોધપુરની છીંટ,
કેમ કરીને પહેરું મારી કેડ ઝોલાં ખાય;
ઝીણા મારુજી હો રાજ,
મુખડાનાં દલ હજી નથી રીઝિયાં મોરા રાજ !

ઓરડે સૂતા સસરોજી ને પરસાળે દિયર જેઠ,
કેમ કરીને ચાલું મારી ઝીણી વાજે ઝેર[1];
ઝીણા મારુજી હો રાજ,
મુખડાનાં દલ હજી નથી રીઝિયાં મોરા રાજ !

બાજરાનો રોટલો ને ભગરી ભેંસનાં દૂધ,
ભાવે એટલાં જમો ગોરી, શાના આવે ફેર ?
ઝીણા મારુજી હો રાજ,
મુખડાનાં દલ હજી નથી રીઝિયાં મોરા રાજ !

★

## ઉદેપુરનું છોગું

લાંબી લાંબી આંગળીઓ ને ટૂંકા ટૂંકા વેઢ;
દાંત રંગાવો એના પિયુ પરદેશ.

કડીલાં[2] ઘડાવો, સાયબા, કડીલાં ઘડાવો,
સાંકળાનો ભાર મુંથી[3] સહ્યો નવ જાય.
સહ્યો નવ જાય, મુંથી મોયો[4] નવ જાય;
ઉદેપુરનું છોગું મારા નખમાં સમાય.

ચૂડીલો વે'રાવો સાયબા, ચૂડીલો વેરાવો;
કંકણનો ભાર મુંથી સહ્યો નવ જાય.

---

૧ ઘુઘરીઓ, ૨ કડલાં, ૩ મારાથી, ૪ ગમવું-મોહવું.

સહ્યો નવ જાય, સાયબા, મોયો નવ જાય;
ઉદેપુરનું છોગું મારા નખમાં સમાય.

ટીલડી ઘડાવો, સાયબા, ટીલડી ઘડાવો;
દામણીનો ભાર, મુંથી સહ્યો નવ જાય.

સહ્યો નવ જાય સાયબા, મોયો નવ જાય;
ઉદેપુરનું છોગું મારા નખમાં સમાય.

★

## લીલી નાઘેરમાં

ઝીણા મોર ટહુકે છે લીલી નાઘેરમાં,
લીલી નાઘેરમાં હરી વનરાયમાં; ઝીણા મોર૦

ઉતારા દેશું લીલી નાઘેરમાં,
દેશું મેડીના મોલ લાલ; ઝીણા મોર૦

દાતણ દેશું લીલી નાઘેરમાં,
દેશું કઢિયેલાં દૂધ લાલ; ઝીણા મોર૦

નાવણ દેશું લીલી નાઘેરમાં,
દેશું નદિયુંનાં નીર લાલ; ઝીણા મોર૦

ભોજન દેશું લીલી નાઘેરમાં,
દેશું ઘેબરિયો કંસાર લાલ; ઝીણા મોર૦

મુખવાસ દેશું લીલી નાઘેરમાં,
દેશું પાન પચાસ લાલ; ઝીણા મોર૦

પોઢણ દેશું લીલી નાઘેરમાં
દેશું હીંડોળાખાટ લાલ; ઝીણા મોર૦

★

## મોહન મનાવું

પ્રભુ ! સાઠી ચોખાનો ભાત રંધાવીને ગાવડીઓ દોવરાવું.
ઓબલિયે તમને ખાંડ પિરસાવીને મોહન મનાવું રે,
બાળા આડો ન લીજે રે, કાનજી આડો ન લીજે.

પ્રભુ કાચા ચણ્યાનો છોડ મંગાવીને ઓળો પડાવું,
તેની કાનાને ખોઈ ભરાવીને મોહન મનાવું રે;
બાળા આડો ન લીજે રે.

પ્રભુ ગુજૂગળીનો સાંઠો મગાવીને છોઈ છોલાવું,
એની કાનાને કોળી ભરાવીને મોહન મનાવું રે;
બાળા આડો ન લીજે રે.

રાગ ફેર—

આડો લીધો રે અતિ ઘણો, મા મને હાઉ દેખાડ.
હાઉ છે રાવણ લંકેશરી, હાઉ છે મથુરાનો ભૂપ;
આપણ માણસ રે માનવી.

રાજ્ય ન કરીએ રે, પુત્ર રાડચે રાવણ રોળિયો;
કાળંદરીને રે કાંઠડે ઊભલા વાયે છે વેણ્ય,
જાદવ જોવા રે નીસરી.

મીઠડાં મીઠડાં છે વેણુ, નાના સરખા શ્રીનાથજી.

★

## ચિચોડાનું ગીત*

રામચંદ્રજીએ વાઢ જ વાવ્યો ને સીતા વાળે પાણી;
તેની શેરડીનો નહિ પાર. ચિચોડો શરીરામનો.

રામે બાવળિયા વઢાવિયા, એને સંઘેડે ઉતરાવો;
તેની જડિયલ જાંગિયું ઘડાવો, ચિચોડો શરીરામનો.

* શેરડીનો વાઢ ભરડાય ને ચિચોડા ચાલુ થાય ત્યારે ચિચોડા ઉપર બેઠાં બેઠાં ગવાય છે.

ધરમ કેરા ધોરી[1] મંગાવો, ચિચોડા ફેરવાવો;
એનો હાંકનારો ચતુરસુજાણ, ચિચોડો શરીરામનો.

રામચંદ્રજી ઓરવા બેઠા, કાનો તાણે છોતાં;
તેના રસડાની કૂંડિયું ભરાણી, ચિચોડો શરીરામનો.

લોઢા કેરી કડાઈ મંગાવો, રસનો ગોળ રંધાવો;
તેમાં ધરમની ધ્રુબકી[2] પડાવો, ચિચોડો શરીરામનો.

ત્રાંબા કેરા તાસ મંગાવો, ભેલાં પડાવો;
ભીલે ભીલે નામ પડાવો, ચિચોડો શરીરામનો.

લોઢા કેરા કાંટા મંગાવો, ગોળનો તોલ કરાવો;
એનો ભાવેથી ભાવ પડાવો, ચિચોડો શરીરામનો.

★

## સોનાનો બાજોઠિયો

મા, મારે સાવ રે સોનાનો બાજોઠિયો;
મેડીએ મેલ્યો સોનાનો બાજોઠિયો.

દાદે મારે આલ્યાં ઝોટડીઓ[3]નાં દાન રે,
માએ મને આલ્યો સોનાનો બાજોઠિયો.

મા, મેં તો પ્રેમે તે પાડા[4] ને છોડિયા,
મા, હું તો ડબકે[5] દોતી દૂધ રે.
મા, હું તો બેઠી સોનાને બાજોઠિયે.

મા, મેં તો મારા કાકાને વેંનવ્યા;
કાકે આલ્યાં ધોરીડા[6]નાં દાન રે;
મા, મારે આવ્યો અષાઢીનો મેવલો.

---

૧ બળદ, ૨ ડૂબકી, ૩. ભેંસો, ૪. પાડરુને છોડવાથી ભેંસ પારહો મૂકે એટલે પછી દોવાય, ૫. ટીપેટીપે ૬. બળદ.

મા, મારે પરણ્યે તે હોળાં[1] જોતર્યાં;
હરખે જાતી હું ભાતને ભતુવાર રે.

મા હું તો પ્રીતે ઢોરાંને પંપાળતી રે.
પરણ્યો મારે ગાડાં ભરીને કણ લાવિયો;

મા, હું તો દેતી ભિખારીને દાન રે;
મા, હું તો બેઠી સોનાને બાજોઠિયે.

★

## રંગ ડોલરિયો

એક ઝાડ માથે ઝૂમખડું,
ઝૂમખડે રાતાં ફૂલ રે;
ભંવર રે રંગ ડોલરિયો.

એક ગોખ માથે ભાભલડી,
ભાભીના રાતા રંગ રે;
ભંવર રે રંગ ડોલરિયો.

એક બેન માથે ચૂંદલડી,
ચૂંદડીએ રાતી ભાત રે;
ભંવર રે રંગ ડોલરિયો.

એક માંચી બેઠાં સાસુજી,
સાસુની રાતી આંખ રે;
ભંવર રે રંગ ડોલરિયો.

એક ઓરડે ઊભાં જેઠાણી,
એને સેંથે લાલ સિન્દુર રે;
ભંવર રે રંગ ડોલરિયો.

---

૧. હળોતાં–હળ જોડયાં.

એક મેડી માથે દેરાણી,
એના પગમાં રાતો રંગ રે;
ભંવર રે રંગ ડોલરિયો.

એક ફળિયા વચ્ચે નણદલડી,
એનાં પગલાં લાલહીંગોળ રે;
ભંવર રે રંગ ડોલરિયો.

એક ઢોલિયે પોઢ્યા પ્રીતમજી,
એના ઢોલિયાનો રંગ રાતો રે;
ભંવર રે રંગ ડોલરિયો.

એક દરિયા કાંઠે સેજલડી,
સેજલડી એ રંગ હીંડોળ રે;
ભંવર રે રંગ ડોલરિયો.

★

## મારવી-ઢોલો

મારવી ને ઢોલો રમે સોગઠે, મારુજી,
એને રમતાં તે લાગ્યો ઘણો વાદ રે;
બેસો તો રમું સોગઠે, મારુજી.

ઢોલો હારે તો આપે ગામડું, મારુજી;
મારવી હારે તો આવે શોકચ રે,
બેસો તો રમું સોગઠે, મારુજી.

કોણે કહ્યું ને કોણે સાંભળ્યું, મારુજી,
કોણે ઉડાડી ઘરની છાની વાત રે,
બેસો તો રમું સોગઠે, મારુજી.

ચાંદે કહ્યું ને સૂરજે સાંભળ્યું, મારુજી,
વાયરે ઉડાડી છે ઘરની વાત રે;
બેસો તો રમું સોગઠે, મારુજી.

★

## ઝબૂકતી ટીલડી

લંકા તે ગઢથી સોનું મંગાવો,
તેની તે ટીલડી ઘડાવો હો સૈયર;
ઝબૂકતી ટીલડીમાં મારું મન મોહ્યું !

હીરા તે પુરથી હીરા મંગાવો,
તે મારી ટીલડીએ જડાવો, હો સૈયર; ઝબૂકતી૦

માણેકપુરથી મોતી મંગાવો,
તેની મારી ટીલડી મઢાવો
હો સૈયર; ઝબૂકતી૦

કોણ વીર જડશે, ને કોણ વીર મઢશે
કોણ બેન મોતીડાં પરોવશે,
હો સૈયર; ઝબૂકતી.

રામજી મઢશે, ને લખમણજી જડશે,
સીતાજી મોતીડાં પરોવશે,
હો સૈયર; ઝબૂકતી૦

ક્યાં બેસી મઢશે ને ક્યાં બેસી જડશે,
ક્યાં બેસી મોતીડાં પરોવશે,
હો સૈયર; ઝબૂકતી૦

ઓરડે બેસી મઢશે, ને ચોપાટે જડશે,
ઓશરીએ મોતીડાં પરોવશે,
હો સૈયર; ઝબૂકતી૦

ટીલડી ચોડીને હું તો સાસુ ઘેર જઈ'તી,
સાસુએ મોં મચકોડચાં હો સૈયર; ઝબૂકતી૦

કેમ રે સાસુજી મોં મચકોડચાં ?
નથી મારા સાસરે ઘડાવી હો સૈયર; ઝબૂકતી૦

ટીલડી ચોડીને હું તો જળ ભરવા જઈ 'તી
જળમાં ટીલડી ખોવાણી હો સૈયર; ઝબૂકતી૦

તારા તે પુરથી તરવૈયા તેડાવું,
ટીલડીની શોધ કરાવું, હો સૈયર; ઝબૂકતી૦

ટીલડી જડે તો મારી નણંદીને આપું,
ભવનાં મેણાં ભાગું, હો સૈયર; ઝબૂકતી૦

સાસુને સાડલો, નણંદને કાપડું,
દિયરને મોળિયાં બંધાવું, હો સૈયર; ઝબૂકતી૦

ગોરાણીને કમખો, બ્રાહ્મણને લાડવા,
સગાંવા'લાને જમાડું, હો, સૈયર; ઝબૂકતી૦

તારા તે પુરથી તરવૈયા તેડાવ્યા,
ટીલડીની શોધ કરાવી, હો સૈયર; ઝબૂકતી૦

પે'લું પગથિયું ને બીજે પગથિયે,
જળમાં ટીલડી ઝબૂકી, હો સૈયર; ઝબૂકતી૦

ટીલડી જડી તો મારા નસીબે જડી,
નણંદીને શેની આપું ? હો સૈયર; ઝબૂકતી૦

સાસુને સાડલો ને દિયરને મોળિયું,
બ્રાહ્મણને લાડવા શાના ? હો સૈયર; ઝબૂકતી૦

★

## સંદેશો

કુંજલડી રે ! સંદેશો અમારો
જઈ વાલમને કે'જો જી રે; કુંજલડી રે !૦

માણસ હોય તો મખોમખ બોલે,
લખો અમારી પાંખડલી જી રે; કુંજલડી રે !૦

સામા કાંઠાનાં અમે પંખીડાં,
ઊડી ઊડી આ કાંઠે આવ્યાં જી રે; કુંજલડી રે !

કુંજલડીને વા'લો મીઠો મેરામણ,
મોરને વા'લું ચોમાસું જી રે. કુંજલડી રે !

રામ લક્ષમણને સીતાજી વા'લાં.
ગોપિયુંને વા'લો કાનુડો જી રે; કુંજલડી રે !

પ્રીતિ કાંઠાનાં અમે રે પંખીડાં,
પ્રીતમ સાગર વિના સૂનાં જી રે; કુંજલડી રે !

★

## સરસાઈ

સાવ રે સોનાનું મારું દાતરડું રે લોલ,
હીરનો બંધિયો હાથ, મુંજા વાલમજી ! લોલ.
હાવાં ને જાઉં વીડી વાઢવા રે લોલ.

પરણ્યે વાઢચા રે પાંચ પૂળકા રે લોલ,
મેં રે વાઢચા છે દસવીસ, મુંજા વાલમજી ! લોલ; હાવાં૦

પરણ્યાનો ભારો મેં ચઢાવિયો રે લોલ,
હું રે ઊભી વનવાટ, મુંજા વાલમજી ! લોલ; હાવાં૦

વાટે નીકળ્યો વટેમારગુ રે લોલ,
ભાઈ ! મુની ભારડી ચડાવ, મુંજા વાલમજી ! લોલ; હાવાં૦

પરણ્યાને આવી પાલી જારડી રે લોલ,
મારે આવેલ માણું ઘઉં, મુંજા વાલમજી ! લોલ; હાવાં૦

★

## વાદ

લવિંગ કેરી લાકડીએ, રામે સીતાને માર્યાં જો* !
ફૂલ કેરે દડૂલિયે, સીતાએ વેર વાળ્યાં જો !

રામ તમારે બોલડિયે, હું પર ઘેર બેસવા જઈશ જો !
તમે જશો જો પર ઘેર બેસવા, હું વાતુડિયો થઈશ જો !

રામ, તમારે બોલડિયે, હું પર ઘેર દળવા જઈશ જો !
તમે જશો જો પર ઘેર દળવા, હું ઘંટુલો થઈશ જો !

રામ તમારે બોલડિયે, હું પર ઘેર ખાંડવા જઈશ જો !
તમે જશો જો પર ઘેર ખાંડવા, હું ખાંડણિયો થઈશ જો !

રામ તમારે બોલડિયે હું રણની રોઝડી થઈશ જો !
તમે થશો જો રણની રોઝડી, હું ગોવાળિયો થઈશ જો !

રામ તમારે બોલડિયે હું નદીનું નાળું થઈશ જો !
તમે થશો જો નદીનું નાળું, હું ધોબીડો થઈશ જો !

રામ તમારે બોલડિયે, હું જળમાં માછલી[1] થઈશ જો !
તમે થશો જો જળમાં માછલી, હું જળમોજું થઈશ જો !

રામ તમારે બોલડિયે હું આકાશવીજળી થઈશ જો !
તમે થશો જો આકાશવીજળી, હું મેહુલિયો થઈશ જો !

રામ તમારે બોલડિયે, હું બળીને ઢગલો થઈશ જો !
તમે થશો જો બળીને ઢગલો હું ભભૂતિયો થઈશ જો !

---

* સરખાવો : રઢિયાળી રાત ભા. ૩ જો, પૃ. ૫૩

૧ કેટલેક સ્થળે નીચે મુજબ ગવાય છે.

રામ તમારે બોલણિયે હું જળકૂકડી થઈશ જો,
તમે થશો જો જળકૂકડી તો હું જળઝાર (મોજું) થઈશ જો.

## ઝૂલો

ગોરી મોરી ફાગણ ફાલ્યો જાય, કે
ચૈતર કોણે દીઠો રે લોલ!
વા'લા મોરા બારણે ઝોલા ખાય, કે
ઝૂલણો લાગે મીઠો રે લોલ!
ગોરી મોરી હૈયા ઢળી ઢળી જાય, કે
ઝૂલશો ક્યાં લગી રે લોલ!
વા'લા મોરા, ઝૂલણો મેલ્યો ના જાય, કે
ઝૂલશું જિંદગી રે લોલ!
ગોરી મોરી, ચૈતર ચાલ્યો આવે, કે
વૈશાખ વહી જશે રે લોલ!
વા'લા મોરા, આ શો અધીરો થાય, કે
ઝૂલણાની લ્હેરો મીઠી રે લોલ!
ગોરી મોરી, એમાં ને એમાં સુકાય, કે
ઉર કેરા મૂંગા ઉમંગો રે લોલ!
વા'લા મોરા, ઘડીભર[1] ધીર[2] તું રાખ, કે
ઝૂલેથી ઊતરું નહિ રે લોલ!

★

## માડી જાયો વીર

વેલ્યું છૂટી રે વીર! વાડીના વડ હેઠ;
ધોરીડા બાંધ્યા રે વડને છાંયડે.
ચારપાંચ સૈયરું રે, વીરા! પાણીડાંની હાર;
વચલી પાણિયારીએ વીરને ઓળખ્યો.

---

૧ ઘડીક, જરા વાર. ૨ ધીરજ.

ઓળખ્યો-ઓળખ્યો રે માની આંખ્યુંને અણુસાર;
બાપની બોલાશે વીરને ઓળખ્યો.
વીરા! ચાલો રે દખણી[૧] બેનીને ઘેર,
ઉતારા દેશું ઊંચા ઓરડા.
વેલ્યું છોડજે રે લીલા લીંબડા હેઠ,
ધોરીડા બાંધો રે વચલે ઓરડે.
નીરીશ નીરીશ રે, વીરા! લીલી નાગરવેલ્ય,
ઉપર નીરીશ રાતી શેરડી.
રાંધીશ રાંધીશ રે, વીરા! કમોદનો કૂર[૨],
પાશેર રાંધીશ કાજુ ખીચડી.
પાપડ શેકીશ રે, વીરા! પૂનમ કેરો ચંદ,
ઉપર આદું ને ગરમર આથણાં[૩].
જમશે જમશે રે મારો માડી જાયો વીર,
ભેળી બેસશે એક જ બેનડી.
ઊંચી મેડી રે, વીરા! ઉગમણે દરબાર,
નીચા રે, ઢળાવું તમારા ઢોલિયા.
પોઢશે પોઢશે રે મારો માડી જાયો વીર,
પાસે બેસશે રે એક જ બેનડી.
કરજે કરજે રે બેની! સખદખની વાત,
ઘેરે જાશું તો માતા પૂછશે.
ખાવી-ખાવી રે, વીરા! ખોરુડી[૪] જાર,
સૂવું રે, માડીના જાયા! સાથરે.
બાર બાર વરસે રે, વીરા! માથડાં ઓળ્યાં,
તેર વરસે રે તેલ નાખિયાં.
મેલો મેલો રે, બેની! તમારલા[૫] દેશ,
મેલો રે તમારાં બેની! સાસરાં.

---

૧. દુઃખી ૨. ભાત ૩. અથાણાં ૪. ખોરી ૫. તમારા.

વીરા ! પિયરમાં બેની માસ છ માસ,
આખર જાવું રે બેનીને સાસરે.
ભરવાં ભરવાં રે વીરા ! નદિયુંનાં નીર,
નદીની રેલે બે'ની તણાઇ ગયાં.
આ કાંઠે ઊભો વીરો રહ રહ રુએ,
સામે કાંઠે રુએ એની માવડી.

★

## મોતી વેરાયેલ ચોકમાં

લે ! લે ! મોતી વેરાયેલ ચોકમાં,
લે ! લે ! સસરો તી મારા રાજિયા,
લે ! લે ! સાસુડી સમદર લ્હેર રાજ;
લે ! લે ! મોતી વેરાયેલ ચોકમાં.
લે ! લે ! જેઠ તી મારા જદુપતિ,
લે ! લે ! જેઠાણી કજિયાનું મૂળ રાજ;
લે ! લે ! મોતી વેરાયેલ ચોકમાં.
લે ! લે ! દેર તી મારા દડે રમે,
લે ! લે ! દેરાણી મારી તે જોડ રાજ;
લે ! લે ! મોતી વેરાયેલ ચોકમાં.
લે ! લે ! નણુદોઈ વાડી માં'યલો વાંદરો,
લે ! લે ! વાડીનાં વનફળ ખાય રાજ;
લે ! લે ! મોતી વેરાયેલ ચોકમાં.
લે ! લે ! નણુદી તી મારી ચરકલી,
લે ! લે ! ઊડી ઊડી પરદેશ જાય રાજ;
લે ! લે ! મોતી વેરાયેલ ચોકમાં.

★

## ઝાલરિયું લે

ઊંચી મેડી ઊજળી, ઝાલરિયું લે,
અંદર છે હીંડોળાખાટ રે, ઝાલરિયું લે.

વહુઅર બેઠી ઝૂલવા, ઝા૦ આ માંહે મોરિંગ[1] ખાટ, રે૦
રિસાઈ ચાલી પિયરિયે, ઝા૦ તે મોંઘી થવા માટ, રે૦
સાસુ મનાવા સંચર્યાં, ઝા૦ તે વહુઅર પાછાં વળો, રે૦
તમારી વળાવી નહીં વળું, ઝા૦ આવે જો સસરા આપ, રે૦
સસરા મનાવા સંચર્યા, ઝા૦ તે વહુઅર પાછાં વળો, રે૦
તમારી વળાવી નહીં વળું, ઝા૦ આવે દિયર ને જેઠ, રે૦
બેઉ મનાવા સંચર્યા, ઝા૦ તે વહુઅર પાછાં વળો, રે૦
તમારી વળાવી નહીં વળું, ઝા૦ આવે નણદીનો વીર, રે૦
પરણ્યો મનાવા સંચર્યો, ઝા૦ તે વહુઅર પાછાં વળો, રે૦
ખાલી વળાવી નહીં વળું, ઝા૦ સોળે શણગારો લાવ, રે૦
ઝટકે ભાંગી કાંબડી[2], ઝા૦ આ વાળી હોડા હોડ[3], રે૦
તારી ચાકર તારા બાપની, ઝા૦ કદીયે નહીં જાઉં પિયર, રે૦

★

## ઘાયલ અરજણિયા !

ઝાંપે તારી ઝૂંપડી ઘાયલ, ઝાંપે તારી ઝૂંપડી,
આવતાં ને જાતાંનો નેડો લાગ્યો, રે અરજણિયા !
ઊંચી તારી મેડીઓ ઘાયલ, ઊંચી તારી મેડીઓ,
નીચી રે તારી હીંડોળાખાટ, રે અરજણિયા !
બંગાળુંનો ઘાઘરો મારો, બંગાળુંનો ઘાઘરો,
અમદાવાદી રે લીલુડાં લ્હેરિયાં, અરજણિયા !
ભેંસો તારી ભાલમાં ઘાયેલ, ભેંસો તારી ભાલમાં,
વાછરડાં વઢિયારમાં ઝોલાં ખાય રે અરજણિયા !

---

સરખાવો : રઢિયાળી રાતમાંનું ગીત.

૧. મોર પોપટ ટાંગેલી ૨. કંબોઈની સોટી ૩. સડોસડ.

ખોળામાં છે ખારેકું ઘાયેલ, ખોળામાં છે ખારેકું,
ખારેકું ખાવાની ઝાઝી ખંત, રે અરજણિયા !
પરણ્યા તારે મારે ઠીક છે ઘાયેલ, પરણ્યા તારે મારે ઠીક છે,
ઠીકને રે ઠેકાણે વહેલો આવજે, રે અરજણિયા !
તારાં મારાં જોડલાં ઘાયેલ, તારાં મારાં જોડલાં,
જોડલાં રે જગમાં અમર તપજો, રે અરજણિયા !

★

## મારું મહિયરિયું*

મારું મહિયર છે વડગુજરાત, વડગુજરાતના વડલા હેઠ; મા૦
પગે તે શોભતાં કડલાં લાવ, કડલાંને શોભતી કાંબી લાવ; મા૦
હાથે તે શોભતો ચૂડલો લાવ, ચૂડલે શોભતી કાંકણી લાવ; મા૦
કેડયને શોભતો ચણિયો લાવ, ચણિયાને શોભતો સાળુ[1] લાવ; મા૦
નાકને શોભતો કાંટો[2] લાવ, કાંટાને શોભતી ટીલડી લાવ; મા૦
પાનીને શોભતી મોજડી લાવ, મોજડીને શોભતાં મોજાં લાવ; મા૦

★

## લાલ કૂંદી લ્યો

મારો સસરો પાટણ ગ્યા'તા,
ગાડું ભરીને ઘઉં લાવ્યા; લાલ કૂંદી લ્યો.
મારી સાસુ એવી ભૂંડી,
દળણું જોખી આલે; લાલ૦
દળતાં દળતાં લોટ ઊડચો,
લોટ પડચો છે ઓછો; લાલ૦
માથે ગવાળો[3] ને કાખમાં જૂતાં[4],
ચાલ્યાં મહિયર વાટે; લાલ૦

---

* સરખાવો મણકો ૫, પૃ. ૧૨૭

૧. સાડી, ૨. ચૂની. ૩. સરસામાનનો બચકો, ૪. જોડા.

ચોરે બેઠા બાપાજી બોલ્યા,
વીજળી બહેન આવ્યાં; લાલ૦
ઘરમાં રહીને માતા બોલ્યાં,
વીજળી બહેન આવ્યાં; લાલ૦
બેટડો ખવરાવતાં ભાભી બોલ્યાં,
ચાડિયો કરનાર આવ્યાં; લાલ૦
આંગણે રહીને કૂતરાં બોલ્યાં,
હાડ હાડ કરનાર આવ્યાં; લાલ૦
ઘરમાં રહીને બિલ્લી બોલી,
છડ છડ કરતી આવી; લાલ૦
ખૂણે રહીને ઉંદર બોલ્યા,
દાટા દેતી આવી; લાલ૦
બારીએ રહીને પડોશણ બોલી,
વઢવાડ કરતી આવી; લાલ૦

★

## વડોદરાનો જળપ્રલય

પ્રભુ આ કેર તમે શો કીધો, વડોદરા રહીવાશી ઉપર. ધ્રુવ૦
લોક સૂતા'તા એવે સમયે, પ્રબળ પૂર આ આવ્યો;
જવા આવવા વાટ મળે નહિ, કોલાહલ બહુ વાઠ્યો.
જોતાં જોતાં પાણી પેઠું, ઘરો મહીં જે વારે[1];
સ્થિતિ ભયંકર ખ્યાલે આવી, સમાજ અતિશય બીધો.
બાળો રડતાં, ઘરો પડતાં, પાણી ખળખળ થાતાં;
ભલભલાની બુદ્ધિ ન ચાલી, મારગ ન જડચો ચીંઠ્યો.
ગંજ સયાજી બાગ કમાટી, દાંડે બજાર[2] ય તેવો;
ફતેપુર ને નાગરવાડ, પ્રદેશ જળમય કીધો.

૧. જ્યારે ૨. દાંડિયા બજાર

જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી, સુરસાગર ઊભરાણો;
ઉપર પાણી, નીચે પાણી, માર્ગ ન સૂઝે સીધો.
ઇસ્પિતાલમાંના દરદીઓ, કોલજના રહેવાશી;
અન્ન ન મળતાં સૌએ કષ્ટે, અપવાસ[1] ત્રાસી કીધો.
યમસદને જે ગયા કૈંક તે કોણ કોઈ નવ જાણે;
પ્રેતો મળતાં જગા મળે નહિ, દહનવિધિ શું સાધો.
અનાજ પુષ્કળ સડયું દુકાને, મૂઆં ઘણાંયે ઢોર;
દુર્ગંધી જ્યાં ત્યાં પથરાઈ, અટકયો ઉપાય બાધો.
રેલવે લાઈન ઘણી વહી ગઈ, તારાયંત્રો[2] બગડયાં;
સગાંસંબંધી કાંઈ ન જાણે, પ્રસંગ દુર્ઘટ લાધ્યો.
મછવા ભાગ્યા, હાથી થાકયા, પુલ રહ્યા કે તૂટયા;
અધિકારી જળમય ભાગે અટકી, પડયો મદદનો વાંધો.
રાજપિતા[3] પરદેશે તેથી, આશા છેક હણાઈ;
મ્હોં બાંધીને માર પ્રભુ આ, યોગ્ય ન અરિને દીધો.
ગરીબ તવંગર સહુએ થરથર, જીવાશા માટે ધ્રૂજયા;
મૂકી ધનાશા જ્યાં ત્યાં નાઠા, મારગ દેખી રૂંધ્યા.
સંવત તેત્રીસ વરસે વરુણે, કોપ કર્યો'તો ભારે;
પચાશ વર્ષે ફરીને તેણે, દંડ કરમાં શીદ લીધો.
જળ જીવન છે સર્વ જગતનું, તે વિણ સૃષ્ટિ ન ચાલે;
રક્ષક ભક્ષક થઈને તેણે, મારગ અવળો લીધો.
અન્ન વસ્ત્ર ઘરબાર તણાતાં, નિરાધાર પીડિતોને,
વિનવે વૈદ્ય સદ્ય[4] જનતાને, ધરમ જોઈએ કીધો.

★

---

૧. ઉપવાસ ૨. તાર ૩. રાજા ૪. જલદી

## વાદ વદે

રામ ને સીતા વાદ વદે,
લાવજો રે એક રાતું ફૂલ; રદા કમળમાં રામ રમે.*
રાતો તે ગોરીનો ચૂડલો, ને
રાતી તે પોપટની ચાંચ; રદા કમળમાં રામ રમે.
રામ ને સીતા વાદ વદે,
લાવજો રે એક પીળું ફૂલ; રદા કમળમાં રામ રમે.
પીળો હળદરનો ગાંઠિયો, ને
પીળી તે ચણાની દાળ; રદા કમળમાં રામ રમે.
રામ ને સીતા વાદ વદે,
લાવજો રે એક કાળું ફૂલ; રદા કમળમાં રામ રમે.
કાળી તે કોયલ વન વસે, ને
કાળી રે કાગાની પાંખ; રદા કમળમાં રામ રમે.

---

*સરખાવો :

રામ ને સીતા વાદ વદે,
લાવજો રે એક રાતું ફૂલ; રદા કમળમાં રામ રમે.
રાતો તે રંગત ચૂડલો,
રાતા રે કન્યાના દાંત; રદા કમળમાં રામ રમે.
રામ ને સીતા વાદ વદે,
લાવજો રે એક ધોળું ફૂલ; રદા કમળમાં રામ રમે.
ધોળાં પ્રભુજીનાં ધોતિયાં,
ધોળી રે બગલાની પાંખ; રદા કમળમાં રામ રમે.
રામ ને સીતા વાદ વદે,
લાવજો રે એક કાળું ફૂલ; રદા કમળમાં રામ રમે.
કાળો કન્યાનો ચોટલો,
કાળો રે અષાઢી મેઘ; રદા કમળમાં રામ રમે.

[સ્વ. શ્રી. ઝવેરચંદ મેઘાણીના 'લોકસાહિત્યનું સમાલોચન' માંથી )

રામ ને સીતા વાદ વદે,
લાવજો રે એક ધોળું ફૂલ; રઢા કમળમાં રામ રમે.
ધોળાં બગલાં રાનમાં, ને
ધોળી તે ધોબી ધોણ્ય[1]; રઢ કમળમાં રામ રમે.
રામ ને સીતા વાદ વદે,
લાવજો રે એક લીલું ફૂલ, રઢા કમળમાં રામ રમે.
લીલાં વનનાં ઝાડવાં, ને
લીલી તે પોપટની પાંખ, રઢા કમળમાં રામ રમે.

★

## શ્રવણ

શરવલી બેઠી સરવર બેટ,
શરવણ એની માને પેટ;
જેમ જેમ શરવલી ડગલાં ભરે,
શરવણની મા માસ જ ગણે.
ઊંડા ઊંડા કૂવા ને ઢબળી[2] વાવ,
ત્યાં શરવણના જન્મ જ થાય;
પાંચ–સાત વરસના શરવણ થયા,
લેઈ પાટી ને ભણવા ગયા.
ભણી ગણી નવછંદા[3] થયા,
રામના નામનાં માગાં થયાં;
સારા તે કુળની પરણી નાર,
શરવણ પધાર્યા પોતાને દ્વાર.
પછી તે નારી બોલી વાણ,
સાંભળોને તમે ચતુરસુજાણ;
આંધળાં માબાપને નાખો કૂવે,
મારે મૈયર દૂધ પીવા જઈએ.

---

૧. ધોવાના કપડાંની ગાંસડી ૨. ધીંગી ૩. નવજવાન.

આગળ શરવણ ને પૂંઠે નાર,
શરવણ સિધાવ્યા સસરા દુવાર;
　　લ્યો સસરાજી તમારી દીકરી,
　　તમને પાછી સોંપીએ ખરી.
રો' રો' જમઈડા જમતેલા[1] જાવ,
અમારી દીકરીના અવગુણ ગાવ;
　　તમારી દીકરીની અવળી કળા,
　　તાણે છાજ[2] ને ખાળે વળા[3].
ત્યાંથી તે સરવણ ચાલ્યો જાય,
સુથારીનું ઘર પૂછતો જાય;
　　ભાઈ રે સુથારી તું મારો વીર,
　　કાવડ ઘડ ને પાંસરી તીર.
　　કાવડ ઘડીને વાળજે ખાપ,
　　તેમાં બેસાડું આંધળાં માબાપ;
ત્યાંથી તે શરવણ ચાલ્યો જાય,
લવારીનું ઘર પૂછતો જાય.
　　ભાઈ રે લવારી તું મારો વીર,
　　કાવડ જડ ને પાંસરી તીર;
　　કાવડ જડીને વાળજે ખાપ,
　　તેમાં બેસાડું આંધળાં માબાપ.
ત્યાંથી તે શરવણ ચાલ્યો જાય,
રંગારીનું ઘર પૂછતો જાય;
　　ભાઈ રે રંગારી તું મારો વીર,
　　કાવડ રંગજે પાંસરી તીર.
　　કાવડ રંગીને રંગજે ખાપ,
　　તેમાં બેસાડું આંધળાં માબાપ;

---

૧. જમતા, ૨. છાપરું છાયેલું ઘાસ, ૩. વળીઓ.

ત્યાંથી તે શરવણ ચાલ્યો જાય,
સુખડિયાનું ઘર પૂછતો જાય.
ભાઈ રે સુખડિયા તું મારો વીર,
કંડિયા ભરને પાંસરા તીર;
કંડિયા ભરીને વાળજે ખાપ,
તે જમશે મારાં મા ને બાપ.

ત્યાંથી તે શરવણ ચાલ્યો જાય,
પિતાના ઘર-પંથે જાય;
કાવડે બેસાડ્યાં બાપ ને માય,
તીરથ કરવા લેઈ વેગે જાય.

તીરથ ફરિયો અડસઠ સાર,
પછી આવ્યો અયોધ્યા દ્વાર;
આંધળાં માબાપ તરસ્યાં થાય,
પાણીડાં ભરવાને શરવણ જાય.

કાવડ ભેરવી આંબા ડાળ,
શરવણ સિધાવ્યા સરોવર-પાળ;
ભખ્ ભખ ઘડાનો શબ્દ જ થાય,
દશરથ શિકારીને જાણ જ થાય.

શબ્દવેધી એક છોડ્યું બાણ,
જઈ શરવણને વાગ્યું જાણ.
'રામ' કહીને પડિયા જ્યાંય,
દશરથ આવ્યા વેગે ત્યાંય.

એટલે શરવણ બોલ્યા વાણ,
પાણીડાં પાવો જઈને જાણ;
બોલ્યા વિના તો પાણીડાં પાવ,
જો બોલશો તો બગડે દાવ.

'રામ' 'રામ' કહેતાં છોડિયા પ્રાણ,
શરવણ મૂઓ તેણે ઠામ;
એટલે દશરથ ઝટપટ જાય,
અંધ યુગલને પાણી પાય.

બોલ્યા વિણ એ પાણી ધરે,
જલપાન જરાયે તે નવ કરે;
કયમ શરવણ ના બોલ્યો વાણ?
પાણી અમે કયમ પીએ જાણ?

શા માટે રિસાયો વીર?
ના બોલ્યો કયમ આણી ધીર?
એટલે રાજા બોલ્યા વાણ,
તમે સાંભળો ચતુરસુજાણ.

"તમારો શરવણ મરિયો જાણ,
મુજથી અજાણે વાગ્યું બાણ;
શરવણની પેઠે જાણજો તન[1],
દૃઢ રાખો તમારું મન."

એટલે બેઉએ કલ્પાંત કરી,
જળની ધારા લોચન ભરી;
આખર વેળાએ દીધો શ્રાપ,
તે દશરથને ચોંટયો આપ.

"મારે ને શરવણને વિજોગ હોય—
તેવા વિજોગ તુજને હોય;"
'રામ' 'રામ' કહેતાં પ્રાણ જ ગયા,
બન્ને જણ વિખૂટાં થયાં.

---

સરખાવો: રઢિયાળી રાત ભા. ૩જો, પૃ. ૯-૧૦-૧૧.

૧. પુત્ર

એટલે દશરથે કરી વિચાર,—
શાપને વર માન્યો સાર;
એથી ઊજળું થશે ઘરસૂત્ર,
એનાથી મારે થાયે પુત્ર.
પછી દહનની ક્રિયા કરી,
દશરથ આવ્યા અયોધ્યા ભણી;
ગાય શીખે ને સાંભળે જેહ,
ઈશ્વર આશા પૂરે તેહ.

★

## શરવણ

તલપત જીવડા તલપત રાય, શરવણ જાયા ચૌદશ રાત.
બારે વરસરા શરવણ હુવા, લે પોથી ભણવાને ગયા.
ભણિયા ગણિયા વેદ વિચાર, તેને પરણાવી કુળવતી નાર.
કુળવતી નારી વચન સુણીજે, માય-બાપરી ટહેલ કરીજે.
ટહેલ ચાકરી ચમર ઢોળીજે, ચાંપી હાથ પગ પાય નમીજે.
આંધા આંધીને કૂવામાં નાખ, નહીં ડૂબે તો શિલા સરકાવ.
મને લેઈને મારે મૈયર ચાલ, ભરી વધાવું મોતી થાળ.
મારા મૈયરમાં ગાય ભેંસ ઘણી, સેવા કરું એ શરવણ ધણી.
દેખ મજા મારા મહિયર તણી, વસાવું ખાટ એ પરણ્યા ધણી.
છાની રહે મારા પગની પેજાર[1], હાંકી કાઢી નાર ઘરથી બહાર.
થારે[2] સરીખી લાવું દોચાર, માવીત મળે ના દૂજી વાર.
અતરે કિયો દારી રીસ ને ચલી, લેઈ ટકો કુંભાર ઘેર ગઈ.
કુંભાર મોરા ધર્મરો વીર, દો પરદેરી હાંડી ઘડ દેની.
એક પડદેમેં રાખ રંધાઉં, દૂજે પડદેમેં ખીર પકાઉં.

---

૧. પગરખું ૨. તારે.

રાખડો લે સાસુ સસરાને પાઉં, દૂધની ખીર મસ્તાની ખાઉં.
જણુ પાપણુરો મુડો[1] કુણુ દેખે, જણુ હત્યારો મુડો કુણુ દેખે.
રતના ખાતી ધર્મરો વીર, કાવડ ઘડ રે ચંદનરી.
કાવડ ઘડી મોતીએ જડી, લે શરવણુને ખાંધે ધરી.
આગે બેસે આંધો બાપ, બ્હારે બેસારું આંધી માય.
ગંગા ન્હાયા, ગોમતી ગયા, પુષ્કરજીની પેઢી ગયા.
જતે ને બોલ્યાં મા ને બાપ, શરવણુ બેટા પાણી આપ.
તરસે હમરો જીવડો જાય, પાણી કઠેથી[2] શોધી લાય.
ઘેલી માને ઘેલો બાપ, રણુ વનમાં નહીં કૂવા વાવ.
ડાબા ભુજપે ભીમ તળાવ, ચોકી બેઠા દશરથ રાવ.
ઊંચો આંબો નીચી વાવ, કાવડ કઠે ધરું મોરી માવ.
કાવડ ધર ચંપેરી ડાળ, હિમ્મત રાખે શરવણુ બાળ.
કમર કસીને તિયાર થયો, લે ઝારી ભરવાને ગયો.
ડાબે ભેરવ જર જર કરે, શરવણુરા પગ પાછા પડે.
શરવણુ બેટા પાછો આવ, શુકન વિના પાણી મત જાવ.
વનવગડામાં શુકન શાં? લખિયા લેખ ટળે નહીં મા.
શરવણુ જાય ઝકોળ્યો નીર, સામે દશરથ ખેંચ્યો તીર.
ભગ ગઈ તુમડી, ઢળ ગયો નીર, શરવણુ પડ ગયો તેને તીર.
પડતે શરવણુ ભજિયા રામ, કુણુ તેરી મા ને કુણુ તેરો બાપ?
આંધી મા ને આંધો બાપ, ધરી કાવડ ચંપેરી ડાળ.
આંધા માવિતને[3] પાણી પાય, જદ મારો જીવ સ્વરગે જાય.
લિયો આંધા આંધી પાણી પિયો, કુંવર તમારો સ્વરગે ગયો.
મેં મૂરખાએ તીર તાણિયો, તમારા કુંવરને માર લિયો.
ફટ રે પાપી પાપ કિયો, સગા ભાણુજને માર લિયો.

---
૧. મોં ૨. ક્યાંયથી ૩. માવતરને.

હરિયા લીલા વાંસ વઢાવ, અમને કુંવર ભેગાં બાળ.
જઇ અમરો જીવ સ્વરગે જાય, જઇ અમરો જીવ મુક્તિ પાય.
શરવણ સરીખા બેટા હુઆ, માય બાપરી કાવડ ધરી.
અઇ કળજુગમેં એસા હુઆ, લેહ લગાય ન જુદા હુઆ.
ગાઈ જે શરવણ દીજે દાન, ગંગા જમુના કીજે સ્નાન.

★

# મહેસાણા જિલ્લાનાં લોકગીતો

## સંપાદક : શ્રી. જેઠાલાલ ના. ત્રિવેદી

### લાલ લાલ જોગી

[ પત્નીને માટે લાવેલા અલંકાર પતિ મોટી ભોજાઈને આપે છે અને તેથી પત્નીને જેઠનાં મહેણાં સાંભળવાં પડે છે. આ લોકગીત ઠાકોર બહેનો બહુ હલકથી આસો માસના ગરબા વખતે ગાય છે. ]

લાલ લાલ જોગી રે ભભૂત લાલ જોગી રે,
ભભૂતે ભરેલી તારી આંખ, લાલ જોગી રે……લાલ૦

હોનીડાને[1] હાટડે જયાં'તાં લાલ જોગી રે,
કડલાંની જોડચો લાયા, લાલ જોગી રે……લાલ૦

મારે કાજ લાયા, મોટાંને સોવરાવ્યાં[2],
જેઠ મે''ણું બોલે, ભભૂતલાલ જોગી રે……લાલ૦

ડોસીડાને હાટડે જયાં'તાં લાલ જોગી રે,
સાડીઓની જોડચો લાયાં, લાલ જોગી રે……લાલ૦

મારે કાજ લાયા મોટાંને સોવરાવ્યાં,
જેઠ મે''ણું બોલે, ભભૂતલાલ જોગી રે……લાલ૦

સરૈયાને હાટડે જયાં'તાં લાલ જોગી રે,
ટીલડીની જોડચો લાયા, લાલ જોગી રે……લાલ૦

મારે કાજ લાયા મોટાંને સોવરાવ્યાં,
જેઠ મે''ણું બોલે, ભભૂતલાલ જોગી રે……લાલ૦

★

---

૧. સોનીને ૨. સોવરાવ્યાં = સોહાવ્યાં, પહેરાવ્યાં.

## ભમરલો

[ શ્રીમદ્ ભાગવતમાં ગોપી-ઉદ્ધવના સંવાદ વખતે ભ્રમરગીતનો પ્રસંગ આવે છે. ભ્રમરને ઉદ્દેશી ગોપીઓ ઉપાલંભ આપે છે. ભ્રમરને લોકગીતોમાં પણ બહુ જૂના સમયથી અનેક રીતે સ્થાન, સંબોધન મળેલું છે. આ લોકગીત નરસિંહ મહેતા, ભાલણ, અને દયારામને નામે ચઢેલી આને મળતી ગરબીઓ સાથે સરખાવવા જેવું છે. ]

બાઈ, એક ભમરલો ભમરલો,
હો ટણઝૂણ કરતો ભમરલો ભમરલો......બાઇ૦

બાઇ એક નવલખો નવલખો,
મારે હૈડાનો હાર છે નવલખો નવલખો......બાઇ૦

બાઇ વનરાવનનો ભમરલો ભમરલો,
મારી લપટ ઝપટથી ભાજ્યો[1] રે......બાઈ૦

મારી કાંચલડી કસ તૂટી રે ભમરલો,
મારી મહી મટુકી ઢોળાણી રે......બાઈ૦

મારો તૂટચો નવલખ હાર રે ભમરલો,
એનાં મોતી વેરાણાં શેરડે રે......બાઈ૦

બાઈ એક ભમરલો ભમરલો,
હો ટણઝૂણ કરતો ભમરલો ભમરલો......બાઈ૦

★

૧. ભાજ્યો = ભાગી ગયો.

## સાહ્યબો અને ગોરી

[ પ્રિયા અને પ્રિયતમ એકબીજાના પ્રેમમાં ચકચૂર બની સોગઠાં રમે છે. છૂટા પડવાના પ્રસંગે એકબીજાને ઓળખવા માટે જે સંકેત આપે છે તે લોકકવિનું ચાતુર્ય પ્રગટ કરે છે. પતિ તો લાલ ફેંટાની ને તેમાં ખોસેલા કેવડિયાની નિશાની આપે છે. પણ ગોરી 'વાદળમાં ઝબૂકતી વીજળી'નું એંધાણ આપે છે ત્યાં ગીતની અને ગીતકારના ચાતુર્યની પરાકાષ્ઠા આવી રહે છે.]

ઊંચા ઊંચા છે મો'લ, બારી પડે બજારમાં રે,
ઢાળચા ઢાળચા બાજોઠ, ઢાળચા ઢાળચા બાજોઠ,
　　　સાવ સોનાનાં સોગઠાં રે.
રમ્યાં માઝમ રાત, રમ્યાં માઝમ રાત,
　　　તેડાં આયાં દરબારનાં રે.
ગોરી જાઉં છું દરબાર, ગોરી જાઉં છું દરબાર,
　　　ગોરી! ઓળખો તો આવજો રે.
ઝાઝા મોટિયારડા[1] હોય, ઝાઝા મોટિયારડા હોય,
　　　સાહબ! તમને ચ્યાં[2] ઓળખું રે?
લાલ ફેંટાવાળો હોય, લાલ ફેંટાવાળો હોય,
　　　માંય રે ખોસેલો છે કેવડો રે.
ગોરી એટલે એંધાણ, ગોરી એટલે એંધાણ,
　　　ગોરી ઓળખો તો આવજો રે.

× × ×

ઊંચા ઊંચા છે મોલ, બારી પડે બજારમાં રે,
ઢાળ્યા ઢાળ્યા બાજોઠ, ઢાળ્યા ઢાળ્યા બાજોઠ;
　　　સાવ સોનાનાં સોગઠાં રે.

---

૧. મોટિયારડા = જવાનિયા. ૨. ક્યાં.

રમ્યાં માઝમ રાત, રમ્યાં માઝમ રાત,
તેડાં આયાં મહિયરનાં રે.

સાહબ જાઉં છું મહિયર, સાહબ જાઉં છું મહિયર,
સાહબ ! ઓળખો તો આવજો રે.

સરખી સાહેલી હોય, સરખી સાહેલી હોય,
ગોરી ! તમને ચ્યાં ઓળખું રે ?

ઘન વાદળ હોય, ઘન વાદળ હોય,
માંય ઝબૂકે વીજળી રે.

સાહબ, એટલે એંધાણુ, સાહબ એટલે એંધાણુ,
સાહબ ! ઓળખો તો આવજો રે.

★

# સૌરાષ્ટ્રનાં લોકગીતો

સંપાદિકા : સૌ. ચંદ્રિકા જોષાણી

*

## હરિનું હાલરડું

ગોકળ આઠમનો જનમ થયો ને, પડદે રમ્યા મહારાજ;
લોક આવીને ઊભા રહ્યા, પછી આવતા રહ્યા ભગવાન;
હરિને હાલરડું વહાલું.

સોના રૂપાનું મારું ઘોડિયું ને, હીરલા દોરી હાથ;
એક હીંચકડો નાખજે રે બાઈ, કા'નો ને રળિયાત.[1]
હરિને હાલરડું વહાલું.

કા'ન તમારો છેલડો[2] ને, રૂવે છે જાણી જાણી;
છાનો રે' છોકરા સૂઈ જા! તારી માતાજી ગ્યાં છે પાણી;
હરિને હાલરડું વહાલું.

પાણી ભરી માતા મદભર્યાં આવ્યાં, ઊને જળે નવરાવ્યા;
સાચા રૂમાલમાં વીંટાળ્યા, પછી ઉરમાં લઈ ધવરાવ્યા;
હરિને હાલરડું વહાલું.

જમે છે બ્રાહ્મણ ચૂરમે ને ખોબલે પિરસાવી ખાંડ;
ખંભા ઝાલીને ઊભા રહ્યા, પછી કોડે વીંધાવ્યા કાન,
હરિને હાલરડું વહાલું.

સાચી સિવડાવું ઝૂલડી ને, માથે સોનેરી ટોપી,
ખોઈ[3] ભરાવું ખારેકની, પછી જોવા આવે વ્રજગોપી;
હરિને હાલરડું વહાલું.

★

---

૧. આનંદ ૨. રૂપાળો ૩. ખોળો

## બગાસું

એક સમે હરિ ગોકુળિયામાં, રમતા દીઠા જદુરાય જો,
બળભદ્રજી કહે સુણો માતાજી, માવો[1] માટી ખાય જો;
રોષે ભરાણાં ને રોષે મૂંઝાણાં, માટી ન ખાશો માવા જો,
મુખ ઉઘાડીને જુએ માતાજી, (ત્યારે) દેખાડચાં ચૌદ ભુવન જો.

બાઈ રે પાડોશણ બહેનડી, ને સાંભળતાં સુખ થાય જો;
આજ સ્વપ્નામાં મેં તો કૌતુક દીઠું માવાના મુખ માંય જો.
આકાશ, વૈકુંઠ, પાતાળ દીઠું, ને બ્રહ્માજી વેદ ભણાય જો,
તેત્રીસ કરોડ મેં દેવતા દીઠા, માવાના મુખમાંય જો.

ઈંદ્ર તણું ઇન્દ્રાસન દીઠું, ને ધર્મપુરી ધર્મરાય જો.
ઐરાવત મેં હાથી દીઠો, માવાના મુખ માંય જો.
વાછરું કેરા વાડા દીઠા ને નવલખ ધેનુ ચરાય જો,
મહી વેચંતી ગોપિકા દીઠી, ને મેરુ દીઠો રવાઈ જો.

રત્ન સાગરને[2] ઘૂમતો દીઠો, માવાના મુખ માંય જો.
ગોકુળ દીઠું, વૃંદાવન દીઠું, રાસલીલા જયાં થાય જો,
સોળસેં ગોપીમાં રાધિકા દીઠાં, માવાના મુખ માંય જો.
સાત સાગર હૃદયે દીઠા, ને અમૃતના ભરિયેલ જો.

સોના ઘાટે દ્વારકાં દીઠી, માવાના મુખ માંય જો.
બળરાજાની બેઠક દીઠી, ને બળિ[3] દીઠા પાતાળ જો,
કંસ રાજાની કચેરી દીઠી, માવાના મુખ માંય જો.
સાત મોઢાળો ઘોડો દીઠો, ને લખમીજી પરગટ થાય જો,
જટાધારી શિવજીને દીઠા, માવાના મુખ માંય જો.
ચંદ્ર દીઠા, ને સૂરજ દીઠા, કૃષ્ણ ને બળદેવ જો,
કમળનો તેં ભારો દીઠો, માવાના મુખ માંય જો.
ધરણીધર ત્યાં નાગ દીઠા, ને જસમણિ જસ માય જો,

૧. શ્રીકૃષ્ણ ૨. સમુદ્ર, દરિયો ૩. બળિરાજા

સ્તુતિ કરંતી નાગણી દીઠી, માવાના મુખ માંય જો.
ગંગા યમુના સરસ્વતી દીઠાં, ને અડસઠ તીરથ ત્યાં થાય જો,
તાપી, ત્રિવેણી, ગોમતી દીઠાં, ને રાસક્રીડા ત્યાં થાય જો.
ચોરાસી કોસની પરકંપા[1] દીઠી માવાના મુખ માંય જો,
ધન્ય જશોદા માવડી ને સાંભળતાં સુખ થાય જો.
ગાય શીખે ને સુણે સાંભળે, એનો વૈકુંઠ[2]માં થાય વાસ જો.

★

## અધલખની ઈંઢાણી

બાઈ ! મારી અધલખની ઈંઢાણી,
સવા લાખ બેડલું રે લોલ.
બાઈ ! હું તો સરોવર પાણી ગઈ'તી,
રાધાજીને જોડલે રે લોલ.
કાંઠડે ઊભો તો કા'નો દાણી,
કાને નાખી કાંકરી રે લોલ.
કાના ! મા કર કાંકરીનો ચાળો,
નંદવાશે[3] મારું બેડલું રે લોલ.
બાઈ ! તું કિયા ગામની પાણિયારી,
અહુરે[4] પાણી સંચર્યાં રે લોલ.
છોકરા ! તારે શી પડપૂછ કે,
મહિયારી ગોકુળ ગામની રે લોલ.
ગોકુળ સરખું મારું ગામ,
મથુરા મારું સાસરું રે લોલ.
ગોકુળ જોયું ચારે ખંડ કે,
એક ખંડ રહી જીયો[5] રે લોલ.

★

૧. પરિક્રમા ૨. સ્વર્ગ. ૩. ફૂટશે ૪. મોડેથી (અસૂરી) ૫. ગયો

## સૂણો શામળિયા

જળ રે યમુનાનાં ઝીલતાં, સુણો શામળિયા !
મને મોતીડું લાગ્યું હાથ, નંદજીના નાનડિયા !
ગાડે કરીને મોતી આણિયું, સુણો શામળિયા !
માતા ! પાડો મોતીડાંના ભાગ, નંદજીના નાનડિયા !
એક મોતીમાં શું વહેંચીએ, સુણો શામળિયા !
મોતી વાવ્યે ઘણેરાં થાય, નંદજીના નાનડિયા !
યમુનાને કાંઠે ક્યારો રોપિયો, સુણો શામળિયા !
માંહી વાવ્યો મોતીનો છોડ, નંદજીના નાનડિયા !
એક મોતીને બબ્બે પાંદડાં, સુણો શામળિયા !
મોતી ફાલ્યાં છે લચકાલોળ, નંદજીના નાનડિયા !
થાળ ભરીને મોતી વેડિયાં,[1] સુણો શામળિયા !
માતા ! પાડો મોતીડાંના ભાગ, નંદજીના નાનડિયા !
કોઈને ચપટી, કોઈને ચાંગળું,[2] સુણો શામળિયા !
રાણી રાધાજીને નવસરો[3] હાર, નંદજીના નાનડિયા !

★

## વનરા રે વનમાં

સોના ઈંઢોણી રૂપા બેડલું વનરા રે વનમાં,
પાણીડાં ગઈ'તી તળાવ, મોરલી વાગી રે વનરા રે વનમાં.
કાંઠે તી કાંન ઘોડાં ખેલવે, વનરા રે વનમાં,
કાન મને ઘડૂલો ચડાવ્ય, મોરલી વાગી રે વનરા રે વનમાં.
તારો ઘડો તી ગોરી તોછડો, વનરા રે વનમાં,
તું છો મારા ઘરકેરી નાર, મોરલી વાગી રે વનરા રે વનમાં.
ફટ રે ભૂંડા, ને ફટ પાપિયા, વનરા રે વનમાં,
તું છો મારો માડી જાયો વીર, મોરલી વાગી રે વનરા રે વનમાં.

---

૧ ઉતાર્યાં ૨ ચાર આંગળામાં માય તેટલું ૩ નવ સેરનો.

કેડ મરડીને ઘડો હું ચડી, વનરા રે વનમાં,
તૂટી મારા કમખાની કસ, મોરલી વાગી રે વનરા રે વનમાં.
ભાઈ દરજીડા વીરા વીનવું, વનરા રે વનમાં,
ટાંક મારા કમખાની કસ, મોરલી વાગી રે વનરા રે વનમાં.
ટાંકયે તે ટાંકયે ઘમ્મર ઘૂઘરી, વનરા રે વનમાં,
હૈડે તી લખ્યા ઝીણા મોર, મોરલી વાગી રે વનરા રે વનમાં.
બાંયે તી લખ્ય વીરા બેનડી, વનરા રે વનમાં,
છેડે લખ્ય વેરણ શોકચ, મોરલી વાગી રે વનરા રે વનમાં.
કેડે ઉડાડું વેરણ શોકચ મોરલી વાગી રે વનરા રે વનમાં.

★

## ઘટે નહિ તમને રે !

રૂડાં આસોપાલવનાં ઝાડ, કદમની છાયા રે;
ત્યાં બેઠાં રાધાજી નાર, કસૂંબલ પહેરી રે.
એને કસૂંબે કસબી કોર, પાલવ રૂડો લાગે રે;
ત્યાં આવ્યો કાનુડો દાણી, છેડો લીધો તાણી રે.
એને કસૂંબે વાળી ગાંઠ, છોડી કેમ છૂટે રે;
એ તો બાલપણાની પ્રીત, તોડી કેમ તૂટે રે ?
જાવ જાવ જૂઠાબોલા કાન, તમે બહુરંગી રે;
તમે રાખો નહિ કો'ની લાજ, ઘણાંના સંગી રે.
વ્હાલે દૂધ સાકર પિવડાવી, ઉછેર્યાં અમને રે;
હવે વખડાં[1] ઘોળી ઘોળી પાવ, ઘટે નહિ તમને રે.
વા'લે ઊંડા કૂવામાં જઈ, ઉતાર્યાં અમને રે;
પછી વરત[2] વાઢી દૂર થાવ, ઘટે નહિ તમને રે.
વા'લે ફૂલપછેડો ઓઢાડી, રમાડયાં અમને રે;
હવે ખેંચાખેંચી કરો છો નાથ, ઘટે નહિ તમને રે.

★

૧ ઝેર, ૨ દોરડું.

## વાગે વૃંદાવન વાંસળી

વાગે વૃંદાવનમાં વાંસળી રે, ઊભો ઊભો વગાડે કહાન;
નાદે વેધી મુનિવર પાંસળી રે, નવ રહી કોને સાન.–વાગે૦
તરુની શાખાઓ ઝૂમી રહી રે, ચરણે નમવાને કાજ;
વેલી વૃક્ષ સાથે ઝૂમી રહી રે, ભાગ્ય અમારાં આજ.–વાગે૦
જમના નીર ચાલે નહીં રે, મૃગને મન મોહ થાય;
પંખી માળામાં મહાલે નહીં રે, નાદ સૂણી ન રહેવાય !–વાગે૦
વાછરું કાન દઈને સાંભળે રે, કરે નહીં પયપાન;
ગાયો ગાળા તોડી ત્યાં પળે રે, નાદ સુણવાને કાન.–વાગે૦
ફૂલ્યાં કમળ, જળ ટાટડી રે, દીસે ઉદિયો છે ભાણ !
શંકર સમાધ મેલી રહ્યા રે, થયું જગતને જાણ.–વાગે૦
કાને પડિયો તે વ્રજની નાર ને રે, વાલાજીનો રે નાદ;
તારું પદ પામે નિજ ધામને, ધાઈ ગયાં સૂણી સાદ.–વાગે૦
એકે નેપૂર કાને ઘાલિયું રે, ચરણે પહેરી છે ઝાલ;
એકે કંકણ માથે ઘાલિયું રે, એવી થઈ છે બેહાલ.–વાગે૦
એકે કુમકુમ કાજળ રોળિયું રે, ટપકું કીધું છે ગાલ;
એકે ખાવું ઘાલ્યું અંચળે રે, જોવા દીનદયાળ.–વાગે૦
એકના કરમાં કોળિયો રે, પીતી ચાલી એક નીર;
એક છોરું રડતાં મેલી ગઈ રે, ચાલી જમનાને તીર.–વાગે૦
એકના સ્વામીને મન આમળો રે, જાવા દીધી નહીં નાર;
કર જોડી કહે છે કામની રે, મને જાવા દો નિરધાર.–વાગે૦
સંગમાની પો'તી સર્વે ભામની રે, પછી બેઠો ઘસવા હાથ;
રીસ તજીને રિસાળવે રે, દીન થઈ દીનાનાથ.–વાગે૦
સર્વે પહેલી જઈને મળી રે, તેની દેહ પડી ઘરમાંય;
મોહનજીના અંગમાં જઈ મળી રે, થાય અચરજ સહુ ત્યાં–વાગે૦

★

## માવા, મહીડાં ઢોળીશ મા

મહીડાં મ ઢોળો મીઠા માવજી, ને
મહીડાં વેચીને વળું વે'લી આજ;
માવા, મહીડાં ઢોળીશ મા.
દૂધે ભરી છે તળાવડી, ને
મોતીડે બાંધેલ પાળ;
માવા, મહીડાં ઢોળીશ મા.
કાનુડો ધુએ રૂડાં ધોતિયાં, ને
રાણી રાધા પાણીડાંની હાર;
માવા, મહીડાં ઢોળીશ મા.
કાનુડે ઝાલ્યો મારો છેડલો, ને
તૂટચો મારો નવસરો હાર;
માવા, મહીડાં ઢોળીશ મા.
મોતી વેરાણાં માણેકચોકમાં, ને
મારી લાખ ટકાની ગઈ લાજ;
માવા, મહીડાં ઢોળીશ મા.
નરસિંહ મહેતાનો સ્વામી શામળો, ને
તેડી અમને રમાડ્યાં રાસ;
માવા, મહીડાં ઢોળીશ મા.

★

## ઘટે નહિ તમને રે

આવો રૂડો જમનાજીનો આરો, કદંબ કેરી છાયા રે,
ત્યાં કાંઈ બેઠાં રાધાજી નાર, કસૂંબલ ઓઢી રે.
એને કસૂંબે કસબી કોર, પાલવ રૂડો ઝબકે રે,
ત્યાં કાંઈ આવ્યો કાનુડો દાણી, છેડો લીધો તાણી રે.
દસ સાદ કરે દીનોનાથ, ન બોલે નારી રે,
બોલો બોલો રાધાગોરી નાર, અબોલા શેના લીધા રે.

વા'લે હીરના હીંચોળા બંધાવી, હીંચોળેલ અમને રે,
હવે કૂવામાં ઉતારી વરત વાઢો, ઘટે નહિ તમને રે.
વા'લે ફૂલના પછેડા ઓઢાડી, રમાડેલ અમને રે,
હવે ધોળી ધાબલડી ઓઢાડો, ઘટે નહિ તમને રે.
વા'લે દૂધ ને સાકર પાઈ, ઉઝેરેલ[1] અમને રે,
હવે વખડાં ઘોળી ઘોળી પાવ, ઘટે નહિ તમને રે.
વા'લે ઝાંઝરને ઝણુકારે, રમાડેલ અમને રે,
હવે મહીડાં લૂંટી લૂંટી ખાવ, ઘટે નહિ તમને રે.

✶

## ગેબની ગોળી

ક્યાં ગયો સખિ ! મોરલીવાળો, અમારા ઘૂંઘટ ખોલી રે ?
ક્યાં ગયો પેલો વાંસળીવાળો, અમને રંગમાં રોળી રે ?
હમણાં વેણી ગૂંથી 'તીને પેરી કસૂંબલ ચોળી રે !
માત જસોદા સાખ પૂરે છે, કેસર છાંટચાં ધોળી રે !
જળ જમુનાંજી ભરવા રે, ગ્યાં'તાં, બેડું નાખ્યું ઢોળી રે !
પાતળિયો પરપંચે ભરિયો, અમે તે અબળા ભોળી રે !
રાસ રમાડવાને વનમાં તેડચાં, મોહન મંત્ર સુણાવી રે !
પ્રેમ તણી પ્રેમદાને અંતર, ગેબની ગોળી મારી રે !

✶

## દાણલીલા

નહિ આવું હો નંદજીના લાલ, મૈડાં અમારાં રે;
વાલા વળગો મા વિઠ્ઠલરાય, અમે નહિ તમારાં રે.
કાન તારે ને મારે આજ, થાશે જોવા જેવી[2] રે;
મારે માથે છે મહી કેરાં માટ[3], ગોરસ ગોળી રે.
કાન, કાંકરડી[4] મહીના પારે[5], વળતાં વાગે રે;
મારી સાસુડી ચતુરસુજાણ, ઝબકીને જાગે રે.

---

૧ ઉછેરેલ ૨ જોવા જેવી લઢવાડ, ૩ માટલું, ૪ કાંકરી ૫ પાર-રીં વાસણ,

અમે આયરિયાની[1] જાત, કંઈ નવ જાણો રે;
મારી લાખ ટકાની લાજ, એક વાર રાખો રે.

★

## તલસાટ

હાં રે રથ ફેરો, ગોકુળ રથવાળા,
હાં રે તમે નંદ જશોદાના લાલા; ગોકુળ રથવાળા !
ગાયું રે તલપે[2], વાછરું રે તલપે;
તલપે ગોપ બિચારા, ગોકુળ રથવાળા !
ગંગા રે તલપે, જમના રે તલપે;
તલપે નદિયું ને નાળાં, ગોકુળ રથવાળા !
ચાંદો રે તલપે, સૂરજ તલપે;
તલપે નવલખ તારા, ગોકુળ રથવાળા !
નંદજી તલપે, જશોદાજી તલપે,
તલપે બળભદ્ર વીરા, ગોકુળ રથવાળા !
વલ્લભ વિનાની ગોપિયું રે તલપે,
તલપે પ્રાણ અમારા, ગોકુળ રથવાળા !

★

## ઘડૂલો ચડાવ ને ગિરધારી

હાં હાં રે, ઘડૂલિયો ચડાવ ને ગિરધારી !
ઘરે વાટું જોશે મા મોરી; ઘડૂલિયો ચડાવ ને ગિરધારી.
તારા હાથની હથેળી રે ગિરધારી,
જાણે બાવનપરની થાળી; ઘડૂલિયો૦
તારા હાથની આંગળિયું રે ગિરધારી,
જાણે ચોળા મગની શીંગુ; ઘડૂલિયો૦

---

૧ આયર–આહીર. ૨ વાટ જોઈ રહે, તલપાપડ થાય. (તલસાટ)

તારા પેટડિયાનો ફાંદો[1] રે ગિરધારી,
      જાણે ઊગ્યો પૂનમનો ચાંદો; ઘડૂલિયો૦
તારા નાકડિયાની[2] દાંડી રે ગિરધારી,
      જાણે દીવડિયે શગ માંડી; ઘડૂલિયો૦
તારા વાંસાનો વળાંકો રે ગિરધારી,
      જાણે સરપણનો[3] સળાકો[4]; ઘડૂલિયો૦
હાં હાં રે, ઘડૂલિયો ચડાવ ને ગિરધારી,
      ઘ રે વા ટું જો શે મા મો રી; ઘડૂલિયો૦

★

## લક્ષણ (લખ્ખણ) ભૂંડાં

ઓરડામાં ઊભાં વહુવારુ દીસો છો રૂડાં રે.
સાસુ સામાં વઢવા બેસો એ લખ્ખણ[5] ભૂંડાં રે.
વઢવાનું શું છે, પણ વઢકારાં કહેવાઈએ રે.
વડી રે વાઘણ વહુવારુ, તારાં લખ્ખણ ભૂંડાં રે.

કચરો વાળંતાં વહુવારુ દીસો છો રૂડાં રે.
પડચું-આખડચું ગાંઠે બાંધો, એ લખ્ખણ ભૂંડાં રે.
બાંધ્યાનું શું છે પણ ચોરટાં[6] કહેવાઈએ રે.
વડી રે વાઘણ વહુવારુ તારાં લખ્ખણ ભૂંડાં રે.

પાણી તાણંતાં વહુવારુ દીસો છો રૂડાં રે.
ખોબે ખોબે પાણી પીઓ, એ લખ્ખણ ભૂંડાં રે.
પીધાનું શું છે, પણ ગોબરાં[7] કહેવાઈએ રે.
વડી રે વાઘણ વહુવારુ, તારાં લખ્ખણ ભૂંડાં રે.

રસોઈ કરંતાં વહુવારુ દીસો છો રૂડાં રે.
ખાટું મોળું ચાખી જુઓ, એ લખ્ખણ ભૂંડાં રે.

---

૧ ફાંદ, ૨ નાકની, ૩ સાપણ-નાગણી, ૪ વળાંક, ૫ લક્ષણ, ૬ ચોર, ૭ ગંદાં.

ચાખ્યાનું શું છે, પણ ચાટણું કહેવાઈએ રે.
વડી રે વાઘણુ વહુવારુ તારાં લખ્ખણુ ભૂંડાં રે.
વાસીદું વાળંતાં વહુવારુ દીસો છો રૂડાં રે.
પાડાનું પૂંછડું મરડો, એ લખ્ખણુ ભૂંડાં રે.
મરાડયાનું શું છે, પણ પાડો મરી જાય રે.
વડી રે વાઘણુ વહુવારુ, તારાં લખ્ખણુ ભૂંડાં રે.

★

## ગાવડી દોવા

લગરિક[1] આવજે નંદના છૈયા,
આવો મારી ગાવડી દોવા રે.
મારી ગાય તો તુજને હળી, ને તુજને દોવા દે,
રોજનો પૈસો રોકડો કાના, મુખથી માગી લે; લગરિક.
હીરને છેડ નોંધણું કાના, વાછરું વાળીશ હું,
ગાવડી પાસે ઊભી રઉં હું, ગાવડી દોજે તું; લગરિક.

★

## રંગ મોરલી

મોરલી તો ચાલી રંગ રૂસણે રે!
કોણુ મનાવવા જાય, રંગ મોરલી!
સસરો મનાવવા જાય, રંગ મોરલી!
સસરાની વાળી હું તો નહીં રે વળું રે!
હં! હં અં! હોવે!
હું તો મારે મૈયર જઈશ, રંગ મોરલી!
મોરલી તો ચાલી રંગ રૂસણે રે!
કોણુ મનાવવા જાય! રંગ મોરલી!

---

૧ લગારેક-જરાક.

સાસુ મનાવવા જાય! રંગ મોરલી!
સાસુની વાળી હું તો નહીં રે વળું રે!
હં! હં અં! હોવે!
હું તો મારે મૈયર જઈશ, રંગ મોરલી!
મોરલી તો ચાલી રંગ રૂસણું રે!
કોણ મનાવવા જાય! રંગ મોરલી!
પરણ્યો મનાવવા જાય! રંગ મોરલી!
પરણ્યાની વાળી હું તો ઝટ રે વળું રે
હં! હં અં! હોવે!
હું તો મારે મૈયર નહિ જાઉં, રંગ મોરલી!

★

## અંબોડે એંધાણ

કાળા હરિયાળા ડુંગર, કાળી કોયલ બોલે જો,
અહીંનાં રહેવાસી...બા, સાસરિયે કેમ સ્હાસે[1] જો,
મેડીએ બેઠા હાર પરોવશું, વીરાની વાટ જોશું જો.
અડધી અડધી રાતના વીરે ઘોડલિયા શણગાર્યા જો;
જમાઈ મારી બેનડીને મહિયરિયે મેલો જો,
કઈ તમારી બેનડી, ને શેનાં છે એંધાણ જો?
કાચની ચૂડી, લાલ પછેડો, અંબોડે એંધાણ જો.

★

## નૈં બોલું

એક ચંપો ને મરવો ડોલરિયો!
વાવ્યો વાવ્યો રે રખમાબાઈને આંગણિયે—એક ચંપો.
એનાં ફૂલ ઊઘડ્યાં રે દશ પાંખડિયે,
વાલે પાયો રે દશવીશ ત્રાંબડિયે—એક ચંપો.

---
૧ સોરવશે

વાલે સહુને મેલ્યાં છે વિસારી,
રાણી રાધાજીને તે મેલ્યાં રિસાવી—એક ચંપો.

જાવ, જાવ રે જૂઠડા નૈં બોલું,
કાળા કરશનજી, તમથી નૈં બોલું—એક ચંપો

ચિત્તડાના ચોર! તમથી નૈં બોલું;
કામણગારા કાનજી! તમથી નૈં બોલું—એક ચંપો

★

## સૂનાં સૂનાં મંદિરિયે

સૂને સૂને મંદિરિયે નહિ રમીએ, મારે હરિ ભજારના હેવા[1],
મંદિરિયે નહીં રમીએ, સૂને સૂને મંદિરિયે નહીં રમીએ.

રાણી રાધાની પે'રેલ કાંબી રે, ઓલા કાનુડાની નજરૂં લાંબી;
મંદિરિયે નહીં રમીએ, સૂને સૂને મંદિરિયે નહીં રમીએ.

રાણી રાધાની પે'રેલ ચૂડી રે, ઓલા કાનુડાની નજરું કૂડી રે.
મંદિરિયે નહીં રમીએ, સૂને સૂને મંદિરિયે નહીં રમીએ.

રાણી રાધાની પે'રેલ કંઠી રે, ઓલા કાનુડાની નજરું વંઠી રે;
મંદિરિયે નહીં રમીએ, સૂને સૂને મંદિરિયે નહીં રમીએ.

રાણી રાધાની પે'રેલ તોડી રે, ઓલા કાનુડાની નજરું ખોટી રે;
મંદિરિયે નહીં રમીએ સૂને સૂને મંદિરિયે નહીં રમીએ.

રાણી રાધાના હાથમાં કટકો રે, ઓલા કાનુડાને ચડયો ચટકો રે;
મંદિરિએ નહીં રમીએ સૂને સૂને મંદિરિયે નહીં રમીએ.

રાણી રાધાની પે'રેલ સાડી રે, ઓલા કાનુડાની મારશે માડી રે;
મંદિરિયે નહીં રમીએ, સૂને સૂને મંદિરિયે નહીં રમીએ.

★

---

૧ ટેવ.

## નાનો નાવલિયો

સામે કાંઠે રૂમઝૂમ વેલડી રે! આવતાં દીઠી, વાલમિયા!
ઘડીક ઊભલા રો'તો રે, ચૂંદડી લાવું વાલમિયા!
મને ઓઢ્યાનો ઝમકારો! નાવલિયો નાનો વાલમિયા!
સામે કાંઠે રૂમઝૂમ વેલડી રે! નાવલિયો નાનો, વાલમિયા!
ઘડીક ઊભલા રો'તો રે; કડલાં લાવું વાલમિયા!
મને પેર્યાનો ઝમકારો, નાવલિયો નાનો વાલમિયા!
સામે કાંઠે રૂમઝૂમ વેલડી રે, આવતાં દીઠી વાલમિયા!
ઘડીક ઊભલા રો'તો રે ટસરક[1] ટીલી તાણું વાલમિયા!
મને પેર્યાનો ઝમકારો, નાવલિયો નાનો, વાલમિયા!
સામે કાંઠે રૂમઝૂમ વેલડી રે! આવતાં દીઠી, વાલમિયા!
ઘડીક ઊભલા રો'તો રે મસરક[2] ચાંદલો માંડું વાલમિયા!
નાવલિયો નાનો, વાલમિયા.

★

## અલબેલા સાહેબજી

માળવેથી પોઢચું રાજ હલકી[3] રે નાયકજી,
આવી ઊતરી પાટણ શે'ર રે નાયકજી;
હારે હાલો વણઝારા સાહેબજી.

પાટણ બજારું મારે જોવી રે નાયકજી,
નગર[4] જોયાના કોડ રે નાયકજી;
હારે હાલો અલબેલા સાહેબજી.

ઓરા આવો તો કહું વાતડી નાયકજી,
કયું[5] માનો તો વેણ નાખું રે નાયકજી;
હારે હાલો અલબેલા સાહેબજી.

---

૧. અણીદાર ૨. મોટો ૩. ઊમટી ૪. શહેર ૫. કહ્યુ-કહેલું.

પગ પરમાણે મારે મોજડી નાયકજી,
ફૂમતાંવાળો શણગાર રે નાયકજી;
વો'રી[૧] આલો[૨] અલબેલા સાહેબજી.

પગ પરમાણે મારે ઝાંઝર નાયકજી,
ઘૂઘરીવાળો શણગાર રે નાયકજી,
વો'રી આલો અલબેલા સાહેબજી.

કેડ પરમાણે મારે ચણિયો નાયકજી,
ઝૂલ્યુંવાળો શણગાર રે નાયકજી;
વો'રી આલો અલબેલા સાહેબજી.

વેણી પરમાણે મારે ફૂલડાં નાયકજી,
ગજરાવાળો શણગાર રે નાયકજી;
વો'રી આલો અલબેલા સાહેબજી.

અંગ પરમાણે મારે કંચવો[૩] નાયકજી;
જરિયાંવાળો[૪] શણગાર રે નાયકજી,
વોરી આલો અલબેલા સાહેબજી.

હાથ પરમાણે મારે કંગણુ[૫] નાયકજી;
બાજુવાળો શણગાર રે નાયકજી,
વો'રી આલો અલબેલા સાહેબજી.

કોટ[૬] પરમાણે મારે નવસર નાયકજી;
હીરલાવાળો શણગાર રે નાયકજી,
વો'રી આલો અલબેલા સાહેબજી.

નાક પરમાણે મારે નથની[૭] નાયકજી;
મોતીઓવાળો[૮] શણગાર રે નાયકજી,
વો'રી આલો અલબેલા સાહેબજી.

---

૧. ખરીદી ૨. અપાવો ૩. કાંચળી ૪. કસબી ૫. ચૂડી. ૬. ડોક
૭. નથડી ૮. મોતીનો

કાન પરમાણે મારે કુંડળ નાયકજી;
લોલકવાળો શણગાર રે નાયકજી;
વો'રી આલો અલબેલા સાહેબજી.
ભાલ પરમાણે મારે ટીલડી નાયકજી,
દામણીવાળો શણગાર રે નાયકજી,
વો'રી આલો અલબેલા સાહેબજી.

[ પણ એનો પતિ એને કાંઈ અપાવતો નથી એટલે 'કાંઇ જોતું નથી' કહીને રિસાઈ જાય છે ને તું લોભી થઈ ગયો કહી દરેક વસ્તુની રઢ છોડીને ફૂલગજરા અપાવવા આગ્રહ કરે છે. ]

નથી તારી મોજડી જોતી નાયકજી;
નથી ભૂંડા ફૂમતાનું કામ રે, નાયકજી;
મારે જોયે ફૂલગજરા સાહેબજી.
લોભ લાગ્યો વણઝારા સાહેબજી.

નથી તારાં ઝાંઝર જોતાં નાયકજી,
નથી ભૂંડી ઘૂઘરીનું કામ રે નાયકજી;
મારે જોયે ફૂલગજરા નાયકજી.
લોભ લાગ્યો વણઝારા સાહેબજી.

નથી તારા ચણિયા જોતા નાયકજી;
નથી ભૂંડી સૂત્યુંનું કામ રે નાયકજી,
મારે જોયે ફૂલગજરા નાયકજી.
લોભ લાગ્યો વણઝારા સાહેબજી.

નથી તારા કંચવા જોતા નાયકજી;
નથી ભૂંડા જરિયાનું કામ રે નાયકજી,
મારે જોયે ફૂલગજરા નાયકજી,
લોભ લાગ્યો વણઝારા સાહેબજી.

નથી તારાં કંગણુ જોતાં નાયકજી,
નથી ભૂંડા બાજુઓનું કામ રે નાયકજી;
મારે જોયે ફૂલગજરા નાયકજી,
લોભ લાગ્યો વણુઝારા સાહેબજી.

નથી તારો નવસરો જોતો નાયકજી,
નથી ભૂંડા હારલાનું કામ રે નાયકજી;
મારે જોયે ફૂલગજરા નાયકજી,
લોભ લાગ્યો વણુઝારા સાહેબજી.

નથી તારી નથણી જોતી નાયકજી,
નથી ભૂંડાં મોતીઓનું કામ રે નાયકજી;
મારે જોયે ફૂલગજરા નાયકજી,
લોભ લાગ્યો વણુઝારા સાહેબજી.

નથી તારાં કુંડળ જોતાં નાયકજી,
નથી ભૂંડાં લોલકનું કામ રે નાયકજી;
મારે જોયે ફૂલગજરા નાયકજી,
લોભ લાગ્યો વણુઝારા સાહેબજી.

નથી તારી ટીલડી જોતી નાયકજી,
નથી ભૂંડી દામણીનું કામ રે નાયકજી;
મારે જોયે ફૂલગજરા નાયકજી,
લોભ લાગ્યો વણુઝારા સાહેબજી.

વેણી પરમાણે મારે ફૂલડાં નાયકજી,
ગજરાવાળો શણુગાર રે નાયકજી;
એ રે લઈ આલો અલબેલા નાયકજી,
રૂડો રીઝચો વણુઝારો સાહેબજી.

★

## ફૂવડ વહુ

મોટા ભાઈ ને મોટી વહુની, સરખે-સરખી જોડયું જી રે;
નાના ભાઈની નાની વહુને, માથે બુચકું[૧] બોડું જી રે.

બુચકામાં બહુ પડી ઇંડાળો[૨], ટોલા[૩] બહુ ખદબદતા જી રે;
સુઘડ દિયરને એ કેમ ગમશે ? મોટી વહુ એમ વદતાં જી રે.

જા રે દેરાણી, જા રે ફૂવડ વહુ, એને પોલર[૪] ઘાલો જી રે;
સુઘડ દિયરને બીજી પરણાવું, મારે લેવો લા'વો જી રે.

નાની વહુ તો પિયર ગ્યાં'તાં, રોતાં રોતાં બોલ્યાં જી રે;
જેઠાણી બહુ જાલમ[૫] તેણે, કડાક કાકડા[૬] મોળ્યા જી રે.

નાની ભોજાઈએ નાક ચડાવ્યું, મુખે મહર[૭] કરી બોલ્યાં જી રે;
મોટી ભોજાઈએ મહેર[૮] કરીને, માથાં ઓળ્યાં ચોળ્યાં જી રે.
ટોલા વીણ્યા, લીખો તાણી, પાછાં ઘેર વળાવ્યાં જી રે.

આવો દેરાણી, આવો સુઘડ વહુ, તમે આવ્યે અમે રાજી જી રે;
સુઘડ દિયરને સુઘડ દેરાણી, એ નો'તી પતરાજી[૯] જી રે.

કરી કળશિયો[૧૦] ઘરમાં લઈ જાઉં, દીકરા–દીકરી રમાડો જી રે;
સરખેસરખી સાહેલીમાં, ભાત ભલેરી[૧૧] પાડો જી રે.

★

---

૧ ઓછા વાળવાળું માથું, ૨ લીખ, ૩ મોટી જ ૪ પિયર, ૫ જુલમી, ૬ બે હાથનાં આંગળાં સામસામાં ભીડીને ધિક્કાર બતાવવો, ૭ મર્મ, ૮ ઉપકાર, ૯ દંભ, ખોટી વાત, શેખી ૧૦ સમાજમાં એવો રિવાજ છે કે વહુ સાસરે આવે ત્યારે ઉમરા પાસે ઊભી રાખીને તેના માથા ઉપર પાણીનો કળશિયો ઉતારે ને તે ધરતી ઉપર ઢોળી દઈને તેનો ચાંલ્લો વહુને કરે, ૧૧ સારી.

# મહુવા પ્રદેશના ખેડૂતોનાં લોકગીતો

**સંપાદક : શ્રી. જીવરાજ પટેલ**

## ધામેણું

રામે મને ગાવડી ધામેણા[1]માં આલી,
પટેલનાં ખીડક્કાં[2] ભેળવ્યાં મારા રાજ;
રામે મને ગાવડી ધામેણામાં આલી—ટેક૦

ઈ રે ગાવલડીને પાણીડાં રે જોશે,
સમદર બેટ ખૂટાડચાં મારા રાજ; રામે૦

ઈ રે ગાવલડીને ખીલા રે જોશે,
રંગત ખીલા ધરઓ[3] મારા રાજ; રામે૦

ઈ રે ગાવલડીને મોરિયું[4] રે જોશે,
હીરની મોરિયું ભાંગો મારા રાજ; રામે૦

ઈ રે ગાવલડીને દોવા ઓઘરાં[5] રે જોશે,
પિત્તળિયાં ઓઘરાં વો'રો[6] મારા રાજ; રામે૦

★

## રાસ રમે

રામ ને સીતા મા'દેવ મંદિરે જાયે,
લાવજો રે કોઈ રાતાં ફૂલ;
રાધા કમળમાં રાસ રમે.
રાતો તે ગોરી કેરો સાડલો રે,
રાતી તે પોપટની ચાંચ; રાધા૦

---

૧ દાયજો, ૨ ખીડ, ૩ ખોડો, રોપો, ૪ મોઢે બાંધવાની દોરી, ૫ ઓઘરણું ૬ ખરીદો.

લાવજો રે કોઈ ધોળાં ફૂલ;
રાધા કમળમાં રાસ રમે.
ધોળાં તે ધોબી કેરાં ધોતિયાં રે,
ધોળી રે બગલાની પાંખ; રાધા૦

લાવજો રે કોઈ લીલાં ફૂલ,
રાધા કમળમાં રાસ રમે.
લીલી તે પોપટની પાંખડી રે,
લીલાં રે નાગરવેલનાં પાન; રાધા૦

લાવજો રે કોઈ કાળાં ફૂલ,
રાધા કમળમાં રાસ રમે.
કાળો તે ગોરી કેરો ચોટલો રે,
કાળી તે કોયલની ચાંચ; રાધા૦

લાવજો રે કોઈ પીળાં ફૂલ,
રાધા કમળમાં રાસ રમે.
પીળો તે હળદર કેરો ગાંઠિયો રે,
પીળી તે ચણા–મગની દાળ; રાધા૦

★

## અખોવન રેઝડી

સાગનો સોટો પાતળો રે, કાંઈ ખીલ્યો ગોટાગોટ;
ખોળો વાળીને ફૂલ વીણતી રે, મને ડસિયો કાળૂડો નાગ,
અખોવન[1] રેઝડી રે, રંગમાં રેલી જાય.

બાર પટાનો મારો ઘાઘરો રે, કાંઈ ભમરિયાળી ભાત,
સારું કરીને સૂઈ[2] ગૂંથજે રે, મારે રે'વું આજુની રાત;
અખોવન રેઝડી રે, રંગમાં રેલી જાય.

---

૧ જેનાં બધાં બાળક જીવંત છે એવી સ્ત્રી. ૨ દરજી, મેરાઈ

કાળા લપેટાનું કાપડું ને કાંઈ ભમરિયાળી ભાત,
સારું કરી સૂઈ સીવજે રે, મારે રે'વું આજુની રાત;
અખોવન રોઝડી રે, રંગમાં રેલી જાય.

વાંદરા ઠેકે[1] વાડિયું ને કાંઈ, હણુકાં[2] ઠેકે વાડ,
મારી જુવાની ઠેકે ધરતી રે, મારું દિલ હીંચોળા ખાય;
અખોવન રોઝડી રે, રંગમાં રેલી જાય.

સોળ વરસની હું સુંદરી રે કાંઈ નાવલિયો નાનેરું બાળ,
બાર બાર વરસે તે આણાં વળે, મારું કાળજ[3] કટકા થાય;
અખોવન રોઝડી રે, રંગમાં રેલી જાય.

સાગનો સોટો પાતળો રે કાંઈ ખીલ્યો ગોટાગોટ,
ખોળો વાળીને ફૂલ વીણુતી રે, મને ડસિયો કાળૂડો નાગ;
અખોવન રોઝડી રે, રંગમાં રેલી જાય.

★

## નહિ જાઉં સાસરિયે

પિયરિયે હેત લાગ્યું રે, નહિ જાઉં સાસરિયે.
સાસરિયે જાઉં તો મારા સસરાજી હઠીલા,
મને લાજડિયું[4] કઢાવે રે, નહિ જાઉં સાસરિયે.

પિયરિયે જાઉં તો મારા બાપુજી વા'લા,
બેની બેની કહી બોલાવે, નહિ જાઉં સાસરિયે.

સાસરિયે જાઉં તો મારાં સાસુજી હઠીલાં,
મને પગડિયે[5] પડાવે, નહિ જાઉં સાસરિયે.

પિયરિયે જાઉં તો મારાં માતાજી વા'લાં,
'દીકુ'[6] 'દીકુ' કહી બોલાવે, નહિ જાઉં સાસરિયે.

---

૧ કૂદે, ૨. હરણાં, ૩. કાળજું. ૪. ઘૂમટો, ૫. પગે, ૬. દીકરી.

સાસરિયે જાઉં તો મારા જેઠજી હઠીલા,
મને ઝીણું ઝીણું બોલાવે, નહિ જાઉં સાસરિયે.

પિયરિયે જાઉં તો મારા ભાયું[1]જી વા'લા,
બેનબા કહીને બોલાવે, નહિ જાઉં સાસરિયે.

સાસરિયે જાઉં તો મારા દેરજી હઠીલા,
મારી ઠેકડિયું[2] કરાવે, નહિ જાઉં સાસરિયે.

સાસરિયે જાઉં તો મારા પૈણ્યાજી[3] હઠીલા,
'એલી' 'એલી' કરીને બોલાવે, નહિ જાઉં સાસરિયે.

પિયરિયું હેત વા'લું રે, નહિ જાઉં સાસરિયે.

✶

૧. ભાઈઓ, ૨. ઠેકડી-મશ્કરી, ૩. પતિ.

# વઢિયારના નાડોદાનાં લોકગીતો

## સંપાદક : સ્વ. નિરંજન સરકાર

### હાલણગાડી

સડકે રે સડકે સલેપાટ પાથર્યો;
ઉપર હાલે રે હાલે રે હાલણગાડી,
મોરખીના રાજા ગાડિયું રે આવે દિયોદર કાંપની.[1]
જૂનાં રે કડલાં જમાદાર વેકતો,[2]
નવાં કેરી રઈ[3] ગઈ છે હામ રે,
મોરખીના રાજા ગાડિયું રે આવે દિયોદર કાંપની.
જૂની રે કાંખિયું જમાદાર વેકતો,
નવલી કેરી રઈ ગઈ છે હામ રે,
મોરખીના રાજા ગાડિયું રે આવે દિયોદર કાંપની.
જૂની રે ચૂંદડિયું જમાદાર વેકતો,
કોરી ચૂંદલડીની રઈ ગઈ છે હામ રે,
મોરખીના રાજા ગાડિયું રે આવે દિયોદર કાંપની.
જૂનો રે કબજો જમાદાર વેકતો,
મગજીવાળાની રઈ ગઈ છે હામ રે,
મોરખીના રાજા ગાડિયું રે આવે દિયોદર કાંપની.
જૂનાં રે ડોયણાં[4] જમાદાર વેકતો,
કોકરવાં[5]ની રઈ ગઈ છે હામ રે,
મોરખીના રાજા ગાડિયું રે આવે દિયોદર કાંપની.
જેટલું રે વેચાણું એટલું વેકિયું;
ઘરમાં ખાવા રઈ નથી ખોરી જાર રે,
મોરખીના રાજા ગાડિયું રે આવે દિયોદર કાંપની.

---

૧. કેમ્પની, ૨. વેચતો. ૩. રહી, ૪. કાનમાં પહેરવાનું ઘરેણું, ૫. કાનમાં પહેરવાનું લોળિયું.

## મોર ચ્યાં બોલે ?

મારા ટોડલે બેઠો રે મોર ચ્યાં[1] બોલે ?
મારું હૈડું લે'રાલે'ર,[2] જનાવર જીવતું ઝાલ્યું રે,
મોર ચ્યાં બોલે ?

મારાં કડલાં લે'રાલે'ર, જનાવર જીવતું ઝાલ્યું રે,
મોર ચ્યાં બોલે ?
મારા ટોડલે બેઠો રે મોર ચ્યાં બોલે ?
મારું હૈડું લે'રાલે'ર, જનાવર જીવતું ઝાલ્યું રે.

મારી કાંબિયું લે'રાલે'ર, જનાવર જીવતું ઝાલ્યું રે,
મોર ચ્યાં બોલે ?
મારા ટોડલે બેઠો રે મોર, ચ્યાં બોલે ?
મારું હૈડું લે'રાલે'ર, જનાવર જીવતું ઝાલ્યું રે.

મારાં સાંકરાં[3] લે'રાલે'ર, જનાવર જીવતું ઝાલ્યું રે,
મોર ચ્યાં બોલે ?
મારા ટોડલે બેઠો રે મોર, ચ્યાં બોલે ?
મારું હૈડું લે'રાલે'ર, જનાવર જીવતું ઝાલ્યું રે.
મારી હાંહડી[4] લેરાલેર, જનાવર જીવતું ઝાલ્યું રે,
મોર ચ્યાં બોલે ?
મારા ટોડલે બેઠો રે મોર, ચ્યાં બોલે ?
મારું હૈડું લે'રાલે'ર, જનાવર જીવતું ઝાલ્યું રે.

મારી ટીલડી લે'રાલે'ર, જનાવર જીવતું ઝાલ્યું રે,
મોર ચ્યાં બોલે ?
મારા ટોડલે બેઠો રે મોર, ચ્યાં બોલે ?
મારું હૈડું લે'રાલે'ર, જનાવર જીવતું ઝાલ્યું રે.
મોર ચ્યાં બોલે ?

---

૧ . લહેરમાં, ૩. સાંકળાં, ૪. હાંસડી.

મારી ટીપસી[1] લે'રાલે'ર, જનાવર જીવતું ઝાલ્યું રે,
મોર ચ્યાં બોલે ?
મારા ટોડલે બેઠો રે મોર, ચ્યાં બોલે ?
મારું હૈડું લે'રાલે'ર, જનાવર જીવતું ઝાલ્યું રે.

★

## જડિયલ મારુજી

ઊંચી સે જાંબુડી એનાં નેંચાં સે કોરંબાં[2]
જડિયલ મારુજી.
એક જ જાંબુ તોડે હેડીમલ, એક જ જાંબુ તોડે,
ઓલ્યું કાચું મેલીને પાકું તોડે, જડિયલ મારુજી.
તારા તે ખંભે રેટો[3] હેડીમલ, તારા તે ખંભે રેટો,
ઓલ્યો રેટો ભાળીને થઈ ઝેટો[4] જડિયલ મારુજી.
તારા તે પગમાં બેડી, બેડી ભાળીને થઈ હેડી,[5]
તારા તે ખંભે બરશી[6], તારા જીવનની તરશી,
જડિયલ મારુજી.
તારા તે હાથમાં રોમાલ,[7] રોમાલ ભાળીને આવે રોઝાં[8],
જડિયલ મારુજી.

★

## મારી લાલ નણંદલ પરણે છે.

લાયે[9] લાયે જોશીડા તારા જોહડા,[10]
લોભી વણજારા !
મારી લાલ નણંદલ પરણે રે, લોભી વણજારા !

---

૧. ટીપકી–નાકમાં પહેરવાની. ૨. મહોર, ૩. ખેસ, ૪. ઉતાવળી, ૫. હેડો (સ્નેહ) લાગ્યો, ૬. બરછી, ૭. રૂમાલ, ૮. રોઝ નામનું એક જંગલી પશુ. ૯. લાવે, ૧૦. જોષ.

ટાંડા[1]નો નાયક પરણે રે, લોભી વણજારા !
લાયે લાયે મણિયાર તારો ચૂડલો, લોભી વણજારા !
મારી લાલ નણંદલ પરણે રે, લોભી વણજારા !
ટાંડાનો નાયક પરણે રે, લોભી વણજારા !
લાયે લાયે સોનીડા તારી હાંસડી, લોભી વણજારા !
મારી લાલ નણંદલ પરણે રે, લોભી વણજારા !
ટાંડાનો નાયક પરણે રે, લોભી વણજારા !
લાયે લાયે ડોસીડા[2] તારી ચૂંદડી રે, લોભી વણજારા !
મારી લાલ નણંદલ પરણે રે, લોભી વણજારા !
ટાંડાનો નાયક પરણે રે, લોભી વણજારા !
લાયે લાયે માળીડા તારો મોડિયો, લોભી વણજારા !
મારી લાલ નણંદલ પરણે રે, લોભી વણજારા !
ટાંડાનો નાયક પરણે રે, લોભી વણજારા !
લાયે લાયે મોચીડા તારી મોજડી, લોભી વણજારા !
મારી લાલ નણંદલ પરણે રે, લોભી વણજારા !
ટાંડાનો નાયક પરણે રે, લોભી વણજારા !

★

લઈ જા લઈ જા જોશીડા તારા જોહડા, લોભી વણજારા !
મારી લાલ નણંદલ રાંડ્યાં રે, લોભી વણજારા !
ટાંડાનો નાયક મૂઓ રે, લોભી વણજારા.
લઈ જા લઈ જા મણિયાર તારો ચૂડલો રે, લોભી વણજારા !
મારી લાલ નણંદલ રાંડ્યાં રે, લોભી વણજારા !
ટાંડાનો નાયક મૂઓ રે, લોભી વણજારા !

---

૧. જૂથ, સમૂહ, ૨. દોશી.

લઈ જા લઈ જા સોનીડા તારી હાંસડી રે, લોભી વણુજારા !
મારી લાલ નણુંદલ રાંડ્યાં રે, લોભી વણુજારા !
ટાંડાનો નાયક મૂઓ રે, લોભી વણુજારા !
લઈ જા લઈ જા ડોસીડા તારી ચૂંદડી રે, લોભી વણુજારા !
મારી લાલ નણુંદલ રાંડયાં રે, લોભી વણુજારા !
ટાંડાનો નાયક મૂઓ રે, લોભી વણુજારા !
લઈ જા લઈ જા માળીડા તારો મોડિયો રે, લોભી વણુજારા !
મારી લાલ નણુંદલ રાંડ્યાં રે, લોભી વણુજારા !
ટાંડાનો નાયક મૂઓ રે, લોભી વણુજારા !
લઈ જા લઈ જા મોચીડા તારી મોજડી રે, લોભી વણુજારા !
મારી લાલ નણુંદલ રાંડયાં રે, લોભી વણુજારા.
ટાંડાનો નાયક મૂઓ રે, લોભી વણુજારા !

★

## તુંબડ સાજણ

[ સચાણુાના ભરવાડ ( મોટાભાઈ ) પૂંજાભાઈએ ગાઈ સંભળાવેલ ]

અમદાવાદી બીજડું, માડી, અમદાવાદી બીજડું,
આયું[1] અમારા દેશ ગોરી જો; તુંબડ સાજણુ[2] તેલનાં.
અમદાવાદી બીજડું માડી, ભાયાનું વાવલ બીજડું;
વીરાનાં છાંટલ તેલ ગોરી જો; તુંબડ સાજણુ તેલનાં.
તુંબડ વેલો નાખિયો માડી, તુંબડ વેલો નાખિયો;
નાખ્યો સે મોભા–મોભ ગોરી જો; તુંબડ સાજણુ તેલનાં.
પેલું[3] તે તુંબડ સૂંટિયું,[4] માડી પેલું તે તુંબડ સૂંટિયું,
સૂંટયું સે એકાએક ગોરી જો, તુંબડ સાજણુ તેલનાં.
ભઈ રે સુતારી વીનવું માડી, ભઈ રે સુતારી વીનવું,
મારું તુંબડ કોરી આલ્ય ગોરી જો, તુંબડ સાજણુ તેલનાં.

---

૧. આવ્યું ૨ સજ્જન. ૩. પહેલું ૪. ચૂંટયું.

ગામના રંગારીને વીનવું માડી, ભાઈ રે રંગારી તને વીનવું.
મારું તુંબડ રંગી આલ્ય ગોરી જો; તુંબડ સાજણ તેલનાં.

ગામના ઘાંચીડા વીનવું, માડી, ગામના ઘાંચીડાને વીનવું,
મારું તુંબડ ભરી આલ્ય, ગોરી જો; તુંબડ સાજણ તેલનાં.

તુંબડ મેલ્યું ટોડલે માડી, તુંબડ મેલ્યું ટોડલે;
તુંબડ લઈ જયા[1] ચોર, ગોરી જો; તુંબડ સાજણ તેલનાં.

ગામના પજીડા[2]ને વીનવું, માડી, ગામના પજીડાને વીનવું.
મારો સગડ[3] ગોતી આલ્ય, ગોરી જો; તુંબડ સાજણ તેલનાં.

સગડ જયું[4] સ[5] સાયલે[6], માડી, સગડ જયું સ સાયલે;
લઈ જયા સાયલા'ના ચોર, ગોરી જો તુંબડ સાજણ તેલનાં.

★

## ઝઘડો ઝીલવો

લાકડીના ડોડે[7] તોરણ બાંધિયાં,
ઓલ્યો વાઝેલો[8] ચડયા ઘોડે જાય;
હોવે હોવે વાઝેલો ચડયા ઘોડે જાય,
કે ઝઘડો ઝીલવો રે.

આંગણિયે બે ટોડલા,
ઊભા વડલિયા[9]ની છાંય,
હોવે હોવે ઊભા વડલિયાની છાંય;
કે ઝઘડો ઝીલવો રે.

ભઈ રે સુતારી વીરા વેનવું,[10]
મને કામઠડી[11] ઘડી આલ;
હોવે હોવે કામઠડી ઘડી આલ,
કે ઝઘડો ઝીલવો રે.

---

૧. લઈ ગયા ૨. પગી ૩. પગેરું ૪. ગયું, નીકળ્યું ૫. છે ૬. એક ગામનું નામ ૭. ડાંડે ૮. વાઘેલો ૯. વડ ૧૦. વીનવું ૧૧. કામઠું–ધનુષ્ય

ભઈ રે લવારી વીરા વેનવું,
મને ભાલોડિયું[1] ઘડી આલ્ય;
હોવે હોવે ભાલોડિયું ઘડી આલ્ય.
કે ઝઘડો ઝીલવો રે.

ભઈ રે પટલિયા વીરા વેનવું,
મને ઘોડીલાં લઈ આલ;
હોવે હોવે ઘોડીલાં લઈ આલ્ય,
કે ઝઘડો ઝીલવો રે.

ભઈ રે પજીડા વીરા વેનવું,
મને બંધુકડી[2] લઈ આલ;
કે ઝઘડો ઝીલવો રે.

★

## કાનને મનાવો

મારા વા'લાને સોળસો ગાવડિયું, હો નંદના ગોવાળા.
નવસો ગાયુંનાં દૂધ દોયાં, હો નંદના ગોવાળા.

એંદણચેણ[3]નાં લાકડાં કીધાં, હો નંદના ગોવાળા.
ઈનો વેરુ[4] બનાવ્યો રવૈયો, હો નંદના ગોવાળા.

કાળૂડા નાગનાં નેતરાં રે કીધાં, હો નંદના ગોવાળા.
ઉપલા નેતરે રાધા વલોવે, હો નંદના ગોવાળા.

હેઠલા નેતરે કાનો, હો નંદના ગોવાળા.
હળવાં[5] તાણ્યો કાન ગોળી નંદાશે; હો નંદના ગોવાળા.

એટલું કીધું ને કાન રિસાઈને ચાલ્યા, હો નંદના ગોવાળા.
જઈ ને વનરાવન વસિયા, હો નંદના ગોવાળા.

---

૧. તીર ૨. બંદૂક ૩. અગરચંદન ૪. વહેરીને ૫. ધીમેથી

ચાલો ચાલો ગોપિયું, કાનને મનાવો, હો નંદના ગોવાળા.
કાનો રિસાઈને ચાલ્યા, હો નંદના ગોવાળા.
ચાલો ચાલો કાનજી, કેડે[1] બેહાડું[2] હો નંદના ગોવાળા.
માખણ ને રોટલો આલું, હો નંદના ગોવાળા.
એટલું કીધું ને કાન ચટ દઈને ચાલ્યા, હો નંદના ગોવાળા
ધમકે[3] મૈડાં[4] વલોવ્યાં, હો નંદના ગોવાળા.
મારા વાલાને સોળસો ગાવડિયું, હો નંદના ગોવાળા.

★

## માથે મટુચી

માથે મટુચી[5] ને મૈ'ડાની ગોળી
મૈ વેચે મૈયારા વવારું[6] મૈ વેચવાને જયાં'તાં.
વેચતાં ને હાટતાં[7] પોળમાંહે પેઠાં;
કાનુડે છેડલો ઝાલ્યો;
વવારું મૈ વેચવાને જયાં'તાં.
વેચીહાટી વૌ[8] ઘરે સધાર્યાં,
સાસુએ પડપૂછ લીધી;
વવારું મૈ વેચવાને જયાં'તાં.
આવડલી વાર ચ્યાં[9] લાજી[10]?
વવારું મૈ વેચવાને જયાં'તાં.
નવા તે નગરમાં પડી હડતારું,
અમારાં મૈ કોઈ ના લે;
વવારું મૈ વેચવાને જયાં'તાં.
જૂઠડી વવારું જૂઠ ના બોલો,
કાનુડે રાસ રમાડયાં;
વવારું મૈ વેચવાને જયાં'તાં.

---

૧. કેડ ઉપર ૨. બેસાડું ૩. એકદમ ૪. મહીડાં. ૫. મટુકી, ૬. વહુવારુ, ૭. ખરીદતાં, ૮ વહુ, ૯. કયાં, ૧૦. લાગી

એટલું કીધું ને વૌને ઝીસું રે ચડિયું,
સોના વાટકડે વખડાં[1] ઘોર્યાં;[2]
વવારું મૈ વેચવાને જયાં'તાં.

અવળાં ફરીને વૌએ વખડાં રે પીધાં,
તાણી પામરિયુંની સોડ્યું;
વવારું મૈ વેચવાને જયાં'તાં.

સોના તે વરણી વૌની ચેયુ[3] બળે ને,
રૂપલા વરણો ધુમાડો જાય;
વવારું મૈ વેચવાને જયાં'તાં.

★

## નાયક વેપારે

[ પતિને કમાવા પરદેશ મોકલવો પડે છે ત્યારે પત્ની વિરહના દુઃખે તેને જતો રોકવા અકેક દિનને વખોડી છેવટે પોતાના હૈયાનું દુઃખ પ્રગટ કરે છે. ]

નાયક રે, સૌ કો વેપારે જાય,
આપણુ ઘરે બેઠાં શું કરશું ? વણજારા હોજી રે.
ગોરી રે, સૌને ગાંઠે ગરથ,[4]
આપણે નથી દોકડો; વણજારા હોજી રે.
નાયક રે, આલું પગનાં ઝાંઝર,
ઝાંઝર વેચીને લેજો દોકડા; વણજારા હોજી રે.
નાયક રે, આલું હૈયાનો હાર,
હાર વેચીને લેજો પોઠીડા[5]; વણજારા હોજી રે.

---

૧. વિષ-ઝેર, ૨. ઘોળ્યાં, ૩. ચેહ-ચિતા. ૪. પૈસા, ૫. પોઠિયા

ગોરી રે, રૂડા જોહ[1] જોવરાવ,
　　જોહ જોવરાવી ચાલું વેપારે; વણજારા હોજી રે.
પડવે રે નાયક, પડતેરો દન,
　　બીજે તે વેપાર જાજો; વણજારા હોજી રે.
બીજે રે નાયક, અહાડી બીજ,
　　ત્રીજ તે વેપાર જાજો; વણજારા હોજી રે.
ત્રીજે રે નાયક, અખાતરીનો[2] દન,
　　ચોથે તે વેપાર સધારજો[3]; વણજારા હોજી રે.
ચોથે રે નાયક, ગણેહચોથ[4],
　　પાંચમે વેપાર જાજો, વણજારા હોજી રે.
પાંચમે રે નાયક, નાગ પાંચમ,
　　છઠે તે વેપાર સધારજો; વણજારા હોજી રે.
છઠે રે નાયક, રાંધણછઠ,
　　સાતમે વેપાર સધારજો; વણજારા હોજી રે.
સાતમ રે નાયક, શીતળાસાતમ,
　　આઠમે વેપાર સધારજો; વણજારા હોજી રે.
આઠમ રે નાયક, ગોકળઆઠમ,
　　નોમ તે વેપાર સધારજો; વણજારા હોજી રે.
નોમ રે નાયક, પારણુ છૂટ,
　　દશમ વેપાર સધારજો; વણજારા હોજી રે.
દશમ રે નાયક, દહરાનો[5] દન,
　　અગિયારશ રે વેપાર સધારજો; વણજારા હોજી રે.
અગિયારશ રે નાયક, ઝીલણી અગિયારશ,
　　બારશે વેપાર સધારજો; વણજારા હોજી રે.

---

૧. જોષ, ૨. અખાત્રીજ, ૩. પધારજો, ૪. ગણેશચતુર્થી, ૫. દશેરા

બારશ રે નાયક, વાંઝિયાનો વાર,
તેરશ વેપાર સધારજો; વણજારા હોજી રે.

તેરશ રે નાયક, ધનતેરશ,
ચૌદશે વેપાર સધારજો; વણજારા હોજી રે.

ચૌદશ રે નાયક, કાળીચૌદશ,
પોનમ[1] તે વેપાર જાજો; વણજારા હોજી રે.

નાયક રે મારા ચાલણહાર[2],
અમને તે શેની ભરામણું[3] ? વણજારા હોજી રે.

ગોરી સોંપું ગરથ ને ભંડાર,
તમને સોંપ્યો મોભી દીચરો[4]; વણજારા હોજી રે.

ખળજો રે તારો ગરથ–ભંડાર,
મોભી દીચરો પોઢ્યા પારણે; વણજારા હોજી રે.

નાયક રે મારા ચાલણહાર,
અમને તે શાની ભરામણું ? વણજારા હોજી રે.

ગોરી રે, કાંતજો રેંટિયો સૂતર,
રેંટિયો ભાજીને[5] રાંધું ખીચડી; વણજારા હોજી રે.

નાયક રે મારા ચાલણહાર,
અમને તે શેની ભરામણ ? વણજારા હોજી રે.

ગોરી રે પોઢજો નણંદ ભોજાઈ,
જમણું પડખું તે નવ વાળજો; વણજારા હોજી રે.

( અહીંથી ગીત અધૂરું છે. )

★

---

૧. પૂનમ, ૨. ચાલનાર, જનાર, ૩. ભળામણ, ૪. પુત્ર, ૫. ભાંગીને, સરખાવો : રઢિયાળી રાત ભા. ૩જો, પૃ. ૨૭ અને મણકો પાંચ, પૃ. ૧૭૩

## કૃષ્ણની રમતો

[ નરસિંહ મહેતાનું ગીત છે તેના ઉપરથી આ લોકગીત રચાયું છે. ]

સોનાનો જેડીલો[1] રે, હરિના હાથમાં,
રૂપલા દડૂલિયો કરશનજીને હાથ;
દોટ કરીને રે દડૂલિયો દોટાવિયો,
જઈ પડયો જળ જમનાની તેડે.

જમનાની તેડે રે ચંદણ કેરાં ઝાડવાં,
ઉપર કાનોજી અસવાર;
પામોરા[2] પકડી કાનો જળમાં ઊતર્યા,

નવહેં[3] રે નાગણિયું હરિને જોવા મળી,
ક્યાંથી આયું[4] હર નાનેરું બાળ?
કે' રે બાલુડા રે, તારી માયે મારિયો?
કે તારા પિતાએ દીધેલ ગાળ?

નથી મારી માયે મુજને મારિયો,
નથી દીધી મારા પિતાએ ગાળ;
મારા મામાએ જગ[5] માંડિયો,
ત્યાં પડયાં કમળાં[6] કેરાં કામ;

સોનાના જેડીલે નાગને જગાડિયા,
નાગે તે નાખી વળતી ઝાંઝય[7];
ગોરા હતા તે કા'ન કાળા થયા.

નાગણિયું કે' છે રે કાળા કાનજી,
તમને તે આલું પાતાળ કેરાં બેસણાં,
તમને આલું એકાવન[8] હાર.

---

૧. ગેડી–લાકડી, ૨. ડાળીઓ, ૩. નવસેં, ૪. આવ્યું, ૫. યજ્ઞ, ૬. કમળ, ૭. ઝાળ, ૮. એકાવળ.

શું કરું રે નાગણિયું, પાતાળ કેરાં બેસણાં ?
શું કરું તારો એકાવન હાર ?
મારા મામાએ મા'જગ[૧] માંડિયો.

ત્યાં પડચાં કમળાં કેરાં કામ.
નરસૈયાનો સ્વામી રે, હરિને જોવા મળ્યો,
વાલે વાલી રમાડચાં રાસ.

★

## સદેવંત-સાવળિંગા

લીલુડા વાંસની ટોપલી રે,
સાવળગાં[૨] દળવા જાય; મારા વા'લાજી રે.
કાઠા તે ઘઉંની રોટલી રે,
મંઈ સે'[૩] માળવિયો ગોળ; મારા વા'લાજી રે.

સોના અંઢોણી શિર ધરી રે,
સાવળગાં લઈ ચાલ્યાં ભાત; મારા વા'લાજી રે.
ગાયું ચારંતા ભઈ રે ગોવાળી,
ચેઈ[૪] રે વાડી કેરી વાટ; મારા વા'લાજી રે.

ઝાઝા આંબા, ઝાઝી આંબલી રે,
ઝાઝેરી દાડમ ધરાખ;[૫] મારા વા'લાજી રે.
વચલ્યા તે આંબે કોયલ ટહુકે,
એ રે વાડી કેરી વાટ; મારા વા'લાજી રે.

ઘૂઘરિયારો ઝાંપલો રે,
નરણે[૬] ઉઝેડું[૭] કમાડ; મારા વા'લાજી રે.
સૂતા સદેવંત જાગજો રે,
સાવળગાં લઈ આઈ[૮] ભાત; મારા વા'લાજી રે.

---

૧. મહાયજ્ઞ. ૨. સાવળિંગા, ૩. અંદર છે, ૪. કઈ, ૫. દ્રાક્ષ, ૬. પગે, ૭. ઉઘાડું, ૮. આવી.

હું રે ચ્યમ જમું ગોરી એકલો રે,
જમીએ આપણ બેઉ સાથ; મારા વા'લાજી રે.
તમે તે જાતના વાણિયા રે,
પળીએ વેચંતા તેલ; મારા વા'લાજી રે.
અમે ચંપો ને તમે કેવડો રે,
કેમ કરી જામે મેળ ? મારા વા'લાજી રે.

(અહીંથી ગીત અધૂરું છે.)

★

## રાઠોડ ને સોનબાઈ

રાણા રાઠોડને બબ્બે પરણિયાણિયું,
એકચ વાઝેલી[1] ને બીજી સોનબાઈ રે.
રાણા રાઠોડ ને સોનબાઈ રમે સોગઠે,
સોનબઈ બેનને સોનાનાં સોળ સોગઠાં
વાઝેલીને રૂપાનો બજવટિયો;[2]
રમતાં ઝમતાં લાજી સ[3] વઢવાડ.
ચોડચાં ચોડચાં સોનાનાં સોળ સોગઠાં,
પસ[4] ચોડચો રૂપાનો બજવટિયો.
પસ ચોડી ડાબા પગની મોજડી;
પસ ચોડી લવગસેરી[5] લાકડી,
પસ બોલ્યા અવસરિયા બે બોલ જો.

ઊઠ રે દાસી દીવલડો અજવાળ જો.
દીવલડાની સેજે કાગળ લસિયા.[6]

---

૧. વાઘેલી, ૨. બાજોઠ, ૩. લાગી છે, ૪. પછી, ૫. લવિંગ કેરી–લવિંગની, ૬. લખ્યા.

પેલાં લસ્યાં સોનાનાં સોળ સોગઠાં,
પસ લસ્યો રૂપાનો બજવટિયો,
પસ લસી ડાબા પગની મોજડી,
પસ લસી જમણા હાથની ઠોંટ[1] જો.
પસ લસી લવંગ કેરી લાકડી,
પસ લસ્યા અવસરિયા બે બોલ જો.

ઊઠ રે રઈકા[2] સાંઢલડી ઝેકાર[3] જો;
સાંઢલડીની કોટે કાગળ બાંધિયા.
મેલ્યાં મેલ્યાં સાવરિયાનાં ઝાડ જો;
આયાં આયાં મૈયરિયાનાં ઝાડવાં.
વીરાને આંજણિયે[4] સાંઢડી ઝોકારી જો,
દુખડાં વિસાર્યાં, સુખડાં સાંભર્યાં.

ઊઠ રે ભોજાઈ દીવલડો અજવાર જો,
દીવલડાની સેજે કાગળ વાંચિયો.
પેલાં વાંચ્યાં સોનાનાં સોળ સોગઠાં,
પસ વાંચ્યો રૂપાનો બજવટિયો,
પસ વાંચી ડાબા પગની મોજડી,
પસ વાંચી જમણા હાથની ઠોંટ જો.
પસ વાંચી લવંગ કેરી લાકડી.
કો'તો સોનબઈ આવતી પાણિયારી પાછી વાળીએ,
ના રે મારા વીરા છોરું વસો[5] ચેમ[6] પાડીએ?
કો'તો સોનબઈ ગોંદરેથી ગાયું પાછી વાળીએ,
ના રે મારા વીરા વાછરું વસો ચેમ પાડીએ?
કો'તો સોનબઈ રાણા રાઠોડને મારીએ,
ના મારા વીરા, બેની રંડાપો ચેમ ગાળીએ?

---

૧. ઘોલ, ૨. રાયકા–સાંઢણીસવાર ૩. બેસાડ, ૪. આંગણિયે, ૫. વિયોગ, ૬. કયમ.

## નેડાનો ઝોલો

[ મેળામાં ગવાય છે. ]

રંગમાં કાપડું બોળ્યું સખીલા[1],
તારા નેડાનો[2] મને ઝોલો લાજ્યો સે.[3]
અરધું બોળ્યું ને અરધું કોરું સખીલા,
તારા નેડાનો મને ઝોલો લાજ્યો સે.

એક વાર હાંહલ[4] શે'ર જાજો સખીલા,
તારા નેડાનો મને ઝોલો લાજ્યો સે.
હાંહલની હાંસડી લાવે સખીલા,
તારા નેડાનો મને ઝોલો લાજ્યો સે.

લાવી માનેતીને[5] આલે સખીલા,
તારા નેડાનો મને ઝોલો લાજ્યો સે.
માનીતી મજરો લેશે સખીલા,
તારા નેડાનો મને ઝોલો લાજ્યો સે.

અરખામણી[6] આંસુડાં ઝેરે[7] સખીલા,
તારા નેડાનો મને ઝોલો લાજ્યો સે.

★

## બાઇજી ( જેઠાણી )

બૈજી આંજણુ[8] લેંબડો[9] લેંબોરી[10] જી રે.
મારે આવે વરતી છાય, લીલાગર[11] લેંબોરી જી રે.
બૈજીને આયા પરોણુલા, મારે આયા મારો વીર,
લીલાગર લેંબોરી જી રે.
બૈજી તે ચાલ્યાં શેરમાં, લેંબોરી જી રે.
હું યે ચાલી બજાર, લીલાગર લેંબોરી જી રે.

---

૧. છબીલા, ૨. સ્નેહનો, ૩. લાગ્યો છે. ૪. શહેરનું નામ. ૫. માનીતી, ૬. અળખામણી, ૭. ખેરવે, વહાવે, ૮. આંગણે ૯. લીમડો ૧૦. લિંબોળી ૧૧. લીલી.

બેનીએ ઓર્યા ચોખલા, લેંબોરી જી રે.
હુંયે ઓરી ઝેણી સેવ, લીલાગર લેંબોરી જી રે.
બેનીએ રાંધ્યા ચોખલા, લેંબોરી જી રે.
મીંય[1] ઓહાવી[2] ઝેણી સેવ લીલાગર લેંબોરી જી રે.
બેનીના પરોણુલા જમવા બેઠા, લેંબોરી જી રે.
મારે જમે મારો વીર, લીલાગર લેંબોરી જી રે.*

★

## કાનુડો દાણ માગે

કાનો દાણ માગે, કાનુડો દાણ માગે,
એની મોરલીનાં મોહબાણ વાગે;
કાનો દાણ માગે, કાનુડો દાણ માગે.
કાના, તું તે ચ્યાંના[3] મલકનો સૂબો ?
મારા મારગની વચમાં ઊભો;
કાનુડો દાણ માગે.
કાના, તું તે ચ્યાંના મલકનો રસિયો ?
મારા મારગ વચમાં વસિયો;
કાનુડો દાણ માગે.
કાના, તું તે ચ્યાંના મલકનો દાણી ?
મારી નવરંગ ચૂંદડી તાણી:
કાનુડો દાણ માગે.
કાનો ઊભો જળ રે જમુનાજીને કાંઠડે,
એમાં કોણ જીત્યું, ને કોણ હાર્યું ?
કાનુડો દાણ માગે.

★

---

૧. મેં પણ, ૨. ઓસાવી. ૩. ક્યાંના.
* જુઓ : લોકસાહિત્યમાળામાં સંઘલાલ.
જુઓ : 'રઢિયાળી રાત,'

# ચૂંવાળ પ્રદેશનાં લોકગીતો

સંપાદક : સ્વ. નિરંજન સરકાર

## દ્વારકાં કેમ જાવ છો ?

તમે દુવારકાં શીદ જાવ સો, રઢિયાળા રે !
તમે વસિયા ડાકોરમાંય, મોરલીવાળા રે ! ટેક

તમારે માથે મેવાડી મોળિયાં, રઢિયાળા રે !
તમારે અંબોડે પાકાં તેલ, મોરલીવાળા રે ! તમે૦

તમારે ખભે ખંભાતી ધોતિયાં રઢિયાળા રે !
તમારે છેડે ચંપા ચાર, મોરલીવાળા રે ! તમે૦

તમારે હાથે બાજુબંધ બેરખા રઢિયાળા રે !
તમારી દશે આંગળિયે વેઢ, મોરલીવાળા રે ! તમે૦

તમારા પજે[૧] પિયોતી[૨] મોજડી, રઢિયાળા રે !
તમે હેંડો ચમકતી ચાલ, મોરલીવાળા રે ! તમે૦

તમે દુવારકાં શીદ જાવ સો, રઢિયાળા રે !
તમે વસિયા ડાકોરમાંય, મોરલીવાળા રે ! તમે૦

★

## તુલસી-વિવાહ

સરખી સૈયરું દાદા, જળ ભરવા જ્યાં'તાં,
સૈયરું મેણુલાં બોલ્યાં હો રામ,
પાણી જ્યાં'તાં રામની વાડી.

---

૧. પગે. ૨. શોભતી

આટલી સૈયરુંમાં કુણુ સ કુંવારું,
આટલી સૈયરુંમાં તુલસા[1] કુંવારી;
તુલસા બાળકુંવારાં હો રામ.
પાણી જયાં'તાં રામની વાડી.

ઘેર આઈને તળશ્યા[1] ડોલિયો[2] ઢાળ્યો,
તાણી પામરિયાની સોડ્યું હો રામ,
પાણી જયાં'તાં રામની વાડી.

કો' તળશ્યા દીચરી[3] માથલડાં શ્યાં દુશ્યાં ?[4]
શ્યા તમને કાંટડા[5] વાજ્યા ?
પાણી જયાં'તાં રામની વાડી.

નથી બાપા મારાં માથડાં દુશ્યાં,
નથી અમને કાંટડા વાજ્યા હો રામ,
પાણી જયાં'તાં રામની વાડી.

આટલી સૈયરુંમાં કુણુ સ કુંવારું,
આટલી સૈયરુંમાં તુલશ્યા કુવારાં;
તુલશ્યા બાળકુવારાં હો રામ,
પાણી જયાં'તાં રામની વાડી.

કચો તુલસા દીચરી સૂરજ વેર[6] પૈણાવું,
ચાંદલિયો વર વેરું હો રામ;
પાણી જયાં'તાં રામની વાડી.

સૂરજને બાપા તેજ ઝાઝેરાં,
ચાંદલિયો જળઝાંખો હો રામ,
પાણી જયાં'તાં રામની વાડી.

---

૧. તુલસી ૨. ઢોલિયો-પલંગ ૩. દીકરી ૪. દુઃખ્યાં ૫. કાંટા
૬. વેરે-સાથે.

કો' તળશ્યા દીચરી માધેવ[1] વેર પૈણાવું,
હલમાનિયો[2] વર વેરું હો રામ,
પાણી જયાંતાં રામની વાડી.

માધેવને બાપા જટા ઝાઝેરી,
હલમાન તેલસિંદૂરે હો રામ;
પાણી જયાંતાં રામની વાડી.

કાશીની વાટચે કરશનજી કુંવારા,
ત્યાં તેનાં સગપણ કરજો હો રામ,
પાણી જયાંતાં રામની વાડી.

★

## મધરાં બોલે મોર

વેણુ વાગે ચમળ[3] ઢળે, અને મધરાં[4] બોલે મોર,
વેણુ વાગે રે.

ભઈ રે ગાયુંના ગોવાળી, અમને ગોવિંદજી બતાય;
વેણુ વાગે સે.
વેણુ વાગે ચમળ ઢળે, અને મધરાં બોલે મોર.

ચેવા[5] તમારા ગોવિંદજી, મને એંધાણી બતાય;
વેણુ વાગે સે.
વેણુ વાગે ચમળ ઢળે, અને મધરાં બોલે મોર.

કાળા અમારા ગોવિંદજી, એની મોરલીએ એંધાણુ;
વેણુ વાગે સે.
વેણુ વાગે ચમળ ઢળે, અને મધરાં બોલે મોર.

---

૧. મહાદેવ, ૨. હનુમાન, ૩. ચમર. ૪. મધુરા-મીઠા, ૫. કેવા.

માથે મેવાડી મોડિયાં, એને અંબોડે પાકાં તેલ;
વેણુ વાગે સે.
વેણુ વાગે ચમળ ઢળે, અને મઘરાં બોલે મોર.
અંગે કેસરિયા જામલા, એની કેસરવરણી દેય[1];
વેણુ વાગે સે.
વેણુ વાગે ચમળ ઢળે, અને મઘરાં બોલે મોર.
ખભે ખંભાતી ધોતિયાં, એના છેડલે ચંપા ચાર;
વેણુ વાગે સે.
વેણુ વાગે ચમળ ઢળે, અને મથરાં બોલે મોર.
હાથે બાજુમલ,[2] ડેરખા, એની દશે આંગળીએ વેઢ,
વેણુ વાગે સે.
વેણુ વાગે ચમળ ઢળે, અને મઘરાં બોલે મોર.
પજે[3] પિયોતી[4] મોજડી, એ હેંડે[5] ચમકતી ચાલ.
વેણુ વાગે સે.
વેણુ વાગે ચમળ ઢગે, અને મઘરાં બોલે મોર.

★

## જવાનડી

પોગમાં[6] પીલુ[7] પાચ્યા[8] જવાનડી
પોગમાં પીલું પાચ્યા રે લોલ.
પૈણુતર[9] પુરાણુ[10] જેલમાં જવાનડી,
પૈણુતર પુરાણુ જેલમાં રે લોલ.
પૈણુતરની ખબરું લેજે જવાનડી,
પૈણુતરની ખબરું લેજે રે લોલ.

---

૧. દેહ, ૨. બાજુબંધ, ૩. પગે, ૪. શોભતી, ૫. હીંડે, ૬. પગમાં, ૭. ફોલ્લા, ૮. પાકયા, ૯. ધણી, ૧૦. પુરાયો.

વનમાં બોલે મોરલો જવાનડી,
વનમાં બોલે મોરલો રે લોલ.
મીંય[1] જાણ્યું કે મરઘલો રે જવાનડી,
મીંય જાણ્યું કે મરઘલો રે લોલ.
સૂતા માણુસને જગાડ્યો મરઘલે,
મીંય જાણ્યું કે મરઘલો બોલ્યો રે લોલ.
પરોઢિયે પાછો બોલ્યો મરઘલો,
પરોઢિયે પાછો બોલ્યો રે લોલ.
પૈણુતરની ખબરું લાવજે મરઘલા,
પૈણુતરની ખબરું લાવજે રે લોલ.
કોટ પરમાણે કંઠલો મરઘલા,
કોટ પરમાણે કંઠલો રે લોલ.
સોને મઢાવું તારી ચાંચું મરઘલા,
સોને મઢાવું તારી ચાંચું રે લોલ.
સસરોજી તેડવા આવે મરઘલા,
સસરોજી તેડવા આવે રે લોલ.
ઝાંપે ઝેકાર્યાં[2] ઊંટે જવાનડી,
ઝાંપે ઝેકાર્યાં ઊંટે રે લોલ.
ધરુચકે[3] વાજ્યા ઢોલ જવાનડી,
ધરુચકે વાજ્યા ઢોલ રે લોલ.
સાહેલિયું ભેળી થઈ રે જવાનડી,
સાહેલિયું ભેળી થઈ છે રે લોલ.
માથડાં[4] ગોંથવા[5] માંડ્યાં જવાનડી,
માથડાં ગોંથવા માંડ્યાં રે લોલ.

૧ મેં. ૨. બેસાડ્યા. ૩. ધ્રુજકે, ૪. માથાં, ૫. ગૂંથવા

કાગસી[1] ને કસોલું[2] આલો જવાનડી,
　　કાગસી ને કસોલું આલો રે લોલ,
આપણી હેંડસાયું[3] હેંડજો જવાનડી,
　　આપણી હેંડસાયું હેંડજો રે લોલ.
આપણી બોલસાયું[4] બોલજો જવાનડી,
　　આપણી બોલસાયું બોલજો રે લોલ.
પૈણુતને છોડાઈ[5] લેજો જવાનડી,
　　પૈણુતને છોડાઈ લેજો રે લોલ.
પગનાં કડલાં વેચ્યાં જવાનડી,
　　પગનાં કડલાં વેચ્યાં રે લોલ,
પૈંણુતને છોડાઇ લીધા જવાનડી,
　　પૈણુતને છોડાઈ લીધા રે લોલ.
પોગમાં પીલું પાચ્યા જવાનડી,
　　પોગમાં પીલું પાચ્યા રે લોલ.

★

---

૧. કાંસકી ૨. કચોળું ૩. હીંડછા, ચાલ. ૪. બોલી. ૫. છોડાવી લાવજો.

# નળકાંઠાના હરિજન (વણુકર) લોકોનાં લોકગીતો

## સંપાદક : શ્રી. પુરુષોત્તમ બી. સોલંકી

### ગોરીમાં ગોરસ મેં વેડચાં

ગોરીમાં[1] ગોરસ મેં વેડ્યાં,[2]
નાવલિયો નાનું બાળ રે, ગોરીમાં ગોરસ મેં વેડચાં.
તારા હાથની આંગળિયું રે,
જાણે ચોળા–મગની કળિયું રે, ગોરીમાં ગોરસ મેં વેડચાં.
તારા હાથની હથેળી રે,
જાણે જમવા ભોજન થાળી રે, ગોરીમાં ગોરસ મેં વેડ્યાં.
તારા નાકોડાની[3] દાંડી રે,
જાણે દીવે સેજુ[4] માંડી રે, ગોરીમાં ગોરસ મેં વેડ્યાં.
તારા પેટનો તો ફાંદો રે,
જાણે ઊગ્યો પોનેમ[5]નો ચાંદો રે, ગોરીમાં ગોરસ મેં વેડ્યાં.
તારા પગની તે પાનિયું રે,
જાણે રાતા દાડમ ભાળું રે, ગોરીમાં ગોરસ મેં વેડચાં.
તારા માથા કેરો ચોટલો રે,
જાણે અમરા–ડમરા ઓટલો રે, ગોરીમાં ગોરસ મેં વેડચાં.

★

---

૧. ગોળીમાં ૨. રેડચાં ૩. નાકની, ૪. શગ, ૫. પૂનમનો.

## જરૂર જાવું મેળે

[ વડીલોની આજ્ઞા અવગણીને વહુને ડાકોરજીના મેળે જવું છે. સગાંસંબંધીઓની ના છતાં, જિદ્દી વહુ માનતી નથી, અને છતાં વડીલોની સહનશીલતા દર્શાવતું આ ગીત છે. ]

ડાકોરનો મેળો, રણછોડજીનો મેળો; જરૂર જાવું મેળે.
મારી સાસુ કે'ય, વઉ, નથ જાવું મેળે,
છાનાંમાનાં રે'જો, ભેસું દોહી ખાજો, જરૂર જાવું મેળે.
મારો સસરો કે'ય, વઉ, નથ જાવું મેળે,
છાનાંમાનાં રે'જો, ભેસું ચારી ખાજો; જરૂર જાવું મેળે.
મારી નણંદ કે'ય, વઉ, નથ જાવું મેળે,
છાનાંમાનાં રે'જો, નણદોય ઘેર જાજો; જરૂર જાવું મેળે.
મારો જેઠ કે'ય, વઉ, નથ જાવું મેળે,
છાનાંમાનાં રે'જો, વાસીદાં વાળી ખાજો; જરૂર જાવું મેળે.
મારી જેઠાણી કે'ય, વઉ, નથ જાવું મેળે,
છાનાંમાનાં રે'જો, પાણી સેંચી લાવજો; જરૂર જાવું મેળે.
મારો પરણ્યો કે'ય, અલી, નથ જાવું મેળે,
છાનાંમાનાં રે'જો, રોટલા ટીપી ખાજો; જરૂર જાવું મેળે.

★

## થાનની ઢેલડિયું

[ થાન ગામની ઢેલડિયુંનું આ ગીત, જાણે એ ત્રણે ઢેલડિયુંને ઢેલડિયું તરીકે જ જાહેર કરવા, કોઈ દરબારનો વિદૂષકસમો સખો, એ ત્રણે ઢેલડિયુંનાં રૂપનો જામભર્યો નશો બાપુને ચડાવતો ગાઈ રહ્યો છે. ]

ડઈ, મલૂડી ને દેવલી રે,
એ તો તૈણે એવડિયું, બાપુ, એ તો તણે એવડિયું રે.

એ તો થાનની ઢેલડિયું રે,
એ તો ગોકુલ ગોવાલણિયું રે;
એ તો મોહનની મોરલીયું, બાપુ, એ તો મોહનની મોરલિયું રે.

એને ઘાઘરે ઘૂઘરિયું રે,
એને પોલકે પામરિયું રે,
એને ઓઢણે આરસિયું, બાપુ, એને ઓઢણે આરસિયું રે.

એની ડોકમાં ઝરમરિયું રે,
એની કેડમાં કંદોરિયું રે;
એના સમથે[1] સેંદૂરિયું[2], બાપુ, એને સમથે સેંદૂરિયું રે.

એ તો આભની પરિયું રે,
એ તો થાનની ઢેલડિયું; બાપુ, એ તો થાનની ઢેલડિયું રે.

★

## છપ્પનિયો

[ વર્ષો પૂર્વે પડેલા ઐતિહાસિક છપ્પનિયા દુષ્કાળનું પ્રત્યક્ષ દર્શન કરાવતું, ને દાણા વિનાના દુઃખી માનવીની હૈયાવરાળ કાઢતું. ભૂખમરાની ભયંકર અવદશા દર્શાવતું આ દર્દભર્યું ગીત અસહ્ય છે ! અને છતાં તે વખતે માનવીને કેવું આશ્વાસનરૂપ બની રહ્યું હશે ! છપ્પનિયા દુષ્કાળે માનવી મન હતાશા નિરાશાના અઘોર અંધકારમાં કેવું અટવાયું હશે કે આજે પણ લોકો વાત વાતમાં એ ભયંકર દુષ્કાળને યાદ કરે છે. ]

છપ્પનિયા[3] તારી સાલમાં, વાળ્યો શે કાળો કેર,
માવતરને વિસારિયાં, ચોકરિયું[4] ખોદવા જાય; છપ્પનિયા૦

૧. સેંથે, ૨. સિંદૂર, ૩. સંવત ૧૯૫૬નો દુકાળ, ૪. ચોકડીઓ-સડક બંધાય ત્યારે માટી ખોદે તે ખાડો-ચોકડી.

આખો દન માટી વે'વે[૧] તાણુ[૨] બબ્બે આનાનું થાય,
ચાર દા'ડે તો સરકલ માપે ને એક દન ઊડી જાય; છપ્પનિયા૦
સરકલને છાનું આપ તો ચોકડિયું પૂરી થાય,
તેણ[૩] દહાડાના દોકડામાંથી સરકલ તાણી જાય; છપ્પનિયા૦
દાણા વનાના દ:ખી થયા, પાડવા માંડી રીડ,
કોદરા–બંટી ખાલી થયા ને ખાવા ના રહી છીંક; છપ્પનિયા૦
અકળાઈ પહોંચ્યા નળમાં કાંઈ કાઢવા માંડી બીડ[૪],
એક રૂપિયાની ચાર મણ વેકતાં[૫] હવે તો થયું ઠીક; છપ્પનિયા૦
ચાર વનાના[૬] દખી થયા, કાંઈ મૂઆ ઢાંઢા[૭] ને ઢોર,
અષાઢ મહિનો આવતાં વાદળી ચડી આકાશ કોર; છપ્પનિયા૦
સરાવણ મહિનો વરસ્યો, હવે તો થયું ઠીક,
ભાદરવે તો ભેણું[૮] ભર્યાં, કાંઈ લાયા બળદ ને બીજ;[૯] છપ્પનિયા૦
જેમ તેમ કરી વાડિયું વાવી, ઠીક ઠીક પાચ્યો મોલ,
પરાણે વાડિયું પકવી, પાકતાં પોંચ્યા ચોર; છપ્પનિયા૦

★

## રમો મારગડો મેલીને

[ સંસારમાં કુટુંબ વગર બધું સૂનું સૂનું લાગે એવો મમતા-ભર્યો ભાવ દર્શાવતું અને કોઈ ગોરીનો મારગ રોકીને ઊભેલા ગોવાળિયાને પ્રણયભરી–મીઠી ગાળ દેવાનું કહેતી કોઈ રૂપાળી ગોરીના ગળામાં રમતું આ ગીત કુટુંબની મમતા લલકારતું ચગે છે.]

રમો રમો ગોવાળિયા, રમો મારગડો મેલીને.
નઈતર[૧૦] ખાશો મારાં મખની[૧૧] ગાળ, ગોવાળિયા,
રમો મારગડો મેલીને.

---

૧. વહે ૨. ત્યારે ૩. ત્રણ ૪. એક કંદ, ૫. વેચતાં ૬. ઘાસ વિનાના ૭. બળદ ૮. ભરણાં ૯. બી ૧૦. નહિ તો ૧૧. મોઢાની.

એક સસરા વનાનાં સૂનાં સાસરિયાં,
એક સાસુ વનાનાં લાડ, ગોવાળિયા,
રમો મારગડો મેલીને.
એક જેઠ વનાનાં સૂનાં આંગણિયાં,
એક જેઠાણી વનાનાં વાદ, ગોવાળિયા,
રમો મારગડો મેલીને.
એક દેવર વનાના સૂના *શેરીડા,
એક દેરાણી વનાની જોડ, ગોવાળિયા,
રમો મારગડો મેલીને.
એક નણંદ વનાના સૂના ઓરડિયા,
એક નણદોઈ વનાનાં માન, ગોવાળિયા,
રમો મારગડો મેલીને.
એક પરણ્યા વનાનાં સૂનાં મંદિરિયાં,
એક કુટુંબ વનાનાં કાજ, ગોવાળિયા,
રમો મારગડો મેલીને.

★

## જળ ભરવા દો

[ કોઈ ગોરીને સાંકડી કૂઈનું પાણી ભરતાં કાંઠે ઊભેલો વાલમો છેડી રહ્યો છે. તેને મીઠા વેણે ને સ્નેહભર્યા સૂરે સંભળાવતી ગોરી કહે છે કે, 'સસરો શું કરે, કૂઈ મધ્યવચ્ચે સાંકડી છે તેને ? જેઠ જોગી છે, જેઠાણી જોગી જેવી છે, સાસુ સુંવાળી છે, દેવર નાનો છે, દેરાણી હોત તો જોડ થાત. જયારે મારો વાલમો કાંઠે ઊભો કાંકરી મારે છે, ને નગરના લોક નિહાળે છે તેમાં ફરિયાદ કોને કરવી ? આ ગીત આણંદની બહેનો પાસેથી મળ્યું છે.]

સાંકડી તે કૂઈ મધ સાંકરી જળ ભરવા દો,
મહીં સેંદુરિયો સેવાળ, પાણીડાં ભરવા દો.

મારો સસરો તે એમાં શુંય કરે ? જળ ભરવા દો,
મારી સાસુડી સમદર લે'ર, પાણીડાં ભરવા દો.
મારો જેઠ તે જૂનો જોગી બન્યો, જળ ભરવો દો,
મારી જેઠાણી જોગીડાને જાય, પાણીડાં ભરવા દો.
મારો દેવર નાનો દડે રમે, જળ ભરવા દો,
મારી દેરાણી આપડી જોડ, પાણીડાં ભરવા દો.
મારી મટકી માથે મોરલા, જળ ભરવા દો,
ઉંઢાણીએ મોતીડાની હાર, પાણીડાં ભરવા દો.
મારો વાલોજી કાંઠડે આવિયા, જળ ભરવા દો,
વહાલા છેટા રે'જો તમે છેલ, પાણીડાં ભરવા દો.
મારો વાલમો મારે કાંકરા, જળ ભરવા દો,
વહાલા જુએ નગરના લોક, પાણીડાં ભરવા દો.

★

## મેણા ઝરમરિયા

[અને જાણે પોતાને તેડવા આવતી માતાના માથા પરના પારણામાં વાડકીએ ઘી-ગોળ ખાતા માડીજાયા વીરને જોતી; તો વળી સાસુના માથા પરના ટોપલામાં પોતાના દેવરને કાચોલીએ ઘી-ગોળ ખવડાવતી, ગોરી આમ તો વીર અને દેવરને તથા માતા અને સાસુને સમાન ગણુતી ગાઈ રહી છે કે—]

હું તો સીદડે[1] ચડી વાટું જોતી 'લ્યા, મેણા ઝરમરિયા,
મેં તો સામાં તે ટોળાં દીઠાં, 'લ્યા, મેણા ઝરમરિયા.
એ ટોળામાં મારી માતા, 'લ્યા, મેણા ઝરમરિયા.
મારી માતાના માથે પારણું, 'લ્યા, મેણા ઝરમરિયા.
એ પારણામાં મારો વીર, 'લ્યા, મેણા ઝરમરિયા.
મારા વીરાના હાથમાં વાટચી, 'લ્યા, મેણા ઝરમરિયા.
એ વાટચીએ ઘી-ગોળ ખાતો, 'લ્યા, મેણા ઝરમરિયા.

---

૧. ખીજડે ૨. વાટકી.

હું તો સીદડે ચડીને વાટું જોતી, 'લ્યા, મેણો ઝરમરિયા.
એ ટોળામાં મારી સાસુ, 'લ્યા, મેણો ઝરમરિયા.
મારી સાસુના માથે ટોપલો, 'લ્યા, મેણો ઝરમરિયા.
એ ટોપલામાં મારો દેવર, 'લ્યા, મેણો ઝરમરિયા.
મારા દેવરના હાથમાં કાચલી, 'લ્યા, મેણો ઝરમરિયા.
હું સીદડે ચડીને વાટું જોતી, 'લ્યા, મેણો ઝરમરિયા.

★

## મને ઘડી ઘડી

[ ઘૂંઘટામાં ગૂંચાયેલી કોઈ નવોઢા, સિન્દૂરની ટીલડીને રૂપાળા ભાલમાં ચપકાવી, કાજલભરી આંખલડીએ પલકોમાં પ્રીતને રમાડતી જાણે કે મહિયરવાળાને ફરિયાદ કરી રહી છે. મખિયાવ ગામની એક બહેન પાસેથી આ ગીત મળ્યું છે ]

અમે નાનાં વહુવારુ રે...ઘૂંઘટામાં ગૂંસાણાં,
આંખલડી કાળી રે...ટીલડી સેંદૂરની;
અમે નાનાં વહુવારુ રે,...ઘૂંઘટામાં ગૂંસાણાં.
મારો સસરો તે આણે આવિયા રે;
મને ઘડી ઘડી ઘૂંઘટા તણાવે...અમે નાનાં૦
મારો જેઠ તે આણે આવિયા રે;
મને ઘડી ઘડી ઘૂંઘટા તણાવે...અમે નાનાં૦
મારો દેવરિયો આણે આવિયા રે;
મને ઘડી ઘડી લાડ લડાવે...અમે નાનાં૦
મારો પરણ્યો તે આણે આવિયા;
મને ઘડી ઘડી પ્રીતડી લગાડે...અમે નાનાં૦
મારી નણદલ તે મેણુલાં બોલે સે;
મને ઘડી ઘડી પાણીડાં ભરાવે ..અમે નાનાં૦

મારી સાસુ તે મેણુલાં બોલે સે,
મને ઘડી ઘડી દળણું દળાવે...અમે નાનાં૦
મારી જેઠાણી તે મેણુલાં બોલે સે;
મને ઘડી ઘડી વાસીદાં વળાવે...અમે નાનાં૦

★

## પ્રીતની જંતરી

[ પ્રીતની જંતરી અને મહોબતની બંસરી બજાવતા કોઈ કા'ન પાછળ ઘેલી બનેલ ગોપીની પેઠે પ્રીતના જોગીની જંતરી પાછળ ચાલી આવતી જાણે કે કોઈ મહોબતભરી લોકકથા સર્જાઈ રહી છે. વિરમગામ તાલુકાના વેકરિયા ગામની એક બહેને આ ગાઈ સંભળાવ્યું છે. ]

પાળે વગાડે જોગી જંતરી[1] રે લોલ;
પાળે વગાડે બાવો બંસરી રે લોલ;
પાળે વગાડે જોગી જંતરી રે લોલ.

દળણું દળતાં હુંયે સાંભળી રે લોલ;
દળણું મેલ્યાં તાંબાકૂંડીએ રે લોલ;
લોટ મેલ્યો થાળે ઝૂલતો રે લોલ;
પાળે વગાડે જોગી જંતરી રે લોલ.

બાળ ધવાડતાં હુયેં સાંભળી રે લોલ;
પુતર મેલ્યાં સોના પારણે રે લોલ;
ડોશી મેલ્યાં દોરી ખેંચતાં રે લોલ;
પાળે વગાડે જોગી જંતરી રે લોલ.

હળવેરો[2] હાંકચ બાવા સાંઢિયો રે લોલ.
હળવેરો હાંકચ જોગી સાંઢિયો રે લોલ;
પગનાં છોલાય મારાં તાજવાં રે લોલ;
પાળે વગાડે જોગી જંતરી રે લોલ.

---

૧. જંતર–એક વાજિંત્ર. ૨. હળવેથી–ધીમેથી.

છાને છોલાય મારાં તાજવાં રે લોલ;
જઈને પડાવું આપડા દેશમાં રે લોલ;
હોંશે ચીતરાવું આપડા દેશમાં રે લોલ;
પાળે વગાડે જોગી જંતરી રે લોલ.

ડેલીએ બેઠા તે જોગી કૂણ શે રે લોલ;
આંટિયાળો પાઘ શોહે કૂણ શે રે લોલ;
તારા સસરા ને મારા દાદાજી રે લોલ;
પાળે વગાડે જોગી જંતરી રે લોલ.

મેડીએ બેઠું તે જોગી કૂણ શે રે લોલ;
ચૂંદડી ઓઢીને બેઠું કૂણ શે રે લોલ;
તારી સાસુ ને મારી માતાજી રે લોલ;
પાળે વગાડે જોગી જંતરી રે લોલ.

હળવેક ગોરાંદે હેઠાં ઊતરો રે લોલ;
લાગો માતાજીને પાય હો રે લોલ;
લાગો પિતાજીને પાય હો રે લોલ;
પાળે વગાડે જોગી જંતરી રે લોલ.

★

## છાજિયાં કૂટું

[પ્રીતમાં પાગલ બનેલ કોઈ નારી પ્રિયતમને ઘેર જઈને જોતાં એણે કહેલી મોટી મોટી વાતોમાંનું કશુંય ન દેખતાં પોતે પ્રીતમાં છેતરાઈ છે તેનો પસ્તાવો કરતી ને પ્રિયતમનાં છાજિયાં કૂટતી ગાય છે. મખિયાવ ગામના મોતીરામ મહારાજ પાસેથી આ ગીત મળ્યું છે.]

સોઈ સોઈ લે સરવાં સોગડડાં,
મારા ઓઝાના માથે ફેમતડાં.

કુ'તો'તો રે રો'યા, ઈંટોના મો'લ[1] છે;
ઘેર આવીને જોયું, રો'યા છાપરુંય દીઠ્યું નંઈ,
તારાં છાજિયાં કૂટું રે, રોયા છેતરીને લાયો.
કુ'તો'તો રે રો'યા, ભૂરી તો ભેંસ છે,
ઘેર આવીને જોયું, રો'યા બકરી દીઠી નંઈ,
તારાં છાજિયાં કૂટું રે, રોયા છેતરીને લાયો.
કુ'તો'તો રે રો'યા, કોઠીએ તો ઘઉં છે,
ઘેર આવીને જોયું, રોયા કોદરા દીઠયા નંઈ;
તારાં છાજિયાં કૂટું રે, રોયો છેતરીને લાયો.

★

## જીણુ વાગે છે

[ અને આ તો જુઓ ! રિસાઈને ચાલી જતી સ્ત્રીને પિયુના પ્રીતભર્યા વહાલપના વેણુનો પરોણુલો અને મહોબતની રાશ રૂપી દોરી, ગોરીને કેવાં પાછાં વાળે છે ! ધોળકા તાલુકાના નાનોદરા ગામની એક બહેન પાસેથી મળેલું. ]

મેડીનાં વાદળિયાં કમાડ રે...જીણુ વાગે છે.
ત્યાં ચડી વીરો મારો પોઢે છે,
નાનેરી વહુ ઢોળે વાય રે...જીણુ વાગે છે.
વહુના હાથમાંથી વછૂટ્યો વીંજણો,
વીરના મુખડેથી છૂટી ગાળ રે...જીણુ વાગે છે.
વહુ તો રિસઈને હાલ્યાં મહિયરિયે,
વહુ ને કોણુ મનાવા જાય રે...જીણુ વાગે છે.
એમના દેવરને મનાવા મેકલો,[2]
એમના દેવર મનાવા જાય રે...જીણુ વાગે છે.

---
૧. મહેલ ૨. મોકલો.

દેવર તમારી વાળી નહીં રે વળું,
મેકલો મેકલો તમારા વીરને રે...જીણુ વાગે છે.

વીરે હાથમાં તે લીધો પરોણલો[1],
અને ખંભે લીધેલી રાશ રે...જીણુ વાગે છે.

વીરે મારે રાશે રાશે ડોબોટિયાં,[2]
અને પરોણલે પાછાં વાળ્યાં રે...જીણુ વાગે છે.

★

## મારી ઉંમર ઓછી

[ સારું તોય સાસરિયું, ભૂંડું તો દુઃખના-ઊંડા કૂવા સમું. અહીં ખીલતી પોયણી સમી નાજુક નારી આણુ તેડવા આવેલા તેડાગરને જોઈ 'પોતાની ઉંમર હજી નાની છે' એમ કહેતી લલકારે છે. પાવાગામની બહેનો પાસેથી આ ગીત મળ્યું છે. ]

ઊંડા કૂવામાં અજમલ અમને ઉતાર્યાં,
મારી હીર દોરી ખેંચો, રેશમ દોરી ખેંચો.

મારો સસરો તે આણુ આવિયા,
મારી ઉંમર ઓછી.........
મારી સાસુડી શે[3] ભોંડી,[4]
મને દા'ડી દઈણાં દળાવે...મારી હીર.

મારો જેઠ તે આણુ આવિયા,
મારી ઉંમર ઓછી.........
મારી જેઠાણી શે ભોંડી,
મને સંગાતે પાણીડાં ભરાવે...મારી.

---

૧. પરોણો-નાની લાકડી, ૨. સબોડિયાં-માર્યાં. ૩. છે ૪. ભૂંડી.

મારો દેવર આણે આવિયા,
　　મારી ઉંમર ઓછી.........
મારી દેરાણી શે ભોંડી,
　　મને નિત નિત વાસીદાં વળાવે...મારી.
મારો નણદોઈ આણે આવિયા,
　　મારી ઉંમર ઓછી.........
મારી નણદલ શે ભોંડી,
　　મને દા'ડી માર ખવરાવે...મારી.
મારો કાકોજી આણે આવિયા,
　　મારી ઉંમર ઓછી.........
મારી કાકીજી શે ભોંડી,
　　મને રોજ રોજ રોટલા ઘડાવે...મારી.
મારી હીર દોરી ખેંચો, રેશમ દોરી ખેંચો.

★

## પાણીડાં નહીં ભરું

[ મને પવન લાગે છે, શરમ લાગે છે ને કોકની નજર લાગવાનો ડર લાગે છે, એમ કહેતી એ નાજુક, નમણી ગોરી ગામને કૂવે પાણી નહીં જવા ફરિયાદ કરે છે. આ ગીત ભરવાડો ગાય છે. ]

ગામને કૂવે રે, પાણીડાં નહીં ભરું;...મને પવન લાગે,
　પવન લાગે રે, મને શરમ લાગે;...ગામને કૂવે રે૦...
મને માટીના બેડે રે શરમ લાગે,
　મને તાંબાની હેલ્યના કોડ જાગે,...ગામને કૂવે રે૦...
પવન લાગે રે મને શરમ લાગે રે;
　શરમ લાગે, કોકની નજરું લાગે,...ગામને કૂવે રે૦...

મારી કોરી અઢૂંણી[1] રે, શરમ લાગે;
મને મોતી ભરેલીના કોડ જાગે,...ગામને કૂવે રે૦...
મને ગવનના સાડલે શરમ લાગે;
મને સોનાલી[2] ચૂંદડીના કોડ જાગે,...ગામને કૂવે રે૦...

✶

## મોર ક્યાં બોલ્યો ?*

[ પાતળિયાના પાશમાં જકડાયેલી, મિલનની મૂંઝવણમાં પતિરૂપી 'મોર' ક્યાં બોલે છે એમ પૂછતી, અને જાણતી છતાં અજાણતી થતી ગોરી હૈયાની લે'રું–વાતું અનોખી ઢબે કહી જાય છે. ]

મારા ટોડલે બેઠો રે મોર, ચ્યાં[3] બોલ્યો ?
મારું હૈડું લે'રા લેય, જનાવર જીવતું ઝાલ્યું રે;
મોર ચ્યાં બોલ્યો ?

મારા નયણે બેઠો રે મોર, ચ્યાં બોલ્યો ?
મારી આંખડી લે'રા લેય, જનાવર જીવતું ઝાલ્યું રે;
મોર ચ્યાં બોલ્યો ?

મારા પાણિયારે બેઠો રે, મોર ચ્યાં બોલ્યો ?
મારો કળશ્યો લે'રા લેય, જનાવર જીવતું ઝાલ્યું રે;
મોર ચ્યાં બોલ્યો ?

મારા ઢોલિયે બેઠો રે, મોર ચ્યાં બોલ્યો ?
મારું દલડું[4] લે'રા લેય, જનાવર જીવતું ઝાલ્યું રે;
મોર ચ્યાં બોલ્યો ?

---

૧. ઉઢાણી, ૨. સોનેરી. ૩. ક્યાં ૪. દિલ.
* સરખાવો : આ મણકામાં પૃ. ૧૮૪

મારા ટોડલે બેઠો રે, મોર ક્યાં બોલ્યો?
મારું હૈડું લે'રા લેય, જનાવર જીવતું ઝાલ્યું રે;
મોર ક્યાં બોલ્યો?

★

## ધન ગોકુળ

ધન ગોકુળ ધન ગામડાં રે, ધન રઢિયાળું શેર; મારા વા'લાજી રે!
ગાવલડી નો મારીએ રે, એ તો આપલડી સે માત; મારા વા'લાજી રે!
કોયલડી નો મારીએ રે, એ તો આંબાનું રખવાળું; મારા વા'લાજી રે!
પોપટડા નો મારીએ રે, એ તો પાંજરાનું પઢનારું; મારા વા'લાજી રે!
એક મોરલિયો નો મારીએ રે, એ તો ડુંગરાનો રખવાળ; મારા વા'લાજી રે!
અસતરીને[1] નો મારીએ રે, એ તો ઓયડા[2]નું અજવાળું; મારા વા'લાજી રે!
બારકડું[3] નો મારીએ[4] રે, એ તો પાયણાનું પોઢનારું; મારા વા'લાજી રે!

★

## વા'લો રે કનૈયો

ઝાડ ઝોલે,[5] પાન ઝોલે, ઝોલે સારી કલિયાં,
નીર ઝોલે, પવન ઝોલે, ઝોલે સારી દુનિયા;
શેષનાગવાળો વા'લો રે કનૈયો.
કેડય બરાબર મશરૂ, તારી કેડય કેરી શોભા,
શેષનાગવાળો વા'લો રે કનૈયો.
પગ બરોબર મોજડી, તારા પગ કેરી શોભા,
શેષનાગવાળો વાલો રે કનૈયો.
ડોક બરોબર હારલા, તારી ડોક કેરી શોભા,
શેષનાગવાળો વાલો રે કનૈયો.

[ એ જ પ્રમાણે સોડ, બાજુબંધ, પીતામ્બર વગેરે આભૂષણો લઈને ગાઈ શકાય. ]

★

૧. સ્ત્રીને, ૨. ઓરડાનું, ૩. બાળક, ૪. મારશો. ૫. ઝૂલે.

# ભાલ પ્રદેશનાં લોકગીતો

### સંપાદક : શ્રી જોરાવરસિંહ જાદવ

## ચણોઠીનાં ચીર

વીરા, જાજો જાજો સુરત શે'ર, ચણોઠીનાં ચીર મારે લાવજો રે.
એ'ની, જોયાં જોયાં સુરત શે'ર, ચણોઠીનાં ચીર અમને ના મળ્યાં રે.
એ'ની, હાટે હાટે પડી હડતાળ, ચણોઠીનાં ચીર અમને ના મળ્યાં રે.
એ'ની, કહો તો લીલા ગજ મૂલવું રે૦
વીરા, લીલી લીલી તે નાગરવેલ, ચણોઠીનાં ચીર મારે લાવજો રે.

વીરા, જાજો તે મુંબઈ શે'ર, ચણોઠીનાં ચીર મારે લાવજો રે.
એ'ની જોયાં જોયાં તે મુંબઈ શે'ર, ચણોઠીનાં ચીર અમને ના મળ્યાં રે.
એ'ની, હાટે હાટે તે પડી હડતાળ, ચણોઠીનાં ચીર અમને ના મળ્યાં રે.
એ'ની કહો તો પીળા ગજ મૂલવું રે૦
વીરા, પીળી પીળી તે ચણાની દાળો, ચણોઠીનાં ચીર મારે લાવજો રે.

વીરા જાજો જાજો પેટલાદ શે'ર, ચણોઠીનાં ચીર મારે લાવજો રે.
એ'ની, જોયાં જોયાં તે પેટલાદ શે'ર, ચણોઠીના ચીર અમને ના મળ્યાં રે.
એ'ની, હાટે હાટે તે પડી હડતાળ, ચણોઠીનાં ચીર અમને ના મળ્યાં રે.

ત્યાં તો આવ્યા આવ્યા તે નણદીના વીર,
ચણોઠીનાં ચીર ભારે લાવિયા રે.
ગોરી, પહેરો પહેરો તે માંડવા હેઠ, શોભા આપો તમારા વીરને રે.
નહીં પહેરું માંડવા હેઠ, શોભા ના આપું મારા વીરને રે.
સ્વામી, પહેરીશ પહેરીશ ઓરડા માંય, શોભા આપું નણદીના વીરને રે.

★

## ઝાંપલા ભાંગીને જઈશ

મારા સસરોજી ભૂંડા, રમવા ટાંણે ઝાંપલા વાસ્યા.
ઝાંપલા ઠેકીને જઈશ, ઝાંપલા ભાંગીને જઈશ;
હાલ્ય મારા હેમર[1] હાથી, રમવા ટાંણે ઝાંપલા વાસ્યા.

મારાં સાસુજી ભૂંડાં, રમવા ટાંણે દળણાં કાઢ્યાં,
દળણું દળીને જઈશ, ભરડકું[2] ભરડીને જઈશ;
હાલ્ય મારા હેમર હાથી, રમવા ટાંણે ઝાંપલા વાસ્યા.

મારા જેઠજી ભૂંડા, રમવા ટાંણે ઘોડલા છોડયા,
જોગાણુ[3] આપીને જઈશ, જોગાણુ જોસીને[4] જઈશ;
હાલ્ય મારા હેમર હાથી, રમવા ટાંણે ઝાંપલા વાસ્યા.

મારાં જેઠાણી ભૂંડાં, રમવા ટાંણે પાણીડાં કાઢ્યાં,
પાણી ભરીને જઈશ, બેડાં ફોડીને જઈશ;
હાલ્ય મારા હેમર હાથી, રમવા ટાંણે ઝાંપલા વાસ્યા.

મારા દેરજી ભૂંડા, રમવા ટાંણે દડૂલો માગ્યો,
દડો આપીને જઈશ, ગેડી જોસીને જઈશ;
હાલ્ય મારા હેમર હાથી, રમવા ટાંણે ઝાંપલા વાસ્યા.

મારી નણદીબા ભૂંડાં, રમવા વેળાએ ઢીંગલી માગી,
ઢીંગલી આપીને જઈશ, ઢીંગલી જોશીને જઈશ;
હાલ્ય મારા હેમર હાથી, રમવા ટાંણે ઝાંપલા વાસ્યા.

ઝાંપલા ઠેકીને જઈશ, ઝાંપલા ભાંગીને જઈશ,
હાલ્ય મારા હેમર હાથી, રમવા ટાંણે ઝાંપલા વાસ્યા.

★

૧. સરસ. ૨ કરકરું ભૂકા જેવું, ૩. ચંદી ૪. અનિચ્છાએ આપીને

## હવે હું નહિ જીવું !

મારી સોના ઈંઢોણી રૂપા બેડલું,
પાણીડાં ગ્યાં'તાં ઝીલણિયાં તળાવ;
કાંટો વાગ્યો પગની લાંકમાં.[૧]
પદમલ ! નગરની નેરણી[૨] મંગાવો,
કાંટો કઢાવો પગની લાંકનો; હવે હું નહીં જીવું.
પદમલ ! પાટણના પાટા મંગાવો,
પાટા પગે રે બંધાવો; હવે હું નહીં જીવું.
પદમલ ! સસરાને ઓરેરા[૩] તેડાવો,
ચોરા ચોવટુ સોંપી દઉં; હવે હું નહીં જીવું.
પદમલ ! જેઠને ઓરેરા તેડાવો,
ખેતીવાડિયું સોંપી દઉં; હવે હું નહીં જીવું.
પદમલ ! સાસુજીને ઓરેરાં તેડાવો,
ઘરબાર સોંપી દઉં; હવે હું નહીં જીવું.

★

## છાયલ ગોરીને પે'રાવો

બાર બાર વર્ષે વીરોજી આવ્યા, લાવ્યા એક છાયલ રે.
કહો માડી છાયલ કેમ કરું રે, છાયલ કોને પે'રાવું રે ?
છાયલ ફોઈને પે'રાવો રે.

ફોઈને તો ઝાઝાં છોરુડાં, છાયલ થાનવાળું[૪] થાય રે.
કહો માડી, છાયલ કેમ કરું રે, છાયલ કોને પે'રાવું રે ?
છાયલ બેનીને પે'રાવો રે.

---

૧. પગ નીચે વળાંક લેતો ભાગ, ૨. કાંટો કાઢવાનું તથા નખ કાપવાનું સાધન-નરેણી ૩. પાસે. ૪. ધાવણથી ભીંજાય.

બે'ની રમતી ઢીંગલે-પોતીએ, છાયલ ધૂળવાળાં થાય રે.
કહે માડી, છાયલ કેમ કરું રે, છાયલ કોને પે'રાવું રે?
છાયલ મજૂસમાં મૂકો રે.
આપણા ઘરમાં ઝાઝા ઉંદરડા, છાયલ કાપીકોરી ખાય રે.
છાયલ બાળી કરું ભભૂતિ રે, થઈ જાઉં જોગી વેરાગી રે.
બળ્યો રે માડી તારો જીવડો રે.
છાયલ તમારાં...(ફલાણાં) ગોરીને પે'રાવો રે.

★

## સાંભરે રે

સૈયર મોરી રે, ચાંદલિયો ઊગ્યો ને સૂરજ આથમ્યો રે લોલ.
સૈયર મોરી રે, સાસરે જાઉં ને દાદા સાંભરે રે લોલ.
સૈયર મોરી રે, દળણાં દળું ને ભોજાઈ મોરાં સાંભરે રે લોલ.
સૈયર મોરી રે, ચાંદલિયો ઊગ્યો ને સૂરજ આથમ્યો રે લોલ.
સૈયર મોરી રે, રસોડે જાઉં ને માતા મોરી સાંભરે રે લોલ.
સૈયર મોરી રે, પાણીડાં ભરું ને સૈયર મોરી સાંભરે રે લોલ.
સૈયર મોરી રે, ચાંદલિયો ઊગ્યો ને સૂરજ આથમ્યો રે લોલ,
સૈયર મોરી રે, વાસીદાં વાળું ને બે'ની મોરાં સાંભરે રે લોલ.
સૈયર મોરી રે, ચૂંદડી પે'રું ને વીરો મારો સાંભરે રે લોલ.
સૈયર મોરી રે, ચાંદલિયો ઊગ્યો ને સૂરજ આથમ્યો રે લોલ.

★

## શ્રીકૃષ્ણને વશ કીધા

નવ નવ મહિના ઓદર[1] રાખ્યા ને, બત્રીસ ધાવણ ધવરાવ્યાં;
મારી વહુ રે, તમે શ્રીકૃષ્ણને વશ કીધા.
ધીરજ ધરીને નણદીબા બોલ્યાં સાંભળો મારી વાત;
મારી ભાભી રે, તમે શ્રીકૃષ્ણને વશ કીધા.

---

૧. ઉદર

નાનાં હતાં ત્યારે ટાસકા[1] કર્યા,
ને ઢૂસકા[2] કર્યા ને વીરાના પેટમાં ઉતાર્યા;
મારી ભાભી રે, તમે શ્રીકૃષ્ણને વશ કીધા.
તારા કુળમાં એવી જ રીત, એક મેલીને બીજાને જાય;
મારાં ભાભી રે, તમે શ્રીકૃષ્ણને વશ કીધા.
ધીરજ ધરીને વહુવારુ બોલ્યાં, તમે સાંભળો મારી વાત;
મારા સાસુ રે, તમે વહુવારુને શીદને સંતાપો ?
નથી રે તમે માંડવડો સેવ્યો, નથી માંડવડામાં મા'લ્યાં;
મારી બૈયર રે, તમે વહુવારુને શીદને સંતાપો ?
ધીરજ ધરીને નણદીબા બોલ્યાં, તમે સાંભળો મારી વાત;
મારાં ભાભી રે, તમે શ્રીકૃષ્ણને વશ કીધા.
કિનખાબનાં તો ખોયાં બંધાવ્યાં, ને હીરલા દોરીએ હીંચોળ્યા;
મારાં ભાભી રે, તમે શ્રીકૃષ્ણને વશ કીધા.
ભીનેથી સૂકે અમે રે સુવરાવ્યા ને ભીનેથી સૂકાં કીધાં;
મારાં ભાભી રે તમે શ્રીકૃષ્ણને વશ કીધા.
ધીરજ ધરીને વહુઆરુ બોલ્યાં, સાંભળો મારી વાત;
મારાં નણંદબા રે, વહુઆરુને તમે શીદને સંતાપો ?
એટલા બધા વહાલા હતા ત્યારે મથુરામાં શીદ મૂકી આવ્યાં;
મારાં નણંદબા રે, વહુઆરુને શીદને સંતાપો ?
નથી કિનખાબનાં ખોયાં બંધાવ્યાં, નથી હીરલા દોરીએ હીંચોળ્યા,
નાનેથી મોટા માસીબાએ કીધા, ભીનેથી સૂકે સુવડાવ્યા મારી બાઈએ.
મારાં નણંદબા રે, વહુઆરુને શીદને સંતાપો ?
મંદિરિયામાંથી મોહનજી બોલ્યા, સાંભળો મારી વાત;
મારાં માતા રે, વહુઆરુને શીદને સંતાપો ?
પરણ્યા પછી જે પિયરિયે રહે, એનો એળે ગયો અવતાર;
મારાં બે'ની રે, વહુઆરુને શીદને સંતાપો ?

---

૧. ટાચકા–હેત ૨. ઢૂચકા.

## તમ સાથે નહીં બોલું

આવતા ઠાકોરિયા રે ઊભલા રે'જો,
  કહું મારા હલડાની વાત રે, તમ સાથે નહીં બોલું રે.
તમારા માબાપને ન્હોતી ફૂલવાડિયું,
  કહો તો ફૂલવાડિયું વસાવું રે, અમ સાથે બોલો ને રે.
અમારાં માબાપને મેણાં શું બોલો ?
  જાતનાં છોરું કજાતમાં દીધાં રે, જશોદાના જાયા કા'નદેવને કું' છે.
વડછડ[1] કરતાં મધરાત વહી ગઈ,
  હમણાં વાં'ણુલિયાં[2] વાશે રે, અમ સાથે બોલો ને રે.
મધરાત વહી ગઈ, એમાં મારું શું વહી ગયું ?
  વા'ણુલિયાં વાશે એમાં મારું શું જાશે ? તમ સાથે નહીં બોલું રે.
જશોદાના જાયા કાનદેવ કું' છે
  મુગટ ઉતારી લાગું પાય; અમ સાથે બોલો ને રે.

★

## મરકીને મોહનજી બોલ્યા

રાધાજી કૃષ્ણને કે'છે, પ્રભુજી સુણો અમારી વાત,
  મરકીને મોહનજી બોલ્યા, શું કહો છો રાધા પ્યારીજી ?
કાલ્ય તમને મંદિર ચણાવી દઉં, ફરતી મેલાવું બારી,
  રૂડી રૂપાળી થાંભલીઓ ને આગળ ઓંશરી ઉતારું જી.
પગતે[3] માથે મંદિર ચણાવું, ઉપર મેલાવું સાજ,
  ઊંચા કરજો ઊમરા, મારા ઘરમાં ના'વે પાણી,
મંદિર આવો ગિરધારી, આગળ ઓંશરી ઉતારી.

---

૧. વાદવિવાદ, ૨. પરોઢ. ૩. પહોળે.

૧૫

ફળિયા વચ્ચે ચોક બિરાજે, આંગણુ તુલસીકચારો.
સાંજ સવારે દર્શન કરીને, નામ તમારાં લેશ,
મંદિર આવો ગિરધારી આગળ ઓંશરી ઉતારી.

ફળિયા વચ્ચે ગાય બિરાજે, હેઠય વાછરું ધાવે,
દહીં દૂધ ભાણામાં આવે, તે હરિને બઉ ભાવે.
મંદિર આવો ગિરધારી, આગળ ઓંશરી ઉતારી.

ગઢ પચવાડ[1] નદી બિરાજે, નાહ્યાનાં ઠેકાણાં.
વહેલા ઊઠી સ્નાન કરીને નામ તમારાં લેશ,
મંદિર આવો ગિરધારી, આગળ ઓંશરી ઉતારી.

★

---

૧. પછવાડે-પાછળ.

# કેટલાંક કથાગીતો

## સંપાદક : શ્રી જોરાવરસિંહ ડી. જાદવ.

### રાજા હરિશ્ચંદ્ર

સરસ્વતી માતાને ચરણે નમું રે,
હું તો ગણપત લાગું પાય;
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સતને કારણે.
સરસ્વતી વા'રે ધાજો માતા શારદા,
મારી જીભલડી જશ ગાય;
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સતને કારણે.

કોઈ વેચે મંદિર માળિયાં રે,
કોઈ વેચે ગામ ને ગરાસ;
રાજા હરિશ્ચંદ્ર વેચે તારાલોચના રે;
કાંઈ વેચે છે કુંવર રોહીદાસ;
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સતને કારણે.

કાંઈ રોહીદાસ વેચાણા હરિજન ઘેર રે,
એવા વેચાણા ત્રણે તત્કાળ.
સતીને વાસણ માંજવાં સામટાં રે,
એવાં કરવાં છે કઠિનાં[1] કામ;
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સતને કારણે.

બાર બેડાનો માથે ભાલિયો[2] લીધો,
રાજા હરિશ્ચંદ્ર પાણીડાંની હાર્ય;
ઘડો ઘણો ભારે ને માથે નવ ચડે રે,
એવા તડકે તપે છે લલાટ;
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સતને કારણે.

---

૧. કષ્ટ પડે તેવાં, ૨. મોટું માટલું.

ત્યાંથી વિશ્વામિત્ર ઋષિ ચાલિયા રે,
આવી ઊભા વાડી મોઝાર;
ત્યાંથી તુરત કાળો નાગ થયા રે,
કંઈ ડસ્યા નાનેરા બાળને;
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સતને કારણે.

ડસ્યો નાગ ને બાળ ફરે ફૂદડી રે,
એણે પડતાં તે છોડચા પ્રાણ;
ત્યાંથી નગર નિશાળિયા દોડ્યા રે,
આ વી ક રી પં ડિ ત ને જા ણ;
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સતને કારણે રે.

બાઈ પરદેશણ તારો બેટડો,
એ ને ડ સ્યો કા ળૂ ડો ના ગ;
સતી રોતાં કકળતાં આવિયાં રે,
આ વ્યાં કું વ રિ યા ની પા સ;
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સતને કારણે રે.

સતી ખોળામાં માથું લઈને રુએ ધ્રુસકે રે,
બેઠાં બેઠાં કરે છે કલ્પાંત;
નહીં કાકા નહીં કુટુંબી રે,
નહીં મામા નહીં મોસાળ;
તારી કોણ કરગડી[1] બાંધશે રે?
તને કોણ લઈ જશે સ્મશાન?
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સતને કારણે રે.

કોડીલો કુંવર મારો લાડકો રે,
ખાં તી લો ખાં પ ણ વ ણ જા ય;
સતીએ અડધાં તે ચીર વધેરિયાં,[2]
કાંઈ ઓઢાડચાં કુંવરિયાને અંગ;

૧. ઠાઠડી, ૨. ફાડચાં.

ત્યાંથી ચાર નિશાળિયે ઉપાડચા રે,
લ ઈ ગ યા સ્મ શા ન;
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સતને કારણે રે.

ખાંતે ખડકે કુંવરિયાની ચેહ રે,
સતી ફરતા ફેરા ચાર ફર્યાં રે.
એણે જમણે અંગૂઠે મૂકી આગ,
ત્યાં તો આડો ખીમડો[1] ફરી વળ્યો,
દાણ દઈને દેહને અગ્નિ દેવાય;
સતીએ અડધાં તે ચીર એને આપિયાં,
કંઈ ચૂકવ્યાં ખીમડાનાં દાણ;
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સતને કારણે રે

ત્યાં તે ઓતરદખણુ[2] ચડી વાદળી રે,
કાં ઈ વ ર સ્યા ખાંગા[3] મેઘ;
વરસ્યા મેઘ ને ચેહ નાખી ઓલવી રે,
એવાં મડદાં તે મસાણમાં તણાય;
આવી કુંડલ[4] કુંવરને ઉપાડચો રે,
એ ને ઠે લ્યો મં દિ ર મો જા ર,
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સતને કારણે રે.

ત્યાંથી વિશ્વામિત્ર ઋષિ ચાલિયા રે,
આવી પહોંચ્યા નગરીની માંય;
આપણા શે'રમાં આવી એક ડાકણી રે,
એ તો મડદાં મસાણનાં ખાય;
ત્યાં થી ખી મ ડા ને બો લા વિ યો,
પેલી ડાકણને કાઢો દેવળ બહાર;
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સતને કારણે રે.

---

૧. એ નામનો સ્મશાનનો રખવાળ, ૨. ઉત્તરદક્ષિણ, ૩. ધોધમાર, ૪. નામ.

આવી ખડગ ખીમડાએ ઉગામ્યા,
એ નો હ રિ એ ઝા લિ યો હાથ;
રાજા હરિશ્ચંદ્ર ચડયા છે હેમર હાથીએ,
તા રા[1] ફૂ લ ડાં ની વે લ્ય[2];
રોહીદાસ ચડચો છે રેવંત ઘોડલે,
આ વી પ હોં ચ્યા ન ગ રી માં ય.
રાજા હરિશ્ચંદ્ર વેચાણા સતને કારણે રે.

★

## ભાઈ-બહેન

ભાઈ મરે ભવ હારીએ, બે'ન મરે દિશ જાય,
બચપણમાંજેનાં માવતર મરે, એને ચોદશના વા વાય.

ભાઈ બે'નના હેતની સાંભળજો આ વાત,
બચપણમાં ગુજરી ગયાં એનાં મા ને બાપ.

આઠ વરસની બાળકી ને પાંચ વરસનો બાળ,
બચપણમાં દુઃખ આવિયું કોઈ ના લે સંભાળ.

ભાઈ બે'ન ચાલ્યાં રે મોસાળ, મામી દુઃખ દે અપાર,
ખૂણે રોતાં નાનાં બાળ રે, માડીના જાયા!
ઓ રે બે'નીના વીરા, બે'નીનાં મે'ણાં તારે ભાંગવાં.

ભાઈ લાવે કાષ્ઠના ભારા, બે'ની કૂવે પાણી ભરવા જાય!
ભરી લાવે પાણીડાંની હેલ્ય રે, માડીના જાયા.
ઓ રે બે'નીના વીરા! બેનીનાં મે'ણાં તારે ભાંગવાં!

---

૧. તારામતી રાણી ૨. રથ

વીતી જાય દિન ને રાત, બે'ની મોટેરી થાય,
બે'નીનાં લગનિયાં લેવાય, માડીના જાયા!
ઓ રે બે'નીના વીરા! બે'નીનાં મે'ણું તારે ભાંગવાં.

નણુદી દુઃખ દે અપાર, બેનથી દુઃખ ના સહેવાય,
બે'નને દુઃખનો નહીં પાર રે, માડીના જાયા!
ઓ રે બે'નીના વીરા! બે'નીનાં મે'ણું તારે ભાંગવાં.

બે'નીને ઓળાવી[1] સાસરે ને ભાઈ ગયો પરદેશ!
વર્ષો કંઈ વીતી ગયાં વીરે ના જોયો બે'નનો દેશ;
સરખી પૂછે સાહેલડી અલી ક્યાં છે તારો વીર!
વીર બાંધવ તારે હોય તો લાવે મોંઘેરી ચીજ.
વીરને જોવા તલસે નયન, લોકો મે'ણું દે અપાર,
આવો લાખેણા બાંધવ રે, માડીના જાયા!
ઓ રે બે'નીના વીરા! બે'નીનાં મે'ણું તારે ભાંગવાં.

સાસુ નણંદ જેઠાણી મે'ણું દે અપાર,
ભાઈ તારો ભટકતો જાણે શું જગવ્યવહાર;
ભીખારી તુજ ભાઈ છે પડચો રહે પરદેશ;
તુજ સારું શું લાવશે, ખાતો હશે ઠેશ.
સાસુ દેતી એવી ગાળ, નણુદી મે'ણું દે અપાર,
દુઃખનો નહીં આવે પાર રે, માડીના જાયા!
ઓ રે બે'નીના વીરા! બે'નીનાં મે'ણું તારે ભાંગવાં.

પત્ર લખ્યો પરદેશમાં સાંભળો મારા વીર,
વીર બાંધવ હોય તો લાવો મોંઘેરી ચીજ;
લાવો સાડીઓની જોડચ, લાવો કબજાની જોડચ;
લાવો ચણિયાની જોડચ, માડીના જાયા,
ઓરે બે'નીના વીરા, બે'નીનાં મે'ણું તારે ભાંગવાં.

---
[1] વળાવી.

લાવો લાવો સાંકળાંની જોડય, લાવો કડલાંની જોડય,
લાવો ગળા કેરો હાર, માડીના જાયા !
ઓ રે બે'નીના વીરા, બે'નીનાં ! મે'ણાં તારે ભાંગવાં.

લાવો લાવો નાક કેરી નથડી, લાવો કાન કેરાં કુંડળ,
લાવો લાવો માથા કેરો મોડ રે, માડીના જાયા !
ઓ રે બે'નીના વીરા ! બે'નીનાં મે'ણાં તારે ભાંગવાં,

લાવો લાવો ચોળીઓની જોડય, લાવો એરિંગની જોડય,
લાવો કંઠીઓની જોડય રે માડીના જાયા !
ઓ રે બે'નીનાં વીરા ! બે'નીના મે'ણાં તારે ભાંગવાં.

બે'નીની અધીરાઈ ખૂટી ગઈ તેણી વાર,
બે'ની જુએ વીરની વાટડી હજુ નાવ્યો વીર.
પાદર પહોંચી બેનડી જોયું વડનું ઝાડ,
તેના પર ચડી ગઈ જોવા વીરની વાટ.
વિધાતાએ લખ્યા ટૂંકા લેખ, ત્યાં નીકળ્યો કાળો નાગ,
જોઈ ને દીધો ડંખ રે હાલ્ય ને માડીના જાયા !
ઓ રે બે'નીના વીરા ! બે'નીનાં મે'ણાં તારે ભાંગવાં.

બે'નીએ ત્યજ્યા પ્રાણ તત્કાળ
બે'નને લઈ ચાલ્યા સ્મશાન;
બે'નને દીધો અગ્નિદાહ રે માડીના જાયા !
ઓ રે બે'નીના વીરા ! બે'નીનાં મે'ણાં તારે ભાંગવાં

બે'નનાં નાનાં બાળકો કે'છે મામા, માડી ગઈ મસાણુ,
ભાઈ ગયો સ્મશાન, પૂછે દુઃખિયારી બે'નડી;
તારા કોણે લીધા પ્રાણ ? મે'ણાં તારાં ભાંગવા.
મોડા પડચો હું બે'નડી ! એક વાર બોલ મારી સંગ,
આવ્યો હું તારો વીરલો, કહી ચિતામાં નાખતો ચીર.

લે ને બે'ની સાડીઓની જોડચ, કબજાની જોડચ,
લે ને બે'ની ચણિયાની જોડચ રે, માડીના જાયા!
ઓ રે બે'નીના વીરા! બે'નીનાં મે'ણાં તારે ભાંગવા.

લે ને બે'ની સાંકળાંની જોડચ, લેને બે'ની કડલાંની જોડચ,
લે ને બે'ની નાક કેરી નથણી, માડીના જાયા!
ઓ રે બે'નીના વીરા! બે'નીનાં મે'ણાં તારે ભાંગવાં.

લે ને બે'ની ગળા કેરો હાર, લેને બે'ની કાન કેરાં કુંડળ.
લે ને બે'ની માથા કેરા મોડ રે! માડીના જાયા!
ઓ રે બે'નીના વીરા! બે'નીનાં મે'ણાં તારે ભાંગવાં.

લે ને બે'ની ચોળીઓની જોડચ, લે ને બે'ની એ રંગની જોડચ,
લે ને બે'ની કંઠીઓની જોડચ રે, માડીના જાયા!
ઓ રે બે'નીના વીરા! બહેનીન મે'ણાં તારે ભાંગવાં.

જળ વિનાની માછલી, વાછડા વિનાની ગાય,
અભાગી હું સૂનો, બહેની વિનાનો ભાઈ,
ભાઇ કહે, આ ભવ નહીં બહેની, તો મળજો પેલે ભવ,
બે'ની તારી આશા કરું પૂરી, બે'ની તારા કોડ કરું પૂરા,
એમ કહી ભાઈ એ ત્યજયા પ્રાણ રે માડીના જાયા!
ઓ રે બ'નીના વીરા! બે'નીનાં મે'ણાં તારે ભાંગવાં.

એક બાજુ બે'નતણી ચિતા, બીજી કોર્ય ભાઈ કેરી ચિતા.
ભાઈની સોનેરી જવાળા, બહેનની રૂપેરી જવાળા,
માડીના જાયા, બે'નીનાં મે'ણાં તારે ભાંગવાં.

★

## રાણી રૂપાંદે

વાયક[1] આવ્યાં ગરવા[2] શે'ર (૨) રૂપાદે પંથડે પધારો.
હું કેમ આવું ગુરુ મારા, એકલા સૂતા માલાદે જાગે જી રે.
નિદ્રા મગાવો મારા શે'રની સોડચમાં વંસૂગી[3] સૂવડાવો.
ત્યાંથી રૂપાદે રાણી ચાલિયાં, આવ્યાં ડોઢીને દરવાજે,
ભાઇ રે પોળિડા વીરા વીનવું તાળાં ઘડીક ઉઘેડો જી.
તાળાં વાસ્યાં રે વીજલ શે'રનાં કૂંચિયું માલાદેના હાટે,
આહ્‌લેક કરીને સતીજીએ અરજિયા તાળાં ભોંયે પડચાં જી.
ત્યાંથી રૂપાદે રાણી ચાલિયાં આવ્યાં બવળી[4]ને બજાર જી,
ત્યાંથી રૂપાદે રાણી ચાલિયાં આવ્યાં ગુરુને દરબાર જી.
શતસોનૈયા રૂપાદેએ પાટ મેલ્યા, ગુરુજીને નમીને લાગ્યાં પાયજી.

ત્યાંથી ચંદ્રાવળ સાંઢો ઊમટી આવી રાજાને દરબાર જી,
ઊઠો રાજા ને ઊઠો રાજવી, રાણીએ રાજ વટલાવ્યાં જી.
પડખું ફરીને માલોજી જાગિયા, સોડચમાં વસૂંગી ઘરયાં જી,
કંઈક કરડચાં ને કંઇક ઊગર્યા, રાણી રૂપાદેનાં ભાગ્ય જી.

ત્યાંથી રાહમલ માલો ચાલિયા, આવ્યા ડોઢીને દરવાજે જી,
ભાઈરે પોળિડા વીરા વીનવું, અહીંથી માનવી જતું જોયું,
કંઈક સૂતા ને કંઈક જાગતા, અમને ખબરું રે નથી.
ત્યાંથી રાહમલ ચાલિયા, આવ્યા બવળી બજાર જી.
ત્યાંથી રાહમલ ચાલિયા, આવ્યા ગુરુને દરબાર જી.
મોજડી ઉપાડી રાહમલ ચાલિયા, આવ્યા દરબાર જી.

નુગરુ[5] આવ્યું રે આપણે દરબાર જયોત્યું ઝાંખી પડી રે,
નગરુ નથી રે આપણા શે'રમાં નુગરો ગામનો રાજા.

---

૧. નિમંત્રણ–નોંતરું, ૨. ગૌરવભર્યા. ૩. વાસુકિ–ઝેરી નાગ, ૪. સામસામી, ૫. ગુરુ વગરનું

સંધી[1] રે સભાને રામરામ, ગુરુજીને નમીને લાગ્યા પાય,
ધારે આવીને નિહાળ્યા, મોજડી ચોરાઈ ગઈ જી.
અહ્‌લેક કરીને સતીએ અરજિયા,મોજડી અંકાશે[2]થી ઊતરીજી,
ત્યાંથી રૂપાદે રાણી ચાલિયાં, આવ્યાં દરબાર માંહ્ય જો.
સડપ ઝાલ્યો રાહમલે છેડલો, રાણી તમે કયાં ગ્યાં'તાં જી !
ચારે વેળાનું આંબલું લૂંબેઝૂંબે, રાણી તમે કયાં ગ્યાં'તાં જી !
અમારે એકાદશીનાં વ્રત, ઈશ્વર પૂજવા ગ્યાં'તાં જી રે,
આપણા શે'રમાં નહીં ફૂલવાડી, ફૂલડાં વીણવા ગ્યાં'તાં જી રે.
પે'લી રે ફૂલવાડી ભાવનગર શે'રમાં, બીજી ગઢને રાંગે રે,
ત્રીજી ફૂલવાડી આપણા શે'રમાં ચોથી થાળીમાં ઠેરાણી જી.
રૂપાદે રાણી તમે સતી, તમારે પંથડે અમને ભેળો જી,
અમારો પંથડો રાજા આકરો રે ત્યાં રહેવું ખાંડાં કેરી ધાર જી.
પહેલો મારો રે મોભી દીકરો, બીજો હંસલો ને ઘોડો રે,
ત્રીજો મારો રે ગાય કેરો વાછડો, ચોથી ચંદ્રાવળી રાણી રે.
ચારેનાં માથાં વાઢી આવજો, રાજા તમને પંથડે ભેળવીએ રે.
આહ્‌લેક કરીને સતીએ અરજિયા, ગુરુ મારા સતે રહેજો જી,
પહેલો સજીવન મોભી દીકરો, બીજો હંસલો ને ઘોડો જી.
ત્રીજો સજીવન ગાયનો વાછડો, ચોથી ચંદ્રાવળી રાણી રે.

★

## સતી સીતાજી

સોળ સોળ વરસનાં સીતા થયાં, લઈ પાટી ને ભણવા ગયાં.
ભણી-ગણી બાજંદાં[3] થયાં, રામ લખમણનાં માગાં થયાં.
રામ ગળાવે ઊંડા કૂવા, સીતા વાવે કંઈ ડમરા,
સોનલા શિંગડીએ ને રૂપલા ખરીએ મરઘો[4] જાય છે ડમરો ચરી.

૧. બધી ૨. આકાશ. ૩. હોંશિયાર ૪. મૃગલાં.

રામ રે રામ આ મરઘાને મારો,મરઘો મારી મુને કાંસલડી[1] સિવડાવો.
સાવ રે સોનાની સીતા કાંસળી સિવડાવું, ચામડાની શું લાગી રઢ રે !
નહીં સીતાને બાપ નહીં બંધવા રે ! નહીં માતા ને મોસાળ,
નહીં સીતાને કાકા કુટુંબી રે, નહીં માડી જાયો વીર.
નહીં સીતાને સાસુ નહીં સસરા રે નહીં કંથ કહ્યાગરા રે.
સીતા ઓછાં વચન બોલ્યાં, રામને ચડી રીસ,
રામે તે ભાથા, ભીડિયા કંઈ તાણી બાંધ્યાં તીર.
પહેલે તીરે મરઘો મારિયો મરઘે પડતાં નાખી ચીસ.
ધાવ ધાવ[2] લક્ષ્મણ બંધવા માર્યા તમારા વીર.
ઘેલી સીતા ઘેલડિયાં શું બોલો રે રામ માર્યા નવ જાય.
આખી પૃથ્વીના રાજિયા રામ માર્યા નવ જાય.

( ૨ )

અતિથ[3]ને વેશે રાવણ આવિયો, ભિક્ષા દો સીતા માય.[4]
થાળ ભરી સીતા વનફળ લાવ્યાં આ લ્યો મહારાજ.
છૂટી ભિક્ષા અમે જમતા નથી મારા ગુરુને બેસે ગાળ.
આડી આણ્યું છે મારા રામની એને કેમ લોપાય[5] ?
આણ્ય ઉપર મૂકું પાવડી, પાવડીએ ધરજો પગ,
ખભે ચડાવ્યાં સીતા, ઉતાર્યાં વનમોઝાર.
મરઘો મારી રામ આવિયા, મઢીએ કાગ કળેળે રે,
મઢી સૂની સૂની દેખાય કાગડા કરે છે કાગારોળ.
રામ રુવે લક્ષ્મણ વીનવે તમે રોવો મા રામ વીર,
સીતા સરખી લાવશું એનું સીતા ધરાવશું નામ.
ઘેલા લખમણ ઘેલડિયાં શું બોલો જો !
તળાવ તળાવ કમળ નીપજે, થડ થડ ચંદન ન હોય.
ઘેર ઘેર નારી નીપજે, ઘેર ઘેર સીતા ન હોય.
ચારખંડ ધરતીમાં બીડું ફેરવ્યું, કોઈ એ ના લીધું હાથ,

૧. કાંચળી, ૨. દોડો દોડો, ૩. સંન્યાસી, ૪. માતા, ૫. ભંગ થાય.

હાંકલો મારીને હનુમાન ઊડિયા, બીડું લીધું જમણા હાથ.
ઠારથી ઊડચું થાનક રે જઈ પડચું લંકા મોજાર,
લંકાના જોયા ચોરા ચોવટા[1] જોઈ હવેલી હજાર.
જોયાં મંદિર માળિયાં રે, જોયાં રાવણ કેરાં રાજ,
આસોપાલવના ઝાડે બેઠાં છે સીતા માત.
હનુમાન અંગૂઠી આપીને સીતાજીને લાગ્યા પાય.
આ અંગૂઠી મારા નાથની રે, પ્રભુ પે'રતા જમણા હાથ,
કિનો[2] મેલ્યો તું આવિયો કોણે રે દીધાં એંધાણ.
રામનો મેલ્યો હું આવિયો, લખમણે દીધાં એંધાણ,
તું વાનરજી ભૂખ્યો હઈશ પડચાં તે વનફળ વીણી ખા;
થાનક ઉમેળે[3] આંચકે ઉમેળે ને ખાય.

( ૩ )

વાડી નાખી ઉમેળીને નાખી ઊંધે કાન.
માળી આવ્યો માથા સૂંથતો રે રાવણ આગળ રાવ.[4]
ઢાલ તલવારે રાવણ આવિયો રે વાનર મારવાને કાજ,
સાચું બોલ અલ્યા વાંદરા રે તારું શાને થાશે મોત ?
આખી લંકાનાં ગોદડાં કંઈ તેર ઘાણીનાં તેલ,
બાંધો વાનરને પૂંછડે પછી મેલો આગ.
આખી લંકાનાં ગોદડાં ને તેર ઘાણીનાં તેલ,
લાવી બાંધ્યાં વાનરને પૂંછડે પછી મૂકી આગ.
ઠારથી થાનક ઊડિયું જઈ પડચું લંકામોજાર;
લંકાના બાળ્યા ચોવટા બાળી હવેલી હજાર.
બાળ્યાં મંદિર માળિયાં રે બાળ્યાં રાવણ કેરાં રાજ;
બાળી ફૂલ ફૂલવાડિયું રે રાખ્યાં આસોપાલવનાં ઝાડ,
આસોપાલવની નીચે બેઠાં છે સીતા માત.

★

૧, ચૌટાં ૨. કોનો ૩. મૂળમાંથી ખેંચી કાઢે ૪. ફરિયાદ.

# ઝાલાવાડ પ્રદેશનાં લોકગીતો

## સંપાદક : શ્રી ઊજમશી પરમાર

### વાણિયણ મારવાડી

ઊંચી વાણીયણ કેડ પાતળી રે, વાણિયણ મારવાડી રે,
વાણિયણ પાણીડાંની હાર, વાણિયણ મારવાડી રે;
રાજા તે ધોવે ધોતિયાં રે, વાણિયણ મારવાડી રે.
ધોતાં તે ઊડી કાંકરી રે, વાણિયણ મારવાડી રે,
વાગી વાણિયણને લલાટ, વાણિયણ મારવાડી રે;
કોરા તે ફેંટા ફાડિયા રે, વાણિયણ મારવાડી રે.
વાણિયણને જયો બેટડો રે, વાણિયણ મારવાડી રે,
રાજા હુલાવવાને જાય, વાણિયણ મારવાડી રે,
ભારો આપું કપાસિયા રે, ભારો આપું કડબ,
વાણિયાણ મારવાડી રે.

★

### બામણ ધૂવે ધોતિયાં

બામણિયા રે ઊંચાનીચા સરોવરિયા,
એ રે પાળે રે બામણ ધોવે ધોતિયાં.
સરખી સરખી સાહેલિયું રે પાણીડાંની હાર;
બામણિયા રે' કે હળવો હળવો
ધોવે તારાં ધોતિયાં.
છાંટા ઊડે રે મારા બેડલે,
ગોરી મોરી રે, ઊડે એટલા ઊડવાને દો;
બેડલાં બીજાં લઈ આલું સવાલાખનાં.
બામણિયા રે, તારા દેશમાં કન્યાયુંનો કાળ,
કેટલે આવે રે બામણા તારો દેશડો;
બામણિયા રે, હેંડી હેંડી દુખે મારા પગ,

કેટલે આવે રે, બામણુ તારો દેશડો,
ગોરી મોરી રે હેંડયા એટલા હેંડવાને હો.
સામે આવે રે મારા દેશડા.

★

## સાબરનાં પૂર

સાબર નદિયું આવે ને ભરપૂર જો,
હરિ ચારે ને કાંઠે રે માતા ફરી વળ્યાં;
ભઈ ભોળીડા[1] નદિયું તારી મેલ જો.
હરિ તુજને આલું રે પગનું ઝાંઝરુ,
તારું ઝાંઝર તારા પાલવને છવરાવ્ય જો;
હરિ તુજને ઉતારું રે ગોરી તારા બોલડે.
ભઈ ભોળીડા હળવો હળવો બોલ જો,
હરિ સામે ને કાંઠે રે વાલમ સાંભળે;
સાંભળશે તો તુજને દેશે ગાળ જો,
હરિ અમારી સાથે રે લેશે રૂસણાં.
રૂસણુલાં શે ભાંગે ગોરી મોરાં જો?
હરિ રૂસણુલાં ભાંગે રે ખારેક ટોપરે;
ખારેક ખાઉં તો ખટકે મોરી દાઢ જો.
હરિ કોપલડાં ચાવું તો કુચલડા વળે,
લવિંગ ખાઉં તો દાઝે મોરી જીભ જો;
હરિ એળચડી ચાવું તો મુજને મીણો ચડે.
ગોરીનો પરણ્યો બાર બાર વરસે આવ્યા જો,
હરિ સરિયા[2]માં લાવ્યા રે રંગત ઘૂઘરો;
ઘૂઘરડે કોણ રમશે સ્વામી મોરા જો?
હરિ છોરડા વિના રે ઘૂઘરે કોણ રમે?

---

૧. ભોઈ-નદી ઉતારનાર ૨. સરસામાન

વાયા વાયા ઉત્તર દખણુના વાય જો;
હરિ એ રે વાવલિયે છોરુ ટોળે વળ્યાં.
રામબઈ શામબઈ પાણીડાંની હાર જો,
હરિ પાતળિયા પરસોતમ પોઢ્યા પારણે;
હીમજી ખીમજી ઘોડલિયા અસવાર જો.
હરિ નાનેરી ઢબુબ્ય[1] રમે ઢીંગલે.*

★

## દરવાજે ઢોલકી વાગી

છેલ દરવાજે ઢોલકી વાગી, વાગે ગજરાળુ[2] ઢોલ;
નાચણિયું નાચતું નથી...છેલ;

સુખ જાણીને અમે સાસરે ગ્યાં'તાં,
દુઃખનાં ઊગ્યાં ઝાડ રે માથે અંધારી રાત રે;
ચંદરમા ઊગતો નથી...છેલ.

પરણ્યાની પહેલી રાતડી વીંછુડે માર્યો ડંખ રે,
ધણી મારો જાગતો નથી...છેલ.

છેલની વાડીએ પાણીડાં ગ્યાં'તાં, ભેટચો મીંઢો છેલ,
માયાળુ માનવી નથી...છેલ.

નાનો દિયરિયો ઘણો અટાંટો[3] મારે લાકડિયુંના માર રે,
દારૂડો ચડતો નથી...છેલ.

તારી સોબતમાં સુખ નાં ભાળ્યું, દુઃખનાં ઊગ્યાં ઝાડ રે,
માયાળુ માનવી નથી...છેલ.

★

૧. ઢબૂડી ૨. ફૂમતાં મૂકેલ ૩. આડો, તોફાની
* સરખાવો, મણકો ૫ મો પૃ. ૧૫૩

## મોહન ચાલ્યા મથુરામાં !

વા'લે હઠ કરીને રથ જોડિયા રે,
માલીપા બેઠાં રે રાધાજી ને કાન રે—મોહન ચાલ્યા મથુરામાં.

એકે[૧] સોના એંઢોળી રૂપા બેડલું રે,
હું તો પાણીડાં જઈ'તી તળાવ રે—મોહન ચાલ્યા મથુરામાં.

એક જળ રે વિનાની તલખે માછલી રે,
એવા ગોપિયું વિનાના તલખે કાન રે—મોહન ચાલ્યા મથુરામાં.

એક માયે[૨] વનાનું તલખે બાળકું રે,
એવા ગવતરી[૩] વિનાના તલખે વાછરું—મોહન ચાલ્યા મથુરામાં.

કાને પડખે ચડીને ઝાલ્યો છેડલો રે,
કાના, પારકી ગોરીના[૪] નો કરીએ ચાળા—મોહન ચાલ્યા મથુરામાં.

★

## મોરલી મેં રે સુણી રે !

મોરલી મેં રે સુણી રે બઈ પેલા જમનાજીને ઘાટ,
કાનુડા માઝમ રાત (ટેક)
બેડાં મેલ્યાં હોજી રે બઈ પેલા સરવરિયાની પાળ, કાનુડા૦
એંઢોણી વળગાડી રે બઈ પેલા આંબલિયાની ડાળ, કાનુડા૦
મેલ્યો મેલ્યો હોજી રે બઈ મેં તો સૈયરુંનો સાથ, કાનુડા૦
મોરલી વાગી રે હોજી રે બઈ પેલા સરવરિયાની પાળ, કાનુડા૦
મેલ્યાં મેલ્યાં હોજી રે બઈ મેં તો પારણિયામાં બાળ, કાનુડા૦
મોરલી વાગી રે હોજી રે બઈ પેલા જમનાજીના ઘાટ, કાનુડા૦

★

૧. એક ૨. મા ૩. ગાય ૪. સ્ત્રીના.

## જીજુડી બામણી

સાત સાત બેડાં જીજી વહુ ધબકે ભરી આવ્યાં જો,
આઠમા બેડે વારું[1] લાગી રે જીજુડી બામણ;
હાથે નથી ધોયા, જીજી વહુ, પગે નથી ધોયા જો.
આવડલી વારું ચ્યાં લાગી રે જીજી બામણ ?
તળાવની પાળે વાણીડો વાંસલડી વગાડે જો;
એ રે વાંસળિયે મનડાં મોયાં રે જીજુડી બામણ.
સાત સાત ઝટકા જીજી વહુ અંબોડામાં ઝીલ્યા જો,
આઠમે ઝટકે રે પ્રાણ છાંડયા રે જીજુડી બામણ.
સાત સાત સોડયું જીજી વહુને વાણીડો રે લાવે જો;
આઠમી સોડયું પરણ્યો લાવે રે જીજુડી બામણ.
સાત સાત ફેરા જીજી વહુને વાણિયો ફરે જો;
આઠમો ફેરો પરણ્યો ફરે રે જીજુડી બામણ.
તળાવની પાળે વાણિયો પોકે પોકે રૂવે જો,
પરણ્યો રૂવે રે ઘરની બાર રે જીજુડી બામણ.
અગન મૂકીને વાણિયે, ટાઢી એની ઠારી જો;
રખ્યા[2] ઊડી ને માયા તૂટી રે જીજુડી બામણ;

★

## નીચાંની ઢેલ

ઊંચા ઊંચા મો'લ ચણાવજો, ઝરૂખા મેલાવજો, મારા રાજ.
મો'લે તે બેઠો મોર, ઝરૂખડે બેઠી કોયલડી, મારા રાજ.
મોર તો ઊડી ઊડી જાય, કોયલડી ટહુકા કરે, મારા રાજ.
ત્યાં બેઠા કયા ભઈ હજારી, તમાકુ મૂલવે, મારા રાજ.
પાયલાની પાશેર તમાકુ તમે પીવો, મારા રાજ,
અડધાની અધશેર તમે પીવો, મારા રાજ.

---

૧. વાર ૨. રાખ

સરખી સાહેલી સાથે કયાં વહુ પાણી સંચર્યાં, મારા રાજ.
બેડલાં તે મેલો હેઠેરાં, હોકલિયા ભરી આલજો, મારા રાજ.
બળી રે તમારી ટેવ, મારી સૈયરે સાંભળ્યું, મારા રાજ.
હૂકો મેલ્યો દરબાર, ચલમ ફોડી ચોકમાં, મારા રાજ.
કયા ભઈને ચડિયેલ રીસ, તમાચા મારિયા, મારા રાજ.
કઈ વહુને ચડિયેલ રીસ, મૈયરિયે સિધાવી, મારા રાજ.
પહેલાં તે મનાવવા સસરાજી આવિયા, મારા રાજ.
વળો વળો નીચાંની ઢેલ, મોટાં ઘેર સાસરાં, મારા રાજ.
સસરા ! તમારી તે વાળી નહિ વળું, મારા રાજ.
તમારા દીકરા અટાળા,[1] અમને માર્યાં તમાચા, મારા રાજ.
બીજા તે મનાવવા જેઠજી આવિયા, મારા રાજ.
વળો વળો નીચાંની ઢેલ મોટાં ઘેર સાસરાં, મારા રાજ.
મોટા ! તમારી તે વાળી નહિ વળું, મારા રાજ.
તમારો વીરો અટાળા,* અમને માર્યાં તમાચા, મારા રાજ,
ત્રીજાં મનામણાં તે નણુદીનાં આવિયાં, મારા રાજ.
વળો વળો નીચાંની ઢેલ, મોટાં ઘેર સાસરાં મારા રાજ,
તમારી તે વાળી નણુદી નહિ વળું, મારા રાજ,
તમારો વીર અટાળા અમને માર્યાં તમાચા, મારા રાજ.
ચોથા મનામણું કયા ભઈ આવિયા, મારા રાજ,
વંછયાં વછયાં તરત નીચાંની ઢેલ, મારા રાજ.

★

## મારા ચોકમાં રમે સાહેલડી

આવી અજવાળી રાત, આવી અજવાળી રાત,
મારા ચોકમાં રમે સાહેલડી રે લોલ.
મારી ઘેલી સાસુ ને ઘેલા સસરા રે લોલ,
રમતું વેળા છાસું[2] સાંભરી રે લોલ.

---

૧. ક્રોધી ૨. છાશ.
* 'તમારા દીકરા અટાટ, અમને મારી થપાટ', એમ પણ ગવાય છે.

છાસું કરીને જઈશ, ગોરસ ફોડીને જઈશ,
મારા ચોકમાં રમે સાહેલડી રે લોલ.
મારી ઘેલી સાસુ ને ઘેલા સાસરા રે લોલ,
રમતું વેળાએ રોટલા સાંભર્યા રે લોલ.
રોટલા કરીને જઈશ, તાવડી ફોડીને જઈશ,
મારા ચોકમાં રમે સાહેલડી રે લોલ.
મારી ઘેલી સાસુ ને ઘેલા સાસરા રે લોલ,
રમતું વેળાએ પાણી સાંભર્યાં રે લોલ.
પાણી ભરીને જઈશ, બેડાં ફોડીને જઈશ,
મારા ચોકમાં રમે સાહેલડી રે લોલ.
મેં તો દૂધે સાકરનો શીરો કર્યો રે લોલ,
જમવા બેસાડચા દીનાનાથને રે લોલ.

★

## અલુકાં આણાં પાછાં ઠેલજો

લાંબી લાંબી મારા મૈયરની પરસાળું[૧] જો,
લાંબી રે પરસાળે સોગઠાં ઢાળિયાં.
એ રે સોગઠડે ચારે સૈયરું રમતી જો,
વચલી રે સૈયરનાં આણલાં આવિયાં.
આવ્યા સે કાંઈ દિયરિયા ને જેઠ જો,
ઘૂઘરિયાળી વે'લે આણાં આવિયાં.
જેઠને આલું રે ઉતારા ઓરડા,
દિયરિયાને દઈશ મેડીના મોલ જો.
ચોરે ચકલે બેઠા મારા દાદાને કહી આવો જો,
અલુકાં[૨] આણાં રે પાછાં વાળજો.
ઘેલાં હો દીકરી, ઘેલડિયાં મત બોલો જો.
છેટાનો સતિયો રે પાછો નહિ વળે.

---

૧. ઓશરી ૨. આ વખતનાં

સાંગામાચીએ બેઠાં મારાં માતાને કહી આવો જો,
અલુકાં આણું રે પાછાં ઠેલજો,
ઘેલાં હો દીકરી, ઘેલડિયાં મત બોલો જો,
છેટાનો સતિયો રે પાછો નહિ વળે.

ઘોડલા ખેલવતા મારા વીરાને કહી આવો જો.
અલુકાં આણું રે પાછાં ઠેલજો.
ઘેલાં હો બેની, ઘેલડિયાં મત બોલો જો.
છેટાનો સતિયો રે પાછો નહિ વળે.

બેટડો ધવરાવતાં મારાં ભોજાઈને કહી આવો જો.
અલુકાં આણું રે પાછાં વાળજો.
ઘેલાં હો નણુદી, ઘેલડિયાં મત બોલો જો,
છેટાનો સતિયો રે પાછો નહિ વળે.*

★

## ટિટોડા-ગીત

મારા રે મારા વાડામાં એક એરંડો, એલા ઢીંગલા !
એરંડે રે એરંડે ચડીને વાટ જોતી, એલા ઢીંગલા !
આવે રે આવે નાનેરો વીર, એલા ઢીંગલા !
લાવે રે લાવે ભગરડી ભેંશ, એલા ઢીંગલા !
ડાબે રે ડાબે અંગૂઠડે દોતી, એલા ઢીંગલા !
ડાબો રે ડાબો અંગૂઠડો પાક્યો, એલા ઢીંગલા !
મારા રે વાડામાં એક એરંડો, એલા ઢીંગલા !

★

* સરખાવો મણકા પાંચમાનું ગીત

## શ્રીરામનો ચકમો

ચકમો[1] ચડચો રે શ્રીરામનો,
ભર્યા સગ[2] પોતાના જાય, જઈ જળ ના'જો રે ગોમતી. ચકમો૦
ગોમતીમાં નાયાનાં નીમ છે, પરભુજી બેઠા રે ઉતાર કરે,
કૂંચિયું લખમીજીને હાથ, જઈ જળ ના'જો રે ગોમતી. ચકમો૦
પરભુજી બેઠા રે દાતણુ કરે,
લોટા લખમીજીને હાથ, જઈ જળ ના'જો રે ગોમતી. ચકમો૦
પરભુજી બેઠા રે નાવણુ કરે,
કૂંડિયું લખમીજીને હાથ, જઈ જળ ના'જો રે ગોમતી. ચકમો૦

★

## તેજલી ભરવાડી

બાર વાગ્યાની ગાડિયું રે તેર વાગ્યાના ટેમ,
ભરવાડી તેજલી રે, મલકમાં સતી થઈ.
ઘાઘરો વેચી ગાડીએ બેઠી, ઊતરી મુંબઈ શેર,
ભરવાડી તેજલી રે, મલકમાં સતી થઈ.
ચાલીનાં ચાર દાડિયાં કર્યાં, રોટલા કર્યા ચાર,
રોટલો નાનો ને ભમરો મોટો, વચમાં કાચું કચ, ભરવાડી૦
દાળ કરે તો દેવું થઈ જાય, ને માગ્યા ઘરની છાસ;
કૂવા કાંઠે ચોખલા રાંધ્યા, ખોબલે પીરસી ખાંડ, ભરવાડી૦
તળાવ કાંઠે રોવા બેઠી, સાંભર્યાં મા ને બાપ,
ભરવાડી તેજલી રે, મલકમાં સતી થઈ.

★

## પ્રભુની પરીક્ષા

સોળે સહિયરું ને સોળે ગોપિયું, જળ ઝીલવાને ગ્યાં'તાં;
વસ્તર ઉતારી મેલ્યાં કાંઠડે, રાધા નાવાને બેઠાં.

---

૧. સવારી, ૨. સાથ.

પોપટ મિષે રે પ્રભુજી આવિયા, બેઠા સરોવરની પાળે,
લીધો રાધાજીનો હારલો[1] બેઠા ચંપાની ડાળે.
લાવો હરિ મારો હારલો, પે'રી મારે મંદિર જાવું,
નથી લીધો રાધા હારલો, ખોટી આળું શું નાખો ?
સોળે ગળાવો રે ચૂલિયા,[2] નીચે અગ્નિ ધીખાવો.[3]
ઉપર મેલાવો ને તાવડા, તાજા તેલ નખાવો,
માલીપા[4] નાખું રે મારા હાથડા, રાધા જોવાને આવે,
લીધો હશે તો દાઝશે, નકર[5] બારે નીકળશે.
તેડાવો કાળૂડા નાગને, મુખે અંગૂઠો આપું,
લીધો હશે તો ડાંહશે[6] નહિતર ચાલ્યો રે જાશે.

★

## અગનાશ સમળી

એક અગનાશ[7] સમળી સમસમે;
સમળી મારો સંદેશો લઈ જાય,
મોરી સૈયરુંના અબોલા બહુ રિયા.
સમળી, મારા દાદાને જઈ ઇમ કેજે,
તમારી દીકરીનાં દુઃખ જોવા જાવ; મોરી સૈયરુંના૦
દીકરી, વેઠચાં હોય એવાં વેઠજો,
આપણે મોટાંનાં છોરું કહેવાય; મોરી સૈયરુંના૦
એકે અગનાશ સમળી સમસમે,
સૈયરું મારો સંદેશો લઈ જાવ, મોરી સૈયરુંના૦
સૈયરું, મારા દાદાને જઈ ઈમ કેજો;
તમારી દીકરીનાં દુઃખ જોવા જાવ, મોરી સૈયરુંના૦

૧. હાર, ૨. ચૂલા. ૩. ધખાવો, ૪. અંદર, ૫. નહીં તો, ૬. ડસશે. ૭. આકાશે.

બેની, તલાવને કાંઠે વાળજો ઝૂંપડી,
એલા મૂરખાને હડસેલી મેલો,
મોરી સૈયરું'ના અબોલા ભાંગશે.

★

## રાધાગોરીનાં ભાત

પાદરનાં ખેતર રે હરિનાં જળે ભર્યાં રે લોલ;
વાવી વાવી મગામઠી[1] ને નવી જાર,
વચમાં વાવી રે છબીલાની એલચી રે લોલ.
પરભુજી મારા વનમાં ચારે ઢેલ, વગાડે રૂડી વાંસળી રે લોલ.
રાધાગોરી ભાતડિયાં લઈ આવે, ચલાણે ચોળું ચૂરમાં રે લોલ.
પરભુજી મારા કયાં રે ઉતારું ભાત, કે કયાં બેસી જમશો રે લોલ.
રાધાગોરી આસોપાલવને ઝાડ, કે શીતળ છાંયડી રે લોલ.
પરભુજી તમારા દૂધે વિછળાવું[2] હાથ, કે ભરાવું રૂડો કોળિયો રે લોલ.
ખેતરને શેઢડે ઊગ્યો વાલોળ કેરો છોડ, કે છોડવો લચી રહ્યો રે લોલ.
રાધાગોરી વાલોળ વીણવા જાવ, કે ખોળો વાળી વીણજો રે લોલ.
ત્યાં કાંઈ પડિયેલ રે ચીસ, કે રાધાજીને ડસિયેલ નાગણી રે લોલ.
રોતાં રે રોતાં પરભુજીની પાસ, કે રાધા ગોરી આવિયાં રે લોલ.
પરભુજી ઓસડિયાં બતાવો, કે લે'યું આવે મણિધર નાગની રે લોલ.
રાધાજી, ઊગ્યો ખેતરને શેઢે, કે કડવો લીમડો રે લોલ.
રાધા, વાટી ઘૂંટીને પી જાવ, કે લે'યું મટે ફણિધર નાગની રે લોલ.

★

## ઠપકો

(ઊભાં ઊભાં તાળી પાડીને ગવાતું લોકગીત)

મારી સોના ઈંઢોણી રૂપા હેલ્ય, હીરનું સીંચણિયું રે,
પાણીડાં ગઈ'તી ઝીલણિયાં તળાવ, જાતાં કાને જાણી રે,

---

૧. મગ ને મઠ ૨. ધોવરાવું.

કાના, કાંકરડી મધ[1] નાંખ; નંદવાશે મારાં બેડલાં રે,
મારો સસરો ચોરાનો ચોવટિયો[2] રે, ચોરે ચોવટ[3] કરશે રે.
મારી સાસુડી જનમની જૂઠી, જનમ જૂઠાં બોલશે રે,
મારા જેઠ અષાઢીલા મેઘ ઝીણું ઝીણું વરસશે રે.
મારી જેઠાણી આભ માંયલી વીજળી, છએ દશ[4] ચમકે રે,
મારો દેર દરિયા માંયલો દેડકો, ડરાં ડરાં કરશે રે.
મારી દેરાણી મારેલી[5] જોડ, જોડે જળ ભરશે રે,
મારી નણદલ કટકની ઘોડી, ચડ્યાં કટક વાળશે રે.
મારો નણદોઈ વાડીમાંયલો વાંદરો, વાડીનાં વનફળ વેડશે રે.

★

## ખાણુમાં દટાણી

ઉગમણી ધરતીની અમજી[6] ધૂડચું ખોદવા ચાલ્યાં જો,
સાત સાત સૂંડલા અંબા વહુ, ધબકે ભરી આવી જો;
આઠમે સૂંડલે લાગી વારુ ખાંતેલી અંબા ખાણુંમાં દટાણી જો.
ચોરે તે બેઠા વહુના સસરા વાટું જોવે જો;
ક્યારે આવે ઘૂંઘટની તાણુનારી, ખાંતેલી વહુભા ખાણુંમાં દટાણી જો.
ડેલીએ તે ઊભાં વહુની સાસુ વાટું જોવે જો,
ક્યારે આવે પગની ચાંપનારી, ખાંતેલી વહુભા ખાણુંમાં દટાણી જો.
ઓરડે ઊભા વહુના જેઠ વાટું જોવે જો,
ક્યારે આવે મીણુંની[7] બોલનારી ખાંતેલી વહુ ખાણુંમાં દટાણી જો.
ઓસરીએ ઊભાં વહુનાં જેઠાણી વાટું જોવે જો,
ક્યારે આવે વાદોની વદનારી[8] ખાંતેલી વહુ ખાણુંમાં દટાણી જો.
દડૂલે રમતાં, વહુના દેર વાટું જોવે જો,
ક્યારે આવે ઠેકડીની કરનારી, ખાંતેલી ભાભી ખાણુંમાં દટાણી જો.

---

૧. મધ–'મત'નું અપભ્રંશ, ૨. આગેવાન, ૩. ચુકાદો, ૪. દિશા, ૫. મારી, ૬. અમજી = અંબા, ૭. મેણાંની ૮. બોલનારી.

ફળિયે તે ઊભાં વહુની નણદલ વાટું જોવે જો,
ક્યારે આવે માથાની ગૂંથનારી, ખાંતેલી ભાભી ખાણુંમાં દટાણી જો.
ઝરૂખે ઊભો વહુનો પરણ્યો વાટું જોવે જો,
ક્યારે આવે મીઠી મલકાતી નાર રે, ખાંતેલી મેના ખાણુંમાં દટાણી જો.

★

## ગોઠણ ચાલી સાસરે

અમે નણંદ ભોજાઈ પાણી સંચર્યાં,
સામા મળિયા કાંઈ દેર ને જેઠ, આ મહેમાન શેના છે?
અમે પાણી ભરીને ઘરે આવિયાં, આંગણે ઊભેલા પરદેશી દેર,
દેરનાં મોઢાં મરકિયાં[1]
બાના[6] દાદા વો'રે[3] જાદર[4] કાંચળી, માતા વોરે છે દખણીનાં ચીર;
ધેડી[5] ચાલી સાસરે.
બાના કાકા તે વો'રે ફૂંપલા, કાકી વો'રે છે તેલધૂપેલ,
ભત્રીજી ચાલી સાસરે.
બાનો વીરો તે વો'રે વેલડી, ભોજાઈ વો'રે છે ડોળીડા[6]ની જોડ,
નણદલ ચાલ્યાં સાસરે.
બાના મામા તે વો'રે હાથીડા, મામી વો'રે છે અંબાડી જોડ,
ભાણેજ ચાલ્યાં સાસરે.
બાની સરખી સાહેલી વળામણે, આવી ઊભલાં વડલાની હેઠ,
ગોઠણ[7] ચાલી સાસરે.
બાની રોઈ રોઈ ભીંજાણી કાંચળી, બાનાં ભીંજાણાં દખણી ચીર,
ગોઠણ ચાલી સાસરે.

★

૧. મલક્યાં, ૨. નણંદબાના, ૩. ખરીદે, ૪. સફેદ રેશમની, ૫, દીકરી, ૬. બળદ, ૭. સૈયર–સખી.

# સુરત જિલ્લાનાં લોકગીતો

### સંપાદક : શ્રી. ચૂનીલાલ ભટ્ટ

### ( ગુ. રા. સમાજશિક્ષણ સમિતિ, સુરત )

## વાવણીનું ગીત

મેહુલિયા રે જાજેડો[1] વરછ[2] ભીને[3] ગોરાડે[4]ની કાંચળી.
કાંચળીએ રે નવલેરી ભાત, હાં રે કાંઈ નવલેરી ભાત,
દીપા[5] પડે સવા લાખના.
આગલા હાળીને રે, ગળિયો[6] કંસાળ[7], હાં રે કાંઈ ગળિયો કંસાળ,
પાછલા હાળીને ઘી ને ખીચડી.
તમારી માથે રે સોનાના સીંગ,[8] હાં રે કાંઈ સોનાના સીંગ,
હાળીના માથે મોળિયાં.
ઓળી[9] વાવો રે તલ, મગ, જુવાર[10], હાં રે કાંઈ તલ મગ જુવાર,
કોદ્રળા[11] નાગલી[12] બાવતો[13]
મેહુલિયા રે જાજેડા વરછ ભીને ગોરાડેની કાંચળી.

★

## મેહુલાનું ગીત

કહે તો મેઘ, ઝરમર ઝરમર વરસે,
કહે તો મેઘ, ઘોડલિયા મોકલાવું,
તમે ઘોડલિયે બેસી આવો રે મેઘ,
તમે મેહુલિયા થઈ આવો.

---

૧. ઝાઝેરો, ૨. વરસ–રેલ, ૩. ભીંજે, ૪. ગોરાંદે, ૫. અજવાળાં તેજ, ૬. ગળ્યો, ૭. કંસાર ( લાપસી ) ૮. છોગું. ૯. ઓરીને, ૧૦. જાર, ૧૧. કોદરા, ૧૨. બાવટા જેવું એક અનાજ, ૧૩. બાવટો.

કહે તો મેઘ, હાથીડા મોકલાવું,
તમે હાથીડે બેસી આવો રે મેઘ,
તમે મેહુલિયા થઈ આવો.

કહે તો મેઘ, માફલિયા[1] મોકલાવું,
તમે માફલિયાની હોંશે આવો મેઘ,
તમે મેહુલિયા થઈ આવો.

★

## પરોઢિયાનું-ગીત

### ( પ્રભાતિયું )

પરોઢિયાં ફાયટાં[2] ને બે લગનો આયવાં[3],
દ'વારે ભાઈ તમારે જાને કોણ ચડશે?
ચડશે તો ચડશે, પણ બાપા માડી એકલાં,
પરોઢિયાં ફાયટાં ને બે લગનો આયવાં.

દ'વારે ભાઈ તમારે જાને કોણ ચડશે?
ચડશે તો ચડશે, પણ કાકા કાકી એકલાં;
પરોઢિયાં ફાયટાં ને બે લગનો આયવાં.

દ'વારે ભાઈ તમારે જાને કોણ ચઢશે?
ચડશે તો ચડશે, પણ મામા મામી એકલાં.
પરોઢિયાં ફાયટાં ને બે લગનો આયવાં.

દ'વારે ભાઈ તમારે જાને કોણ ચડશે?
ચઢશે તો ચઢશે, પણ બેની બનેવી એકલાં.

★

૧. માફો, વેલ્ય. ૨. ફાટયાં, ૩. આવ્યાં.

## સૂરજ કિયારે ઊગે છે?

મરઘો કિયારે[1] બોલે છે, ને સૂરજ કિયારે ઊગે છે,
બાબર બાપ તારો છોકરો છે નાનેરો;
જળ જમનામાં નાવા કિયારે જશે?
જળ જમનામાં નાવા કિયારે જશે?

નાવા કિયારે જશે ને કેશરિયાનાં ફૂલડાં કિયારે વણુશે[2]?
મરઘો કિયારે બોલે છે, ને સૂરજ કિયારે ઊગે છે?

કેશરિયાનાં ફૂલડાં કિયારે વણુશે ને કેશરી
માડીની સેવા કિયારે કરશે?

કેશરી માડીની સેવા સવારે કરશે.
મરઘો કિયારે બોલે છે, ને સૂરજ કિયારે ઊગે છે?

સીતા માડી તારો છોકરો છે નાનેરો,
જળ જમનામાં નાવા કિયારે જશે?
જળ જમનામાં નાવા કિયારે જશે?

નાવા કિયારે જશે ને કેશરિયાનાં ફૂલડાં કિયારે વણુશે?
મરઘો૦

કેશરિયાનાં ફૂલડાં કિયારે વણુશે ને અંબા
માતાની સેવા કિયારે કરશે?

અંબા માતાની સેવા સવારે કરશે.
મરઘો કિયારે બોલે છે, ને સૂરજ કિયારે ઊગે છે.

★

---

૧. ક્યારે, ૨, વીણશે.

## મરણ વેળાનું ગીત

કાયેકુ[1] માયા જોડી રે, નર કાયેકુ માયા જોડી ?
પહેલો વિસામો ઘર આંગણે ને,
બીજો વિસામો ઝાંપા બહાર રે; નર કાયેકુ માયા જોડી ?
ત્રીજો વિસામો ગામના સીમાડે,
ચોથો વિસામો શમશાન રે; નર કાયેકુ માયા જોડી ?
માતા તમારી જનમ રોશે,
બેની રૂએ બારે માસ રે; નર કાયેકુ માયા જોડી ?
તિરથ સુધી બંધવો રોશે,
ખોળીને બાળે હાડ રે; નર કાયેકુ માયા જોડી ?
ઘરની નારી તમને ઘડી ન વીસરતી,
અંતે અળગી થાશે રે, નર કાયેકુ માયા જોડી ?
કાયેકુ માયા જોડી રે, નર કાયેકુ માયા જોડી ?

★

## આણું કરવા આવ્યો

( ખાંડવા દળવા–વખતે ગવાતું ગીત )

બાર બાર વરસે રે વીરો આણું કરવા આઇવા રે,
ફળિયા વંચે[2] રે લીલી લીંબડી;
ઘોડીને બાંધો રે લીલી લીંબડી હેઠે રે, લીંબડીની હેઠે;
ઘોડાને બાંધો રંગત મહેલમાં.
ઘોડીને માંડજો વીરા ! સુખવેલિયા ચોખા રે,
સુખવેલિયા ચોખા રે;
ઘોડાને માંડજો દાળ મસૂરની.

---

૧. શા માટે ? ૨. વચ્ચે.

ઘોડીને પાજો વીરા! તેલિયા તળાવે રે, તેલિયા તળાવે;
ઘોડાને પાજો રે કાચની કૂંડીમાં.
વીરાને સારુ રે સેવ રે વસાવી રે, સેવ રે વસાવી,
જમતા જાવો રે મારા માડી જાયા વીર રે.
બાર બાર વરસે રે, વીરો આણું કરવા આઇવા રે,
આણું કરવા આવ્યો, ફળિયા વંચે રે લીલી લીંબડી.

★

## જૂનીને નાતરે દીધી

સાકરિયા શેરડી, વાવી મધુરિયે[1],
સાકરિયા શેરડી વાવી રે લોલ.
વાઢી વાઢીને ભારા બાંધ્યા મધુરિયે,
વાઢી વાઢીને ભારા બાંધ્યા રે લોલ.
મોમઈ[2] વેચવા ગ્યો'તો મધુરિયો,
મોમઈ વેચવા ગ્યો'તો રે લોલ.
હેકુ[3] રૂપિયા લાવ્યો મધુરિયો,
હેકુ રૂપિયા લાવ્યો રે લોલ.
નવીને સાંકળા[4] ઘડાવ્યા મધુરિયે,
નવીને સાંકળા ઘડાવ્યા રે લોલ.
જૂની રિસાઈને બેઠી મધુરિયાની,
જૂની રિસાઈને બેઠી રે લોલ.
નવીને મહિયર મોકલી મધુરિયે,
નવીને મહિયર મોકલી રે લોલ.
જૂનીને નાતરે દીધી મધુરિયે,
જૂનીને નાતરે રીધી રે લોલ.

★

૧. મધુરિયે–એક નામ છે, ૨. મુંબઈ, ૩. સો, ૪. સાંકળાં.

## ખાંડતી વખતે ગવાતું ગીત

હે...હાલો હાલો ને હાલો, હાલો મારી બઈ,
રાતલડીની નીંદર્યું અધૂરી રઈ.
હે...પરોઢિયું પાંગળિયું[1] મારી બઈ,
રાતલડીની નીંદર્યું અધૂરી રઈ. ટેક.
હે...ખાંડો ખાંડણિયે ધાન ખમ, ખમ, ખમ,
સૂપડલે ઝાટકો છમ, છમ, છમ.
હે...ઝાંઝરિયું ઝમકે, ઝમ, ઝમ, ઝમ,
બોલ્યા થાકતા જરાયે નઈ. પરોઢિયું.
હે...તારા ડોલનમાં ડોલરિયો ડોલે,
તને ભાળીને મોરલિયો બોલે;
હે...તારો સાદ શાકરિયો હીરા ઘોળે[2],
ગીત ગાજો ગુલાબી થઈ. પરોઢિયે.
હે...તાળીઓની રમઝટ બોલી; ધમકાળ ઢોલ ઢોલોજી,
મીઠી મીઠી ગામડિયણ બોલી, હે ગામડાની બોલીજી;
હે ગરબે ઘૂમો ઘૂમરડી લઈ. પરોઢિયું.

★

## ગામીત ભાષાનું લોકગીત

[ વાવણી–કાપણી વખતે ગવાતું ગીત ]

દાદરી ખેતે મોંઠે નબા રે, ફારમ જુવાઈ એરું હું વામા જોડી.
દાદરી ખેતે મોંઠે નબા, પીળિયો જુવાઈ એરું હું રામાં જોડા.
ખાંડો ને મીંડો એલગા[3] જુપી, જુવાઈ એરાં જાહું વામાં જોડી.
બારા હાથ ફાળિયા, ખોલી કરી લીંડી રામાં જોડા.

---

૧. પાંગર્યું, થયું, ૨. ઘોડચે, પેઠે, જેવો, ૩. પાડો.

ધનિયા દાદાલ[૧] હોંડો ઘરાં, સંગાતે હાદી જાહું વામાં જોડી.
મોવલી બાઈએલ હેડો કરાં, જોડે હાદી જાહું રામાં જોડા.
જુવાઈ બોરી ફાલી ફૂલીને મોંઠી, બોવી ગુહી વામાં જોડી.
આમલિયે ઊપે માલો કરી, જુવાઈ ટોવાં જાહી રામાં જોડા.
જુવાઈ પાકી ફાટી લેતે, ખાળામાંય ઢીગલો કરહું વામા જોડી.
ખાંડો મીંડો બેલગા જૂપી, પાર ફેરવી દેજે રામાં જોડા.
બેન ઘડા મોવે[૨] ટાંકી હોરો[૩] કરાં કાજે વામાં જોડી.
ગૂંડી[૪] ભરી હોરો બેનો ખળ : પૂંજી દેજે રામાં જોડા.
ચેંગરિયે કુકડિયે કાળજ : કાઢી ખેતવાળ : લ–ચઢાવું વામાં જોડી.
ધનિયા દાદાલ, મોવલી બાયેલ, હોરો પિયાં હાદુ હુ રામાં જોડા.
('વા' નારીજાતિ માટે અને 'રા' નરજાતિ માટે વપરાતું વિશેષણ)

★

## ઢીંગલી

દરિયા કાંઠે જાજે રે ઢીંગલી,
દરિયો તારો દાદો રે ઢીંગલી.
ખાડી તારી જીજી રે ઢીંગલી,

ઢીંગલી તું જાય તે છેણુ[૫] કુણુ[૬] લાખી[૭], કે છેણુ કુણુ લાખી.
ઢીંગલી તું જાય તે હળ કુણુ જોડી, કે હળ કુણુ જોડી?
ઢીંગલી તું જાય તે પાણી કુણુ ભરી, કે પાણી કુણુ ભરી?
ઢીંગલી તું જાય તે ઘર કુણુ ચાલવી[૮], કે ઘર કુણુ ચાલવી?
ઢીંગલી તું જાય તે રાંધી કુણુ ખાવાડી[૯], કે રાંધી કુણુ ખાવાડી?
આજ ગોખલે, કાલ પાટલે, પરમ સાસરે જાજે રે ઢીંગલી.

★

૧. ભાઈ, ૨. મહુડાં, ૩. દારૂ, ૪. ઘડો, ૫. ઢોરનું છાણ, ૬. કોણ, ૭. નાખી, ૮. ચલાવે, ૯. ખવડાવે.

# ખારાપાટનાં લોકગીતો

## સંપાદક : શ્રી. ધીરજલાલ ડી. જોગાણી

### વણઝારો

વણઝારા રે, સહુ ચાલ્યા પરદેશ રે,
આપણે ઘેર બેસી શું કરશું ?

વણઝારી રે, સહુની ગાંઠે છે ગરથ રે,
આપણી ગાંઠે રે નથી દોકડો.

નાયક વહાલા રે, આલું હૈયા કેરો હાર રે,
હાર વેચીને ભરો પોઠડા.

હાલી હાલી રે, મારા સસરાની પોઠ રે,
સસરો હાલ્યો ને નાયક હાલશે.

હાલી હાલી રે, મારા દેરીડાની પોઠ રે,
દેરીડા હાલ્યા ને નાયક હાલશે.

હાલી હાલી રે, મારા ભાણેજાની પોઠ રે,
ભાણેજ હાલ્યા ને નાયક હાલશે.

વણઝારા રે, તમે ચાલ્યા પરદેશ રે,
અમને શાં કામો ભળાવિયાં ?

ગોરી મોરી રે, સોંપ્યા ગુણ કપાસ રે,
બીજો તે સોંપ્યો સમરથ રેંટિયો.

બળજો બળજો રે, તારો ગુણ કપાસ રે,
રેંટિયો બાળીને રાંધું ખીચડી.

ગોરી મોરી રે, બેસજો ગલઢેરી ગોઠ રે,
ખડખડ દાંત મ કાઢજો.

ગોરી મોરી રે, પોઢજો નણંદ ભોજાઈ રે,
જમણા તે અંગ મ રોળજો.

વણુઝારા રે, તમે ચાલ્યા પરદેશ રે,
કેટલે માસે રે તમે આવશો ?
વણુઝારી રે, ખરશે પીપળિયાનાં પાન રે,
વેડાઈ જાશે રે આંબા આંબલી.
વણુઝારી રે, વહી જાશે શિયાળો રે,
ઊતરતે ઉનાળે અમે આવશું.

× × ×

આવી આવી રે, મારા સસરાની પોઠ રે,
રૂમઝૂમતી હું તો હાલી પૂછવા.
સસરા મોરા રે, તમને લળી લળી લાગું પાય રે,
તમે રે આવ્યા ને નાયક ક્યાં રિયા ?
ફાટી ફાટી રે, વહુજી, ચોખલિયાની પોઠ રે,
અમે રે આવ્યા ને નાયક ત્યાં રિયા.
આવી આવી રે, મારા દેરીડાની પોઠ રે,
જાઉં રે દેરાણી ઘેર પૂછવા.
દેર મોરા રે, તમે છો જાણુસુજાણુ રે,
તમે રે આવ્યા ને નાયક ક્યાં રિયા ?
ફાટી ફાટી રે, ભાભી ઘઉંડાની પોઠ રે,
અમે રે આવ્યા ને નાયક ત્યાં રિયા.
સાંભળો સાંભળો રે, મારા લાડીલા ભાણેજ રે,
તમે રે આવ્યા ને મામા ક્યાં રિયા ?
મામી મોરાં રે, ધરતી ફાટે સૂણી વાત રે,
આભ રે કડેડે અવની ઉપરે.
ધ્રુસકે રોતા રે, બોલ્યા ઈ બાળોતિયાનો બળેલ રે,
મામાને મારીને મામા આવિયા.

મરજો મરજો રે, મારા દેરીડાની પોઠ રે,
પાપી રે દેરીડે ભવ ભાંગિયો.
મરજો મરજો રે, મારા સાસરાનાં કુળ રે,
ગોઝારા સસરાએ ભેદ રાખિયા.
જીવજો જીવજો રે, મારા ભાણેજાની પોઠ રે,
ભાણેજ મારા રે સૂઝયા સાચમાં.
અખંડ રે'જો રે, ભાણેજવહુનો ચૂડલો રે,
તમારા સ્વામીએ ઘાવ ઝીલિયા.
સાંભળો સાંભળો રે, મારા લાડીલા પોઠિયા રે,
તમે રે આવ્યા ને ધણી ક્યાં રિયા ?*

★

## પરણ્યાંની યાદ

સાગા[1] સીસમની મારી વેલડી રે લોલ,
નવલે સુતારે ઘડી પીંજણી રે લોલ.
મેં તો ત્રણસો ને સાઠ સાંધા મેળવ્યા રે લોલ.
કાચા સૂતરનો તાણ્યો તાંતણો રે લોલ.
મેં તો તેની મેળાવી નવરંગ ચૂંદડી રે લોલ
હીરના પાડ્યા રે ઢાંઢિયા[2] રે લોલ.
મેં તો ધીંગા[3] તે ધોરી[4] જોડિયા રે લોલ.
જઈ ને અમરાપુર છોડિયા રે લોલ.
અમરાપરની બજારે દીવા બળે રે લોલ.
મેં રે જાણ્યું તે હરિ અહીં વસે રે લોલ.

---

* સરખાવો : 'રઢિયાળી રાત' ભા. ૩જો, પૃ. ૨૭ અને આ મણકામાં પૃ. ૧૭૫.

૧. સાગ, ૨. ચિત્રામણ, ૩. મજબૂત, ૪. બળદ.

મારા ઘેલા સસરા ને ઘેલાં સાસુજી રે લોલ.
ગાયું વરાહે[૧] દોયા વાછરું રે લોલ.
મેં તો દૂધ સાકરનો શીરો કર્યો રે લોલ.
ત્રાંબાના ત્રાંસમાં ટાઢો કર્યો રે લોલ.
હું તો જમવા બેઠી ને જીવણ સાંભર્યા રે લોલ.
કોળિયો ન ઊતરે કાંઠલે[૨] રે લોલ.
કોઈ દેખાડો દીનાનાથ ને રે લોલ.
કોળિયો ભરાવું જમણા હાથનો રે લોલ.
મારી સાસુને બોલડે ઊભી બળું રે લોલ.
નણંદીને બોલડે બળી મરું રે લોલ.
મારી માતાને બોલડે હું અવળી રે લોલ.
બીજાને બોલડે ઉતાવળી રે લોલ.

★

૧. આભાસથી સમજીને, ૨. કંઠે-ગળે.

# ચંદરાવેણી

## સંપાદક : શ્રી શંકરભાઈ તડવી

[ આમરોલી (તા. નસવાડી) ગામેથી દામાભાઈ ચીમાભાઈ તડવી પાસેથી તા. ૧૩–૨–'૬૭ના રોજ પ્રાપ્ત કર્યું. 'મથુરાંની ગુજરી', 'મહિયારણ' વગેરે ગીતમાં પરણેલી ગોપીનો ઉલ્લેખ છે. આ ગીતમાં કુંવારી ગોપકન્યા અને કાનજીનો ઉલ્લેખ છે. એટલે બીજાં ગીતો પેઠે આ ગીતમાં કૃષ્ણનું ખરાબ ચિત્ર રજૂ થતું નથી. ]

મહીડાંની ગોળી 'લા[1] માથે મટુકી,
મહીડાં વેચે ચંદરાવેણી રે,
મથુરોમેંની ગુજરી રમતી આવી.

વેચંતી હાટંતી નગરીમેં પેઠી,
કાનુડે[2] પાલવ ઝાલિયો રે;
મથુરોમેંની ગુજરી રમતી આવી.

છોડ છોડ કોનજી પાલવ અમારો,
મુજ ઘેર માડી વાટ જુવે રે, મથુરોમેંની૦

તારી માડી તો મારે સાસુજી લાગે,
હાવે[3] ની[4] છોડું ચંદરાવેણી રે, મથુરોમેંની૦

તારી માડીને દેણલાં[5] દળાવું,
છોડ છોડ કોનજી પાલવ અમારો;
મુજ ઘેર બાપાજી વાટ જુવે રે, મથુરોમેંની૦

તારો બાપો તો મારે સસરોજી લાગે,
હાવે ની છોડું ચંદરાવેણી રે; મથુરોમેંની૦

---

૧ અલ્યા–પુરુષો ગાતી વખતે આવા શબ્દો જુસ્સો લાવવા બોલે છે, ૨ કાનુડે–કાનજીએ, ૩ હાવાં–હવે, ૪ નહિ, ૫ દળણાં.

તારા બાપાને ઘોડલે બેસાડું,
છોડ છોડ કોનજી પાલવ અમારો,
મુજ ઘેર વીરાજી વાટ જુવે રે, મથુરોમેંની૦

તારો વીરો તો મારે સાળોજી લાગે,
હાવે ની છોડું ચંદરાવેણી રે, મથુરોમેંની૦

તારા વીરાને દળુલે[1] રમાડું.
છોડ છોડ કોનજી પાલવ અમારો,
મુજ ઘેર બે'નીજી વાટ જુવે રે, મથુરોમેંની૦

તારી બે'ની તો મારે સાળીજી લાગે,
હાવે ની છોડું ચંદરાવેણી રે, મથુરોમેંની૦

તારી બે'નીને ઢીંગલે રમાડું,
આગળ નળિયેરી[2] ને પાછળ ખજૂરી,
તોં[3] ચંદરાવેણીનો ઓરીલો[4] રે,
મથુરોમેંની ગુજરી રમતી આવી.

★

---

૧. દડે, ૨. નાળિયેરી, ૩. ત્યાં, ૪. ઓરડો.

# નળકાંઠાનાં લોકગીતો

## સંપાદક : શ્રી. જગદીશ ચાવડા

### ગિરધરિયો કોળી

[ નળસરોવર એટલે અરબી સમુદ્રનું નાનકડું બાળક. એના કાંઠે વસનારા પઢાર અને કોળીઓ કઠોર પરિશ્રમ કરી જીવન જીવી રહ્યા છે. ધરતીના પેટાળમાં પણ ખારાશ ભરી પડી છે. આભની અમીવર્ષા એમના જીવનમાં અમી પૂરે છે. એ પંથકનાં ગામડાંઓ પૈકી રેથળ નામનું ગામ હવે મોટી વસ્તી ધરાવતું થઈ ગયું છે. રેથળ ગામની સાથે સંકળાયેલો આ 'રાસડો' કોઈ અનામી ગિરિધર નામના કોળીની બહાદુરીનાં વખાણ કરે છે. કોસના પૈડાના તીવ્ર-ઘેરા અવાજમાં રાસડાનો સૂર કોળીખેડુના મનને આનંદ આપે છે. ]

કાળિયો રે ઘોડો ગિધાની રાંગમાં,
ઉપર છે કાંઈ સંધિયો પલાણ રે;
ગિરધરિયા કોળી, નામશાયું[1] રાખી છે રેથળ ગામની.

ધોળા રે દા'ડે ચોરી ધાડ પાડતો,
ભરવાડો ને કચ્છી પાડે રાડ રે;
ગિરધરિયા કોળી, નામશાયું રાખી છે રેથળ ગામની.

ઘેંગાણું થઈ ગ્યું રેથળના ચોકમાં,
માર્યો છે કંઈ રમજુશા ફકીર રે;
ગિરધરિયા કોળી, નામશાયું રાખી છે રેથળ ગામની.

પઈટણ[2] પોંચી ગિધાને ઝાલવા,
કોઈ એમાંયલી[3] ઢૂંકડી ના'વે આજ રે;
ગિરધરિયા કોળી, નામશાયું રાખી છે રેથળ ગામની.

---

૧. નામના ૨. પલટણ ૩. એમાંની.

બબ્બે રે બેરાં ગિધાને આંગણે,
એમાં તો ભઈલા ! જોવા જેવી એક રે;
ગિરધરિયા કોળી, નામશાયું રાખી છે રેથળ ગામની.

બબ્બે રે બૈરાં ગિધે આજ મારિયાં,
ત્યાર પછી એ ખોઈ બેઠો એનો જીવ રે;
ગિરધરિયા કોળી, નામશાયું રાખી છે રેથળ ગામની.

દારૂ રે પીધો ને કીધી ખૂબિયું,
ખૂબિયુંમાં તું ખોઈ બેઠો છે જીવ રે;
ગિરધરિયા કોળી, નામશાયું રાખી છે રેથળ ગામની.

પહેલા રે ભડાકે ઘોડો મારિયો,
બીજા ભડાકે લીધો ગિધાનો જીવ રે;
ગિરધરિયા કોળી, નામશાયું રાખી છે રેથળ ગામની.

★

## બાવાની ઝોમલી

આપણા આજે માણુહ આયા,
વાગડ ઈમનો દેશ, બાવાની;
બાવાની ઝોમલી રે, તારું અમર રે'શે નામ.

બાર મહિના તો દેશમાં રહ્યા;
લગની લાગી આજ, બાવાની,
બાવાની ઝોમલી રે, તારું અમર રે'શે નામ.

આજ ઝોમાને ધણીએ મારી,
માર્યું'સ ભમર તીર, બાવાની;
બાવાની ઝોમલી રે, તારું અમર રે'શે નામ.

આજ ઝોમા તો રે'તી નથી,
ગમિયો મામદ સેલ, બાવાની;
બાવાની ઝોમલી રે, તારું અમર રે'શે નામ.

આજ ઝોમાને તીર તો માર્યાં,
જતી રહી એના પિ'ર[1], બાવાની,
બાવાની ઝોમલી રે, તારું અમર રે'શે નામ.

આજ મામદ તો તેડવા હેંડચો,
રાખવા એને ઘેર, ને બાવાની,
બાવાની ઝોમલી રે, તારું અમર રે'શે નામ.

આજ બાવાને ખબર્યું પડી,
કરશે કાળો કેર, બાવાની,
બાવાની ઝોમલી રે, તારું અમર રે'શે નામ.

આજ બાવે તો લાકડી લીધી,
મામદે લીધી બંધૂક, બાવાની,
બાવાની ઝોમલી રે, તારું અમર રે'શે નામ.

આંઈ બાવે તે લાકડી નાશી[2],
ત્યાંથી ગોળિયું, સૂટી[3] બાવાની,
બાવાની ઝોમલી રે, તારું અમર રે'શે નામ.

આજ બાવાને ગોળી વાગી,
ખોઈ બેઠો એનો જીવ, બાવાની,
બાવાની ઝોમલી રે, તારું અમર રે'શે નામ.

આજ સરકારી મોટરું સૂટી,
મામદને આજ જેલ, બાવાની,
બાવાની ઝોમલી રે, તારું અમર રે'શે નામ.

આજ મામદને જેલમાં લીધા,
ઝોમલી બેઠી રોવે, બાવાની,
બાવાની ઝોમલી રે, તારું અમર રે'શે નામ.

---

૧. પિયર ૨. નાખી ૩. છૂટી.

સા'બ મઢમ્યું આજ તો જોવો,
જોવો રે ઝોમલીનાં રૂપ, બાવાની;
બાવાની ઝોમલી રે, તારું અમર રે'શે નામ.
આજ ઝોમા તો રૂપની ભારે,
સૂરજ ઝાંખો થાય, બાવાની;
બાવાની ઝોમલી રે, તારું અમર રે'શે નામ.
આજ ઝોમાએ રૂપિયા ભાજયા,
ના સૂટચો મામદ સેલ, બાવાની;
બાવાની ઝોમલી રે, તારું અમર રે'શે નામ.
આજ ઝોમા તો રૂપની ભારે,
લપટચો જેલનો શાબ, બાવાની;
બાવાની ઝોમલી રે, તારું અમર રે'શે નામ.
આજ ઝોમા તો રાજમાં હેંડી,
લપટચો ગોરો શાબ, બાવાની;
બાવાની ઝોમલી રે, તારું અમર રે'શે નામ.
આજ મામદ તો મરવા સૂતો,
ઝોમલી લાવી વૈદ, બાવાની;
બાવાની ઝોમલી રે, તારું અમર રે'શે નામ.
વૈદ શા'બે તો એટલું કીધું;
નંઈ બચે મામદ સેલ, બાવાની;
બાબાની ઝોમલી રે, તારું અમર રે'શે નામ.

★

## કાદુ મકરાણીનો રાસડો

હાં રે રે રાજમાં આવ્યો મકરાણી ને,
રાખ્યાં જગતમાં નામ,
હાં રે ગામડીમાં દરબાર રે'તા રે રાજમાં ને,
હિલોળા કરતા આજ.

કાદુ મકરાણી એવો મળ્યો કે,
લૂંટાવી દીધાં ગામ...રે રાજમાં...
હાં રે ચૂડાના મારગે સોની લૂંટયા ને,
લૂંટયા જમાદાર ચાર;
ભરી બંધૂકુ ખોંચી[1] લીધી કાદુએ ને,
જમાદાર રોવે આજ...રે રાજમાં...
હાં રે અમે રે જેલમાં જાશું મકરાણી ને,
પગાર તૂટશે આજ
ગરીબ માણહને તમે ના રે હનડશો[2],
જગતના છો તમે ઢોંડુ[3]...રે રાજમાં...
હાં રે સરકારી પઇટણુ[4] મારી મકરાણીએ ને,
માર્યો અમલદાર ઠાર;
આજ સૂટો[5] અમલદાર શોઘ્યો ના આવે,
ત્યારે ફોજદાર માર્યો ઠાર...રે રાજમાં...
હાં રે સોનાના હાર તારી સોડયું[6] પે'રે ને,
પે'રે છે ઝૂમણાં આજ;
કોઈ મનખાદેહ[7] સામું ના જોવે,
એવી મકરાણીની હાક...રે રાજમાં...
હાં રે કલેટણુ[8] સામી તારી સોડિયું બોલે ને,
બોલે છે ભાંડતી ગાળ્યું;
તો'ય કલેટણુ કાંઈ ના બોલે,
એવી મકરાણીની ફાટય...રે રાજમાં...
હાં રે ચોરે રોવે છે જોને ચારણુ ભાટડી,
ને બીજી હજામડી એક;
મારી મારીને પગ કચરાવે એવી,
મકરાણીની રાડય...રે રાજમાં...

---

૧ ખૂંચવી. ૨ હેરાન કરશો, ૩ મોભી, ૪ પલટન, ૫ છૂટો, એકાકી, ૬ છોડીઓ, ૭ માણસ, ૮ કલેક્ટર.

# નર ગયા, ને વાતો રહી.

## સંપાદક : શ્રી. વસંત જોધાણી

ક્ષિપ્રા નામે એક નદી હતી ને એને કાંઠે ગાંધર્વિયા નામે એક મસાણ હતું. એના ખેતલા વડ હેઠળ એ દી' ત્રંબાવટી કરીને એક શે'ર હતું. ત્યાંનો રાજા સાત રાણીએ વાંઝિયો હતો. ગામની એ છેલ્લી પરવાળ[1] હતી. એની ઓળગાણી[2] હંમેશ ઊઠીને સુલ્લા[3] સૂપડાં વેચવા માટે ગામમાં જતી. વાંઝિયો રાજા સામો મળતો, ત્યારે ઈને અપશકન થતાં, તેથી એનાં સુલ્લાં સૂપડાં વેચાતાં નહિ. એ ઓળગાણીને સાત દહાડા સુધી રાજાના શકન થિયાં, તેથી દાણા મળ્યા નહીં, ને છોકરાં ભૂખે મરવા લાગ્યાં. આઠમો દી' થયો ત્યારે એણે વિચાર કર્યો, કે રાજા ભાગોળે જાય, ત્યારે બાર વાગ્યે વેચવા જાઉં. તે દી રાજા ભાગોળે નહિ ગયો, ને એવું બન્યું કે, રાજા ને ઓળગાણી બેય એ જ ઠેકાણે ભેળાં થયાં. એટલે પેલી ઓળગાણી, અવળી પૂંઠ કરીને રાજાનો મલાજો કરીને ઊભી રહી, કે અપશકન ન થાય. ઈ જોઈને રાજાને રીસ ચઢી ને પૂછ્યું, કે, 'તું શાથી અવળી પૂંઠ કરીને ઊભી રહી?' ઈ કે', તમારાં શકન લઈ ગામમાં જાઉં છું, તો મારાં સુલ્લાં સૂપડાં વેચાતાં નથી. તમે મારો તોય ધણી છો, અને ન મારો તોય ધણી છો, પણ મારાં તો છોકરાં ભૂખે મરી જાય છે.' રાજા ત્યાંથી પાછો વળીને ઓળગાણીને દરબારમાં લઈ ગયો, ને વજીરને કીધું, કે 'આ ઓળગાણીને એક મણ ધાન જોખીને અપાવો.'

દાણા લઈને ઓળગાણી ઘેર ગઈ, ને દળવા બેઠી, એટલે ઓળગાણો સાત દા'ડે સવાશેર કોદરા લઈ ઘેર આવ્યો. તેણે પૂછ્યું કે, 'તું આ દાણા કોને ઘેરથી લાવી?' ઓળગાણી કે', 'આપણા રાજાએ અપાવ્યું!'

---

૧. છેવાડું, ૨. ભંગિયણ, ૩. સૂંડલા.

ઓળગાણો કે', 'એ વાંઝિયા રાજાનું અનાજ ખાધું નહીં જાય. તારે પારખું જોવું હોય તો જો.' તેણે એક મૂઠી કોદરા ને રાજાએ આપેલ ધાનમાંથી એક મૂઠી બાજરી ભેગી કરીને ચકલાંને નાખ્યાં, તો ચકલાં કોદરા કોદરા ખાઈ ગ્યાં ને રાજાની બાજરી પડી રહી. એટલે ઓળગાણો કે' કે, 'જો એ વાંઝિયા રાજાનું ધાન ચકલાંય ખાતાં નથી, તો આપણાથી શે ખવાય?' અને રોટલા કરીને કૂતરાંને નાખ્યા તો કૂતરાં કોદરાના રોટલા ખાઈ 'ગ્યાં, ને બાજરીના પડચા રહ્યા.

ઓળગાણી પેલી બાજરીનું પોટલું લઈને દરબારભણી હાલી નીકળી. સામે રાજા મળ્યા, તો કે', 'કયાં જાય છે?' તો કે', 'તમારી બાજરી પાછી આલવા!'

રાજા કે, 'તું બાજરી પાછી કેમ લાવી?' તેણે હતું તેવું સાચું કહ્યું, ને બોલી કે, 'એમ છે, માટે અમારાથી એ બાજરી ખવાય નહીં.' એથી રાજાને માઠું લાગ્યું, ને વિચાર કર્યો, કે 'ઓળગાણીએ મને મે'ણું માર્યું, તો ગામનું લોક મને મે'ણાં કેમ નહીં મારતું હોય?'

એવી રીતે રાજા ઘણો દુઃખી થયો ને કે' કે, 'હવે આપણે આ મલકમાં રહેવું નથી. જે દા'ડે ભગવાન સારા દી દેખાડશે તે દી પાછા આવશું.'

રાજાએ ઘોડે લીલો–પીળો સામાન માંડચો, ને કોઈ સાથે બોલ્યો નહીં ને ચાલ્યો નહીં; ને ગામ મેલીને હાલી નીકળ્યો. ચાલ્યો ચાલ્યો અઘોર વનમાં જાય છે, ત્યાં સાગની ઝાડીમાં મા'દેવજીની દેરી જેવી એક જગા દીઠી. ત્યાં ઘોડો બાંધીને આસન કર્યું. કાંઈ પાનાં, રાખ વગેરે પડેલું તે વાળીચોળીને ચોખ્ખું કર્યું, ને ત્યાં વાસ કર્યો. છ મહિનાથી મા'દેવજીની પૂજા કરે છે, પણ મા'દેવજી પ્રસન્ન થતા નથી. પછી ત્યાં એક વાઘરી વાંઝિયો હશે તે આવ્યો ને મા'દેવજીની આસપાસ સાત આંટા ફરીને ઊભો

રહ્યો, ને કે' કે, મા'દેવજી કાંઈ બોલો છો, કે આ ઘો તમારા માથામાં મારું ?' મા'દેવજીએ વિચાર કર્યો કે, 'હુ મા'દેવ, ને આ તો નીચ જાત છે; તેથી હું નહીં બોલું તો મારા માથે ઘો પછાડી જશે.' તેથી મા'દેવ બોલ્યા કે, 'બોલ બોલ, એ મરત લોકના માનવી ! તું માગે ઈ આપું' !' વાઘરી કે', 'હું સાત બાયડીએ વાંઝિયો છું, માટે મારું વાંઝિયામે'ણું ભાંગો.'

મા'દેવ કે' કે, 'જા બચ્ચા ! પેલા માટલામાં શું છે ?' તેણે ઉઘાડીને જોયું, તો સવાસો કીડા હતા. પછી મા'દેવે પાછો કાઢ્યો ને વાંઝિયામેણું ભાંગ્યું. એ જાણીને રાજા કે' કે, 'હું છ છ મહિનાથી તપ કરું છું, તોય મને મા'દેવ પ્રસન્ન થયા નહિ, માટે મારે પણ હવે મા'દેવને પારે મરવાનું છે.' એમ કહીને કટાર તાણીને પેટમાં ખાવા જાય છે, એટલામાં મા'દેવજી બોલ્યા કે, 'મા, મા, અલ્યા ! તું શું માગે છે ? બોલ તને શું આપું ?'

રાજા કે', 'હું સાત સાત રાણીએ વાંઝિયો છું, માટે મને દીકરો આપો.'

મા'દેવ કે', 'તારા નસીબમાં દીકરો કે દીકરી નથી, પછી હું શી રીતે તારું વાંઝિયામેણું ભાંગું ?'

રાજા કે' કે, 'બાપજી ! ત્યારે તમારો બોલ 'ગ્યો, ને મારો ખેલ 'ગ્યો.'

મા'દેવ કે' કે, 'અમારો બોલ તો જાય નહીં. પણ આ ઘોકો લે અને સામે પેલા સિંદૂરિયા આંબા પાસે જા, ને એક ઘોકો નાખજે, એટલે સાત કેરીઓ પડશે. ફરીને તું લોભ કરીશ નહીં.' રાજાએ ઘોકો માર્યો ને સાત કેરીઓ પડી, પણ રાજાએ લોભ કરી ફરી ઘોકો માર્યો, તેથી કેરીઓ પાછી ચોંટી ગઈ. એટલે રાજા પાછો મા'દેવજી પાસે આવ્યો. કે' કે, 'મહાદેવજી, કેરીઓ તો પાછી ચોંટી ગઈ !' મા'દેવ કે' કે, 'મેં ને'તું કીધું, કે તારા નસીબમાં

નથી, ને કરમ અવળાં છે ? હું શું કરું ?' રાજા કે', 'ત્યારે મા'રાજ ! તમારો બોલ 'ગ્યો ને મારો ખેલ 'ગ્યો.' મા'દેવજી કે' કે, 'જા, ફરી લોભ કરતો નહીં, ને જે પડે તે લઈ આવ.' પછી રાજા કેરીઓ લઈ મા'દેવજી પાસે આવ્યો, ને રજા માગી કે, 'હું મારા મુલકમાં જાઉં ?' મા'દેવજી કે' કે, 'તું જાય તો તારી ખુશી, ને ન જાય તો તારી ખુશી; અમે એમ નહીં કહીએ કે, તું જા !' પછી રાજા ઘોડે સામાન માંડી ચાલી નીકળ્યો.

પોતાને ઘેર આવી પેલી કેરીઓમાંથી છ કેરીઓ પોતાની છ માનીતી રાણીઓને આપી, ને એક કેરી પોતાના સારા નોકરોને વાસ્તે સભામાં વહેંચવા રહેવા દીધી. અણમાનીતી રાણીને એની ખબર પડી. તે કે' કે, 'જાઓ દાસીઓ ! આપણા રાજા ઘણે વરસે આવ્યા છે, તે કાંઈ નવાઈની વસ[1] લાવ્યા હશે, તો તમને આપશે.' દાસી કે', 'રાજા લાવ્યા તો હશે, પણ અમને નો આપે, તો અમે શું કરીએ ?' રાણી કે', 'તમે તમારે કાંઈ બોલશો નહિ. અંજવાળી[2] લઈ વાળતાં વાળતાં રાયઆંગણુ જજો, ને કાંઈ નવી જણસ ત્યાં પડી હોય તે લાવજો; પણ રાજાને નિશાની કરતાં આવજો.'

રાયઆંગણુમાં એક થાણું[3] કરેલું હતું. તેમાં પેલી કેરીનાં ગોટલાછોતરાં નાખ્યાં હતાં, તેમાંથી દાસીએ એક ગોટલો લઈ કાપડાની ફડકમાં ઘાલી દીધો, ને રાજા બેઠા બેઠા હોકો પીતા હતા, તે ઠેકાણેથી નીકળીને દાસી ગોટલો બતાવીને નાઠી. રાજા બોલ્યા કે, 'એલા કોઈ નોકરચાકર છો કે ?' એટલે ચાકરો દોડી આવ્યા, પણ એટલામાં તો દાસી નાસી ગઈ, ને હાથમાં આવી નહીં. દાસીઓએ આવીને ગોટલો રાણીને આપ્યો. કે' કે, 'આ ચીજ અમે નવાઈની દીઠી, તેથી લાવ્યાં છીએ. બીજી નથી; માટે આ વસ આપણે સોનાની છે.'

---

૧. વસ્તુ, ૨. સાવરણી, ૩. કચરો નાખવાની જગ્યા.

હવે રાણી કહે:

સુથારીના બેટા રે, માડીજાયા બંધવા રે જી;
ગોટીલા વહેરી આપો રે, લીંબુ કેરી ફાડના, મારા લાલ રે; સુ૦

તેની ચાર ફાડો કરાવી, ને એક ફાડ રાણીએ પોતે ગળી, એક ફાડ દાસીને ગળાવી, એક ફાડ ઘોડીને ગળાવી, ને એક ફાડ કૂતરીને ખવરાવી. એ બધાંને ચડતા દી' થિયા. અઢી મહિના થયા, એટલે કૂતરીને બે કુરકુરિયાં આવ્યાં. નવ મહિના થયા, એટલે રાણીને બે પુત્ર થયા, દાસીને બે દીકરીઓ થઈ, ને બાર મહિના થયા, એટલે ઘોડીને બે વછેરા આવ્યા.

રાજાના કુંવર તો રાતે ન વધે એટલા દી'એ વધે, ને દી'એ ન વધે તેવા રાતે વધે, કોઈ માધવાનળ જેવા! સૂરજને કે' કે; 'તું ઊગે છે, કે અમે ઊગીએ છીએ', એવા નર થયા છે. પછી કુંવરોનાં નામ પાડવા જોશીને બોલાવ્યા.

જોશીડાના બેટા રે, માડીજાયા બંધવા રે જી,
કુંવરોનાં નામ ભલેરાં ધરાવજો, મારા લાલ રે;
કુંવરોનાં નામ રે, ઝાંઝ અને માંડણ જી.

જોશીડાના બેટા રે, માડીજાયા બંધવા રે જી,
દાસીઓનાં નામ ભલેરાં ધરાવજો, મારા લાલ રે,
દાસીઓનાં નામ રે અજલી ને વજલી જી.

જોશીડાના બેટા રે, માડીજાયા બંધવા રે જી,
ઘોડીલાનાં નામ ભલેરાં ધરાવજો, મારા લાલ રે;
ઘોડીલાનાં નામ રે, તેજી ને તોરંગી જી.

જોશીડાના બેટા રે, માડીજાયા બંધવા રે જી,
કુતીલાંનાં નામ ભલેરાં ધરાવજો, મારા લાલ રે,
કુતીલાંનાં નામ રે, આજિયો ને બાજિયો જી.

હવે કુંવર માતાજીને કે' કે 'અમારે ગેડીને દડો જોઈ એ.' ત્યારે રાણી એક ગોવાળને કહી આવી, કે 'બાવળની બે ગેડીઓ ને ચીંથરાનો એક દડો ગૂંથીને લાવજે.' ગોવાળ એ આપી ગયો, એટલે જઈ ને કુંવરોના હાથમાં આપ્યાં. કુંવર દડે રમવા ગામની ભાગોળે ગયા. એકકું દોટું માર્યું, કે ગેડીઓ અને દડો ફાટી ગ્યાં. તેથી ઘોડાની ઘોડારમાં તૂટમૂટ ખાટલીમાં આવીને પડચા. વાળુની વખત વહી ગઈ ને રાણી વાટ જોઈને થાકી, કે 'કુંવર મારા અત્યાર સુધી કેમ ઘેર ન આવ્યા ? મારા કુંવર બતાવે તેને મારી અડધી દોલત આપું.' ગામમાં બધે ઘેર ઘેર જોયું, પણ કોઈ ઠેકાણે જડચા નહીં. દાસીઓ બોળવા નીકળી હતી તેને કુંવરોને વાસ્તે ખાવાનું આપ્યું હતું. તે થાકીને, કુંવરો હતા ત્યાં, દાદરે ચઢીને ખાવા બેઠી. ખાતાં ખાતાં એકના મોઢામાંથી ગોળ ગર્યો[1] તે ઘોડાની ઘોડારમાં સૂતેલા નાના ભાઈની છાતી પર પડ્યો. તે મોટા ભાઈ ને કે', 'ભાઈ ! મારી છાતી ઉપર કાંક આવીને પડચું.' એટલે મોટો કે' કે 'શું છે ?' એ પેલી દાસીઓ સાંભળી ગઈ. કે' કે, 'આપણા કુંવર તો ઘોડાની ઘોડારમાં અંધારપિછોડી ઓઢીને પડચા છે.' દાસીઓ જઈ ને રાણીને કે' કે, 'તમારા કુંવર અમે બતાવીએ તો અમને અડધી મિલકત લખી આપો.' રાણીએ તે લખી આપવાનો સામાન ભેગો કર્યો, પણ દાસી કે' 'અમારે કાંઈ જોતું નથી. તમારા કુંવર ખાય તે અમને ખવાડજો એટલે બસ છે.' કુંવર, તો આપણી ઘોડાની ઘોડારમાં તૂટમૂટ ખાટલીમાં અંધારપિછોડીમાં પડ્યા છે.' માતાજી કુંવરોને પૂછવા લાગ્યાં, કે, 'તમને કાંટો વાગ્યો હોય તો વાડ બળાવું, કોઈ એ આંગળી કરી હોય તો આંગળી કપાવું, આંખ કાઢી હોય તો આંખ કઢાવું. તમને કોણે શું કર્યું, કે તમે ઘોડાની ઘોડારમાં આવીને સૂતા ?' કુંવરો કે' 'અમને કોઈ એ કાંઈ કીધું કારવ્યું નથી, પણ અમારે

---

૧. પડચો.

સોનાની ગેડી ને રૂપાનો દડો હાલ ને હાલ જોઈ એ.' રાણી કે',
'સોના રૂપાની તો બાપા, આપણા ઘરમાં ખોટ નથી.' પછી સોનીને
તેડાવીને કે',—

સોનીડાના બેટા રે, સોનાની ગેડી ને રૂપા દડૂલડોજી
કુંવરોને ઘડીને તું આપ્ય, મારા લાલ રે. સો૦

મહેનતોનાં મૂલ રે ઘણેરાં હું દઈશ રે જી,
જર[1] ને ગેર[2] પડે તે તારા બાપના, મારા લાલ રે; મ૦

સોનીએ ગેડી ને દડો ઘડી આપ્યાં. તે લઈ ને કુંવર ગામની ભાગોળે રમવા નીકળ્યા છે. તે એક ભાઈ જાણુ ધોળકે ગ્યો, ને એક ભાઈ અમદાવાદ ગ્યો. તે અમદાવાદવાળો દોટું મારે તે ધોળકે જાય છે, ને ધોળકાવાળો દોટું મારે તે અમદાવાદ જાય છે. એમ કરતાં બાર વાગ્યાનો અમલ થયો છે; ત્યારે માનીતી રાણી સાત માળની હવેલીએ ચડીને બેઠી હતી, તે દાસીઓને કે' કે, 'આ દખણાદી દશે અંધારા જેવું શું થાય છે?' દાસી કે' કે, 'અણમાનીતી રાણીના કુંવર દડૂલે રમે છે.' રાણી કે' કે, 'કુંવર કેવાક છે તે મારે જેવા છે.' દાસી કે', 'સૂરજ જેવા પાઠા[3] છે, પણ અહીં સુધી કેમ કરીને આવે?'

રાણી કે', કે 'એક ગોળનું ગોળામાણું[4] ને હાથપગ ધોવાનો લોટો લઈને બે દાસીઓ જાવ.' એમ બે દાસીઓ નીકળી. તે ગઈ એવી નાના ભાઈ પાસે ગઈ. નાનો ભાઈ પૂછે, 'કયા મહેલથી લાવ્યાં છો?' દાસી કે', 'મોટા મહેલથી.' કુંવર કે' 'મોટા એ મારા છે, ને નાના એ તમારા છે, માટે લેવાય.' કુંવરે હાથપગ ધોવાનો લોટો લીધો. એટલામાં મોટાભાઈ એ દોટું માર્યું, તે વખતે દાસી ખાલી હાથે હતી એટલે એણે વચ્ચે આવીને દડો લઈ લીધો, ને લાવીને રાણીને આપ્યો. પેલા બે ભાઈ એકેકની

૧. ઝીણી ભૂકી ૨. રજોટી, ૩. તેજસ્વી ૪. ગળમાણું; ગોળનું પાણી.

વાટ જોતા નીકળ્યા, તે વચ્ચે આવીને ભેગા થયા. નાનો ભાઈ કે', 'દડો ક્યાં ગયો?' મોટો કે', 'મેં તો વહેલો માર્યો છે.' મોટો કે' કે, 'તો ક્યાં ગયો?' નાનો કે' 'મને ખબર નથી.' મોટો કે', 'તારી પાસે કોઈ આવ્યું'તું?' તો કે' 'હા, મારી પાસે બે દાસીઓ આવી'તી.' તો કે', 'ત્યારે દડો તો એ લઈ ગઈ, માટે દડો તું જઈને લઈ આવ.' એટલે નાનો ભાઈ દરબારમાં દડો લેવા ગયો.

ફૂલ દડૂલો આલો રે, માતા, મારી વાટ જુએ છે,
સવાસો ઘેરિયાને છત્રીશ કળીના રજપૂત, મારા લાલ રે, ફૂલ૦

હુતાસણીના દા'ડા રે, માતા મારા વહી ગયા જી;
વાવલિયા ને વાયા રે, વંટોળિયા વહી ગયા, મારા લાલ રે, હુ૦

રાણી કહે છે,

આ કેવો શૂર આવ્યો રે, વન કેરો રોઝડો જી,
જઈને તારા ઝાંઝને મોકલ, મારા લાલ રે; આ૦

માંડણ, તું તો નથી રે કુળનું માંડણ જી;
રાયાંને[1] રઢો લાગી, તે મોટેરાને માટ, મારા લાલ રે માં૦

પેલા ભાઈને સવા મણનું સુખડું કરીને ખોળે ઘલાવ્યું; તે ફાકતો ફાકતો જાય છે, ને રોતો જાય છે. પોતાને વનનો રોઝડો કહ્યો, તેથી બહુ જ ખોટું લાગ્યું. મોટા પાસે આવ્યો, ત્યારે મોટો કે' કે, 'તું આ રુએ છે કેમ? ને આ ફાકે છે શું?' તે કે', 'રોઉં છું મારા દુઃખને, ને ફાકું છું તારા દુઃખને. મને તો માનીતી રાણી કે' કે, 'તારા ઝાંઝને મોકલ. તેને દડો આપશું.' મોટા ભાઈને ચોટીની ઝાળ પગે ને પગની ઝાળ ચોટીએ થઈ ગઈ. તે રીસ ચઢાવી પોતાને મહેલે આવ્યો, તે માતાજીને કે' કે,

આલો ને અલાવો રે તેજીડો ઘોડીલો જી,
બીજો આલો ઇડરિયો પાલણ, મારા લાલ રે, આ૦

---

[1] રાણીને.

આલો ને અલાવો રે ઢળકતી ઢાલડી જી,
બીજી આલો સોરઠડી તરવાર, મારા લાલ રે, આ૦
આલો ને અલાવો રે બાજુબંધ બેરખા જી,
બીજા આલો દશે આંગળીએ વેઢ, મારા લાલ રે, આ૦
આલો ને અલાવો રે શીર કેરાં છોગલાં જી,
બીજી આલો સોવર્ણ ભર અકાન[1] મારા લાલ રે, આ૦
આલો ને અલાવો રે પટાળી સૂરવાળ જી,
અને કેડે કટારી વાંકડી, મારા લાલ રે, આ૦
આલો ને અલાવો રે ખભે ખંખાર્યાં[2] ધોતિયાં જી,
અને છેડલે ચંપા રે ચાર, મારા લાલ રે, આ૦

આ પ્રમાણે લઈ, સીપની ચાખડીએ ચઢી, ઘોડા ઉપર બેસી, માનીતીને મે'લે ગયો.

રાણીને કે' છે,

ફૂલ દડૂલો આલો રે માતા, મારી વાટ જુએ છે
સવાસો ઘેરિયા ને છત્રીશ કળીના રજપૂત મારા લાલ રે, ફૂલ૦
હુતાસણીના દહાડા રે, માતા, મારા વહી ગયા જી,
વાવલિયા ને વાયા રે વંટોળિયા વહી ગયા, મારા લાલ રે, હુ૦

રાણી કે' 'તું સોકટાંની બાજી મારાથી રમે તો દડો આપું, નહીં તો નહિ આપું.' કુંવર કે', 'સોકટાંની બાજી તો હું નહીં રમું.'

રાણી કે', 'તો તને દડો નહીં આપું.' ત્યારે કુંવર કે' છે—

જરમરિયાંમાં જોટિયાં રે, લીલાવટ ઢાળિયાં,
સોકટે રમશે રાજા ને પ્રધાન, મારા લાલ રે, જ૦
દાદાને સોકટડે રે, મા ને બેટો કેમ રમે જી ?
મોટાંનાં બાજઠિયાં રે, નાનાં છૈયાં કેમ રમે ? મારા લાલ રે, દા૦

૧. કાનનું એક ઘરેણું, અકોટા ૨. ધોયેલાં.

એ રાણી સાત માળની હવેલીએ બેઠી બેઠી હીંચતી હતી. તે માંહોમાંહે દડાએ રમતાં આવતું દોટું ઝીલી લેતી, એટલે દડો કુંવરના હાથમાં કેવી રીતે આવે? પણ કુંવરનો તેજી ઘોડો દેવતાઈ હતો. તે ચાર પગે ઊછળ્યો, ને સાત માળની હવેલી ઉપર ગ્યો. દોટું ઉલાળેલું હતું, તે ઘોડાએ ફરી માર્યું, એટલે દડો સવાસો ઘેરિયામાં જઈને પડચો. કુંવર ઘોડો પોતાના દરબારમાં મૂકીને રમવા ગયો.

હવે માનીતી રાણી રાજાને કાગળ મોકલે છે,

પાણી નહીં પીધાં હોય તો કોગળા આંહીં નાખજો જી,
ઘોડાની ઘોડવાલમાં રંગ ઢોળિયા, મારા લાલ રે, પા૦

'તમારી અણુમાનીતી રાણીના કુંવરે માનીતી રાણીઓને મારી છે, માટે તમે ઉતાવળા આવજો.' એક ભાંગેલી લાકડી, ને એક ભાંગેલી તૂમડી આપીને એક બ્રાહ્મણને તેડવા મોકલ્યો. રાજા ને પ્રધાન ગામડામાં વેરો ઉઘરાવતા'તા, ત્યાં જઈ બ્રાહ્મણે કાગળ આપ્યો. રાજા કાગળ વાંચી તરત હાલી નીકળ્યા. અહીં રાણીએ તોફાન મચાવ્યું છે. સવામણ અડદનું પૂતળું બનાવ્યું છે, ને સવાસો પોથી[1]ઓ મંગાવી છે. આઠ કૂંડાં મંગાવી ખાટલાના ચાર પાયે મૂકચાં છે. પેલા ગોથીઓનો રંગ ઊતરે છે, ને રૂનાં ગોદડાં બહુ રૂપાળાં પથરાવ્યાં છે, તે ઉપર પડે છે. રાજા પૂછવા લાગ્યા, કે, 'તમને શું થયું છે?' તો કે' કે, 'અમને અણુમાનેતી રાણીના કુંવરે બહુ જ મારી છે, ને અમારાં હાડકાં ભાંગ્યાં છે.' રાજા કે' કમાનેતી રાણીને કુંવર કયાંથી આવ્યા?' તો કે', 'ઈ તો કોણ જાણે?' રાજાએ ગામનું લોક ગામના દરવાજા ઉપર ભેગું કર્યું ને પૂછ્યું, કે, 'આ કુંવર શાથી થયા? ને તમે એ બાબતની શી સાક્ષી પૂરો છો?' લોક કે', 'તમે કેરીઓ લાવ્યા'તા, તેનો ગોટલો આ સુથારને બેટે ચીરી આલ્યો. એ ખાવાથી રાણીને પેટ

૧. મજીઠની બાનવેલી રંગપોથી.

ઓધાન રીયાં, ને રાણીને બે છોકરા અવતર્યા.' પછી રાજા કુંવરને પૂછે કે, 'મારી રાણીઓને શાથી તારે મારવી પડી ?'

કુંવર કે' કે, 'માતાજી મને કે' કે, આપણે સોકટાંની બાજી રમીએ, તે હું રમ્યો નહીં.' એ સાંભળી રાજાને ખોટું લાગ્યું, ને એકદમ શૂળીનો હુકમ કર્યો. રાજા જઈને લુહારને કે', કે 'તું બે શૂળીઓ તૈયાર કરજે.' રાજાનો નાનો ભાઈ દેવતાઈ હતો, તે એ ઠેકાણે થઈને નીકળ્યો. તેણે લુહારને પૂછ્યું, કે, 'તું શું કરે છે ?' લુહાર કે', 'હું શૂળીઓ ઘડું છું.' તે કે', 'બીજી બે વધુ તૈયાર કરજે.'

પછી રાજા પેલી શૂળીઓ લેવા લુહારને ઘેર ગયો. પૂછવા લાગ્યો, કે, 'બે તો મેં ઘડાવી હતી, પણ આ બે બીજી કોને વાસ્તે ઘડી ?' લુહાર કે', 'તમારો ભાઈ ઘડાવી ગયા છે.' હવે પેલી ચારે શૂળીઓ ગામની ભાગોળે દરવાજે રોપી છે.

રાજા તેના ભાઈને કે', કે 'મેં તો કુંવરોને વાસ્તે કરાવી, પણ તેં કોને વાસ્તે રોપાવી ?' તે કે' કે, 'મેં આપણા બે જણા વાસ્તે કરાવી છે; કેમ કે, પહેલાં આપણે બેઉ શૂળીએ ચઢીને બતાવીશું, ત્યારે એ બે જણા ચઢશે ને ?'

રાજા ત્યાંથી પાછો ગ્યો. પછી શૂળીનો હુકમ ફેરવાવ્યો, ને બીજો હુકમ આપ્યો, કે 'દેશવટે કાઢો.' પેલા બે ભાઈ રમવા ગ્યા'તા, તે રમીને ઘરે જમવા આવ્યા, એટલે વાત જાણી. નાનો કે' 'ભાઈ ! આપણા કરમમાં તો દેશવટો આવ્યો છે.' મોટો કે' કે, 'ભલે આવ્યો. અહીંયાં શું છે ને ત્યાં શું નથી ?' જતાં જતાં બધાને સમરે છે;

પહેલો તે જુહાર રે, ધરતી માતને જી,
અમારો માની લેજો જુહાર, મારા લાલ રે;
જીવતા હઈશું તો રે, કાલે ઘેર આવશું જી—ટેક૦
બીજો તે જુહાર રે, જનેતા માતને જી—અ૦
ત્રીજો તે જુહાર રે, ગોઝારા બાપને જી—અ૦

ચોથો તે જુહાર રે, ભાઈબંધ ગોઠિયાને જી—અ૦
પાંચમો જુહાર રે, કોટ કેરા કાંગરાને જી—અ૦

સહુને જુહાર કર્યો, ને બન્ને ભાઈ ઘોડે સામાન માંડીને ચાલી નીકળ્યા છે. દશવીસ માનવી વળાવાને કાજે નીકળ્યું છે. સહુને પાછાં વાળ્યાં. કુંવરનાં માતાજી છે તે કેશ પીંખી નાખે છે, ને રૂપ અરૂપ કરે છે. માતા પાછળ રહી, ને પેલા બન્ને ભાઈએ ઘોડા મારી મૂક્યા.

મહાવનમાં હીંડ્યા જાય છે. જેના ઉડતાળીશ ગાઉને છેટે ચોગરદમ ગામ આવ્યાં છે એવા મહાવનમાં દિવસ આથમવા આવ્યો, એટલે એક બહુ મોટો વડ હતો, ત્યાં જઈ ને વિશ્રામ ઠામ કર્યો. બન્ને ભાઈ મન મૂકીને બેઠા. વાળુ વખત થઈ, એટલે વાળુ કર્યું. મૂંગા મૂંગા હોકાપાણી કરે છે, ને બેઠા છે. સૂઈ રહેવાની વેળા થઈ, ત્યારે મોટો ભાઈ કે' કે, 'ભાઈ! તમે સૂઈ રહો.' નાનો ભાઈ કે' કે, 'ના ભાઈ! તમે સૂઈ રહો.' પછી મોટો ભાઈ સૂતો, ને બહુ એક રૂપાળી ઊંઘ આવી છે. અડધીક રાત થઈ, બરાબર બાર વાગ્યા, એટલે તરસ્યો થયો. પોતાને ઓશીકે પાણી ભરીને પ્યાલો મેલી છાંડ્યો હતો. હવે વડ ઉપર ગરુડ પંખી વિયાયેલું હતું, તેણે બચ્ચાંને કાજે તંબોળી નાગ લાવીને માળા ઉપર નાખેલો. તે નાગના મોઢાનો ને પ્યાલાનો એકરાગ[1] થઈ ગયેલો. તેનું ઝેર ટપકવા માંડ્યું, તે પેલા પ્યાલાના પાણીમાં પડ્યું. કુંવરે અડધી ઊંઘમાં પાણી પીવાને ઓશીકા તરફ હાથ લંબાવ્યો, ને પેલું પાણી પી ગયો. નવસેં નાડો ને બોતેર કોઠે ઝેર વ્યાપી ગયું. પાછલી રાતનો ગજર[2] વાગ્યો એટલે ઝાડ પર સૂડી ને સૂડો બે પંખી જાગ્યાં. સૂડી કે' કે, 'આપણે એક વાત કહીશું ?'

---

૧. મેળ ૨. ચોઘડિયું

સૂડો' કે' કે, 'કહો'. તો કે', 'આપવીતી કહીશું કે પરવીતી ?' તો કે', 'આપવીતી કહો.' ત્યારે સૂડી કે', 'ઓ પોપટજી ! મને મારીને જ આરોગે, એને ઉજેણી નગરીનું રાજ મળે; ને તમને મારીને આરોગે તેને કણબીનો ધંધો આવે.' એવું કીધું એટલે નાના કુંવરે, બે નળીએરી કમાન હતી, તે મારીને તે બન્ને પંખીને પાડચાં. સૂડાને પોતે આરોગી ગયો, એટલે એને ખેતીનો ધંધો ઊકલ્યો.

સવારનો પો'ર થયો, પણ મોટો ભાઈ જાગે નહીં. નાનો ભાઈ જગાડવા જાય તો શરીર લાકડા જેવું. પેલો ગભરાઈ ગયો. મોટાને કેમે કરી ઝેર ઊતરે નહીં, ને તે તો મરી ગયો. નાનો ભાઈ મોટે સાદે રોવા લાગ્યો, ને એણે તો શ્રાવણ–ભાદરવો એ ઠેકાણે એકઠો કીધો. રોઈ ને થાકીને અગરચંદનની કાઠી ભેગી કરી ને ચે'[1] ખડકી કે એને દાગ[2] દઈને પોતે દેશવટે હાલતો થાય. એટલામાં મા'દેવ ને પારવતી એ ઠેકાણેથી નીકળ્યાં. પારવતી પૂછે કે, 'મા'દેવજી, આ મરત લોકના માનવી અહીંયાં શું કરવા રુએ છે ?' તો કે', 'તમે એની હકીકત પૂછી જુઓ.'

પારવતી આવીને પૂછે, 'એ ભાઈ ! કે' તો ખરો, તું શું કરવા રુએ છે ?' તો નાનો ભાઈ કે' કે, 'અમે બે ભાઈ છીએ. અમારા બાપે અમને દેશવટો દીધો છે. અમે એમ ફરતા હતા, તેવામાં આ મારો મોટો ભાઈ મૃત્યુ પામ્યો છે, તેથી હું રોઉં છું.' પારવતીએ મા'દેવજીને વીનવ્યા ને તેમણે અમીનો કુંપો ને કળંબ[3]ની કાંબ[4] ઝારી,[5] એટલે મોટો ભાઈ ઊભો થીયો. નાના ભાઈને પૂછવા લાગ્યો, કે 'મને બહુ ઊંઘ આવી ?' નાનો ભાઈ કે', કે 'એવી ઊંઘ તો ભાઇ, તમારા દશમનનેય[6] આવશો નહિ.' પછી દાતણપાણી કરીને અફીણના કોસંબા બન્નેએ કાઢચા. નાના ભાઈએ સૂડી લઈને

૧. ચિતા ૨. દાહ ૩. સંજીવની વનસ્પતિ ૪. ડાખળી ૫. ફેરવી ૬. દુશ્મનનેય.

મોટા ભાઈને આપી, ને કે', 'લો ભાઈ! તમારા ભાગનો મુખવાસ છે.' તે કે', 'ના, હું તો નહીં લઉં.' નાનો કે', 'મેં તો મારા ભાગનું ખાધું છે.' પછી મોટાએ ખાધું. અને ઘોડે સામાન બાંધીને બન્ને ત્યાંથી હાલી નીકળ્યા.

નાના ભાઈને કણબીનો ધંધો બહુ વ્યાપ્યો, ને ભૂખ લાગી. તે કે', 'મને બહુ ભૂખ લાગી છે.' મોટો કે', 'ભાઈ, ગામ આવે તો તને રસોઈ કરી આલું.' પછી જે ગામ આવ્યું, તે ઠેકાણે જઈને રસોઈ કરીને ખાધું. ત્યાંથી પછી પાંચસેં છસેં ગાઉ ગ્યા, એટલે નાનો કે', 'ભાઈ! મને બહુ ભૂખ લાગી છે.' મોટો કે', 'હવે આપણી પાસે ખરચી ખૂટી છે, શું કરીએ?' પછી એક સારું શહેર આવ્યું ત્યાં ઘોડો ઘરાણે કરીને શેઠને ઘેરથી છસેં રૂપિયા ઉપાડ્યા. એ લઈને નીકળ્યા, ને બીજા પાંચસેં ગાઉ ગ્યા, એટલે પેલા છસેં રૂપિયા પણ ચવાઈ ગ્યા.

પછી વનવગડામાં એક કણબી કોસ હાંકતો હતો. તે ચાર-પાંચ કોસ કાઢે, ને ચાર્ય[1] વાઢી આવે. તે કણબીને મોટો ભાઈ પૂછે કે, 'ભાઈ! તું શું કરવા આમ કરે છે?' કણબી કે', 'મારી બાયડી ને હું બે માણહ છીએ. છૈયુંછોકરું નથી. બાયડી ઘેરથી ભાત લઈને આવશે, તે ખાઈને હું કોસ હાંકીશ, ને એ ચાર્યના ભારા બાંધીને ઘેર લઈ જશે!' મોટો ભાઈ પૂછે, 'મારા આ નાના ભાઈને તારે સાથી રાખવો છે?' તો કે' 'હા, બોલો શું લેશો?' તો કે' 'લેવાનું કાંઈ નથી, પણ હું આવું ત્યાં લગણ એને ધાન-લૂગડું ધરાઈને પૂરજે.'

પછી મોટો ભાઈ ત્યાંથી નીકળ્યો. ચાલીશ પચાશેક ગાઉ દૂર ગ્યો, ત્યાં એક રાજાની વાડી બાર બાર વરસથી સુકાઈ ગઈ'તી તેમાં ઘોડાને ચંપાની ડાળે બાંધી, પામરીની સોડ તાણીને કુંવર

૧. ચાર-ઘાસ.

સૂતો. વાડીમાં નવસેં ને નવાણું કૂવા હતા, તેનાં નીર સુકાઈ ગ્યાં'તાં. કુંવર જઈને સૂતો, એટલે કૂવા ભરાણા, ને બાગ ખીલીને હરિયાળો થયો. ઢોરો સાથે ફરતાં ફરતાં ગોવાળિયા એ બાગની પાંહે આવ્યા, ત્યાં પેલાં લીલાછમ છોડવા ને રૂપાળાં ફૂલ ભાળ્યાં, એટલે અંદર પેઠા. મસ[1] ફૂલ ચૂંટીને ઢોરમાં નીકળ્યા. ઢોરોની વખત થઈ એટલે ઢોર ઘર તરફ વળ્યાં. માળણનું ઘર ગામની ભાગોળમાં હતું ત્યાં ગોવાળિયાએ તેને બૂમ પાડીઃ 'ચાંપલી, રે ચાંપલી! તારી ઝાંપલી ઉઘાડ, તારી વાડી લીલીહિમ!'

પેલી ચાંપલી એક ધોકાણું લઈને મારવા નીકળી, કે' 'મારી મશ્કરી કરે છે?' પણ ફૂલ ભાળ્યાં એટલે વિચાર કર્યો કે, બાર બાર ગાઉ લગણ મારી વાડી વતરક[2] બીજી વાડી નથી, ને આ ગોવાળિયા ફૂલ ક્યાંથી લાવ્યા? ટોપલી લઈને પોતાની વાડીમાં જોવા કાજે જાય છે, ને જઈને જુએ, તો વાડી લીલીહિમ જેવી થઈ રહી છે. કે', 'માનો ન માનો, પણ મારી વાડીમાં કોક મોટો માનવી આવીને ઊતર્યો લાગે છે.'

માળણ વાડીમાં શોધે છે, ત્યારે દેવતાઈ ઘોડો બાંધેલો દીઠો, ને પાસે કુંવરને સૂઈ રહેલો ભાળ્યો. માળણે ફૂલ ગૂંથીને બે ગજરા બનાવ્યા, ને કુંવર જાગ્યો એટલે એક કુંવરને ને એક ઘોડાને મૂક્યો. કુંવરે બે મહોર કાઢીને આપી. માળણ કે' કે, 'હું તમારી વાટ બહુ દી'થી જોઈ રહી હતી, કે હજી કેમ ન આવ્યા મને મળવા?' એમ કહીને પોતાને ઘેર કુંવરને લઈ ગઈ; વાત વિગત કરી. પછી સાંજનો પો'ર થયો, એટલે માળણ કે', 'મને મારો ધણી રોજ આવીને મારે છે, તેથી તમે દુઃખ લાવશો નહિ.' તો કે' 'સારું બેન!' એટલામાં માળી આવીને સાંબેલું લઈને ફરી વળ્યો, ને સાત સાંબેલાં એને મેલ્યાં. પેલો કુંવર બેસી રહ્યો હતો, તે માળીના ભાળ્યામાં ન આવ્યો. પછી હળ છોડીને ઘરમાં આવ્યો, એટલે કુંવરને ભાળ્યો. ભાળતાંની સાથે બીધો તે નાસી

---

૧. પુષ્કળ ૨. સિવાય.

જઈને વાડમાં પેસી ગયો. માળણ ત્યાં જઈને કે' કે ' મારા પીટ્યા, સૂઈ શું ગ્યો છે? બે ચોસેરો ગૂંથીને એક કુંવરને મૂક, ને એક ઘોડાને મૂક, તે કાંઈ આલશે.' પછી કુંવરે તેને બાર બાર રૂપિયાની બે મહોરો કાઢીને આલી.

માળણ પૂછે, ' ભાઈ ! તમે કયા મુલકમાંથી આવો છો, ને ક્યાં જશો ? '

કુંવર કે', 'શેર અનાજ મળે એ ઠેકાણે આપણે જવાનું છે.' માળી કે' કે ' ભાઈ, તમારે સાથી રે'વું છે ? ' સાથીપણે રે'વું હોય તો તમને કણબીને ઘેર મૂકું.' તો કે' 'હા.' માળણે ગામમાં જઈને બધે બૂમ પાડી, કે, ' કોઈને સાથી રાખવો હોય તો મારે ઘેર મારો ભાઈ આવ્યો છે. રાખવો હોય ઈ હીંડો.' કણબી પૂછવાને આવ્યા, કે ' તમે દાનગરી[1] શું લેશો ? ' તો કે', ' તમારા ગામમાં અપાતું હોય, તેથી રૂપિયો ઓછો.'

એક કણબી પડણ કરીને પોતાને ઘેર લઈ ગયો. હવે કહે છે :

વીરા મોરા, મોટે ને પરોઢિયે વહેલેરા ઊઠજો જી,
અને તમે જાજો લુહારીને હાટ, મારા લાલ રે,
મોટાં ને કાંઈ જોટાં રે, કોશો[2]માં કઢાવજો જી.

સવારનો પો'ર થયો છે. કુંવર લુહારની કોઢયે જઈને કસૂંબો કરીને પોતાને ઘેર આવ્યો. ઘેર એને રોટલા કરી આલ્યા, ને ભાત સાથે બંધાવ્યું–એનું ને કૂતરીનું. કૂતરી એને ખેતર દેખાડવાને કાજે નીકળી છે. તે હાલતી હાલતી ગઈ. તે બે ગાઉએ ખેતર આવી રિયું છે ત્યાં જઈને ઊભી રહી. એટલે પેલો કુંવર હળ છોડીને ઊભો રહ્યો. પછી હળ નાડ્યું.[3] નાડીને તત્પર થયા, એટલે કૂતરી પાછી હાલી. કૂતરી હાલી એટલે બળદ હાલ્યા, ને બળદ હાલ્યા એટલે વાંસે કુંવર હાલ્યો. હવે એને થાક બહુ લાગ્યો છે. વિચાર કરે કે, 'બાર વાગતા નથી. બાર વાગે તો હું

---

૧. રોજી, ૨. કોશ–હળનું હથિયાર, ૩. બાંધ્યું.

ભાત ખાઉં.' બાર વાગ્યા એટલે બળદ છોડીને ફરતા મૂકીને ભાત ખાવા બેઠો. પેલી કૂતરીને રોટલો નાખે, તોપણ તે એને સાહવા[1] દે નહીં. તે એમ વાટ જોતી રહી'તી, કે એ ખાઈ રે' તો હું ખાઉં. પછી એ ખાઇને રોટલો નાખવા ગયો. કૂતરીને ખાતાં ખાતાં રાશ લઈ જઈને બાંધી, ને બહુ સારો છાંયડો હતો ત્યાં જઈને સૂઈ ગયો. બાર ઉપર ચાર વાગ્યા, ત્યાં લગી સૂઈ રહ્યો. કણબણે એને એમ કીધેલું, કે 'અમારે ત્યાં જેટલા સાથી રે છે, એટલા ઈંધણાં[2]નો ભારો સાંજે લેતા આવે છે.' તેથી કોવાડી[3]લઈ ગયો'તો તેના વડે એણે પેલું હળ ઈંધણા કરવા ફાડી નાખ્યું. પછી એણે હળની ઘોડી (જીંહલું) હતી તે ફાડી, ધૂંસરી પણ ફાડી ને ભારો બાંધ્યો, ને કૂતરીને ત્યાં રહેવા દઈને નીકળ્યો. ઘેર લાવીને ભારો નાખ્યો, ત્યાં ધરતી આખી ધમધમી. કણબી ને કણબણ ઘરમાં હતાં, તે કણબણ કણબીને કે' કે, 'આપણને ખેડુ સાથી સારો મળ્યો. ઈંધણાનો ભારો બહુ સારો લાવ્યો લાગે છે.' એ ઉપરથી કણબી ચલમ ભરીને તેને પાવાને બારણે આવ્યો. કે' 'આપણું હળ ભાઈ, કેટલેક છેટે આવે છે?' તો કે', 'હજુ તો બહુ છેટે આવે છે.' કણબણ કે', 'તું તારે નાઈ લે, ને પછી રોટલો થાય છે તે ખાઈ લે,' નાઇને ખાધું ને કુંવર બારણે આવીને બેઠો. બહુ વાર થઈ, પણ હળ ન આવ્યું, એટલે કણબી કે' છે, 'ભાઈ! હળ હજી કેમ ન આવ્યું?'

કુંવર કહે,

કણબી! તારી ને કણબણને રે ડસજો કાળો નાગડો જી,
અને તને આવે ઘણેરો તાવ, મારા લાલ રે,
તારા ને બળદોને રે લેજો ચારણ ભાટડા જી. ક૦

'મારે તો તારે ઘેર ખેડુ-સાથી નથી રે'વું.' પછી માળણને ઘેર ગયો. કે' 'બે'ન! મારેથી હળની વાંહે નથી હલાતું!'

---

૧. પકડવા. ૨. લાકડાં; બળતણ, ૩. કુહાડી.

માળણ કે' 'ભાઈ! તમે રેલ્લાં[1] પાડાં ચારશો?'

કુંવર કે' 'હા બેન! ચારશું.'

માળણ ફરીથી ગામમાં બૂમ પાડી આવી, કે' 'મારા ભાઈ આવ્યા છે, ને જેને રેલ્લાં પાડાં છોડવાં હોય, તે આવીને મૂકી જજો.'

સવારનો પો'ર થયો, એટલે ગામનાં બધાં રેલ્લાં પાડાં છોડાવી આવી, ગામની ભાગોળે લાગીને ભેગાં કર્યાં. ને તે લઈને કુંવર બીજા ગોવાળ ભેગો સીમમાં ઊપડ્યો. એમ રોજ રોજ ચારતાં છ મહિના થઈ ગ્યા, પણ કુંવર ગોવાળની પાસે આવે નહીં ને કોઇને ભેગો થાય નહીં. સવા લાખ ગોવાળ હતા, તે માંહોમાંહે પૂછવા લાગ્યા, કે, 'આપણામાં આ ગોવાળિયું કાંઈ મળ્યામાં આવતું નથી, ને આ એકલું એકલું રે' છે, તેનું કેમ કરીએ?' પછી ગોવાળિયાએ વિચાર કર્યો કે, 'આપણામાં વડપેંડાર[2] છે નહિ. જેની ચોટલી મોટી હોય, તે આપણો વડપેંડાર થાય.' સવા લાખ ગોવાળિયે ફાળિયાં[3] ભોંય પર નાખ્યાં, પણ કોઈની ચોટલી મોટીય નહીં ને નાનીય નહીં. જાણે મસલમાન તે રોડા-બોડા! પછી બધા વિચાર કરે, કે પેલું એકલું ગોવાળિયું છે, તેને આપણા ભેગો લાવો સહાઈને.' પેલો એકલો હતો, પણ કાંઈ સવા લાખ ભાગે[4] બીએ? ત્યારે એ હતો, ત્યા બધા ગોવાળિયા ભેગા થયા. તેણે વાત વિગત કરતે કરતે, એની પાઘડી હતી, તે એને માથેથી પાડી નાખી, એટલે પેલા ગોવાળિયા બોલી ઊઠ્યા: 'ભા! વડપેંડાર આ! વડપેંડાર આ!' એમ બૂમ પાડી. ચોટલી મોટી, તેમાં એને વડપેંડાર ઠરાવ્યો. કુંવર કહે, 'ભાઈ, શું કરો છો તમે?' તો કે' કે, 'જો ભાઈ!' હવે તમે કે'શો એટલાં વાનાં અમે કરશું. તમે કે'શો કે કૂવામાં પડો, તો અમે પડીશું'. ત્યારે એણે સહુને રામ રામ કર્યા. પછી કે' કે, 'વરસાદ આવશે, ત્યારે ચોમાસાને દા'ડે આપણે ક્યાં રે'શું?'

૧. વાછરડાં ૨. વડો ગોવાળિયો. ૩. પાઘડી. ૪. થી.

સહુ કે' કે, 'વનવગડામાં આપણે એક ગોવાળનો ગઢ ચણો.' પછી સવારનો પો'ર થયો એટલે દરેક ગોવાળિયું એકેકી ઈંટ લેતું આવ્યું. એમ સવાલાખ ઈંટ ભેગી થઈ. બીજે દી' એકેકી ઈંટ વળી લેતું આવ્યું. વળી ત્રીજે દિવસે એકેકી નાળ[1] લઈ આવ્યું, એટલે સવા લાખ નાળ ભેગી કરી. હવે વગડામાં કડિયા પોતે ને સુથાર પોતે, તે ગઢગોવાળ ચણી દીધો. પછી ગોવાળ કે' કે, 'આપણા રાજાની કુંવરી છે. તે આપણા વડપેંડારને પરણાવીએ.' વડગોવાળને કે' કે, 'આજે રાજાનાં રેલ્લાં પાડાં તું છોડી આવીશ નહીં.' સવારે ગામની ભાગોળે ગામનાં રેલ્લાં પાડાં લાવીને ઊભાં રાખ્યાં, ને રાજાનાં નહીં લાવ્યાં. એટલે સુંદર કુંવરી વિચાર કરે, કે 'રેલ્લાં પાડાં છોડવા ગોવાળ કેમ નહીં આવ્યો?' એટલે તે રેલ્લાં પાડાં છોડીને ગામની ભાગોળે લાવી. કુંવર ગામના બધાનાં રેલ્લાં પાડાં લઈને નીકળ્યો, એટલે સુંદર કુંવરી બોલી :

લો લો ને ગોવાળો રે, તમને આલું સુખડાં જી.

વડગોવાળ કહે,

તારાં સુખડલાં રે, આલ્યે ભિખારુંને, મારા લાલ રે,
રાતડિયા રણમાં રે, ચોરી ક્યારે ચીતરું જી, ટેક૦

રાજાની કુંવરી કે' કે 'આ તે કોઈ ઓળગાણો છે, કે વાઘરી છે, કે કોણ છે? તે મને આવાં નબળાં કે'ણ કે' છે?'

પછી બોલી,

લો લો ને ગોવાળો રે, તમને આલું ઘોડીલા જી.

વડગોવાળ કે' છે,

તારા ઘોડીલા રે, આલે ઢાઢી[2] ઢુંગને, મારા લાલ રે. ૨૧૦

---

૧. નળિયું. ૨. માગણ : પૈસા લઈને કૂટનારી જાતિ.

કુંવરી વિચાર કરે છે, 'આ તે કોણ છે, તે મને આવાં વેણ કે' છે? હું તો રાજાની કુંવરી કહેવાઉં ને. ત્યાંથી ઘરભણી હાલવા જાય છે, ત્યારે ફરીને બોલી,

લો લો ને ગોવાળ રે, તમને આલું ધોરીડા[1] જી.

વડગોવાળ કહે છે,

તારા ધોરીડાને, આલે ચારણ ભાટને મારા લાલ રે, રા.

એમ કરતાં કરતાં ઠેઠ ગઢગોવાળે પહોંચ્યાં. પછી સવા લાખ ગોવાળે ભેગા થઈને સુંદર કુંવરીને પૂછી જોયું, કે 'અમારા વડગોવાળને વરે, તો તારાં રેલ્લાં પાછાં ચારીએ, નહીં તો નહીં.'

કુંવરી કે' કે, 'નહીં ચારો તો ચાલશે, પણ મને પરણવાનું માગું કરવાની હિમ્મત ધરાવનારો કોણ છે ઈ તો હું જોઉં!'

ગોવાળિયા કે' કે 'એને નહિ વરે તો તને જબરદસ્તીથી એની સાથે વરાવીશું.'

સુંદર કુંવરી વિચાર કરે, કે, 'આખર હું એકલી છું, ને આ આટલા બધા ભેગા થઈને મારી મશ્કરી કરશે, ને પરણ્યા વિના છૂટકો થશે નહીં.' પછી કે' કે, 'એના પરણ્યાનો સામાન એ લાવે, ને મારા પરણ્યાનો સામાન હું લાવું.' એમ કહીને બાઈ બજારમાં સામાન ખરીદવા નીકળી.

ઊભે ને ચઉટડે[2] રે, સુંદર ગોરી ચાલિયાં જી,
અને જઈને ઊભાં દોસીડાને હાટ, મારા લાલ રે, ઊ૦
દોસીડાના બેટા રે, માડીજાયા બંધવા રે જી,
મને ચૂંદડી આલે રે, મોંઘા મૂલની, મારા લાલ રે, દો૦

૧. બળદ, ૨. બજારે.

એ પ્રમાણે ફરી ફરી ગાઈને નીચે પ્રમાણે બધાએ કહેવાનું: સોનીડા, ઘરેણાં ઘડી આલે; મણિયાર ચૂડલા વહેરી આલે; મારુડિયા મોડિયા (મોડ) બાંધી આલે; મોચીડા મોજડીઓ સીવી આલે.

હવે બજારમાંથી બધું વહોરીને નીકળ્યાં. માથે ઘાલવાને પડોપાંદડી–પાકું તેલ લીધું છે. પછી બચકો ઉપાડીને વડગોવાળની આગળ આવ્યા ને પૂછે કે, 'તું તારા પરણ્યાનો સામાન લાવ્યો ?'

તો કે', 'હું તો નથી લાવ્યો, મારે તો મનમાં જ છે.'

આકડા ધંતૂરા રે મારે મન સાચા માંડવડા,
વેવ[1]ના વેલાની રે, મારે મન સાચી વરમાળા,
વડલાની વડવાઈઓ રે મારે મન સાચી નાડાછડી.
ટાઢોડી[2]નાં ટાઢોડાં રે, મારે મન સાચાં મીંઢળ,
આકડાનાં આકુલાં રે મારે મન સાચાં નાળિયેર.

બન્નેનો પરણવાનો સામાન તૈયાર કીધો છે. પછી કુંવરી બોલી : 'વડગોવાળ ! આકડા ધંતુરાને માંડવે માનવી પરણતાં હશે ?'

ગોવાળ કહે;

સવા લાખ ગોવાળો રે, ડુંગરિયા તો સેવજો જી,
તમે લાવો લીલુડા હો વાંસ, મારા લાલ રે,
એણે ને માંડવડે રાય ને રાણી પરણશે રે.

વાંસ બાંધીને માંડવો રોપાવ્યો છે. માટીની ચીતરેલી રૂપાળી ચોરી બંધાણી છે, ને વરઘોડિયાં પરણ્યાં. પરણાવીને પછી પરોઢિયાની ઝોળે[3] મૂકવાને કાજે એના બાપને ઘેર દરબાર આગળ ગયાં. કુંવરી દરબારમાં ન ગઈ, ને એના બાપનો એકલથંભો મહેલ હતો તે ઉપર જઈને સૂઈ રહી. સવારમાં રાણી દાસીઓને કે' કે, 'આપણી કુંવરીના ખબર તમે જોઈ આવો. કાલનાં કયાં ગ્યા'તાં ?'

પેલી દાસીઓ જોવા ગઈ–ત્યારે સાવ સોનાનો ચૂડો પહેરેલો, મીંઢળ બાંધેલું, દાંત રંગેલા, કપાળે કંકુ પીળેલું, માથું રૂપાળું ગૂંથેલું, પચીશ પચીશ રૂપિયાનાં ત્રણ નંગ પહેરેલાં. તે જોઈને

૧. વેવડીનો વેલો, ૨. એક જાતનો વેલો, ૩. વેળાયે.

દાસીઓએ પાછી આવીને એવું કીધું, કે, 'આપણી કુંવરીએ તો આપણા કુળમાં હીણું કહેવડાવ્યું છે. આપણો સીમાડો એને પરણી 'ગ્યો, કે ખેતરપાળ પરણી' ગ્યો, કે કોણ પરણ્યો વગડામાં ?'

રાણીએ રાજાને કીધું કે, 'આપણી કુંવરીએ તો આપણા કુળમાં હીણું કહેવડાવેલું છે. ને આવું તોફાન માંડેલું છે.' પછી રાજાને માલમ થઈ, કે ગામનાં ગોવાળિયાં ભેગી સુંદર કુંવરી કાલે રેલ્લાં પાડાં મૂકવા ગઈ'તી ને વગડામાં એ તોફાન થયું. તે માટે ગોવાળિયાં હતાં એટલાંમાત્ર (બધાં)ને રાજાએ ડબ્બામાં[1] પૂરી દીધાં, ને ડબ્બે તાળું માર્યું. કુંવર માળણને ઘેર હતો, તેને એ વાતની માલમ થઈ, એટલે તે ચીપની ચાખડીએ ચઢચો છે, રૂપાનો હોકો હાથમાં ધર્યો છે, નવબારું ખડગ કમ્મરે બાંધ્યું છે, ને કચેરીમાં ગયો. તે રાજાની ગાદી અડધી દબાવીને બેઠો.

રાજાને પૂછે, 'તમે આ લોકોને શું કરવા પૂરી મૂકચાં છે ? તમારું એ લોકોએ શું ખૂન કર્યું છે!'

રાજા કે' કે, 'અમારું બહુ નુકસાન કરેલું છે, ને આવી રીતની આમ વાત બનેલી છે.' કુંવર કે' કે, ચોર હશે તો એક જ હશે, કાંઈ બધા તો નહીં હોય ?'

કચેરીમાં સહુ કે' કે, 'એ બધાયને કાઢી મેલો. આપણો ચોર તો આટલામાં જ છે.' જઈને તાળું ઉઘાડ્યું, એટલે ગોવાળિયા હતા તે સહુ સહુને ઘેર નાસી 'ગ્યા. પછી કચેરીવાળા કે' કે 'લાવો ભાઈ, એ ચોર.' એટલે વીશ પચીશ કચેરીમાંથી ઊઠી ગયા. રાજા કે' કે, 'લાવો મારો ચોર.'

પછી બધું માણસ ઊઠી ગયું, ને સાસરો જમાઈ બે બેસી રહ્યા, તોય રાજા કે' કે, 'લાવો મારો ચોર.'

કુંવર કે, 'ચોર આપણે બે જણા.'

---

૧. ઢોરને પૂરી રાખવાની જગ્યા.

રાજા કે', 'કેમ આપણે બે જણા?'

કુંવર કે', 'હું ચોર, એટલે તમે પણ ચોર જ ને? તમારી દીકરીને કોઈએ લીધી તે ચોર થયો, કે નહીં?'

રાજા પૂછે: 'તમારી જાતભાત કોણ છે?'

કુંવર કહે: 'મારી જાતભાત હું બતાવું છું.'

સૂરજ ને ઊગ્યા રે, સોરઠે આથમ્યા જી,
એ તો જાણે મારે મોસાળ, મારા લાલ રે,
સેંગઢે પરમાર રે રાણા અમે રાજિયા જી.

એ વખતે ત્રાંબા પિત્તળની ચોરી બંધાવીને ફરી વારનો એને પરણાવ્યો. રાજાએ એક મહેલ આપ્યો, ત્યાં ખાય, પીએ ને મોજ કરે. એમ કરતાં મહિનોમાસ થયો, ને સુંદર કુંવરી ને કુંવર બેય બજારમાં હટાણું[1] કરવા નીકળ્યાં છે. ત્યાંથી પોતાને મહેલ આવતાં વાટે બે પાને એક નાનો વડ ઊગેલો જોયો.

કુંવર કે' કે, 'રાણી! આ વડને અવેરીને ઉછેરીને આપણે મોટો કરીએ. આપણે તો કાલે આપણા મુલકમાં જતાં રહીશું, ને તોય એથી અહીંયાં આપણું નામલેણું[2] રે'શે.' એ વડને ત્યાંથી ઉપાડી લીધો, ને ગામની ભાગોળમાં લાવીને રોપ્યો. ફરતું વાળીને રૂપાળું ખામણું કર્યું, ને રાણીને એક સોનાની ઝારી પાણી રેડવાને આપી. પછી કે' કે, 'તમે આ વડને પાણી પાઈને મોટો કરો.'

કુંવરીની માએ દાસીને કુંવરીનું માથું જોવાને મોકલી. સોનાના વાળવાળું બધું માથું જોતાં જોતાં માંયથી દાસીના હાથમાં એક સોનાનો વાળ તૂટેલો આવ્યો.

૧. બજારમાં ખરીદી કરવા જવું, ૨. સંભારણું.

દાસી પૂછે, ‘ સુંદર કુંવરી ! તમારો સોનાનો વાળ તુટચો છે, તે ક્યાં ગયો ? ’

કુંવરી કે’ કે, ‘ કુંવરે એક વડ વાવ્યો છે, તેને સોનાની ઝારીએ પાણી રેડું છું. તે વખતે કાંટાની લાંપ ભરાણી હશે, તે તૂટી ગયો હશે.’

દાસીએ જઈને રાણીને કહ્યું.

એટલે રાણીએ મે'ણું માર્યું કે', ‘ જમાઈ એવો કેવો છે; પાલણપોરની સાંઢો વડ હેઠ લાવીને બેસાડવી છે, તે મારી છાડીનો સોનાનો વાળ તોડી આલ્યો ? ’

કુંવરને આ સાંભળીને ભારે રીસ ચડી. કે’ કે પાલણપોરની સાંઢો લાવીને આંઇ ઝીકારું, તો મૂઆગતે[1] જાઉં.’

કુંવરી એની માને કે’ છે :

માતા ! તારી ને જીભલડી રે કીધી જોઈએ કટકા જી,
અને તને આવે ઘણેરો તાવ, મારા લાલ રે. મા૦

મે’ણાને લીધે કુંવર પોતાના દીવાનખાનામાંથી હેઠો ઊતરી પડચો. ને જેમ જેમ ઊતરતો જાય, તેમ તેમ કુંવરીની માની દાસી દાદરે તાળાં મારતી આવે. કુંવર ઘોડે સામાન માંડીને કુંવરીને મૂકીને નીકળ્યો. કુંવરી કે’ આજનો દા’ડો તમે અહીં રઈ જાવ.’

કુંવર કે’,

સાતમા તે માળે રે, કબૂતર નહીં પહોંચતો જી,
ત્યાં હું તે આવું શી રીતે, મારા લાલ રે, સા૦

કુંવરી કે’, કે ‘ હું ચીરનો છેડો મૂકું, તે ઝાલીને તમે ઉપર આવો. કુંવર કે’, કે ‘ ચીરનો છેડો તૂટશે તો તને અધવચ રંડાપો આવશે ! ’

---

૧. સ્વર્ગે જાઉં.

કુંવરી બોલી :

સવા લાખ ગોવાળા રે, ડુંગરિયા તો સેવજો જી,
અને તમે લાવો લીલુડા હો વાંસ, મારા લાલ રે;
એ વાંસોની નિસરણી ઘડાવજો જી.

કુંવર એ મે'લે નિસરણી માંડીને પરભાર્યો ચડ્યો. એક દા'ડો બે દા'ડા રમ્યો જમ્યો ત્યાં પેલી પાલણપોરની સાંઢો પાછી સાંભરી, એટલે પાછો ચાલી નીકળ્યો.

કુંવરી કહે,

મારો ને કાંઈ રાણો રે, વન કેરો મરગલો[1] જી,
કોઈ કહે જાણે કળાયેલ મોર, મારા લાલ રે, મા૦

અહીંથી નીકળીને કુંવર સાંઢો લેવાને પાલણપોર જાય છે. છ મહિને ત્યાં પહોંચી રહ્યો. દી' આથમ્યો એટલે કુંવર ઓઝત કુંભારને ત્યાં ઊતર્યો છે.

એ કુંભારને દરબારનો માણસ આવીને કહી ' જીયો કે ' આજે ગામની ચોકી કરવાનો તારે વારો છે, તે તું જજે.' એ સાંભળીને ઓઝી રોવા મંડી ' ઓઝાની બાયડીને રોતી ભાળીને કુંવર પૂછે, કે ' બાઈ ! તું શું કરવા રુએ છે ? '

બાઈ કે', કે ' ભાઈ ! દુઃખ છે તો ઘણુંયે છે, ને નથી તો કાંઈ નથી. કાંઈ અમારું દુઃખ તમે ભાંગશો ? ' તો કે', ' તારે એવું શું દુઃખ છે ? ભાંગ્યા જેવું હશે તો ભાંગીશું.' ઓઝી કે', ' અમારા ગામમાં નિત એક રાક્ષસ આવે છે. તે એક માણસ લઈ જાય છે. અમારા ઘરમાં હું અને મારો ઓઝો એમ બે જણાં છીએ. અમારે છૈયું છોકરું નથી. તેથી હું જઈશ તો ઓઝો રંડાશે, ને ઓઝો જશે તો હું રંડાઇશ. તેથી હું રોઉં છું.' કુંવર કે', ' તમે કાંઈ ફિકર રાખશો નહીં. તમારે બદલે ચોકી કરવા આજ હું

૧. હરણ

જઈશ. એક સવા મણ અડદ લાવીને ઝીણા દળ. તેનું એક પૂતળું એવું બનાવ કે જાણે બીજો માણસ!' એ પૂતળું લઈ ને કુંવર દરવાજે ગયો ને ત્યાં પૂતળાને સુવાડી ઉપર માદરપાટનું કપડું ઢાંકડ્યું, ને પછવાડે બાજરીનો પૂળો ઊભો કર્યો ને પોતે નવધારું ખડગ ધરીને દરવાજા પાંહે બારીમાં બેઠો.

રાતના બાર વાગ્યા ને મધરાતનો ગદર થયો એટલે પેલો રાક્ષસ 'ખાઉં ખાઉં' કરતો આવ્યો ને બરાબર દરવાજાની સામે આવીને ઊભો. કુંવર વિચાર કરે, 'મેં કજિયો ભાળ્યો નથી તે શી રીતનો કરું ?' પછી જીવ કાઠો કરીને નવધારું ખડગ તાણીને ઊભો થયો. હવે પેલો રાક્ષસ મોઢામાં પૂતળું ગળવા જાય છે, એટલે અડદનો લોટ મોઢામાં ચોંટી રહ્યો છે, ને કુંવરે નવધારું ખડગ વાવર્યું,[૧] તે તેને રામશરણ કરી નાંખ્યો. પછી તેના બે કાન વાઢી લીધા, ચાર પગનાં ખુધાં વાઢી લીધાં ને પૂંછડું પણ કાપી લીધું. એ બધાંને ઢાલની ગાદીમાં દબાવી લઈ ને દરવાજો બંધ કરીને ઓઝાને ઘેર આવ્યો. ત્યાં તેને ઊંચી ખીંટીએ ભરાવીને સૂઈ રહ્યો. સવારનો પો'ર થયો, એટલે ગામના લોક દિશાએ જવાને નીકળ્યા પણ દરવાજો બંધ હતો. લોકો કે' કે, 'દરવાજો ઉઘાડો, કોણે બંધ કર્યો ?'

ત્યાં લોક ભરાયું, એટલે રાક્ષસ દીઠામાં આવ્યો. તે જોઈને સૌ નાઠા, ને ગામમાં ખુમરાણ મચાવી મેલી. કે, 'રાક્ષસ આવે છે; રાક્ષસ આવે છે!' તેથી કેટલાક ભડવીર હતા તે બંદૂકો લઈને રાક્ષસને મારવા ગયા. આઘેથી બંદૂકના ભડાકા કર્યા. આથી પેલું મડદું ઉથલાઈ પડ્યું, એટલે તરવાર બરવાર ભાંગીને કચેરીમાં ગયા, કે', 'રાજાજી ! અમે રાક્ષસને માર્યો છે.' એમ બધા ગામનાં લોક કહેવા લાગ્યા.

---

૧. વાપર્યું,

રાજા કે'કે, 'ઊભા રહો ભાઈ! તમને એક-બેને શિરપાવ કરું; બધા લોકોને શિરપાવ કેવી રીતે કરું?'

પછી ગામના કોટવાળને બોલાવીને રાજાએ પૂછી જોયું કે ગઈ કાલે ચોકીના વારાની વરધી તું કેને ઘેર દઈ આવ્યો હતો?' તો કે', 'ફલાણા ફલાણા ઓઝાને ઘેર.' રાજા કે' 'એને આ ઠેકાણે બોલાવી લાવો.' સિપાઇને દેખીને ઓઝી તો ફફડવા લાગી. કે', કે 'રાક્ષસ જો ગામના માણહને લઈ ગ્યો હોત, તો દરબારમાં મારું તેડું નો થાત, પણ આ દરબારનું માણસ લીધું હશે, તે મારું તેડું વેલું થયું.' તે ફફડતી ફફડતી કચેરીમાં ગઇ. રાજા પૂછે 'બોલ ઓઝી! કાલે તારે ત્યાંથી ચોકી કરવા કોણ ગ્યું'તું?' તો કે' 'મારે ઘેર પરોણો આવ્યો છે. તેને ચોકી મોકલ્યો'તો.'

રાજાએ હુકમ કર્યો કે' 'એને ઘેર માણુસ આવ્યું છે તેને અહીં તેડી લાવો.' સિપાઈ ત્યાં જઈને કે' 'ભાઈ, ઊઠ તને મારો રાજા દરબારમાં બોલાવે છે.'

કુંવર પથારીમાં બેઠો બેઠો સિપાઇને કે', 'અમે ઝાડે-ઝપટે જઈ આવીશું, દાતણ પાણી કરીશું, અફીણ કોસંબા ઘોળીશું, હોકો ભરીને પીશું, ને અફીણ ઊતરશે, પછે દરબારમાં આવીશું.'

પછી હાથમાં હોકો લઈને કુંવર દરબારમાં જવા નીકળ્યો. જઈને અડધી ગાદી દબાવીને બેઠો છે. ગામના રજપૂત માંહોમાંહે વાતો કરે કે, 'આવા આ કયા ગામના છે, તે બાપાની ગાદી અડધી દબાવીને બેઠા છે?' રાજા પૂછે, 'ભાઈ! આ રાક્ષસ કોણે માર્યો? અમારા ગામનું લોક કે' કે અમે માર્યો છે, પણ તમે રજપૂત છો; ક્ષત્રિયના બેટા છો, તે મારો એમાં કાંઇ નવાઈ નથી. તમે માર્યો એ તો ખરો, પણ કાંઈ નિશાનીઓ બિશાનીઓ લાવ્યા છો કે હાંઉં?'

કુંવર કે', બાપના સમ, આ ઝટકા પર લટકો, ને લટકા પર ઝટકો થઈ ગયો છે, તે અમે નિશાની શાની લેવા રઈએ ?'

લોક કે' કે, 'નિશાની હોય તો અમારો રાજા તમોને શિરપાવ કરે.' એ સાંભળીને કુંવર એવો ત્રાડચો કેની, તે પેલા લોકે ઊઠીને નાસી જવાનો વિચાર કર્યો. પછી કુંવર ઘાંયજાને કે', કે ઓઝાના ઘરમાં ફલાણે ઠેકાણે ઢાલની ગાદી છે તે તું સામી ને સામી ઝાલીને લાવ, નહીં તો અવળી ઘાણીએ ઘાલી, માણસિયું તેલ કાઢી, ઘોડાની ચાંદીએ ચોપડાવીશ.' ઘાંયજો ઓઝાને ઘેર પહોંચ્યો, ને ઢાલ સામી ને સામી પકડી રાખીને લાવીને ગાદી આગળ મૂકી.

રાજા નિશાનીઓ જોઈને કે' 'ભાઈ! તમારો કયો મુલક ને કયો દેશ ?' તો કે' 'અમારો મુલક તો બહુ છેટે છે. ઉજણુ શહેર અમારો મુલક છે.'

રાજા કે' 'તમે કયા મુલકમાં જાઓ છો ?'

કુંવર કે' 'શેર અનાજ મળે એ ઠેકાણે અમારે જવું છે.' રાજા કે', 'તમારે નોકરી રહેવું છે ?' તો કે', 'હા; અમારી પેટ ભરાઇ થાય, તો નોકર રહીએ.' તો કે', 'બકેલો, શું લેશો ?'

કુંવર કે', 'દિન ઊગે ને સામો થાય, એટલે સવા લાખ ટકા લેઈશું.' રાજાએ એને નોકરી આપી, ને પોતે વજે-વેરો ઉઘરાવવાને મુલકમાં ગયો.

તે ઉઘરાવતાં ઉઘરાવતાં બાર વરસ થઈ જવા આવ્યાં. રાજાને સાત રાણીઓ હતી. તેણે દાસીઓને એવું કીધું કે, 'આપણા નોકરને એવું કે' કે 'દરબારમાં ખાતર પડ્યું છે, તે પગેરું કાઢવું છે, તેથી તમે હાલો.' એમ પરપંચ[1] કરીને કુંવરને મે'લે બોલાવ્યો. કુંવરના સમજ્યામાં એમ આવ્યું, કે આપણે બાર બાર વરસથી

૧. પ્રપંચ.

ચોકીપહેરો કરીએ છીએ, પણ આપણે દરબારમાં કોઈ દી' પેઠા નથી; પણ દાસી બોલાવવા આવી છે, તો એની પાછળ પાછળ જવું. હવે એ જેમ જેમ આગળ આવે છે, તેમ તેમ દાસીઓ હેઠેથી તાળાં મારતી આવે છે. ઉપર પહોંચ્યા પછી રાણીઓ કે', 'આપણા દરબારમાં ખાતર તો પડ્યું છે, પણ તમે થાકેલા હશો, એટલે અમે પાણી કાઢી આલીએ, તેથી નાઈધોઈ રસોઈ જમો. ત્રેત્રીશાં શાક ને બત્રીશાં ભોજન કર્યાં છે, તે સાત રાણીઓ, અમે ને આઠમો રાજા તમે ભેગાં બેસીને જમીએ.'

કુંવર કે' 'મારે ના'વું યે નથી ને જમવું યે નથી, ખાતર પડ્યું છે તે જગ્યા મને દેખાડો.' ત્યારે રાણીઓ બોલી: 'ખાતરે નથી પડ્યું, ને કાંઈ નથી પડચું. અમારો રાજા વજે[1] ઉઘરાવા 'ગ્યો છે, તે સાંભળ્યું છે કે ત્યાં મોત પામ્યે છે, તેથી હવે અમે તમારી રાણીઓ, ને તમે અમારા રાજા. આપણા મુલકમાં રાજ કરી ખાઈએ. તેથી ભેગા બેસીને જમવાનું કહીએ છીએ.'

કુંવર કે', 'હું તો તમારા ભેગો બેસીને નહીં જમું., એથી રાણીને માઠું લાગ્યું. તે કે' કે, 'અમારાં તેત્રીશાં શાક ને બત્રીશાં ભોજન તમે બગાડ્યાં.' ને પછી હુકમ કીધો, કે', એ ' કુંવરને બાંધીને સામી ખીંટીએ ભરાવી મૂકો.' એમ સાત દા'ડા લગણ બાંધી મૂકચો, એવા વિચારે, કે થાકશે એટલે ભેગો બેસીને જમશે. પણ કુંવર કે', કે 'મારું માથું ઉતારીને લઈ જાવ, પણ હું નહીં જમું.' ત્યારે મે'લની પૂંઠે એક અવાવરુ ઊંડો અંધારો કૂવો હતો, ને તેમાં સાપ–વીંછી બઉ રહેતા'તા, તેમાં કુંવરને નાખી દીધો. કુંવર માંહે ભૂરો કાંતણુ[2] જેવો થઈ 'ગ્યો. પેલે અવતારે ધરમ–નીમ કર્યાં હશે, તે ફક્ત જીવતો રહ્યો.

છ મહિના થ્યા, એટલે રાજા વજેવેરો ઉઘરાવીને પાછો વળ્યો. આવીને રાણીઓને પૂછ્યું, કે 'આપણો નોકર ક્યાં ગયો ?' રાણી

૧. ગણોત ૨. પૂણી.

કે', કે 'દરબારમાં હીણું હીંડ્યો, તે પગીને બોલાવીને એનું માથું વઢાવી લીધું, ને આપણા ફલાણા કૂવામાં નાખી દીધો છે.'

ત્યાં જઈને બારીમાંથી રાજા જોવા જાય છે, તો માંઈ ઘાસ ને કાંટા, ને જાળાં ને ઝાંખરાં બહુ ઊગી ગયાં છે. રાજાએ મજૂર લાવીને તે વાઢી નખાવીને પાધરું કર્યું. પછી માંઈ જોવા જાય છે, તો કુંવર ભૂરો કાંતણ જેવો થઈને અંદર પડી રિયો છે. કુંવર કે', 'રાજા ! તને બીજું કાંઈ હું કે'તો નથી, પણ સૂતરનો ત્રાગડો લાવીને તું કૂવામાં મૂક, ને મારા મોઢામાં આવે, એટલે તું મને ઉપર તાણી લે.' એને બારણું કાઢીને, માંચો મગાવીને માંચામાં નાખ્યો. પછી રૂમાં સાત દા'ડા સુધી ભારી મૂકચો. હોશિયાર થયો, એટલે એને પૂછ્યું, કે 'તમને શા વાંકેથી કૂવામાં નાખી દીધા હતા ?'

કુંવરે પછી બનેલી વાત કહી. કે', કે 'મારો રાજા કયારે આવે ને મને કયારે કાઢે, એવો વિચાર કર્યા કરતો હતો.' રાજાને રાણીઓ તરફનું બહુ માઠું લાગ્યું. ગામમાંથી ઘાંયજા મંગાવીને રાણીઓનાં માથાં બોડાવી નંખાવ્યાં; કળીચૂનો લાવીને માથે ચોપડાવી દીધો; સાત ગધેડાં મંગાવ્યાં, ને તેના પર અવળે મોઢે રાણીઓને બેસાડી, ગામમાં ફુલેકું[1] ફેરવ્યું, ને કાઢી મૂકી.'

કુંવર પછી કે', 'મને બાર વરસ અહીં રહેતે થઇ 'ગ્યાં છે. તે બાર વરસના દિન ગણીને ચુકાવો કરી આપો, એટલે હું નોકરી મૂકીને ઘેર જાઉં.' પછી ત્યાંથી સાંઢો લઈને નીકળ્યો.

હવે બહુ વરસ થઈ ગ્યાં એટલે પેલી સુંદર કુંવરી વિલાપ કરીને રુએ છે, ને કે' છે,

સમડી ને શક્તિઓ રે, માડી જાઈ બહેનડો જી,
મારો એક સંદેશો લઈ ચાલ, મારા લાલ રે,

---

૧. વરઘોડો.

મૂઆ જીવતાની ખબરો રે, પરણ્યાની પામીએ જી.
બે બે ને પાંદડલે રે, રાણે વડલો રોપિયો જી.
વડલો થયો છે કાંઈ ગે'ર ગંભીર, મારા લાલ રે,
પાલણુપોરની સાંઢો રે ક્યારે આવે બેસવા જી?

હવે માલદે મૂડિયો કરીને એક બીજા મુલકનો રાજા હતો. તે નગરીઓ સેરઝઘર[1] કરી નાખતો, ને બીજાનાં રાજપાટ પડાવી લેતો. તે ફરતો ફરતો કુંવરીના મુલકમાં આવ્યો, ને કુંવરીને બહુ સારી ભાળી, તેથી તે નગરીને સેરઝઘર કરી નાખીને કુંવરીને ત્યાંથી લઈ 'ગ્યો. સીમાડે જતાં ખીજડો[2] હતો, તેની સાથે કુંવરીએ પોતાના પરણ્યા વખતનું પાનેતર હતું તેની ગાંઠે ચિઠ્ઠી બાંધીને ભરાવ્યું, ને કે', 'કુંવર! આની એંધાણીએ તમે આવજો!' માલદે પોતાના ગામમાં જઈને પરણવાનો સામાન કરવા લાગ્યો, ત્યારે કુંવરી કે' કે 'રાજા! જો તું મારા ઉપર જુલમ કરશે, તો મારું મૃત્યુ થશે. માટે પરણવાની વાત મારી મુનસફી ઉપર છોડ.' તેણે તેમ કર્યું. એ બાઈ ત્યાં ખાય છે, પીએ છે ને મોજ કરે છે. હવે પેલી તરફ કુંવર સાંઢો, ને લાવલશ્કર લઈને કુંવરીને ગામ આવ્યો, ને વડ હેઠળ સાંઢો ઝોકારી. ત્યાં એક મનીખ[3] હું જેવો[4] ઉતાવળિયો હતો, તે કુંવરને કે' કે, 'તમે આવ્યા તો ખરા, પણ સુંદર કુંવરીને તો માલદે મૂડિયો કરીને એક રાજા આવ્યો'તો ઈ ઉપાડી ગ્યો.' એ સાંભળીને કુંવર રાતોપીળો થયો, ને એક સાંઢ પર કાઠો નાખીને ત્યાંથી ચાલી નીકળ્યો. સીમાડે પેલું પાનેતર મળ્યું. પછી પેલી ચિઠ્ઠી ઉકેલીને વાંચે છે,

પરણ્યાનાં પાનેતર રે, ખીજડીએ ભરાવિયાં જી,
એ એંધાણીએ રે, રાણા તમે આવજો, મારા લાલ રે,
જીવતાં હઈશું તો આપણ ભેટશું જી.

---

૧. પાયમાલ, ૨. શમીવૃક્ષ, ૩. માણસ ૪. મારા જેવા,

જતાં જતાં કુંવર માલદે મૂડિયાને ગામ પહોંચ્યો. ત્યાં ગામની ભાગોળમાં કૂવાની પનઘટ છે, ત્યાં સાંઢને બેસાડી, ને પાસેના ઝાડ તળે પામરીની સોડ તાણીને સૂઈ રહ્યો. સાંઢ ઉપર બહુ રૂપાળો સામાન બાંધ્યો હતો, તે વગડાનાં જાનવર બધાં જોવા આવ્યાં. કૂવાની પાણિયારી પણ જેટલી હતી એટલીમાત્ર તેને જોઈ રહી છે. ત્યાં કુંવરીને ખબર થઈ, કે, 'કૂવાના પનઘટ ઉપર કોઈ નવો મનખ આવ્યો છે.' તેને જોવાને કાજે એ એની નણંદને કે', કે 'હીંડો બેન! આપણે પાણી ભરવા જઈએ.' કુવા પર જઈને જોવે, તો પેલા માણહને સૂઈ રહેલું ભાળ્યું, પણ તેની પામરી ઓળખી. કુંવરી એની નણંદને સાંઢને વિષે કે' છે, કે 'આ શું જાનવર છે? એને લાંબા લાંબા પગ છે, લાંબી હોડ[1] છે, ને ટૂંકા ટૂંકા કાન છે. આપણે એના ઉપર ચઢીને એક ગીત ગાઈએ. તે કે' કે, 'મારા ભાઈને ઘેર તો એવાં જાનવર બહુ છે, તે તમને કાલે દેખાડીશ. આમાં તે શું જોવું છે?' તો કે, 'ના, એ તો કાલે જોશું, પણ આના ઉપર ચઢીને એક ગીત ગાઈએ, ને પછી આપણે પાણી ભરીને ઘેર જશું!'

પછી સાંઢ ઉપર બેસીને ગાય છે:

તું એવો શું ઊંઘ્યો રે, તુને કેવી નિંદરા જી?
અને તને આવ્યો અઘોરી અવતાર, મારા લાલ રે, તું૦

એ સાંભળીને પેલો ઝપ્પ લઈને ઊઠ્યો, ને સાંઢ પર બેસતે કે સાંઢ મારી મેલી. વગડામાં હીંડ્યાં જાય છે. ચાળીશપચાશ ગાઉ કાપી નાખ્યા.

પછી માલદે મૂડિયાને ખબર થઈ, કે 'તમે નવી બાયડી લાવ્યા 'તા એને, ને તમારી બેન ને કોક આવ્યો'તો તે લઈને ગ્યો એ તો.' હવે માલદેની આગલી બાયડી હતી તેને એ બોલાવતો

---

૧. ડોક.

નહીં, ને એ નવી બાયડી કરવાનો છે એવું જાણીને, ઘુમરાયેલી રહેતી. આગલી રાતે શીરો ને કંસાર ને પૂરી ઠેલી ઠેલીને ખાઈને સૂઈ રહેલી, તેણે દિશાએ જઈને રાજાનું ડીલ બધું બગાડી મેલ્યું'તું. આ ખબર સાંભળીને માલદે કે' કે, 'હમણાં જતો કને એને મારી નાખું છું.' એમ કહેતે કે પેલો ખોભરો[1] ખભે ભરાવીને નીકળ્યો. વનમાં જતાં જતાં પછી મોરને પૂછે છે:

વનનાં હે મોરુલાં રે, ત્રણ જતાં ભાળિયાં જી?

મોર કે' છે:

માલદે તું મૂડિયા રે, પાછેરો ને વળજે, મારા લાલ રે,
કાંઈ જેનાં ને તે હતાં રે, નર લઈને વળી ગયા જી.

એમ કરતાં તે કુંવરની લગભગ આંબી ગયો ને મારવાને તીર ખેંચવા ગ્યો, તે હાથ બગડચો, તે લૂછતો જાય ને બબડતો જાય. જેઠ મહિનાનો દિન છે, ને રસ્તામાં મહી નદી આવી. તેમાં બહુ પૂર આવ્યું છે, ને પેલાં ત્રણ માણસ ત્યાં અંતરાણાં. કુંવર કે' કે 'રાણી! મારે ને તમારે આ જગાએ સાચપારખાં લેવાનાં છે.' પછી કે' કે, 'હે જોગમાયા! એક સ્ત્રી વતરેક[2] મેં નબળું કર્યું હોય, ને હું બદફેલમાં હીંડચો હોઉં, તો મને તાણી જજે, નહીંતર એક વારનો મારગ દેજે.' તેમ કે'તાં અડધું પાણી આમ ખળકાણું ને અડધું આમ ખળકાણું એટલે વચમાં માગ થયો, ને કુંવર સાંઢ લઈને પેલીમેરની તેડે ગયો. પછી માતાજી બંને તેડે સમાં થઈને વે'વા માંડચાં. હવે સુંદર કુંવરી કહે છે, કે 'હે જોગમાયા! મેં એક પુરુષ વતરેક નબળું કથન કર્યું હોય, કે હીંડી હોઉં, તો મને તાણી જજે, નહીંતર એક વારનો માગ દેજે. એને માગ દીધો, એટલે એ બાઈ પણ ઊતરીને પેલી ગમ ગઈ. હવે મૂડિયાની બહેન રહી તે કે' છે, કે 'આટલી વખત

૧. ચામડાનો ભાથો. ૨. વગર.

સુધી તો મારું સગપણ ક્યાંય[1] કાંઈ થિયું નથી. ને મેં કશું નબળું કર્યું હોય, તો જોગમાયા! મને તાણી જજે, નંઈતો માગ દેજે.' તે ઊતરી. સામી તેડે ત્રણે ભેગાં થિયાં. ચાલ્યાં ચાલ્યાં સુંદર કુંવરીને શહેર પહોંચ્યાં. ત્યાં ગામમાં તો નહીં ગયાં, ને વનવગડામાં ગઢ-ગોવાળ હતો, ત્યાં ઉતારો કર્યો. એટલામાં સવા લાખ ગોવાળ આવી મળ્યા.

હવે માલદે મૂડિયો આવ્યો. ને તેની પાછળ તેરસેં તુંબા[2] ફોજ ચઢી છે. કુંવરને મારવાને ગઢને ફરતી તોપો પડી. તોપો છૂટવા માંડી ને, ગઢગોવાળના કાંગરા ઊડવા માંડ્યા. કુંવર વિચાર કરે, કે 'આ ગઢગોવાળ હું જીવતાં પડે એ ઠીક નહીં''. પછી પેલો તેજી ઘોડો પોતાના સાસરાને ત્યાં મૂકી ગયેલો તે લીધો, ને સામાન માંડીને તેની ઉપર ચઢ્યો, ને આકાશમાર્ગે કુંડાળાં પાડીને નવધારું ખડગ વાવરવા માંડ્યું. એમ કરતાં તેરસેં તુંબા ફોજ કાપી નાખી, ને ખળિયાણ કરી મૂક્યું. પછી મુડદાંવાળું મેદાન જોઈ ને મનમાં વિચાર કરે છે, કે 'ભલા ભગવાન! એક સ્ત્રી કાજે મેં આટલું માણસ માર્યું!' એમ દુઃખ આણી તે વખતે પેટ કટાર ખાઈને કુંવર ત્યાં મૃત્યુ પામ્યો. એ જાણીને સુંદર કુંવરી ત્યાં આવી, ને આપઘાત કરીને એ ઠેકાણે બળી મૂઈ. માલદે મૂડિયાની બે'ન હતી તે કહે કે 'મારા દેશના આટલા ભાઈ મરાણા ને મારો પુરુષ પણ ગયો, તે હવે મારે જીવીને શું કરવું છે?' તે બાઈ પણ ત્યાં મૂઈ. તેજી ઘોડો હતો, તે કે' છે કે, 'મારો ચઢનાર મૂઓ, ત્યારે મારે જીવ્યાનું શું કાજ છે?' તેણે ચાર પગ વચ્ચે કટાર ઊભી કરીને પડતું નાખ્યું, તેથી તે પણ રામશરણ થઈ ગયો. બધાં મૂઆં, ને બધું ખોળાઈ ગયું.

હવે એ વખતે મા'દેવજી ને પારવતી એ ઠેકાણેથી જતાં હતાં. ત્યારે પારવતી મા'દેવજીને કે', છે, કે 'આ પાંચ જીવનાં હાડકાં

૧. ક્યાંઈ, ૨. તૂમડાં.

સારા કણુનાં[1] છે, તેથી એને સજીવન કરવાં જોઈ એ.' મા'દેવજી કે', 'પારવતી એને આપણે સજીવન કરીએ, પણ પછી એ આપણી પાસે બધી ફોજ સજીવન કરાવશે.' તો કે' 'નહીં કરાવે.' પછી અમીનો કુંપો ને કળંબ[2]ની કાંબ[3] ઝારી,[4] એટલે પાંચે જીવ ઊભાં થયાં. કુંવર કે', 'આ તેરસેં તુંબા ફોજને સજીવન કરો તો અમે જીવશું, નહીં તો તમે જશો એટલે અમે ફરી મૃત્યુ પામીશું, તે દોષ તમારે માથે છે.' પછી મહાદેવજીએ બધી ફોજ ઊભી કરી. સવારનો પો'ર થયો એટલે અફીણુકાસંબા કરી, રાવણું મેળવી, સહુને જરજવારાં[5] કરી રાજીપો કીધો. માલદે મૂડિયો ફોજ લઈને પોતાના મુલકમાં ગ્યો. કુંવર ગઢગોવાળથી પોતાના સાસરાને ઘેર ગ્યો. ત્યાં મહિનોમાસ રહીને સુંદર કુંવરીને કે', 'તમારા બાપને કે'જો કે આલવુંમેલવું હોય ઈ આલે. અમે અમારે દેશ જઈશું.' એના બાપે લાવલશ્કર આલ્યું. કુંવરીની મા તો છઠ્ઠે ખૂણે કોણુ જાણે ક્યાં ભરાઈ ગઈ, તે મોઢું યે નહીં દેખાણું. કુંવર પાલણુપોરની સાંઢો પર સામાન ભરીને નીકળ્યો. પેલી માળણુને ઘેર ગયો ને તેને બસેંપાંચસેં રૂપિયા આલ્યા.

ચાલ્યા ચાલ્યા પોતાનો ભાઈ કણબીને ઘેર મૂક્યો'તો ત્યાં આવ્યા. બે સિપાઈ ને આગળ મોકલ્યા, કે જાઓ એને તેડી આવો. તેને તેડીને પોતાના ભાઈ પાસે લાવ્યા. ઝાંઝ કહે, 'ભાઈ! તું મને ઓળખે છે?' તો કે', 'ના ભાઈ! હું નથી ઓળખતો.' તો કે' 'જો, આપણા બાપે આપણને દેશવટો દીધો'તો ને આપણે નીકળ્યા'તા તે હું ઝાંઝ ને તું માંડણુ. માલદે મૂડિયાની બહેન પેલી તારી સ્ત્રી એને પરણુ, ને આટલાં ઘોડાં છે, ઊંટ છે તેમાંથી તારી સરતમાં આવે તેના પર તું બેસ.' તે કે', કે 'હું નહીં બેસું. જે વખત મારો તોર'ગી ઘોડો આવશે તે વખત બેસીશ, નહીં તો પગપાળો હીંડીશ.'

---

૧. કુળનાં, ૨. સંજીવનીની, ૩. ડાળખી, ૪. ફેરવી, ૫. માફામાફી.

હવે ત્યાંથી ઉપડચા, તે પેલો તોરંગી ઘોડો જયાં અડાણે[1] મેલેલો છે, તે શેઠને ઘેર આવ્યા. શેઠને કે' કે, 'શેઠ ! અમારો ઘોડો અમને પાછો આલો. તમારા છસેં રૂપિયા ઉપાડચા હતા, તેના અમે બારસેં આપીએ છીએ.' શેઠ કે' કે, તમે બારસેં આપો એ વાત ખરી, પણ તમારો એ ઘોડો મારે ઘેર શું ખાઈને જીવે ? એ તો વહેલો મરી ગ્યો.' કુંવર કે' કે 'મારો દેવતાઈ ઘોડો મરે નઈ.' હવે ઘોડાને જાણ થઈ, કે મારો ચઢનારો આ ગામમાં આવ્યો છે તેથી ભોંયરામાં તે અરણે[2] છે. કુંવર કે' કે, 'શેઠ ! મારો ઘોડો તમે ના કે'તાતા ને, કયાંથી આવ્યો ?' એ ઘોડાને બારણે કાઢચો, ને બારસેં રૂપિયા આપીને લીધો.

શેઠ કે' કે, 'બારસેં રૂપિયા તો મેં ભોંયરું બાંધવામાં ખરચ્યા છે, ત્યારે મને એમાં ફાયદો શું મળ્યો ?' કુંવર કે' કે, 'દાનત તેવી બરકત, કાં આ જનમમાં ને કાં આવતા જનમમાં. કરમ એવી બુદ્ધિ થાય, ને બુદ્ધિ એવું ફળ મળે.'

ત્યાંથી બન્ને ભાઈઓ પોતાના બાપને ગામ ગયા, ને સીમાડે પડાવ નાખ્યો. બાપને ખબર મોકલી, કે તમારા કુંવર ઝાંઝ ને માંડણ દેશવટે ગ્યા'તા ઈ જીવતાજાગતા પાછા ઘેર આવ્યા છે. રાજાએ કમાનીતી રાણીને બોલાવી શેરડીઓ વળાવી, તોરણો બંધાવ્યાં, સાથિયા પુરાવ્યા, હોમ કર્યાં, ને વાજતેગાજતે સામા આવ્યા, અને સોનારૂપાનાં ફૂલ પડાવ્યાં હતાં, તેના વડે કુંવરોને ને વહુઓને વધાવી લીધાં.

એ નર તો ગયા વહી,
પણ એમની વાતો રહી.

★

---

૧. ધરેણે ૨. ખોંખારે છે.

## ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિનાં

# પ્ર કા શ નો

| | | | | |
|---|---|---|---|---|
| લોકસાહિત્યમાળા | મણકો ૧ | (૧૯૫૭) | પૃ. ૪૭૮ | ૨-૦૦ (અપ્રાપ્ય) |
| લોકસાહિત્યમાળા | મણકો ૨ | (૧૯૫૯) | પૃ. ૪૦૦ | ૨-૦૦ (અપ્રાપ્ય) |
| લોહસાહિત્યમાળા | મણકો ૩ | (૧૯૬૩) | પૃ. ૨૮૮ | ૨-૭૫ |
| લોકસાહિત્યમાળા | મણકો ૪ | (૧૯૬૪) | પૃ. ૩૧૨ | ૩-૭૫ |
| લોકસાહિત્યમાળા | મણકો ૫ | (૧૯૬૬) | પૃ. ૩૧૬ | ૩-૦૦ |
| લોકસાહિત્યમાળા | મણકો ૬ | (૧૯૬૭) | પૃ. ૩૨૦ | ૩-૦૦ |
| લોકગુર્જરી વાર્ષિક | પ્રથમ અંક | (૧૯૬૪) | | ૧-૫૦ |
| લોકગુર્જરી વાર્ષિક | દ્વિતીય અંક | (૧૯૬૫) | | ૧-૫૦ |
| લોકગુર્જરી વાર્ષિક | ત્રીજો અંક | (૧૯૬૬) | | ૧-૫૦ |
| લોકગુર્જરી વાર્ષિક | ચોથો અંક | (૧૯૬૭) | | ૧-૫૦ |

★

: પ્રાપ્તિસ્થાન :

મંત્રી,

ગુજરાત રાજ્ય લોકસાહિત્ય

C/o રાજ્ય શિક્ષણભવન,

રાયખડ, અમદાવાદ-૧

પૂઠું તથા જેકેટ ડાયમંડ જ્યુ. પ્રેસ, અમદાવાદ.